ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

AHMEDABAD ●●● SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૪૫ |
| પાઉન્ડ | ૧૦૫.૫૫ |
| યુરો | ૮૯.૯૨ |
| સઉદી રિયાલ | ૨૨.૨૫ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૩,૮૬૫ |
| ચાંદી (૧ કિલો) | ૮૫,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૭૯ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### આસામ, ગોવા અને પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ મતદાન થયું

# લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૬૧.૪૫% મતદાન : ચૂંટણી પંચ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૭

ચૂંટણી પંચે કહ્યું છે કે, મંગળવારે ૧૮મી લોકસભા ચૂંટણીમાં ત્રીજા તબક્કાના મતદાનમાં ૬૧ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલા ૯૩ સંસદીય મતવિસ્તારોમાં યોજાયેલ મતદાન મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યું હતું. ૧.૮૫ લાખ મતદાન મથકો પર સવારે ૭ વાગ્યે કડક સુરક્ષા વચ્ચે શરૂ થયેલું મતદાન સાંજે ૬ વાગ્યે પુરૂં થયું હતું. ત્રીજા તબક્કામાં લોકસભાની ૯૩ બેઠકોમાંથી ૨૫ ગુજરાતની, કર્ણાટકની ૧૪, મહારાષ્ટ્રની ૧૧, ઉત્તરપ્રદેશની ૧૦, મધ્યપ્રદેશની ૯, છત્તીસગઢની ૭, બિહારની પાંચ, પશ્ચિમ બંગાળ અને આસામની ચાર-ચાર બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. ગોવા, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાંથી બે-બે બેઠકો પર મતદાન થયું હતું.

ભાજપના ઉમેદવારોમાં જેનું ભાવિ ઈવીએમમાં સીલ થયું હતું તેમાં કેન્દ્રીય પ્રધાનો અમિત શાહ (ગાંધીનગર, ગુજરાત), જ્યોતિરાદિત્ય સિંધિયા (ગુના, મધ્યપ્રદેશ) અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ (વિદિશા) જ્યારે કોંગ્રેસમાંથી મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ મધ્યપ્રદેશના રાજગઢથી મેદાનમાં છે. ત્રીજા તબક્કાના અન્ય મુખ્ય ઉમેદવારોમાં ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ યાદવ (મૈનપુરી, ઉત્તરપ્રદેશ) સંસદીય મતવિસ્તાર અને ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (AIUDF)ના વડા બદરૂદ્દીન અજમલ (ધુબરી, આસામ) બેઠકનો સમાવેશ થાય છે. ભારતીય ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા આંકડા અનુસાર સાંજે ૮ વાગ્યે અંદાજિત મતદાન ૬૧.૪૫ ટકા નોંધાયું હતું. આસામમાં સૌથી વધુ ૭૫.૨૬ ટકા મતદાન નોંધાયું હતું ત્યારબાદ ગોવામાં ૭૪.૨૭ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૭૩.૯૩ ટકા મતદાન થયું હતું. ઉત્તરપ્રદેશમાં ૫૭.૩૪ ટકા મતદાન નોંધાયું હતું. મતદારોની સગવડતા માટે મતદાન મથકો પર પાણી, શમિયાણા, પંખા જેવી સગવડો સહિતની વ્યવસ્થા ગરમ હવામાનનો સામનો કરવા માટે કરવામાં આવી હતી. ૨૩ દેશોના ૭૫ પ્રતિનિધિઓ જેઓ ચૂંટણી પંચના આમંત્રણ પર ભારતમાં આવ્યા છે તેઓ મંગળવારે મતદાન પ્રક્રિયાના સાક્ષી બન્યા હતા. સામાન્ય ચૂંટણી ૧૯મી એપ્રિલથી ૧લી જૂન વચ્ચે સાત તબક્કામાં યોજાઈ રહી છે. પ્રથમ તબક્કાનું મતદાન ૧૯મી એપ્રિલે અને બીજા તબક્કાનું મતદાન ૨૬મી એપ્રિલે થયું હતું. પ્રથમ તબક્કામાં ૬૬.૧૪ ટકા અને બીજા તબક્કામાં ૬૬.૭૧ ટકા મતદાન નોંધાયું હતું. ચોથો તબક્કો ૧૩ મેના રોજ, પાંચમો તબક્કો ૨૦ મે, છઠ્ઠો તબક્કો ૨૫ મે અને સાતમો તબક્કો ૧ જૂનના રોજ યોજાનાર છે. પરિણામ ૪ જૂને જાહેર કરવામાં આવશે.

### ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૯૩ બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન, ગુજરાત, ગોવા અને કર્ણાટકની તમામ બેઠકો પર મતદાન પૂર્ણ



# ભાજપના શાસનમાં બેરોજગારી, મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ, લઘુમતીઓ સાથે ભેદભાવ અભૂતપૂર્વ સ્તરે પહોંચ્યા છે : સોનિયા ગાંધી

### લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનના દિવસે જાહેર કરાયેલા એક વીડિયો સંદેશમાં સોનિયા ગાંધીએ મતદારોને જૂઠ્ઠાણા અને નફરતને સમર્થન આપતા પક્ષને મત ન આપવા જણાવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

સોનિયા ગાંધીએ પુનરોચ્ચાર કર્યો હતો કે, કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોકના સભ્યો બંધારણ અને લોકશાહીની રક્ષા માટે પ્રતિબદ્ધ છે. જૂઠ્ઠાણા અને નફરતના સમર્થકોને નકારવા માટે મતદારોને અપીલ કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ લોકોને ઉજ્જવળ અને સૌ માટે સમાન ભવિષ્ય માટે કોંગ્રેસ પક્ષને મત આપવા જણાવ્યું હતું. તેણી દ્વારા આ અપીલ લોકસભાની ચૂંટણી માટે ત્રીજા તબક્કાના મતદાનના દિવસે કરવામાં આવી હતી. X (ટ્વિટર) પરના એક વીડિયો સંદેશમાં સોનિયા ગાંધીએ કહ્યું કે, જૂઠ્ઠાણા અને નફરતના સમર્થકોને નકારી કાઢો અને બધાના ઉજ્જવળ અને સમાન ભવિષ્ય માટે કોંગ્રેસને મત આપો. પંજાનું બટન દબાવો અને ચાલો સાથે મળીને બધા માટે શાંતિ અને સૌહાર્દ સાથે મજબૂત, વધુ સંયુક્ત ભારતનું નિર્માણ કરીએ.



તેમણે લખ્યું કે, મારા વ્હાલા ભાઈઓ અને બહેનો, યુવાઓમાં બેરોજગારી, મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ અને દલિતો, આદિવાસીઓ અને લઘુમતીઓ સામે ભેદભાવ અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગયા છે. આ પડકારો મોદી અને બીજેપીની 'નીતિ'ના લીધે છે. સોનિયા ગાંધીએ પુનરોચ્ચાર કર્યો કે, કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોકના સભ્યો બંધારણ અને લોકશાહીની રક્ષા માટે પ્રતિબદ્ધ છે. તેણીએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપ સરકારના શાસનમાં યુવાનોમાં બેરોજગારી, મહિલાઓ સામેના ગુનાઓ અને દલિતો, આદિવાસીઓ અને લઘુમતીઓ સામેના ભેદભાવ અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગયા છે.

આ પડકારો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપની 'નિયત' (ઈરાદા) અને 'નીતિ' (નીતિ)ના કારણે છે જે માત્ર સત્તા માટેનું લક્ષ્ય રાખે છે અને સૌના સમાવેશ અને લોકોના સંવાદને નકારી કાઢે છે. આપણું બંધારણ અને લોકશાહી ખતમ થઈ રહી છે. અમારા ગરીબ પાછળ રહી ગયા છે અને હકીકત એ છે કે, અમારા સમાજનું વિભાજન થઈ રહ્યું છે તે અંગે હું દુખી છું. આજે હું ફરી એકવાર તમારા સમર્થન માટે વિનંતી કરૂં છું. અમારા 'ન્યાયપત્ર' અને ગેરંટીનો ઉદ્દેશ્ય આપણા રાષ્ટ્રને એક કરવા અને ભારતના ગરીબો, યુવાનો, મહિલાઓ, ખેડૂતો, કામદારો અને વંચિત સમુદાયો માટે કામ કરવાનો છે. કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોકના પક્ષો આપણા બંધારણ અને લોકશાહીની રક્ષા માટે પ્રતિબદ્ધ છે.

# વડાપ્રધાન મોદીએ લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા લગભગ હિંસા મુકત પૂર્ણ કરાવવા બદલ ચૂંટણીપંચને અભિનંદન પાઠવ્યા

(એજન્સી) તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા કોઈપણ હિંસા વિના પૂર્ણ કરવા બદલ ચૂંટણી પંચને શુભેચ્છા પાઠવી અને લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવા માટે આવવા જણાવ્યું તેમણે જણાવ્યું કે પહેલા ચૂંટણી દરમ્યાન હિંસા ખૂબ જ સામાન્ય વાત હતી. ગુજરાતમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્ર અમદાવાદના રાણીપમાંથી નિશાન સ્કૂલમાં પોતાનો મત નાખ્યા પછી વડાપ્રધાન મોદીએ આ પણ જણાવ્યું કે જે રીતે ભારતીય ચૂંટણી આયોજીત કરવામાં આવી રહી છે. તે અન્ય લોકતંત્રો માટે શીખવાની પ્રક્રિયા હોય શકે છે. મોદીએ જણાવ્યું કે મતદાન સામાન્ય દાન નથી આપણા દેશમાં દાનનું મહત્વ છે. તેમણે જણાવ્યું કે ત્રીજા તબક્કાનું મતદાન મંગળવારે ચાલી રહ્યું છે અને ચૂંટણી પ્રચાર લગભગ ત્રણ અઠવાડિયા અને ચાર તબક્કાના મતદાન સુધી ચાલશે. મોદીએ જણાવ્યું કે ગુજરાતના એક મતદાતા તરીકે હું પાછલા અનેક વર્ષોથી અહીં મતદાન કરી રહ્યો અને અમારા અમિતભાઈ અહિંથી ઉમેદવાર છે. તેમણે જણાવ્યું આજે લોકતંત્ર ઉત્સવનો દિવસ છે હું ચૂંટણીપંચ, સુરક્ષા દળો અને પ્રથમ બે તબક્કાના મતદાનને લગભગ હિંસા મુકત કરાવવા સામેલ અધિકારીઓને શુભેચ્છા પાઠવું છું. મોદીએ મતદાતા અનુકુળ રીતે ચૂંટણી



કરાવવા માટે ચૂંટણી પંચને પણ શુભેચ્છા પાઠવી. તેમણે જણાવ્યું કે આપણી ચૂંટણીનું સંચાલન આપણું ચૂંટણી મેનેજમેન્ટ એવું છે કે આ અન્ય લોકતંત્ર માટે શીખવાની પ્રક્રિયા હોય શકે છે. વિશ્વ મોટી યુનિવર્સિટીઓએ ભારતીય ચૂંટણી પર એક કેસ સ્ટડી કરવો જોઈએ. મોદી સવારે ૭-૦૦ વાગ્યે મતદાન શરૂ થયાના તરત પછી અમદાવાદ શહેરના રાણીપ વિસ્તારમાં નિશાન પબ્લિક સ્કૂલ સ્થિત મતદાન કેન્દ્ર પર પહોંચ્યા અને પોતાનો વોટ નાખ્યો.

# કર્ણાટક ભાજપ દ્વારા પોસ્ટ કરવામાં આવેલ વીડિયો : જે.પી. નડ્ડા વિરુદ્ધ 'નફરત ઉશ્કેરવા' બદલ કેસ નોંધવામાં આવ્યો, X (ટ્વિટર)ને નોટિસ જારી કરવામાં આવી

(એજન્સી) તા.૭

ભારતીય જનતા પાર્ટીના કર્ણાટકના સત્તાવાર એક્સ હેન્ડલ પર પોસ્ટ કરાયેલા એનિમેટેડ વીડિયો પરના આક્રોશ પછી બેંગ્લુરૂ પોલીસે પાર્ટીના અધ્યક્ષ જે.પી. નડ્ડા, રાજ્યના વડા બી.વાય. વિજયેન્દ્ર અને પાર્ટીના આઈટી સેલના વડા અમિત માલવિયા વિરુદ્ધ ધાર્મિક દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા અને બે સમુદાયો વચ્ચે નફરત ઉશ્કેરવા બદલ ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (એફઆઈઆર) દાખલ કરી છે. રાજ્યમાં બીજા તબક્કાના મતદાન માટે પ્રચારના ૨૪ કલાક પહેલા બીજેપી કર્ણાટકએ તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર આ વિડિયો કન્નડમાં ભાષામાં પોસ્ટ કર્યો હતો, 'સાવધાન... સાવધ... સાવધાન....!.'

૧૭ સેકન્ડનો આ વીડિયો ભાજપની 'સંપત્તિ પુનઃ વિતરણ'ની કથાને દર્શાવે છે કે, જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે મુસ્લિમોને અપ્રમાણસર લાભ આપશે. આ વીડિયોમાં એક પગલું આગળ જતાં તે સૂચવે છે કે, આ લાભો વંચિત અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગ (OBC) સભ્યોના ભોગે આપવામાં આવશે. નોંધનીય છે કે, કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં ક્યાંય પણ 'સંપત્તિના પુનઃ વિતરણ' વિશે કંઈપણ ઉલ્લેખ નથી.

### કોંગ્રેસની ફરિયાદ બાદ બેંગ્લુરૂ પોલીસે ભાજપના ત્રણ નેતાઓ પર 'ધાર્મિક દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાનો' આરોપ લગાવ્યો હતો

ધ ક્વિન્ટે ભાજપના દાવાઓની હકીકત તપાસી છે. કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ કમિટી (KPCC) દ્વારા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને પોલીસને રવિવાર, પાંચ મેના રોજ આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનના આરોપમાં દાખલ કરવામાં આવેલી ફરિયાદને પગલે બેંગ્લુરૂ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીની ભલામણ પર, કર્ણાટક પોલીસે પાંચ મેના રોજ Xને નોટિસ મોકલી હતી, જેમાં માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મને એનિમેટેડ ક્લિપ દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. ચૂંટણી પંચે ઈન્ટરનેટ પરથી કથિત સામગ્રીને દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે કારણ કે, તે લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન લાગુ કરવામાં આવેલ આદર્શ આચાર સંહિતા (MCC)નું ઉલ્લંઘન કરે છે. કર્ણાટક લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૨૮માંથી ૧૪ મતવિસ્તારોમાં મતદાન ચાલી રહ્યું છે. બીજેપી કર્ણાટક દ્વારા પોસ્ટ કરવામાં આવેલ વીડિયોમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના વ્યંગચિત્રો દર્શાવવામાં આવ્યા છે જેમાં એક માળામાં 'મુસ્લિમ' લખેલું એક મોટું ઈંડું છે, તેની સાથે 'SC', 'ST' અને 'OBC' તરીકે ચિહ્નિત ત્રણ નાના ઈંડા છે. આ વીડિયોમાં રાહુલ ગાંધી એક પક્ષીને ટોપી અને દાઢી સાથે 'ફંડ' આપતા બતાવે છે, જ્યારે બાકીના બધા ભૂખ્યા રહે છે. આખરે, આ વીડિયો બતાવે છે કે, 'મુસ્લિમ' પક્ષી મોટું થાય છે અને અન્ય ઈંડાને નષ્ટ કરે છે, ત્યારબાદ હાસ્યનો અવાજ આવે છે. આ જાહેરાતને પગલે KPCCએ કર્ણાટકમાં મુખ્ય ચૂંટણી અધિકારીને ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યું હતું કે, આ વીડિયો દુશ્મની, દ્વેષની લાગણીઓને પ્રોત્સાહન આપે છે અને આ કૃત્ય સ્પષ્ટપણે લોકોને ઉશ્કેરવા અને વિવિધ ધર્મો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાના ઈરાદા સાથે હતું. KPCC મીડિયા અને કોમ્યુનિકેશન વિંગના અધ્યક્ષ રમેશ બાબુ દ્વારા આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. 'ભાજપ દ્વારા અપલોડ કરાયેલા આ વીડિયોને રાજ્ય સ્તરની મીડિયા મોનિટરિંગ કમિટીએ કેવી રીતે મંજૂરી આપી તે અગમ્ય છે. ભાજપ દ્વારા તેના સત્તાવાર એક્સ હેન્ડલ પર વીડિયો પોસ્ટ કરવાનો ઉદ્દેશ્ય લોકસભા ચૂંટણીમાં મત મેળવવાનો હોવાનું જણાય છે. તે એવું દર્શાવે છે કે, કોંગ્રેસ પાર્ટી મુસ્લિમ સમુદાયની તરફેણ કરી રહી છે. ઉપરોક્ત વ્યક્તિઓ (નડ્ડા, માલવિયા અને વિજયેન્દ્ર) દ્વારા આ વીડિયો સોશિયલ મીડિયા પોસ્ટ એ SC/ST સમુદાયના સભ્યોને ડરાવવા માટે છે કે, કોંગ્રેસ પક્ષને મત ન આપવો જોઈએ અને તેમની અનામત મુસ્લિમો દ્વારા પચાવી લેવામાં આવશે.

## ક્યા બાત હૈ ?!

**અમે જેને મત આપ્યો છે એ ઉમેદવાર જીતશે કે નહી ?**




### સર્વોચ્ચ અદાલત આગામી ૯મી મેએ કેજરીવાલના જામીન અંગે સુનાવણી કરી શકે

# સુપ્રીમ કોર્ટમાંથી તાત્કાલિક રાહત મેળવવામાં અરવિંદ કેજરીવાલ નિષ્ફળ

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી અંગેની ન્યાયિક કાર્યવાહી અંગે સુપ્રીમ કોર્ટે મંગળવારે સુનાવણી કરી હતી જેમાં તેણે તાત્કાલિક રાહત આપી ન હતી પરંતુ તે સંભવિત ગુરૂવારે ૯મી મેએ સુનાવણી કરી શકે છે. મંગળવારે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જો દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડ્રિંગ કેસમાં કામચલાઉ મુક્તિ મળે છે તો તેઓ નથી ઈચ્છતા કે તેઓ તેમની સત્તાવાર ફરજો નિભાવે. બીજી તરફ ઈડીએ કહ્યું કે, લોકો એવું માનવા લાગ્યા છે કે, કેજરીવાલે કંઈ ખોટું કર્યું નથી અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા જ તેમની ધરપકડ કરવામાં આવી હતી તેના જવાબમાં સુપ્રીમ કોર્ટે જો કે, ઈડીને પૂછ્યું કે, 'વિલંબ' કેમ થયો. તેની તપાસમાં અને એજન્સીને આપ નેતાની ધરપકડ કરતા પહેલા કેસની ફાઈલો બતાવવા કહ્યું હતું. વધુમાં સુપ્રીમ કોર્ટે ઈડીને કહ્યું કે, તે અરવિંદ કેજરીવાલને કામચલાઉ જામીન કેમ મળી શકે તે કારણો સાંભળશે. તેઓએ કહ્યું કે, તે હાલમાં દિલ્હીના મુખ્યમંત્રી છે અને લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરવાની જરૂર છે. કોર્ટે કહ્યું કે, આ સ્થિતિ અસામાન્ય છે અને કેજરીવાલ એવા વ્યક્તિ નથી જે નિયમિતપણે કાયદાનો ભંગ કરે છે.

જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર



### કેજરીવાલ પ્રચાર કરી શકે પરંતુ વચગાળાના જામીન પર મુખ્યમંત્રી તરીકેની ફરજો બજાવી ન શકે : સુપ્રીમ કોર્ટ

દત્તાની બનેલી બે જજની બેન્ચે દિલ્હી લિકર પોલિસી કેસના સંબંધમાં ઈડી દ્વારા ૨૧ માર્ચે કરેલી ધરપકડને પડકારતી કેજરીવાલની અરજી પર સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. તેઓએ વધુમાં કહ્યું કે, આ એક અસાધારણ સ્થિતિ છે. તે રીઢા ગુનેગાર નથી. ચૂંટણી દર પાંચ વર્ષે એકવાર થાય છે. દર ચારથી છ મહિને થતો પાક લણવા જેવો નથી. અમારે તેને વચગાળામાં મુક્ત કરવામાં આવે કે કેમ તે પ્રાથમિકતા આપવાની જરૂર છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેંચ કેસમાં ઈડી દ્વારા તેમની ધરપકડને પડકારતી કેજરીવાલની અરજી પર દલીલો સાંભળી રહી હતી. આ દલીલો કદાચ ઈડીને કારણભૂત બનાવી શકે છે કારણ કે, તેણે કોર્ટના સૂચનનો વિરોધ કર્યો હતો અને દલીલ કરી હતી કે, તે 'ખોટી પૂર્વધારણા' ઊભી કરશે. તેણે કહ્યું કે, 'રાજકારણીને સામાન્ય નાગરિકોની સરખામણીમાં કોઈ વિશેષ અધિકાર નથી. શું કાર્યવાહીનો સામનો કરી રહેલા તમામ સાંસદો અને ધારાસભ્યોને જામીન પર છોડવા જોઈએ ? દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સુપ્રીમને કહ્યું કે, જો વચગાળાના જામીન આપવામાં આવશે તો તેઓ એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત કોઈપણ ફાઈલો પર સહી કરશે નહીં. ઈડીએ કહ્યું કે, તે દર્શાવી શકે છે કે, કેજરીવાલે રૂા.૧૦૦ કરોડ માંગ્યા હતા. શરૂઆતમાં કેજરીવાલ મુખ્ય ધ્યાને ન હતા અને તપાસ એજન્સી તેમની ભૂમિકા પર ધ્યાન આપી રહી ન હતી. તપાસ ચાલુ હોવાથી તેમાં વધુ સ્પષ્ટતા થઈ. ઈડીએ એવો પણ દાવો કર્યો હતો કે, એકવાર સાક્ષીએ કહ્યું કે, તે જમીનના સોદા માટે કેજરીવાલને મળ્યો હતો પછી તેમને ખબર પડી કે તે બધુ બોગસ હતું અને તે ૧૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ હતું. જો કે, સુપ્રીમ કોર્ટે મંગળવારે વચગાળાના જામીન પર કોઈ આદેશ જાહેર કર્યો ન હતો. આવતા અઠવાડિયે આ મામલે ફરી સુનાવણી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. દરમિયાન દિલ્હીની એક કોર્ટે મંગળવારે કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૦ મે સુધી લંબાવી છે.

# બિન લાદેનની તસવીરો, ફોન પર ISISના ઝંડા કોઈને આતંકવાદી જાહેર કરવા માટે પૂરતા નથી : દિલ્હી હાઈકોર્ટ

**અદાલત અમ્મર અબ્દુલ રહીમાનની જામીન અરજી પર સુનાવણી કરી રહી હતી, જેની ઓગસ્ટ ૨૦૨૧માં રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે રહીમાન આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટની વિચારધારા દ્વારા કટ્ટરપંથી બની ગયો હતો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ગેરકાનૂની પ્રવૃત્તિ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ આરોપ મુકવામાં આવેલ વ્યક્તિને જામીન આપતાં દિલ્હી હાઈકોર્ટે કહ્યું છે કે, માત્ર એટલા માટે કે વ્યક્તિએ અલ-કાયદાના સ્થાપક ઓસામા બિન લાદેન અને ઈસ્લામિક સ્ટેટના ઝંડાની તસવીરો ડાઉનલોડ કરી હોય તે તેને આતંકવાદી તરીકે જાહેર કરવા માટે પૂરતું નથી. જસ્ટિસ સુરેશ કુમાર કૈત અને જસ્ટિસ મનોજ જૈનની ડિવિઝન બેન્ચે પોતાના આદેશમાં કહ્યું હતું કે, "ફક્ત એટલા માટે કે અપીલકર્તાના મોબાઈલમાં આતંકવાદી ઓસામા બિન લાદેનના ફોટોગ્રાફ, જેહાદ પ્રમોશન, આઈએસઆઈએસના ફ્લેગ વગેરે સહિતની ગુનાહિત સામગ્રી વહન કરવામાં આવી હતી. અને તે કટ્ટરપંથી/મુસ્લિમ ઉપદેશકોના પ્રવચનો પણ એક્સેસ કરી રહ્યો હતો, જે તેના આતંકવાદી સંગઠનના સભ્ય તરીકે ઓળખવા માટે પૂરતું ન હતું, આ કારણ તેને આતંકવાદી જાહેર કરવા માટે પૂરતું નથી." ખંડપીઠ અમ્મર અબ્દુલ રહીમાનની જામીન અરજી પર સુનાવણી કરી રહી હતી, જેની ઓગસ્ટ ૨૦૨૧માં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. NIA અનુસાર, રહીમાન આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટની વિચારધારાથી કટ્ટરપંથી બની ગયો હતો, અને ખિલાફતની સ્થાપના માટે અને ભારતમાં ISISની પ્રવૃત્તિઓ હાથ ધરવા દક્ષિણ-મધ્ય એશિયામાં ઈસ્લામિક સ્ટેટ-નિયંત્રિત પ્રદેશોમાં સ્થળાંતર કરવાના ગુનાહિત કાવતરામાં સામેલ હતો. તેણે એવો પણ આરોપ મૂક્યો હતો કે રહીમાને સ્ક્રીન રેકોર્ડર વિકલ્પનો ઉપયોગ કરીને 'ક્રૂર હત્યાઓ' દર્શાવતા ઈસ્લામિક સ્ટેટ-સંબંધિત વીડિયો અને ઈન્સ્ટાગ્રામ વીડિયો ડાઉનલોડ કર્યા હતા. બિન લાદેન અને ઈસ્લામિક સ્ટેટના ધ્વજના ફોટા જે તેના મોબાઈલ ફોન પર મળી આવ્યા હતા તેના પરથી તે તારણ નીકળે છે કે તે તેની કટ્ટરપંથી માનસિકતા અને આતંકવાદી જૂથ સાથેનું જોડાણ દર્શાવે છે. કોર્ટે કહ્યું કે, આજના ઈલેક્ટ્રોનિક યુગમાં, આ પ્રકારની ગુનાહિત સામગ્રી, વર્લ્ડ વાઈડ વેબ પર મુક્તપણે ઉપલબ્ધ છે અને માત્ર તેને એક્સેસ કરવા અને તેને ડાઉનલોડ કરવી પણ તે પોતાને ઈસ્લામિક સ્ટેટ્ સાથે સંકળાયેલી હોવાનું માની લેવા માટે પૂરતું નથી. કોઈપણ જિજ્ઞાસુ વ્યક્તિ આવી સામગ્રીને એક્સેસ કરી શકે છે અને ડાઉનલોડ પણ કરી શકે છે.

કોર્ટે ઉમેર્યું કે, બેશક, 'અપીલકર્તા અત્યંત કટ્ટરપંથી હતો અને તેણે ISIS તરફી સામગ્રી ડાઉનલોડ કરી હતી અને મુસ્લિમ ચકટ્ટરપંથીઓના ઉપદેશોને એક્સેસ કરી હતી પરંતુ તે UAPAની કલમ ૩૮ અને કલમ ૩૯ને લગાવવા માટે પૂરતું નથી.'

સેક્શન ૩૮ UAPAએ આતંકવાદી સંગઠનના સભ્યપદને લગતો ગુનો છે અને સેક્શન ૩૯ આતંકવાદી સંગઠનને આપવામાં આવેલા સમર્થનને લગતો ગુનો છે.

# સ્વતંત્રતાની માંગ, ECIએ દરેક રાઉન્ડની ચૂંટણીના આંકડા જાહેર કરવા જોઈએ : કોંગ્રેસ પ્રમુખ ખડગે

**ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા જાહેર કરાયેલા મતદાનના આંકડામાં વિસંગતતાઓ અને નોંધાયેલા મતદારોની વાસ્તવિક સંખ્યા પ્રકાશિત ન કરવા અંગે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ભારતની તમામ પાર્ટીઓના નેતાઓને લખેલા પત્રમાં વૈધાનિક સંસ્થાના નિષ્ક્રિય પક્ષપાતી આચરણ મુદ્દે ગંભીર સવાલો ઉઠાવ્યા છે**

(એજન્સી) તા.૭

ભારતના ચૂંટણી પંચ (ECI) દ્વારા જાહેર કરાયેલ મતદાનના ડેટામાં વિસંગતતાઓ અને નોંધાયેલા મતદારોના આંકડા પ્રકાશીત ન કરવા અંગે, કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ભારતીય પક્ષોના નેતાઓને સંબોધિત કરેલા એક ખુલ્લા પત્રમાં વૈધાનિક સંસ્થાના નિષ્ક્રિય પક્ષપાતી વર્તન પર ગંભીર મુદ્દા ઉઠાવ્યા છે. ૧૮મી લોકસભા ચૂંટણીમાં ત્રીજા તબક્કાના મતદાનના દિવસે ૭ મે મંગળવારના રોજ સવારે ૧૦ વાગ્યા સુધીમાં આ પત્ર સાર્વજનિક ડોમેનમાં ફરતો થઈ ગયો હતો. ખડગે કહે છે, "૨૦૨૪ની લોકસભા ચૂંટણી એ લોકશાહી અને ભારતના બંધારણને બચાવવાની લડાઈ છે. જેમ કે તમે તાજેતરના ઘટનાક્રમથી વાકેફ છો કે ભારતીય ચૂંટણી પંચ (ECI)ની વિશ્વસનીયતા હંમેશા ઘટી છે. તે જગજાહેર છે કે કેવી રીતે ECI કદાચ ઈતિહાસમાં પ્રથમ વખત, લોકસભા ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાના મતદાનની અંતિમ ટકાવારી જાહેર કરવામાં વિલંબ કર્યો. "વધુમાં," પબ્લિક કોમ્યુનિકેશન જણાવે છે, "વિવિધ મીડિયા અહેવાલો દ્વારા એ જાણવું અત્યંત નિરાશાજનક છે કે ત્રીજા તબક્કાથી અંતિમ નોંધાયેલ મતદાર યાદી પણ બહાર પાડવામાં આવી નથી. આ તમામ ઘટનાક્રમોએ ભારતના ચૂંટણી પંચ જેવી સંસ્થા જે ભારતીય રાજ્ય અને તેના લોકોના સામૂહિક પ્રયાસોથી બનેલી છે." તેની કામગીરી પર ઘેરો અવિશ્વાસ પેદા કર્યો છે. "પ્રથમ અને બીજા તબક્કા માટે અંતિમ મતદાનની ટકાવારી જાહેર કરવામાં અસાધારણ વિલંબ ડેટાની ગુણવત્તા પર ગંભીર શંકા પેદા કરે છે. મારા ૫૨ વર્ષના ચૂંટણી જીવનમાં અંતિમ પ્રકાશિત ડેટામાં મેં મતદાનની ટકાવારીમાં આટલો ઊંચો વધારો ક્યારેય જોયો નથી, જે હવે અમે માની લઈએ છીએ કે મતદાનના દિવસોમાં મતદાન પછીના કલાકોથી આવ્યા છે." જાહેર જનતાની યાદ તાજી કરાવવા માટે ખડગેએ નીચેના મુદ્દાઓ પર ECIને સામૂહિક પ્રશ્નોત્તરી કરવા વિનંતી કરી છે :-

"૧. ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ચૂંટણી પંચે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીના પ્રથમ ૨ તબક્કા માટેના મતદાર મતદાનનો અંતિમ ડેટા જાહેર કર્યો. પ્રથમ તબક્કાના મતદાન (એપ્રિલ ૧૯, ૨૦૨૪)ના ૧૧ દિવસ પછી અને બીજા તબક્કા (૨૬ એપ્રિલ, ૨૦૨૪)ના ૪ દિવસ પછી ડેટા જાહેર કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં ચૂંટણી પંચ માટે અમારો પહેલો પ્રશ્ન છે-પંચે મતદાર મતદાનનો ડેટા જાહેર કરવામાં વિલંબ કેમ કર્યો ?"

"૨. અગાઉના પ્રસંગોએ પંચે મતદાનના ૨૪ કલાકની અંદર મતદાર મતદાનનો ડેટા પ્રકાશિત કર્યો છે. આ વખતે શું બદલાયું છે ? રાજકીય પક્ષો તેમજ રાજકીય કાર્યકરો દ્વારા વારંવાર પૂછપરછ કરવામાં આવી હોવા છતાં વિલંબને યોગ્ય ઠેરવવા માટે પંચ કેમ કોઈ સ્પષ્ટતા આપવામાં નિષ્ફળ રહ્યું છે ? શું ઈવીએમમાં કોઈ સમસ્યા છે ?"

"૩. હવે પ્રથમ તબક્કા (૧૦૨ બેઠકો) માટે પંચે જણાવ્યું કે ૧૯.૪.૨૦૨૪ના રોજ સાંજે ૭ વાગ્યા સુધીમાં અંદાજિત મતદાન લગભગ ૬૦% હતું, જ્યારે તે જ રીતે બીજા તબક્કા (૮૮ બેઠકો) માટે અંદાજિત મતદાન આશરે ૬૦.૯૬% હતું. [આ તમામ આંકડાઓ મીડિયામાં વ્યાપકપણે નોંધાયા હતા]. એવું શા માટે છે કે ૨૦.૦૪.૨૦૨૪ના રોજ પ્રથમ તબક્કા માટે કમિશનનું અનુમાનિત મતદાર મતદાન વધીને ૬૫.૫% થયું હતું અને ૨૭.૦૪.૨૦૨૪ના રોજ બીજા તબક્કા માટે મતદાનનો ડેટા ૬૬.૭% હતો. છેલ્લે ૩૦.૦૪.૨૦૨૪ના રોજ પ્રથમ તબક્કા માટે ૬૬.૧૪% અને બીજા તબક્કા માટે ૬૬.૭૧% પર આંકડાઓની પુષ્ટિ કરવામાં આવી હતી ?"

"૪. અમે કમિશનને પૂછીએ છીએ-પ્રથમ તબક્કા માટે મતદાનની સમાપ્તિની તારીખથી (૧૯.૦૪.૨૦૨૪ના રોજ સાંજે ૭ વાગ્યે) મતદાર મતદાન ડેટાના વિલંબિત પ્રકાશન સુધી (૩૦.૦૪. ૨૦૨૪)ના રોજ અંતિમ મતદાર મતદાનમાં ~૫.૫%નો નજીકનો વધારો શા માટે છે ?"

"બીજા તબક્કા માટે મતદાનની સમાપ્તિની તારીખથી (૨૬.૦૪.૨૦૨૪ના રોજ સાંજે ૭ વાગ્યે) ડેટાના વિલંબિત પ્રકાશન સુધી (૩૦.૦૪.૨૦૨૪ના રોજ) અંતિમ મતદાર મતદાનમાં લગભગ ~૫.૭૪%થી વધુનો વધારો થયો છે ?"

"૫. વિલંબ ઉપરાંત કમિશન દ્વારા જાહેર કરાયેલા મતદાર મતદાનના ડેટામાં નિર્ણાયક છતાં સંબંધિત આંકડાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, જેમ કે દરેક સંસદીય મતવિસ્તારમાં અને સંબંધિત વિધાનસભા મતવિસ્તારમાં થયેલા મતો ? જો નિર્ણાયક આંકડાઓ સાથે મતદાનના ૨૪ કલાકની અંદર મતદાર મતદાનનો ડેટા પ્રકાશિત કરવામાં આવ્યો હોત, તો પછી આપણે જાણી શક્યા હોત કે શું (~૫%નો) વધારો સમગ્ર મતવિસ્તારમાં જોવા મળ્યો હોત ? અથવા ફક્ત એવા મતવિસ્તારોમાં જ્યાં શાસક સરકારને ૨૦૧૯ની ચૂંટણીમાં સારૂં પ્રદર્શન કર્યું ન હતું ?"

"સાર્વજનિક ક્ષેત્રમાં ઉદ્ભવેલી આ શંકાઓને દૂર કરવા માટે, કમિશને માત્ર સંસદીય મતવિસ્તાર (અને સંબંધિત વિધાનસભા મતવિસ્તારો) દીઠ ડેટા જ બહાર પાડવો જોઈતો ન હતો પરંતુ તેણે દરેક મતદાન મથકમાં મતદાર મતદાનનો ડેટા પણ જાહેર કરવો જોઈએ. વાસ્તવમાં દરેક મતદાન મથક વિધાનસભા મતવિસ્તાર અને સંસદીય સાથે રાજકીય પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોનો પણ ઉલ્લેખ/પ્રકાશિત કરવો જોઈએ ? [ખાસ કરીને નાગાલેન્ડ, ત્રિપુરા વગેરેના સંદર્ભમાં જ્યાં મતદાન મથક સ્તરે મુદ્દા ઉઠાવવામાં આવે છે]"

"ECI મુજબ ઉમેદવારોના પોલિંગ એજન્ટો પાસે દરેક મતદાન મથકનો ચોક્કસ મતદાર મતદાનનો ડેટા હોય છે. તેનો અર્થ એ છે કે કમિશન પાસે દરેક મતદાન મથક માટેના મતદારોના મતદાનનો જરૂરી ડેટા પણ છે; હવે તેમને અમારો પ્રશ્ન એ છે કે કમિશનને લોકો માટે તે પ્રકાશિત કરવાથી ખરેખર કોણ અટકાવી રહ્યું છે ?"

"૬. શું એ સાચું નથી કે, કેટલાક મીડિયા અહેવાલો અનુસાર આગામી તબક્કાની અંતિમ નોંધાયેલ મતદાર યાદી જાહેર કરવામાં આવી નથી ? શું ચૂંટણીઓ યોજવામાં મૂળભૂત બાબતોમાં આ સ્પષ્ટ ગેરવહીવટ માટે ECIને જવાબદાર બનાવવામાં આવશે ?"

"ભારત નેશનલ ડેવલપમેન્ટલ ઈન્ક્લુઝિવ એલાયન્સ (ભારત) તરીકે લોકશાહીનું રક્ષણ કરવા અને ECIની સ્વતંત્ર કામગીરીનું રક્ષણ કરવાનો અમારો સામૂહિક પ્રયાસ હોવો જોઈએ. ઉપરોક્ત તમામ હકીકતો અમને એક પ્રશ્ન પૂછવા માટે દબાણ કરે છે-શું આ અંતિમ પરિણામો સાથે છેડછાડ કરવાનો પ્રયાસ હોઈ શકે છે ?"

ખડગે નિષ્કર્ષમાં જણાવે છે, "આપણે બધા જાણીએ છીએ કે કેવી રીતે પીએમ મોદી અને ભાજપ પ્રથમ બે તબક્કામાં મતદાનના વલણો અને તેમની ચૂંટણીમાં ઘટી રહેલી તકોથી દેખીતી રીતે અસ્વસ્થ અને હતાશ છે. સમગ્ર રાષ્ટ્ર જાણે છે કે સત્તાના નશામાં ધૂત એક નિરંકુશ શાસન ખુરશી પર ટકી રહેવા માટે કોઈપણ હદે જઈ શકે છે."

"આ સંદર્ભમાં, હું તમને બધાને વિનંતી કરીશ કે આપણે આવા વિસંગતતાઓ સામે સામૂહિક રીતે, એકતાપૂર્વક અને સ્પષ્ટપણે અવાજ ઉઠાવવો જોઈએ, કારણ કે અમારો એકમાત્ર ઉદ્દેશ્ય જીવંત લોકશાહી અને બંધારણની સંસ્કૃતિનું રક્ષણ કરવાનો છે."

"ચાલો આપણે ભારતના ચૂંટણી પંચની સ્વતંત્રતા સુનિશ્ચિત કરીએ અને તેને જવાબદાર બનાવીએ."

જોવાનું એ છે કે ભારત ગઠબંધનમાં અગ્રણી વિપક્ષી પાર્ટીના પ્રમુખના આ જોરદાર પ્રયાસથી એવી સંસ્થાનો અંતરાત્મા જગશે કે જે તેની તમામ વૈધાનિક અને બંધારણીય ફરજોથી ચૂપ થઈ ગઈ હોય તેવું લાગે છે.

# કેજરીવાલની ધરપકડ મુદ્દે સુપ્રીમે તપાસમાં વિલંબ પર ઈડીને સવાલ કર્યો, એજન્સીને કેસ ફાઈલ રજૂ કરવા કહ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

સુપ્રીમ કોર્ટે મંગળવારે દિલ્હીની શરાબ નીતિના સંબંધમાં નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામેની તપાસમાં વિલંબ અંગે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને પ્રશ્ન કર્યો હતો. કોર્ટે એજન્સીને કેસમાં તપાસ અધિકારીની નોંધો તપાસવા માટે કેસ ફાઈલના ત્રણ વોલ્યુમ રજૂ કરવા કહ્યું હતું. તેમની ધરપકડને પડકારતી કેજરીવાલની અરજી પર સુનાવણી કરતાં જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચને ઈડી તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુને સંબોધીને કહ્યું જેમાં તેમણે કેજરીવાલની રજૂઆતનો વિરોધ કરીને કહ્યું કે મંજૂર કરનારાઓના નિવેદનો તપાસ એજન્સી દ્વારા દબાવવામાં આવ્યા હતા. કેજરીવાલની વચગાળાની જામીન અરજીની સુનાવણી કરતા બેન્ચે કહ્યું કે તેઓ વચગાળાની જામીન અરજી પર વિચારણા કરી રહ્યા છે કારણ કે ચૂંટણી છે. જો કે, તેણે સ્પષ્ટ કર્યું કે તેઓ નથી ઈચ્છતા કે મુખ્યમંત્રી કાર્યાલયની મુલાકાત લે અથવા સત્તાવાર ફરજો બજાવે. ખંડપીઠે કહ્યું કે તેઓ સરકારના કામકાજમાં કેજરીવાલની દખલગીરી નથી ઈચ્છતા. જો કે, કેજરીવાલ વતી હાજર રહેલા એડવોકેટ અભિષેક સિંઘવીએ જણાવ્યું હતું કે સીએમ કોઈપણ ફાઈલો પર સહી કરશે નહીં, આ શરત સાથે કે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર એ આધાર પર કોઈપણ કામ અટકાવશે નહીં કે સીએમએ કોઈ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા નથી. ખંડપીઠે ઈડીને કેસ ફાઈલના ત્રણ વોલ્યુમ રજૂ કરવા કહ્યું- એક કલમ ૧૬૪ CrPC હેઠળના નિવેદન સુધી સરથ રેડ્ડીની ધરપકડ પહેલાં, બીજી મનીષ સિસોદિયાની ધરપકડ પહેલાં અને તેમની ધરપકડ થયા પછી, અને ત્રીજી કેજરીવાલની ધરપકડ પહેલાં- અધિકારીની નોંધો જોવા માટે. . તેણે કેસની તપાસ માટે લેવામાં આવેલા સમય પર ઈડીને પ્રશ્ન કર્યો હતો અને નોંધ્યું હતું કે એજન્સીને કંઈક શોધવામાં બે વર્ષ લાગ્યા છે. ખંડપીઠે એ પણ પૂછ્યું હતું કે આ કેસમાં સાક્ષીઓ અને આરોપીઓને સંબંધિત સીધા પ્રશ્નો શા માટે મૂકવામાં આવ્યા નથી.

# કોંગ્રેસના ઉદિત રાજે પૂંચ હુમલાને 'સ્ટંટ' ગણાનારા ચન્નીનો બચાવ કર્યો : 'પુલવામા પછી કંઈપણ શક્ય છે'

**ચરણજીત સિંહ ચન્નીએ પૂંચ હુમલા અને ૨૦૧૯ પુલવામા હુમલા વચ્ચે સમાનતા દર્શાવતા કહ્યું કે, તેનો ઉપયોગ ભાજપ દ્વારા ચૂંટણીલક્ષી લાભ માટે કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે સ્પષ્ટતા કરી છે કે તેમનો અર્થ શહીદ સૈનિકોનો અનાદર કરવાનો નથી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

ઉત્તર-પશ્ચિમ દિલ્હીના કોંગ્રેસના ઉમેદવાર ઉદિત રાજેએ પાર્ટીના સાથી નેતા ચરણજીત સિંહ ચન્નીની ટિપ્પણીઓનો બચાવ કર્યો છે, અને ગયા અઠવાડિયે જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાને 'સ્ટંટ' ગણાવ્યો છે. રાજે કહ્યું કે ૨૦૧૯ના પુલવામા હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનોએ જીવ ગુમાવ્યો હતો, ત્યારે કંઈક બુદ્ધિગમ્ય લાગતું ન હતું. ત્યારે પણ વિપક્ષે ભાજપ પર આ ઘટનાનો ચૂંટણી લાભ માટે ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. પંજાબના પૂર્વ મુખ્ય પ્રધાન ચન્નીએ પુલવામા અને પૂંચમાં ભારતીય વાયુસેના (IAF) કાફલા પરના તાજેતરના હુમલા વચ્ચે સમાનતા દર્શાવી હતી અને ભાજપને ફાયદો પહોંચાડવાના હેતુથી તેને 'સ્ટંટ' ગણાવ્યો હતો. IAFના કોર્પોરલ વિક્કી પહાડેએ આ આતંકવાદી હુમલામાં તેમનો જીવ ગુમાવ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર ચન્નીએ કહ્યું કે, આ માત્ર સ્ટંટ છે, હુમલો નથી. અગાઉ પણ આવા સ્ટંટ ભાજપ દ્વારા ચૂંટણીના ફાયદા માટે કરવામાં આવ્યા હતા. આ પૂર્વ આયોજિત હુમલા છે. પક્ષના નેતૃત્વએ આ બાબતે કોઈ ટિપ્પણી કરી નથી, ત્યારે ચન્નીએ ભારતના સૈનિકોનો અનાદર કર્યો હોવાની ટીકાને સખત શબ્દોમાં રદિયો આપ્યો હતો. તેમણે કહ્યું કે, પુલવામાના મામલામાં એવી બાતમી મળી હતી કે સીઆરપીએફના જવાનો જો રોડથી આગળ વધે તો ખતરો છે. પરંતુ ગૃહ મંત્રાલયે ફાઈલ ક્લિયર કરી ન હતી અને તેમને એરલિફ્ટ કરવાની મંજૂરી આપી ન હત. જો તેઓ આ ખતરા વિશે જાણતા હતા ત્યારે સરકારે આવું કેમ ન કર્યું ? રાજે સરકારની નિષ્ફળતાને સૈનિકોના મૃત્યુને જવાબદાર ઠેરવતા કહ્યું હતું કે ચૂંટણીઓ માટે કંઈપણ શક્ય હતું. રાજે ૨૦૧૯માં ટિકિટ નકાર્યા પછી ભાજપ છોડી દીધું હતું, તેણે જમ્મુ અને કાશ્મીરના પૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકના એવા આરોપની પણ વાત કરી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને પુલવામા હુમલા પછી શાંત અને ચૂપ રહેવા કહ્યું હતું. ચન્નીએ સ્પષ્ટતા કરી કે તેઓ શહીદ બહાદુરો અને તેમના પરિવારોનું સન્માન કરે છે. હું તે લોકો વિશે વાત કરૂં છું જેઓ તેના પર હુમલો કરે છે અને તેનું આયોજન કરે છે. હું તેમની ટીકા કરું છું. મેં સૈનિકો વિરૂદ્ધ કશું કહ્યું નથી. આપણા સૈનિકો પર શા માટે હુમલો કરવામાં આવે છે ? સરકાર તેને કેમ રોકતી નથી ? ભાજપે અનામતના મુદ્દા પર કોંગ્રેસને નિશાન બનાવતા અને મુસ્લિમોને ફાયદો પહોંચાડવા અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગોના ક્વોટા છીનવી લેવાનો આરોપ અંગે રાજે કહ્યું કે, શાસક ભાજપે અનામત ઘટાડી છે. વડાપ્રધાને આરક્ષણ સમાપ્ત કર્યું છે. આ વ્યક્તિએ આરક્ષણને ઘટાડ્યું છે. ડિસઈન્વેસ્ટિંગ કરીને, ઘણી સંસ્થાઓનું ખાનગીકરણ કરીને, તેણે રોજગારની સંભાવનાને નબળી બનાવી છે. આ સિવાય કેન્દ્ર સરકારમાં ૩૦ લાખ જગ્યાઓ ખાલી છે. કોંગ્રેસે એસસી, એસટી અને ઓબીસી લોકોના ઉત્થાન માટે મહત્તમ કામ કર્યું છે. રાજે જણાવ્યું હતું કે તેમના વિસ્તારમાં આ ચૂંટણીઓના મુખ્ય મુદ્દાઓ બેરોજગારી, મોંઘવારી છે અને દિલ્હીમાં ભાજપના સાંસદોનું પ્રદર્શન ખરાબ છે. તેમણે ઉત્તર પશ્ચિમના વર્તમાન સાંસદ હંસ રાજ હંસ દ્વારા મતવિસ્તારની 'ઉપેક્ષા'ની પણ ટીકા કરી હતી, જેઓ હવે ફરીદકોટમાં લડી રહ્યા છે. ગયા શનિવારે, અરવિંદર સિંહ લવલી, જેમણે એપ્રિલમાં દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું હતું, તે અન્ય ત્રણ વરિષ્ઠ કોંગ્રેસના નેતાઓ સાથે ભાજપમાં જોડાયા હતા. રાજે કહ્યું કે લવલી ભૂતકાળમાં પણ પક્ષમાંથી નીકળી ગયા હતા અને તેના તાજેતરના વિદાયથી પાર્ટીને કોઈ નુકસાન થશે નહીં. જો કે રાજ પહેલા અરવિંદ કેજરીવાલની ટીકા કરતા રહ્યા છે, તેઓ હવે માને છે કે આમ આદમી પાર્ટી સાથેનું જોડાણ લોકશાહી અને બંધારણની રક્ષા માટે ફાયદાકારક છે. કોંગ્રેસ છછ સાથે ગઠબંધન કરીને લોકસભાની સાતમાંથી ત્રણ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. લવલી સહિત કોંગ્રેસના ઘણા નેતાઓએ AAP સાથેના જોડાણની ટીકા કરી છે. રાજે કહ્યું કે, અમારી વચ્ચે મતભેદો છે, પરંતુ લોકશાહી અને બંધારણની રક્ષા માટે અમારી વચ્ચે કોઈ મતભેદ નથી. રાજ ૨૦૧૪માં ઉત્તર પશ્ચિમ દિલ્હી મતવિસ્તારમાંથી જીત્યા હતા હવે તેમનો મુકાબલો ભાજપના યોગેન્દ્ર ચંદોલિયા સામે છે, જે અગાઉ ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ મેયર હતા.

# કેજરીવાલને વચગાળાના જામીન પર સુપ્રીમમાં સુનાવણી વચ્ચે દિલ્હી કોર્ટે તેમની ન્યાયિક કસ્ટડી ૨૦ મે સુધી લંબાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ મંગળવારે સુપ્રીમ કોર્ટમાંથી કોઈ રાહત મેળવવામાં નિષ્ફળ રહ્યા હતા જેમાં તેમને લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા સક્ષમ બનાવવા માટે વચગાળના જામીન આપવાનો આદેશ જાહેર કર્યા વિના બે જજની બેંચ વધી હતી. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેંચે દિવસ દરમિયાન વચગાળાના જામીન આપવા અંગેનો પોતાનો આદેશ અનામત રાખ્યો હતો મોડી સાંજે આદેશ જાહેર કરવા કહ્યું હતું. કેજરીવાલ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરફથી અનુક્રમે હાજર થયેલા વરિષ્ઠ એડવોકેટ અભિષેક સિંઘવી અને એડિશનલ સોલિસિટર જનરલ એસ વી રાજુની દલીલો સાંભળ્યા બાદ બેન્ચે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. તપાસ એજન્સી માટે પણ હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ લોકસભા ચૂંટણીના કારણે કેજરીવાલ પ્રત્યે કોઈપણ પ્રકારની ઉદારતા દર્શાવવાનો સખત વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આપના રાષ્ટ્રીય સંયોજકને વચગાળાના જામીન આપવાથી રાજકારણીઓનો એક અલગ વર્ગ ઊભો કરવામાં આવશે. બેંચે કેજરીવાલની ધરપકડ સામેની અરજી પર સુનાવણીને બે ભાગમાં વહેંચી દીધી હતી. તેમની મુખ્ય અરજી ઈડી દ્વારા તેમની ધરપકડને પડકારવામાં આવી છે અને તેને ગેરકાયદેસર જાહેર કરવાની માંગ કરી છે, જ્યારે બીજું પાસું ચાલી રહેલી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વચગાળાના જામીન આપવા સંબંધિત હતી. કોર્ટે વચગાળાના જામીન આપવાના મુદ્દે ચુકાદો અનામત રાખ્યો હતો. આ પહેલાં કોર્ટે બંને બાબતો અંગે બીજા દિવસે સુનાવણી કરવાનો નિર્ણય લીધો હતો. કોર્ટે કહ્યું કે, "જો કાલે નહીં તો અમે ગુરૂવારે આ મામલે સુનાવણી કરી શકીએ છીએ. ન્યાયમૂર્તિ ખન્નાએ વચગાળાના જામીન મુદ્દે ચુકાદાની જાહેરાત માટે સમય મર્યાદાનો ઉલ્લેખ કર્યા વિના કહ્યું કે, જો ગુરૂવારે નહીં તો અમે આવતા અઠવાડિયા આ મામલે સુનાવણી કરીશું. દરમિયાન, દિલ્હીની એક કોર્ટે મની લોન્ડરિંગ કેસમાં કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૦ મે સુધી લંબાવી છે. CBI અને ઈડી બાબતો માટેના વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ કેજરીવાલની કસ્ટડી લંબાવી હતી જેમાં આપ નેતાને અગાઉ મંજૂર કરવામાં આવેલા રિમાન્ડની પૂરા થતાં વિડિયો કોન્ફરન્સ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

# 'અયોધ્યાનું આ મંદિર બેકાર છે...' : સપાના રામ ગોપાલ યાદવના નિવેદનને પગલે ભારે વિવાદ

**સમાજવાદી પાર્ટીના નેતાએ કહ્યું કે, આપણા દેશમાં મંદિરો આ રીતે બનાવવામાં આવતા નથી, તેમણે ઉમેર્યું હતું કે, 'રામ મંદિર વાસ્તુ અનુસાર બનાવવામાં આવ્યું નથી'**

(એજન્સી) લખનૌ, તા.૭

સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવે અયોધ્યામાં નવા બનેલા રામ મંદિર પર ટિપ્પણી કરતા મોટો વિવાદ સર્જ્યો હતો અને કહ્યું હતું કે, 'મંદિર બેકાર (નકામું) છે.' સમાજવાદી પાર્ટીના નેતાએ કહ્યું કે, આપણા દેશમાં મંદિરો આ રીતે બનાવવામાં આવતા નથી, તેમણે ઉમેર્યું હતું કે, 'રામ મંદિર વાસ્તુ અનુસાર બનાવવામાં આવ્યું નથી.' યાદવે કહ્યું, 'હું દરરોજ ભગવાન રામની પૂજા કરૂં છું. કેટલાક લોકોએ રામનવમી પર પેટન્ટ કરાવી છે. પરંતુ અયોધ્યામાં તે મંદિર બેકાર (નકામું) છે. મંદિરો જેવી રીતે બનાવવામાં આવે છે તેવું આ મંદિર નથી. મંદિરની ડિઝાઈન અને નકશો વાસ્તુ અનુસાર નથી.' આ નિવેદન પર તીખી પ્રતિક્રિયા આપતા યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, "'ઈન્ડિયા બ્લોકના સભ્યો વોટ બેંકની રાજનીતિ માટે લોકોની આસ્થા સાથે રમત રમી રહ્યા છે. તેઓએ હંમેશા અયોધ્યામાં રામ મંદિરનો વિરોધ કર્યો છે.'

**રામ ગોપાલ યાદવની ટિપ્પણી પર ભાજપની પ્રતિક્રિયા :-** ભારતીય જનતા પાર્ટીએ કહ્યું કે, સમાજવાદી પાર્ટીના નેતાની ટિપ્પણી એ ભારત બ્લોક દ્વારા રામ મંદિર પરની સૌથી 'આઘાતજનક અને અપમાનજનક' ટિપ્પણી છે. નેતાની નિંદા કરતા ભાજપના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ X પર જઈને લખ્યું, 'ભારત બ્લોક એસપી નેતા રામ ગોપાલ યાદવ દ્વારા રામ મંદિર પર આઘાતજનક અને સૌથી અપમાનજનક ટિપ્પણી.' તેમણે સમાજવાદી પાર્ટી પર રામ ભક્તો પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે, આવી ટિપ્પણીઓથી સ્પષ્ટ થાય છે કે, ઈન્ડિયા બ્લોક સનાતન ધર્મને નાબૂદ કરવા માટે કામ કરી રહ્યું છે.

# શરાબ નીતિ કેસમાં વચગાળાના જામીન અપાય તો કેજરીવાલ સત્તાવાર ફરજો બજાવી શકશે નહીં : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૭

સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું કે તે આબકારી નીતિ-સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન પર આદેશ જારી કરવામાં આવી શકે છે. તેણે નોંધ્યું હતું કે લોકસભાની ચૂંટણીઓ ચાલી રહી હોવાથી તે અસાધારણ પરિસ્થિતિ છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની ખંડપીઠે કહ્યું કે કેજરીવાલ રીઢા ગુનેગાર નથી. કોર્ટે કહ્યું કે, "તે દિલ્હીના મુખ્યમંત્રી અને ચૂંટાયેલા નેતા છે. ચૂંટણીઓ ચાલી રહી છે. આ એક અસાધારણ સ્થિતિ છે. એવું નથી કે તે કોઈ રીઢા ગુનેગાર હોય. અમે તેમને વચગાળાના જામીન પર છોડવા જોઈએ કે કેમ તે અંગે દલીલો સાંભળીને વિચારણા કરીશું." ટોચની અદાલતે મુખ્યમંત્રી માટે હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીને કહ્યું હતું કે જો કેજરીવાલને વચગાળાના જામીન આપવામાં આવે તો તે સત્તાવાર ફરજો બજાવે તેવું તે ઈચ્છતી નથી. બેંચે કહ્યું કે, "જો તમે સત્તાવાર ફરજો બજાવો છો તો તે હિતોનો ટકરાવ હશે અને અમે તે નથી ઈચ્છતા." સિંઘવીએ ખંડપીઠને ખાતરી આપી હતી કે જો કેસમાં વચગાળાના જામીન આપવામાં આવશે તો કેજરીવાલ એક્સાઈઝ પોલિસી કૌભાંડ સંબંધિત કોઈપણ ફાઈલો પર હસ્તાક્ષર કરશે નહીં. ઈડીએ કેજરીવાલ માટે વચગાળાના જામીન પર સુનાવણી અંગેના સર્વોચ્ચ અદાલતના અભિપ્રાયનો વિરોધ કર્યો અને કહ્યું કે અદાલત કદાચ રાજકારણીઓ માટે અલગ વર્ગ ન બનાવી શકે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ઈડી તરફથી દલીલ કરતાં જણાવ્યું હતું કે, "આ સમયે દેશભરમાં સાંસદો સાથે સંકળાયેલા લગભગ ૫,૦૦૦ કેસ પેન્ડિંગ છે. શું તે બધાને જામીન પર છોડવામાં આવશે ? શું એક ખેડૂત કે જેની પાસે લણણી અને વાવણીની મોસમ હોય તે રાજકારણી કરતાં ઓછું મહત્વનું છે ?"

# EDએ ઝારખંડના મંત્રીના સેક્રેટરીની તેમના નોકર પાસેથી ૩૫ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કર્યા બાદ ધરપકડ કરી

(એજન્સી) તા, ૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ઝારખંડ કોંગ્રેસના મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલ અને તેમના ઘરેલુ સહાયક જહાંગીર આલમની ધરપકડ કરી છે. લાલના નોકર પર EDના મોટા પાયે દરોડા અને ત્યારબાદ ૩૫.૨૩ કરોડ રૂપિયાની રોકડ વસૂલાત બાદ સોમવારે મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી છે. સોમવારે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રાંચીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા અને સંજીવ લાલના ઘરેલુ નોકર પાસેથી મોટી રકમની રોકડ જપ્ત કરી હતી. આ દરોડો વીરેન્દ્ર રામ કેસમાં પાડવામાં આવ્યા હતા. તપાસ એજન્સીએ ફેબ્રુઆરી ૨૦૨૩માં ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના ચીફ એન્જિનિયર વિરેન્દ્ર કે, કેટલીક યોજનાઓના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓને લગતા મની લોન્ડરિંગ કેસમાં કેસ કર્યો હતો. રામની ધરપકડ કરવામાં આવી છે. તેમના સેક્રેટરીના નોકર પરના દરોડા પર પ્રતિક્રિયા આપતા, કોંગ્રેસના નેતા અને ઝારખંડના મંત્રી આલમગીર આલમે જણાવ્યું કે લાલ એક સરકારી કર્મચારી છે જેમણે બે ભૂતપૂર્વ મંત્રીઓના પીએસ તરીકે કામ કર્યું છે. "સંજીવ લાલ સરકારી કર્મચારી છે. તે મારા અંગત સચિવ છે. સંજીવ લાલ અગાઉ બે પૂર્વ મંત્રીઓના ખાનગી સચિવ રહી ચૂક્યા છે. ઘણા સરકારી કર્મચારીઓ છે અને અમે સામાન્ય રીતે અનુભવના આધારે ખાનગી સચિવની નિમણૂક કરીએ છીએ. આલમગીરે જણાવ્યું કે, EDની તપાસ પૂર્ણ થાય તે પહેલા દરોડા અંગે ટિપ્પણી કરવી યોગ્ય નથી. દરમિયાન, ભાજપે ઝારખંડમાં કોંગ્રેસ-જેએમએમ-આરજેડી ગઠબંધન સરકારની ટીકા કરી છે અને તેના પર રાજ્યને લૂંટના ક્ષેત્રમાં ફેરવવાનો આરોપ મૂક્યો છે. બીજેપી નેતા અમર કુમાર બૌરીએ જણાવ્યું કે, "ઈતિહાસની સૌથી ભ્રષ્ટ સરકાર: કોંગ્રેસ-JMM-RJD સરકારે મળીને ઝારખંડને 'લૂંટખંડ' બનાવ્યું ! મંત્રી આલમગીર આલમના પીએ નોકરના ઘરેથી ૨૫ કરોડ રૂપિયાની રોકડ મળી આવી છે, ગણતરી હજુ ચાલુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગણિત રોકડની વસૂલાતને ગાંધી પરિવાર સાથે જોડી છે. મોદીએ જણાવ્યું કે, "જેની પાસેથી આટલી મોટી ચલણી નોટો મળી આવી છે તે કોંગ્રેસનો પહેલો પરિવાર (ગાંધી) તેમની નજીક કેમ છે ? શું પૈસા અન્યત્ર પુરવઠા માટે અલગ રાખવામાં આવ્યા હતા ? શું કોંગ્રેસના પ્રથમ પરિવારે દેશભરમાં આવા વેરહાઉસ બનાવ્યા છે ? દેશ કોંગ્રેસના રાજકુમાર પાસેથી જાણવા માંગે છે.

# અરવિંદ કેજરીવાલની જામીન સુનાવણીમાં સુપ્રીમ કોર્ટના ટોચના પાંચ અવલોકનો

(એજન્સી) તા.૭

અહીં ચાલી રહેલી સુનાવણીમાં SCના પાંચ મુખ્ય અવલોકનો છે:

૧. SCએ કહ્યું કે સુપ્રીમ કોર્ટ ઈચ્છતી નથી કે અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવે તો તેઓ મુખ્ય પ્રધાન તરીકેની સત્તાવાર ફરજો બજાવે કારણ કે તેની કાસ્કેડિંગ અસર થઈ શકે છે.

૨. SCએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ કહે છે કે સામાન્ય માણસ સાથે ભેદભાવ ન હોઈ શકે, પછી ૯ વખત સમન્સ ટાળવામાં આવ્યા, પછી તેમની સંડોવણી દર્શાવતા તેમના પર આરોપો આવે છે.

૩. આ એક અસાધારણ પરિસ્થિતિ છે. એવું નથી કે તે રીઢા ગુનેગાર છે. પાંચ વર્ષમાં એકવાર ચૂંટણી થાય છે. ચૂંટણી એ દર ચારથી છ મહિને થાય તેવા પાકની લણણી કરવા જેવું નથી. અમારે અગ્રતા પર વિચાર કરવાની જરૂર છે કે શું તેને વચગાળા માટે મુક્ત કરવા જોઈએ."

૪. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, "શું કોઈ રાજકારણીને સામાન્ય માણસની તુલનામાં વિશેષ સારવાર મળી શકે છે. ૫,૦૦૦ લોકો કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે, જો તે બધા કહે કે તેઓ પ્રચાર કરવા માગે છે તો શું થશે; ૬ મહિનામાં નવ સમન્સ પાઠવવામાં આવ્યા છે, સમય પસંદ કરવા માટે EDને દોષી ઠેરવી શકાય નહીં; 'હજુ સુધી પુરાવાની વાત તો કરવામાં આવી જ નથી, તેથી આ તબક્કે વચગાળાના જામીન આપી શકાય છે."

૫. બેન્ચે નોંધ્યું: "જો તમે (કેજરીવાલ) ઓફિસમાં હાજરી આપી રહ્યા છો અને લોકોને સૂચનાઓ આપી રહ્યા છો, તો તે યોગ્ય નથી." "અમે આજે યોગ્યતાના મુદ્દા પર છીએ, કાયદેસરતા પર નહીં. અમે નથી ઈચ્છતા કે સરકારના કામકાજ પર કોઈ અસર પડે."

# 'મોદી કા પરિવાર'માં આદિવાસીઓ શા માટે આવકાર્ય નથી ? : કોંગ્રેસનો સવાલ

**કોંગ્રેસ કહે છે કે, મધ્યપ્રદેશમાં આદિવાસી કલ્યાણ માટે રૂા. ૩ લાખ કરોડ ફાળવવાનું તેમનું ચૂંટણી વચન અધૂરૂં રહ્યું છે**

(એજન્સી) તા.૭

કોંગ્રેસે ભાજપની આગેવાની હેઠળના કેન્દ્ર પર મધ્યપ્રદેશના આદિવાસી સમુદાયોની 'ઉપેક્ષા' કરવાનો આરોપ મૂક્યો અને આરોપ લગાવ્યો કે નીતિ આયોગના કેન્દ્રીય બજેટમાં આદિવાસીઓ માટે ભગવા પાર્ટીની ફાળવણી સતત ૮.૨ ટકાના લક્ષ્યાંકથી ઓછી રહી છે.. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે મધ્યપ્રદેશમાં બાદમાંની રેલીઓ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રશ્નો પૂછ્યા. રમેશે એક્સ પર પૂછ્યું કે, 'ભાજપ એમપીના આદિવાસી જિલ્લાઓમાં રેલ જોડાણ સુધારવામાં કેમ નિષ્ફળ રહ્યું છે ? 'મોદી કા પરિવાર'માં આદિવાસીઓ શા માટે આવકાર્ય નથી ? શા માટે મોદી સરકાર પરપ્રાંતિય કામદારોની અવગણના કરવાનું ચાલુ રાખે છે ?' તેમણે જે કહ્યું તે 'જુમલા (રેટરિક) વિગતો' હતી તેના પર વિગતવાર જણાવતા કોંગ્રેસના નેતાએ કહ્યું કે ૧૦ વર્ષ સત્તામાં હોવા છતાં પણ મોદી સરકાર દાહોદ-ઈન્દોર અને છોટા ઉદેપુર-ધાર રેલવે લાઈનને પૂર્ણ કરવામાં 'નિષ્ફળ' રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે, 'આ રેલવે લાઈનોને યુપીએ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી હતી પરંતુ દસ વર્ષ પછી, બાંધકામ પણ શરૂ થયું નથી. બહેતર રેલ કનેક્ટિવિટી મધ્યપ્રદેશના ધાર અને જભુઆના પ્રમાણમાં અલગ પડેલા આદિવાસી બહુલ જિલ્લાઓમાં સમૃદ્ધિ લાવશે પરંતુ રાજ્યમાં એક પછી એક ભાજપ સરકારો અને કેન્દ્રએ આ પ્રોજેક્ટની અવગણના કરી છે. તેમણે પૂછ્યું કે, શું વડાપ્રધાન આ મહત્ત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સમાં ૧૦ વર્ષથી વધુ વિલંબ માટે સ્પષ્ટતા આપશે ? શું તે આદિવાસી સમુદાય પ્રત્યેની તેમની સામાન્ય ઉદાસીનતાને આભારી છે ? તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે મોદી સરકારે માત્ર 'સાંસદના આદિવાસી સમુદાયોની અવગણના કરી નથી, તેઓએ સક્રિયપણે તેમને આતંકિત કર્યા છે.' પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું 'કેન્દ્રીય બજેટમાં આદિવાસીઓ માટે ભાજપની ફાળવણી ૨૦૧૭માં નીતિ આયોગ દ્વારા નિર્ધારિત ૮.૨ ટકાના લક્ષ્યાંક કરતાં સતત ઓછી રહી છે. મધ્યપ્રદેશમાં આદિવાસી કલ્યાણ માટે રૂા.૩ લાખ કરોડ ફાળવવાનું તેમનું મતદાન વચન અધૂરું રહ્યું છે,' રમેશે કહ્યું કે, 'ઝાબુઆમાં પીએમની રેલી પછી, બીજેપી કાર્યકર્તાઓ બેતુલમાં એક આદિવાસી યુવકને નિર્દયતાથી મારતા જોવામાં આવ્યા હતા. અને ગયા વર્ષે, એક શરમજનક વીડિયો વાયરલ થયો હતો જેમાં એક ભાજપ નેતા જાહેરમાં એક આદિવાસી વ્યક્તિ પર પેશાબ કરતા જોવા મળ્યા હતા,' તે સ્પષ્ટ છે કે 'મોદી કા પરિવાર'માં આદિવાસી સમુદાય માટે કોઈ જગ્યા નથી. રમેશે જણાવ્યું હતું કે, કોંગ્રેસ આદિવાસી કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે અને એસસી-એસટી પેટા-યોજનાને કાયદાકીય દરજ્જાની ખાતરી આપી છે, જેના માટે કેન્દ્રને ૮.૨-ટકા બજેટ લક્ષ્યાંકને પૂર્ણ કરવાની જરૂર પડશે, તેમણે પૂછ્યું કે, 'શું પીએમ ક્યારેય તેમની સરકારની ભૂલોને સ્વીકારશે અને આદિવાસી કલ્યાણ માટે પોતાને પ્રતિબદ્ધ કરશે ?' રમેશે વધુમાં આરોપ લગાવ્યો કે, મોદી સરકારે ભારતના સ્થળાંતર કરનારા કામદારોની દુર્દશાને ઘણી વખત નજરઅંદાજ કરી છે. તેમણે કહ્યું કે, 'આ અવગણના ખાસ કરીને COVID-૧૯ રોગચાળા દરમિયાન સ્પષ્ટ થઈ હતી જ્યારે સ્થળાંતર કામદારોને તેમના ઘરો સુધી પહોંચવા માટે લાંબા અંતરની મુસાફરી કરીને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. હવે, જેમ જેમ ખરગોનમાં ૪ તબક્કા માટે નિર્ધારિત મતદાનનો દિવસ નજીક આવી રહ્યો છે, ત્યાં ચિંતા છે કે આશરે ૨૦,૦૦૦ સ્થળાંતર કરનારા કામદારો આ લોકસભા મતવિસ્તાર તેમના મત આપવા માટે અસમર્થ હોઈ શકે છે,' રમેશે જણાવ્યું હતું કે, કોંગ્રેસનું 'ન્યાય પત્ર' (લોકસભા ચૂંટણી ઢંઢેરો) સ્થળાંતર કરનારા કામદારોના રોજગારને નિયંત્રિત કરવા અને તેમના મૂળભૂત કાયદાકીય અધિકારોની સુરક્ષા માટે કાયદા લાવવાની વાત કરે છે, ? તેમણે વડાપ્રધાનને આ મુદ્દાઓ પર તેમનું 'મૌન' તોડવા વિનંતી કરતાં પૂછ્યું કે, શું બીજેપીએ સ્થળાંતર કરનારા કામદારોના જીવનને સુધારવા માટે કંઈ કર્યું છે ? શું તેમની પાસે સ્થળાંતર કામદારોને તેમના મતના અધિકારનો ઉપયોગ કરવામાં મદદ કરવાની કોઈ યોજના છે ?

# કેવી રીતે ઉત્તરાખંડના દિવ્યાંશુ રાવતે કોચિંગ વગર SSB પરીક્ષામાં અખિલ ભારતીય ક્રમાંક ૭૮ મેળવ્યો

(એજન્સી) દેહરાદૂન, તા.૭

નિશ્ચય, સખત પરિશ્રમ અને ધ્યાન ઘણીવાર લોકોના સ્વપ્ન સાકાર કરી શકે છે. આવો જ એક વ્યક્તિ ઉત્તરાખંડના શ્રીનગર ગઢવાલનો દિવ્યાંશુ રાવત છે, જેણે સાબિત કર્યું છે કે તીવ્ર ઈચ્છાશક્તિથી વ્યક્તિ કંઈપણ હાંસલ કરી શકે છે. બાળપણથી જ, તેણે આર્મી યુનિફોર્મ પહેરવાનું સ્વપ્ન જોયું હતું અને હવે તેણે આખરે સર્વિસ સિલેક્શન બોર્ડ (SSB)ની પરીક્ષા પાસ કરીને તેના માતાપિતા અને શિક્ષકને ગર્વ અપાવ્યો.



શ્રીનગર ગઢવાલની બાજુમાં આવેલા ચૌરસ વિસ્તારના દિવ્યાંશુ રાવતે તેની SSB પરીક્ષા પાસ કરી અને અખિલ ભારતીય ક્રમાંક ૭૮ મેળવ્યો. તેના માતા-પિતા, શિક્ષક, સંબંધીઓ અને સમુદાય તેની સિદ્ધિઓથી અત્યંત ખુશ છે અને તેની સિદ્ધિ પર ગર્વ અનુભવે છે. યુવકે ટેકનિકલ ઓફિસરની એન્ટ્રી મારફત SSB પાસ કરી હતી. તેણે શારીરિક કૌશલ્યની પરીક્ષા પાસ કરી અને ઈન્ટરવ્યુ પાસ કર્યો. હવે, દિવ્યાંશુ રાવત ઓછામાં ઓછાં ચાર વર્ષ સુધી સઘન તાલીમ લેશે અને ત્યારબાદ તે પ્રતિષ્ઠિત ભારતીય સેનામાં લેફ્ટનન્ટ તરીકે સેવા આપશે. તેણે શ્રીનગર ગઢવાલની રેઈનબો પબ્લિક સ્કૂલમાં મધ્યવર્તી અભ્યાસ પૂર્ણ કર્યો. પછી તેણે દિલ્હી યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ આર્ટસ કર્યુ. હાલમાં, તે તેના બીજા વર્ષમાં છે. એક મુલાકાતમાં તેણે ખુલાસો કર્યો કે તેણે તેની SSB પરીક્ષાની તૈયારીમાં કોઈ પણ કોચિંગ અથવા ટ્યુશન લીધુ નથી. તેણે સ્વ-અભ્યાસ કર્યો અને SSB પાસ કર્યું. તેણે કહ્યું કે કોચિંગ કરનાર સફળ થાય તે જરૂરી નથી. તેના બદલે, વ્યક્તિને સફળતા પ્રાપ્ત કરવા માટે નિશ્ચય અને શિસ્તની જરૂર છે. યુવકે તેની સફળતા અને પ્રેરણા માટે તેના મોટા ભાઈ પ્રિયાંશુ રાવતને શ્રેય આપ્યો. પ્રિયાંશુ રાવતે નેશનલ ડિફેન્સ એકેડમી (NDA) પાસ કરી છે અને હવે તે ભારતીય સેનામાં ઓફિસર તરીકે તૈનાત છે. દિવ્યાંશુ રાવતના પિતા એક શિક્ષક છે, જેઓ તેમના પુત્રની સફળતા અને સિદ્ધિથી ખૂબ ખુશ અને ગર્વ અનુભવે છે. તેવી જ રીતે, તેની શાળાના શિક્ષક, રિદેશ ઉન્યાલે એક મુલાકાતમાં શેર કર્યું કે દિવ્યાંશુ હંમેશા સક્રિય વિદ્યાર્થી રહ્યો છે અને તેણે ધોરણ ૧૨ બોર્ડમાં ૯૦ ટકા મેળવ્યા છે.તે શાળામાં રમતગમતનો કેપ્ટન પણ હતો. તેણે તેના સમુદાયમાં એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે કે સખત મહેનત અને નિર્ણય સફળતા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

# ભારતનો સૌથી યુવા ઉદ્યોગસાહસિક, જેણે ૧૩ વર્ષની વયે ૧૦૦ કરોડ રૂપિયાની કંપની બનાવી, માસિક બે કરોડ રૂપિયા કમાય છે, તેની સંપત્તિ ૬૫ કરોડ રૂપિયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

નાની ઉંમરે જ્યારે બાળકો સામાન્ય રીતે તેમના અભ્યાસ અને માર્ક્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યાં એક તિલક મહેતા નામના તેજસ્વી બાળકે પોતાની કંપનીની સ્થાપના કરી. જેણે ૧૩ વર્ષની ઉંમરે એક મહાન સિદ્ધિ હાંસલ કરી હતી. આ વિચાર સૌથી પહેલાં તેના મનમાં ઉદ્ભવ્યો જ્યારે તે તેના કાકાના ઘરે ગયો અને પાછાં આવ્યા પછી, તેને સમજાયું કે તે તેના પુસ્તકો ત્યાં ભૂલી ગયો છે, પરંતુ તેને આગામી પરીક્ષાઓ માટે અભ્યાસ કરવા તરત જ પુસ્તકોની જરૂર હતી. પછી, તેણે વિવિધ એજન્સીઓને તેના પાર્સલની તાત્કાલિક ડિલિવરી માટે કહ્યું. પરંતુ આ સેવાઓ કાં તો ખૂબ ખર્ચાળ હતી અથવા



તાત્કાલિક ડિલિવરી અનુપલબ્ધ હતી. આ અનુભવે તેને પેપર એન પાર્સલ્સ નામની એક કંપની સ્થાપવા માટે પ્રેરિત કરી જે તે જ દિવસે શહેરમાં ડિલિવરી સેવાઓ પૂરી પાડે છે. યુવા ઉદ્યોગસાહસિકે મુંબઈના ડબ્બાવાલાઓ પાસેથી પ્રેરણા લીધી, જેઓ સૌથી ઝડપી ડિલિવરી કરનાર છે અને ઓછાં ભાવે ઉપલબ્ધ છે. પિતાની આર્થિક સહાયથી તેણે ડબ્બાવાળા સાથે ભાગીદારી કરી સસ્તી કિંમતે પાર્સલ પહોંચાડ્યા.

ત્યારપછી તેણે ૨૦૧૮માં વ્યવસાયોને તેના શિપિંગ અને લોજિસ્ટિક્સમાં મદદ કરતું ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ કર્યું. તેના સમર્પણ સાથે કંપનીએ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનું ટર્નઓવર કર્યું. તેની કંપનીમાં ૨૦૦થી વધુ સીધા કર્મચારીઓ અને ૩૦૦ ડબ્બાવાલા છે, જે દરરોજ ૧૨૦૦થી વધુ ડિલિવરી કરે છે. દરમિયાન, તિલકની સંપત્તિ ૨૦૨૧ સુધીમાં ૬૫ કરોડ રૂપિયાને વટાવી ગઈ છે, જેનાથી તેની માસિક આવક ૨ કરોડ રૂપિયા જેટલી થઈ ગઈ છે.

# પેટીએમના પૂર્વ COO અને પ્રમુખ ભાવેશ ગુપ્તાએ ૧૩,૨૦,૦૦૦ કરોડ રૂપિયાની કંપનીમાંથી રાજીનામું આપ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

One97 કોમ્યુનિકેશનની માલિકીની પેટીએમના ચીફ ઓપરેટિંગ ઓફિસર અને પ્રમુખ ભાવેશ ગુપ્તાએ અંગત કારણોસર રાજીનામું આપ્યું છે. છેલ્લાં એક મહિનામાં પેટીએમ ગ્રુપમાંથી આ ચોથું ઉચ્ચ સ્તરીય રાજીનામું હશે. ગુપ્તાએ પેટીએમના MD અને CEO વિજય શેખર શર્માને એક ઈમેલમાં જણાવ્યું હતું કે, અમારી ચાલી રહેલી ચર્ચાઓ અનુસાર, હું પ્રમુખ અને COO તરીકે કાર્યરત રહી શકતો નથી અને ૩૧ મે, ૨૦૨૪ના રોજ કામકાજના સમય દરમિયાન રાજીનામું આપીશ. હું આ મુદતની સમાપ્તિ થી રાજીનામું આપું છું અને તે મુજબ રાહત મેળવવા વિનંતી કરૂં છું. ગુપ્તાએ કહ્યું કે, તેઓ CEOના કાર્યાલયમાં સલાહકાર તરીકે શર્મા અને સંસ્થાને સમર્થન આપવાનું ચાલુ રાખશે.



One97 દ્વારા નેશનલ સ્ટોક એક્સચેન્જમાં દાખલ કરાયેલી જાહેરાતમાં, One97એ ગુપ્તાના રાજીનામાની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે, તેમને ૩૧ મે, ૨૦૨૪ના રોજ કંપનીની સેવાઓમાંથી મુક્ત કરવામાં આવશે. ભાવેશ ગુપ્તા એક ફાઈનાન્શિયલ સર્વિસ પ્રોફેશનલ છે જેમની પાસે પેમેન્ટ્સ, ટેક્નોલોજી અને એનાલિટિક્સ પ્લેટફોર્મ્સ, રિટેલ લેન્ડિંગ, ડિજિટલ લેન્ડિંગ, SME બેંકિંગ, રિટેલ બેંકિંગ વગેરેનો ૨૫ વર્ષથી વધુનો અનુભવ છે. ૨૦૨૦માં પેટીએમમાં જોડાતાં પહેલાં, ગુપ્તાએ ક્લિક્સ કેપિટલના CEO (અગાઉ SR કેપિટલ તરીકે ઓળખાતા), IDFC બેંકમાં SME અને બિઝનેસ બેંકિંગના વડા અને ICICI બેંકમાં વિવિધ ભૂમિકાઓ સહિત અનેક નેતૃત્વની ભૂમિકાઓમાં કામ કર્યું હતું. ગુપ્તા દિલ્હી યુનિવર્સિટીમાંથી સ્નાતક છે અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ઈન્દોરમાંથી MBA કર્યું છે. દરમિયાન, પેટીએમએ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ૧૩.૨ લાખ કરોડ રૂપિયાના પ્રભાવશાળી ગ્રોસ મર્ચેન્ડાઈઝ મૂલ્યની જાણ કરી હતી.

# એવો અભિનેતા ઈરાદાપૂર્વક MBBS પરીક્ષામાં નાપાસ થયો, UPSCની નકલી તૈયારી કરી, રાષ્ટ્રીય પુરસ્કારો મેળવ્યા, હવે OTT કિંગ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

રામ ગોપાલ વર્માના સત્યથી લઈને અનુરાગ કશ્યપની ગેંગ્સ ઓફ વાસેપુર સુધી હંસલ મહેતાની અલીગઢ અને નીરજ પાંડેની સ્પેશિયલ ૨૬ સુધી, મનોજ બાજપેયીએ હંમેશા તેમના અદ્ભુત અભિનયથી પ્રેક્ષકો અને વિવેચકોને પ્રભાવિત કર્યા છે. પરંતુ અભિનેતા બનતાં પહેલાં, મનોજે ઘણો સંઘર્ષ કર્યો છે અને તેને અભિનય કરવા દેવા માટે તેમના માતાપિતાને સમજાવવા પડ્યા હતા. મનોજ બાજપેયીના પિતા ઈચ્છતા હતા કે તેઓ ડૉક્ટર બને અને તેથી તેમણે તેમને MBBSની પરીક્ષા આપવા દબાણ કર્યું. ૨૦૨૩માં શો આપ કી અદાલતમાં એક ઈન્ટરવ્યુમાં અભિનેતાએ યાદ કર્યું કે કેવી રીતે તેઓ પરીક્ષામાં હેતુપૂર્વક નાપાસ થયા હતા. જો હું આવું ન કરતો તો મારો અભિનેતા બનવાનો સ્વપ્ન અધૂરો રહી જતો. મનોજે કહ્યું. બિહારમાં જન્મેલા મનોજ નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD)માં એડમિશન લેવા દિલ્હી આવવા માંગતા હતા. તેથી, તેમણે તેમની UPSC તૈયારીઓને બનાવટી બનાવી જેથી તેમના માતાપિતા તેમને રાષ્ટ્રીય રાજધાનીમાં આવવા દે. ગયા વર્ષે એજન્ડા આજતકમાં બોલતા, અભિનેતાએ ખુલાસો કર્યો, મેં મારૂં મન બનાવ્યું હતું કે હું મારા માતા-પિતાને નહીં કહું અને તેના બદલે, તેમને



કહીશ કે હું દિલ્હી યુનિવર્સિટીમાંથી આર્ટસ કરીશ અને યુપીએસસીની તૈયારી કરીશ અને એસપી કલેક્ટર બનવાનો પ્રયત્ન કરીશ. હું તેમને મૂર્ખ બનાવીને દિલ્હી આવ્યો. મનોજ બાજપેયીએ દિલ્હી યુનિવર્સિટીમાંથી હિસ્ટ્રી ઓનર્સ કર્યું હતું કારણ કે એનએસડીમાં પ્રવેશ માટે ગ્રેજ્યુએશન ડિગ્રીની જરૂર પડશે. પરંતુ, અભિનેતાને એનએસડીમાંથી ત્રણ વખત નકારવામાં આવ્યા. અંતે, તે એક્ટિંગ કોચ બેરી જહોનની વર્કશોપમાં જોડાયા અને મુંબઈ આવતા પહેલાં પ્રખ્યાત થિયેટર ડિરેક્ટર પાસેથી વેપારની યુક્તિઓ શીખી.

મહારાષ્ટ્રીયન રાજધાનીમાં, મનોજે ચાલમાં રહેવાનું શરૂ કર્યું અને સત્યમાં તેમના સફળ અભિનય સુધી બેન્ડિટ ક્વીન, દ્રોહકાલ અને દાઉદ જેવી ફિલ્મોમાં નાની ભૂમિકામાં દેખાયો. રામ ગોપાલ વર્માની ફિલ્મમાં ભીકુ મ્હાત્રેની ભૂમિકા માટે, મનોજે શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર પણ જીત્યો હતો. કૌન, શૂલ, અક્સ, વીરઝારા, રાજનીતી અને ગેંગ્સ ઓફ વાસેપુરમાં તેમના અભિનયથી, મનોજે પોતાને હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં સૌથી પ્રેરણાદાયી અભિનેતા તરીકે સ્થાપિત કર્યા છે. તેમનો બીજો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૦૪ની ફિલ્મ પિંજર માટે આવ્યો જ્યારે તેમને સ્પેશિયલ જ્યુરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. તેની શરૂઆત કર્યાના ૨૫ વર્ષથી વધુ, બાજપેયીએ આખરે દેવાશિષ મખીજાના ભોંસલે માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો, જેનું પ્રીમિયર ૨૦૨૦ના રોજ SonyLIV પર થયું હતું. ૨૦૧૯માં મનોજે એમેઝોન પ્રાઈમ વીડિયોના ધ ફેમિલી મેન સાથે OTT પર તેની કારકિર્દીની બીજી ઈનિંગની શરૂઆત કરી. ત્યારથી, તેઓ ગુલમહોર, કિલર સૂપ, સિર્ફ એક બંદા કાફી હૈ, અને રે જેવા બહુવિધ વિવેચકો દ્વારા વખાણાયેલી વેબ સિરીઝ અને શોમાં દર્શાવવામાં આવ્યો છે. તેઓ OTT પર સૌથી વધુ કમાણી કરનારા અભિનેતાઓ માંના એક બની ગયા છે અને સ્ટ્રીમિંગ પર તેમના નવા જીવનનો આનંદ માણી રહ્યા છે.

# બિહાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ : 'સરકારી સંસ્થાઓમાં મુસ્લિમોને સંપૂર્ણ આરક્ષણ મળવું જોઈએ', RJDના પ્રમુખ લાલુ પ્રસાદનું ત્રીજા તબક્કાના મતદાન મધ્યે નિવેદન

## લાલુએ કહ્યું કે, ત્રીજા તબક્કામાં લોકો ઉત્સાહપૂર્વક મતદાન કરી રહ્યા છે અને મતદાન મથકોની બહાર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી

(એજન્સી) પટના, તા.૭

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન વચ્ચે RJDના વડા લાલુ પ્રસાદે કહ્યું છે કે, મુસ્લિમોને સરકારી નોકરીઓમાં અને સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં 'સંપૂર્ણ અનામત' મળવી જોઈએ. લાલુએ દલીલ કરી હતી કે, લોકો લોકસભા ચૂંટણીમાં વિપક્ષી ઈન્ડિયા બ્લોકને સમર્થન આપી રહ્યા છે અને ભાજપના નેતાઓ તેના કારણે ડરી ગયા છે અને લોકોને ઉશ્કેરી રહ્યા છે. ભાજપ બંધારણ અને અનામતને નાબૂદ કરવા માંગે છે અને લોકો તેના ઈરાદાથી વાકેફ છે. મુસ્લિમોને સંપૂર્ણ અનામત મળવી જોઈએ.

લાલુએ કહ્યું કે, ત્રીજા તબક્કામાં લોકો ઉત્સાહપૂર્વક મતદાન કરી રહ્યા છે અને મતદાન મથકોની બહાર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી હતી. લાલુની આ ટિપ્પણી એવા સમયે કરવામાં આવી છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ચૂંટણી રેલીઓમાં દાવો કરી રહ્યા છે કે, કોંગ્રેસ અને આરજેડી મુસ્લિમોને



**ન્યુઝ GT પોઈન્ટ** આવા નિવેદનો ચાલુ ચૂંટણીના સમયે કરવાની સલાહ કોણ આપે છે ? સુનિયોજિત રીતે દલિત અને મુસ્લિમને અલગ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે ?

ધર્મના આધારે અનામત આપવા માંગે છે.

એલજેપી (આરવી)ના વડા અને સાંસદ ચિરાગ પાસવાને આક્ષેપ કર્યો હતો કે, ઈન્ડિયા જૂથના નેતાઓ મૂળભૂત મુદ્દાઓ ઉઠાવવાને બદલે જો એનડીએ સત્તામાં પરત ફરશે તો બંધારણ અને અનામત નાબૂદ થઈ જશે અને લોકશાહી જોખમમાં આવશે એવા નિવેદનો દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. શું કોઈએ કહ્યું છે કે લોકશાહી જોખમમાં છે ? દેશમાં ઈમરજન્સી લાદીને લોકશાહીનો કત્લેઆમ કરનારા હવે તેને બચાવવાની વાત કરી રહ્યા છે. ૨૦૧૫ની બિહાર વિધાનસભાની ચૂંટણીમાં પણ, RJD અને કોંગ્રેસે તેમની ચૂંટણીની સંભાવનાઓને મજબૂત ઈરાદા સાથે ભાજપ આરક્ષણ નાબૂદ કરવા માંગે છે એવો દાવો કરીને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા.

# મોદીએ દાવો કર્યો કે, કોંગ્રેસ અને તેના સાથી પક્ષો SC, ST અને OBC સમુદાયના સભ્યો માટે બંધારણ દ્વારા આપવામાં આવેલ અનામત લાભો છીનવી લેવા માંગે છે

RJDના વડા લાલુપ્રસાદ યાદવે ટિપ્પણી કરી છે કે, મુસ્લિમોને સંપૂર્ણ આરક્ષણ મળવું જોઈએ. આ નિવેદન પછી મંગળવારે રાજકીય વિવાદ સર્જાયો છે. આ ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ચારા કૌભાંડમાં જામીન પર બહાર રહેલા ઈન્ડિયા બ્લોક નેતાએ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના ક્વોટાને દેશના સૌથી મોટા લઘુમતી સમુદાય માટે સ્થાળાંતરિત કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. મોદીએ કહ્યું કે, કોંગ્રેસ મૌન છે પરંતુ આજે તેના એક સાથી પક્ષે INDIA ગઠબંધનના ઈરાદાની પુષ્ટિ કરી છે. તેમના નેતા જે ઘાસચારા કૌભાંડના સંબંધમાં જેલમાં છે અને કોર્ટ દ્વારા સજા કરવામાં આવી છે. તે હમણાં જ જામીન પર બહાર આવ્યા છે. તેમણે કહ્યું કે, મુસ્લિમોને અનામત મળવી જોઈએ અને માત્ર આરક્ષણ નહીં, તેઓ કહે છે કે, મુસ્લિમોને 'સંપૂર્ણ' અનામત મળવી જોઈએ, આનો અર્થ શું છે ?

પીએમ મોદીએ દાવો કર્યો હતો કે, કોંગ્રેસ અને તેના ઈન્ડિયા જૂથ સહયોગીઓ SC, ST અને OBC સમુદાયોના સભ્યોને બંધારણ દ્વારા આપવામાં આવેલ અનામત લાભો છીનવીને મુસ્લિમોને સંપૂર્ણ અનામત આપવા માંગે છે. મોદીએ વચન આપ્યું હતું કે, જ્યાં સુધી તેઓ જીવિત છે, તેઓ કોઈને પણ 'સ્યુડો-સેક્યુલારિઝમ'ના નામે ભારતની ઓળખ ભૂંસી નાખવા દેશે નહીં.

લાલુપ્રસાદ યાદવે આજે ANIને કહ્યું છે કે, મુસ્લિમોને 'અનામત' મળવી જોઈએ. બિહારના પૂર્વ મુખ્યપ્રધાનની ટિપ્પણી ભાજપના નેતા અમિત શાહે એવા આક્ષેપ કર્યાના એક દિવસ પછી કરવામાં આવી છે કે, કોંગ્રેસે કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં એસસી, એસટી અને ઓબીસી માટેનો ક્વોટા ઘટાડીને મુસ્લિમોને અનામત આપી છે. લાલુ યાદવની ટિપ્પણી પર ભાજપે પ્રતિક્રિયા આપતા ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, આરક્ષણ અંગે મોદીની આશંકા સાચી પડી છે.

ભાજપ અને મોદીએ વ્યક્ત કરેલી આશંકા હવે સંપૂર્ણ રીતે સાચી સાબિત થઈ રહી છે. મુસ્લિમ આરક્ષણનો જીન INDIA ગઠબંધનના દીવામાંથી બહાર આવ્યો છે અને દક્ષિણથી ગંગાના મેદાનો સુધી આકાશમાં દેખાઈ રહ્યો છે. લાલુપ્રસાદ યાદવે આપેલા નિવેદનમાં તેમણે કહ્યું હતું કે, 'હા મુસ્લિમોને અનામત મળવી જોઈએ, હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે, તેઓ SC, ST અને OBC સમુદાયનો હિસ્સો છીનવીને મુસ્લિમ સમુદાયને અનામત આપવા માંગે છે.

# મુસ્લિમો માટે અનામતની તરફેણ કરતું લાલુનું નિવેદન મંડલ પંચની ભાવનાનું ઉલ્લંઘન કરે છે : જનતા દળ(યુનાઈટેડ)

## જનતા દળ(યુનાઈટેડ)એ મુસ્લિમ આરક્ષણની હિમાયત કરવા બદલ લાલુ પ્રસાદની ટીકા કરી છે અને કહ્યું છે કે, તે બંધારણ અને મંડલ પંચની ભાવનાની વિરુદ્ધ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જનતા દળ(યુનાઈટેડ)એ ૭ મેના રોજ આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદની મુસ્લિમો માટે આરક્ષણની તરફેણ કરવા બદલ ટીકા કરી હતી અને કહ્યું હતું કે, તેમનું વલણ બંધારણની મૂળ ભાવના તેમજ મંડલ કમિશનના અહેવાલનું ઉલ્લંઘન કરે છે. આ પ્રકારનું નિવેદન સામાજિક અને શૈક્ષણિક પછાતતાને કારણે અનામત મેળવનારા પછાત લોકો વિરુદ્ધ ષડ્યંત્ર સમાન છે. જનતા દળ(યુનાઈટેડ)ના પ્રવક્તા કે.સી. ત્યાગીએ જણાવ્યું હતું કે, લાલુ પ્રસાદનું નિવેદન નિંદનીય છે, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે, બિહારના પૂર્વ મુખ્યપ્રધાન જેવા વ્યક્તિ, જે મંડલ કમિશનના અહેવાલના અમલીકરણ માટે આંદોલનનો ભાગ હતા તેઓ આવું નિવેદન કરી રહ્યા છે. ત્યાગીએ જણાવ્યું હતું કે , કમિશને હિંદુઓ તેમજ મુસ્લિમો વચ્ચેના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને અનામત આપવાની ભલામણ કરી હતી, જેઓ જાતિના આધારે વિભાજિત છે પણ ધર્મ એ ક્વોટા લાભો માટે ક્યારેય માપદંડ ન હોઈ શકે. બંધારણ પણ નાગરિકોના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામતની તરફેણ કરે છે અને માપદંડ તરીકે ક્યારેય ધર્મનો ઉલ્લેખ કરતું નથી. લાલુ પ્રસાદે પટનામાં પત્રકારોને જણાવ્યું કે, તેઓ મુસ્લિમોને અનામતનો લાભ આપવાના પક્ષમાં છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે, કેન્દ્રમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (BJP) બંધારણને ખતમ કરીને અનામતને ખતમ કરવા માંગે છે.

# કોંગ્રેસને OBC ક્વોટા રદ કરતાં અટકાવવા માટે ભાજપને ૪૦૦ બેઠકો જોઈએ છે : વડાપ્રધાન મોદી

(એજન્સી) ભોપાલ, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, તેઓ ઈચ્છે છે કે, ભાજપની આગેવાની હેઠળની એનડીએ આ લોકસભા ચૂંટણીમાં ૪૦૦ બેઠકો જીતે. જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે કોંગ્રેસ કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી ન લાવે અને અયોધ્યામાં રામ મંદિર પર તાળાં ન લગાવે. મધ્યપ્રદેશના ધાર ખાતે ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કોંગ્રેસ પર ડૉ.બાબાસાહેબ આંબેડકરનું અપમાન કરવાનો પણ આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે, વિપક્ષ કહે છે કે, બંધારણ ઘડવામાં તેમની બહુ ઓછી ભૂમિકા હતી.

મોદીએ કહ્યું કે, સત્ય એ છે કે, કોંગ્રેસ પરિવાર ડૉ.બાબાસાહેબ આંબેડકરને ઊંડો ધિક્કારે છે. કોંગ્રેસ અફવા ફેલાવી રહી છે કે, જો તેને લોકસભાની ૪૦૦ બેઠકો મળશે, તો તે બંધારણ બદલી નાખશે. એવું લાગે છે કે, કોંગ્રેસે તેમની મત બેંક પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દેશના લોકો માટે એ જાણવું અગત્યનું છે કે, ભાજપની આગેવાની હેઠળની એનડીએ પાસે પહેલાથી જ સંસદમાં ૪૦૦થી વધુ બેઠકો છે. અમે આ સંખ્યાનો ઉપયોગ કલમ ૩૭૦ (જે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપે છે) નાબૂદ કરવા માટે કર્યો હતો. હવે મોદીને ૪૦૦ સીટો જોઈએ છે જેથી કોંગ્રેસ કલમ ૩૭૦ પાછી ન લાવે, મોદીને ૪૦૦ સીટો જોઈએ છે જેથી કોંગ્રેસ અયોધ્યામાં રામ મંદિર પર તાળા ન લગાવે. તેમણે કહ્યું કે, લગભગ ૧૪ દિવસ પહેલા તેમણે કોંગ્રેસને દેશના ૧૪૦ કરોડ લોકોને લેખિતમાં આપવાનો પડકાર ફેંક્યો હતો કે તે ધર્મના આધારે અનામત નહીં આપે. બીજું, મેં તેમને લેખિતમાં આપવા કહ્યું કે, તેઓ ક્યારેય એસસી, એસટી અને ઓબીસીને આપવામાં આવતી અનામત છીનવી લેશે નહીં અને ત્રીજું, એ કે તેઓ વર્તમાન OBC ક્વોટામાંથી લૂંટ કરીને મુસ્લિમોને ક્યારેય અનામત આપશે નહીં. પરંતુ તેઓ જવાબ આપતા નથી અને મોં પર તાળું લગાવીને ચૂપચાપ બેઠા છે. મોદીએ કહ્યું કે, તેઓ કોંગ્રેસને ઓબીસી ક્વોટાની 'ડકૈટી' કરતા રોકવા માટે લોકસભામાં ૪૦૦ બેઠકો ઈચ્છે છે. અમે આ ૪૦૦થી વધુ બેઠકોનો ઉપયોગ SC/ST ક્વોટાને ૧૦ વર્ષ સુધી લંબાવવા, પ્રથમ વખત દેશના રાષ્ટ્રપતિ તરીકે આદિવાસી મહિલાની નિમણૂક કરવા અને મહિલાઓને અનામત આપવા માટે પણ કર્યો છે. મોદીએ કહ્યું કે, તેઓ ૪૦૦ સીટો માંગી રહ્યા છે જેથી તેઓ કોંગ્રેસ અને વિપક્ષ ઈન્ડિયા ગઠબંધનના દરેક ષડયંત્રને રોકી શકે. મોદી ૪૦૦ બેઠકો માંગી રહ્યા છે જેથી કોંગ્રેસ દેશની ખાલી પડેલી જમીન અને ટાપુઓ અન્ય દેશોને ન સોંપે, તે એસસી/એસટી/ઓબીસીને આપવામાં આવેલ અનામત છીનવી ન લે અને તેની વોટ બેંકને ન આપે. કોંગ્રેસ પર વધુ નિશાન સાધતા તેમણે કહ્યું કે, વિરોધ પક્ષ ડૉ.બાબાસાહેબ આંબેડકરને શ્રેય આપવા માંગતો નથી. કોંગ્રેસે કહેવાનું શરૂ કર્યું છે કે, બંધારણ ઘડવામાં આંબેડકરની બહુ ઓછી ભૂમિકા હતી અને પંડિત નહેરૂએ બંધારણના નિર્માણમાં સૌથી મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમણે કહ્યું કે, કોંગ્રેસ તુષ્ટિકરણની રાજનીતિના દલદલમાં એટલી ઊંડી ઉતરી ગઈ છે કે, તે બીજું કંઈ જોઈ શકતી નથી. જો કોંગ્રેસ પાસે તેનો રસ્તો છે, તો તે કહેશે કે ભારતમાં રહેવાનો પ્રથમ અધિકાર તેની વોટ બેંકને છે. જ્યાં સુધી મોદી જીવિત છે, તેઓ નકલી અને બિનસાંપ્રદાયિકતાના નામે ભારતની ઓળખને ભૂંસી નાખવાના પ્રયાસોને નિષ્ફળ બનાવશે. મોદીએ કહ્યું કે, લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં વિપક્ષનો પરાજય થયો હતો, બીજા તબક્કામાં તેનો નાશ થયો હતો અને આજે ત્રીજા તબક્કામાં વિપક્ષ પાસે જે બચ્યું છે તે પણ ખતમ થઈ જશે. કારણ કે, આખા દેશે 'ફિર એક બાર' મોદી સરકાર' માટે મત આપવાનું નક્કી કર્યું છે. વડાપ્રધાને કહ્યું કે, આ વંશવાદી લોકોએ સૌપ્રથમ દેશના ઈતિહાસને વિકૃત કર્યો અને આ લોકો દેશની સ્વતંત્રતાની લડતના મહાન પુત્રોને ભૂલી ગયા. આ રાજવંશોએ પોતાને ગૌરવ આપવા માટે ખોટો ઈતિહાસ લખ્યો અને હવે તેઓએ બંધારણ વિશે પણ જૂઠ્ઠાણું રચવાનું શરૂ કર્યું છે. ભાજપે ધારથી સાવિત્રી ઠાકુર અને પડોશી રતલામ-ઝાબુઆ (ST) બેઠક પરથી અનિતા નાગરસિંહ ચૌહાણને મેદાનમાં ઉતાર્યા છે, જ્યાં ૧૩ મેના રોજ ચોથા તબક્કામાં મતદાન થશે.

### શિનોરના મોટા ફોફળિયા ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં

# મહિલાના ગર્ભાશયની સાથે ચોંટેલી મલ્ટિપલ ફાઈબ્રોઈડ નામની ૧૭ જેટલી નાની-મોટી ગાંઠો કાઢવામાં આવી

## પાંચેક કલાકની લાંબી ચાલેલી શસ્ત્રક્રિયા દરમ્યાન લખોટીની સાઈઝથી લઈને ટેનિસના બોલ જેટલી સાઈઝની ગાંઠો બહાર કઢાઈ



ડભોઈ, તા.૭

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે આવેલ છોટુભાઈએ પટેલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તાજેતરમાં એક મહિલાના પેટમાંથી ૩.૫૦૦ kgની ગાંઠના સફળ ઓપરેશન બાદ વધુ એક ૩૦ વર્ષિય મહિલાના ગર્ભાશયની સાથે ચોટેલી મલ્ટીપલ ફાઈબ્રોઈડ નામની ૧૭ જેટલી નાની-મોટી ગાંઠ કાઢી મહિલાને થતી તકલીફ દૂર કરવામાં આવી છે આ મહિલા સંજોગો વસાત કોઈક કારણસર આયુષ્યમાન યોજનાનું લાભાર્થી ન હોવાથી શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી મહિલાનું ઓપરેશન રાહતદરે કરી આપેલ છે. શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે આવેલ શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ અને રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા લોક ભાગીદારીથી સંચાલિત છોટુભાઈએ પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તાજેતરમાં એક મહિલાના પેટમાંથી ૩.૫ કિલોગ્રામની ગાંઠનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું ત્યારબાદ વધુ એક ત્રીસ વર્ષની મહિલા આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં માસિક સ્ત્રાવની તકલીફ અને પેટના દુખાવાની તકલીફ સાથે જુદી-જુદી હોસ્પિટલમાં બતાવ્યા પછી સારવાર માટે આવી હતી. સામૂહિક આરોગ્ય કેન્દ્રના સ્ત્રી રોગ નિષ્ણાત ડો.નિધીબેન કરંગીયાએ તપાસ કરી સોનોગ્રાફી દરમિયાન ગર્ભાશયમાં મલ્ટિપલ ફાઈબ્રોઈડ નામની ગાંઠો હોવાનું જણાતા આ મહિલાને ઓપરેશન કરવા માટે તેણીના પરિવારજનોને સમજાવવામાં આવ્યા હતા. પરિવારજનો અને તકલીફ ધરાવતી મહિલા દર્દી તૈયાર થતા પાંચેક કલાકની લાંબી ચાલેલી શસ્ત્રક્રિયા દરમ્યાન ગર્ભાશયની સાથે ચોટેલી લખોટીની સાઈઝથી લઈને ટેનિસના બોલ જેટલી મોટી સાઈઝની કુલ નાની-મોટી ૧૭ જેટલી ગાંઠનું સફળ રીતે ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ ગાંઠો કયા પ્રકારની છે તેની તપાસ માટે હિસ્ટો પેથોલોજી તપાસ કરવા લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે શસ્ત્ર ક્રિયા દરમિયાન લોહી વધુ વહી શકવાની શક્યતાને કારણે મહિલાને લોહીના બોટલ ચઢાવવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# જામનગર શહેર-જિલ્લાના મહાનુભાવોએ મતદાન કરી લોકશાહીનો પર્વ મનાવ્યો







જામનગર, તા.૭

જામનગર શહેર અને જિલ્લામાં આવેલી જુદી-જુદી ધાર્મિક સેવા સંસ્થાના ગાદીપતિઓ ઉપરાંત સંતો-મહંત અને રાજકીય મહાનુભાવોએ આજે સવારે પોત પોતાના મતદાન મથક પર જઈને મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીનું પર્વ ઉજવ્યું હતું. જામનગર શહેર જિલ્લાના રાજકીય આગેવાનોએ પણ વહેલી સવારે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં ૭૯ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીએ પોતાના વિસ્તારમાં આવેલા મતદાન મથક પર જઈ પરિવાર સાથે મતદાન કર્યું હતું. તે જ રીતે ૭૮-વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય રિવાબા જાડેજાએ પંચવટી વિસ્તારમાં આવેલા પોતાના મતદાન મથક પર જઈને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ ધ્રોલ મતદાન મથક પર વહેલી સવારે મતદાન કર્યું હતું. તે જ રીતે ગુજરાત રાજયના કૃષિ મંત્રી અને જામનગર ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે પોતાના ગામમાં મતદાન મત કર્યું હતું. જામજોધપુરના પૂર્વ ધારાસભ્ય ચીમનભાઈ સાપરીયાએ જામજોધપુરમાં મતદાન કર્યું હતું. તે જ રીતે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમતભાઈ ખવાએ પણ વહેલી સવારે મતદાન કર્યું હતું. જામનગર જિલ્લાના પૂર્વ કોંગી સાંસદ વિક્રમભાઈ માડમે નવાગામ ઘેડ વિસ્તારમાં મતદાન કર્યું હતું. લોકસભાની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જે.પી. મારવીઆએ કાલાવડ તાલુકાના જસાપર ગામમાં આવેલા મતદાન મથક પર પોતાનો મત આપીને લોકશાહીનું પર્વ ઉજવ્યું છે. જામનગરના વતની અને ખ્યાતનામ રવિન્દ્ર જાડેજા ના પિતા અનિરુદ્ધસિંહ જાડેજા અને તેમના બહેન સને કોંગી અગ્રણી નયનાબા જાડેજા એ પણ આજે જામનગરમાં મતદાન કર્યું હતું.

# વડગામના ભાંખરી ગામના લોકોએ મતદાનનો બહિષ્કાર કરતા રાજકીય નેતાઓ-અધિકારીઓમાં દોડધામ

## પંચાયત ભવનના હેડક્વાર્ટરને લઈ અન્યાય થતાં ગ્રામજનોનો નિર્ણય



(તસવીર : સુરેશ અગ્રવાલ, છાપી)

છાપી, તા.૭

વડગામ તાલુકાના ભાંખરીમાં લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરાતા રાજકીય નેતાઓ સહિત અધિકારો દોડતા થયા હતા. જોકે ભાંખરી ગામના મતદારોએ અન્યાય સામે લોકશાહી ઢબે વિરોધ કરી મતદાન ન કરવાનો નિર્ણય કરતા છેક ગાંધીનગર સુધી પડઘા પડ્યા હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં ગ્રૂપ ગ્રામ પંચાયતોના વિભાજનને લઈ સ્થાનિક કક્ષાએથી ગંદુ રાજકારણ રમતા ભલગામ ગ્રૂપ ગ્રામ પંચાયતમાં સામેલ ભાંખરી તેમજ હમીરપુરા ગામને અલગ કરી હમીરપુરાને ગ્રૂપ ગ્રામ પંચાયત બનાવી તેમાં ભાંખરી ગામનો સમાવેશ કરાતા તેનો છેલ્લા બે વર્ષથી ભાંખરી ગામના લોકો વિરોધ કરી રહ્યા છે. ત્યારે ગામ આગેવાનો એ જણાવ્યું હતું કે ભાંખરી ગામમાં એકસો પચીસ જેટલા પરિવારો રહે છે અને આઠસોની જનસંખ્યા ધરાવે છે જેમાં ચારસો એસી મતદાતાઓ છે જ્યારે હમીરપુરામાં માત્ર ત્રીસ પરિવાર રહે છે અને અંદાજીત સવા સો ની વસ્તી ધરાવે છે જેમાં માત્ર ૮૦ જેટલા મતદાતાઓ છે. આમ છતાં ભાંખરી ગામ વસ્તીની દ્રષ્ટિએ મોટું હોવા છતાં સ્થાનિક તંત્ર તેમજ રાજકીય દબાણના કારણે પંચાયતનું હેડક્વાર્ટર ભાંખરીના બદલે હમીરપુરાને આપતા ઘણા સમયથી વિવાદ ચાલતો હોઈ અનેક રજૂઆતો કરવા છતાં રાજ્ય સરકાર તેમજ અધિકારીઓ એ ગામ લોકોની અરજ ધ્યાને ન લેતા ચૂંટણી બહિષ્કાર નિર્ણય લેવા માં આવ્યો છે. જેની જાણ અધિકારીઓને થતા ભાંખરી ગામે દોડી આવ્યા હતા. અને મતદારો તેમજ ગ્રામજનોને આશ્વાસન આપી સમજાવવાનો પ્રયત્ન કરી મતદાન કરવા અપીલ કરી હતી. છતાં ગ્રામજનો અડગ રહી સમગ્ર ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો.

### માગણી ઉગ્ર બનાવાશે

ગ્રામ પંચાયતના હેડક્વાર્ટરના વિવાદ વચ્ચે ભાંખરી ગામના લોકોએ જણાવ્યું હતું કે, પંચાયતનું હેડક્વાર્ટર ભાંખરી ગામને જો ન ફાળવાય તો અમને ભલગામ ગ્રૂપ ગ્રામ પંચાયતમાં ફરી સામેલ કરો નહિ તો ઉગ્ર રજુઆત કરવા સાથે જ્યાં સુધી ન્યાય નહિ મળે ત્યાં સુધી ચૂંટણી બહિષ્કાર કરવામાં આવશે

# ડભોઈ વિધાનસભા મત વિસ્તારમાં લોકોએ ઉત્સાહભેર મતદાન કર્યું



(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૭

૨૧ છોટાઉદેપુર લોકસભાની ચૂંટણી ડભોઇ વિધાનસભા ૧૪૦ મત વિસ્તારમાં સવારે ૭:૦૦ કલાકથી સાંજે ૬ કલાક સુધી પવિત્ર કિંમતી મતનો મતદાન કરીને વિશ્વની મોટી લોકશાહી ભારત દેશના લોકસભાની ચૂંટણીની અંદર પવિત્ર અને કિંમતી મત આપવા માટે મતદારો દ્વારા ઉપયોગ કર્યો હતો બપોરના ૩ વાગ્યા સુધી ૫૨.૭૩ ટકાનું મતદાન થયું હતું અને શાંતિપૂર્વક પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મતદાન મહાદાન સમજી ઉત્સાહભેર મતદાતાઓએ ભાગ લીધો હતો. લોકશાહીના મહાપર્વમાં મતદારો દ્વારા ગરમીની ઋતુ હોવા છતાં પોતાનો મત અધિકાર આપવા માટે વહેલી સવારથી જ લાઈનમાં ઊભા થઈ ગયા હતા અને લોકશાહીની ઉજવણી કરવા કેટલાક મત બુથો ઉપર ઉત્સાહપૂર્વક મતદાન થયું તો કેટલાક બુથો ઉપર નીરસ મતદાન થવા પામ્યું હતું. જાણવા મુજબ બપોરના ત્રણ વાગ્યા સુધી સમગ્ર ડભોઈ વિધાનસભા મત વિસ્તારમાં ૫૨.૭૩ ટકા મતદાન થવા પામ્યું હતું.

# જામનગર લોકસભાની બેઠકના ઉમેદવાર પૂનમબેન માડમે પરિવાર સહિત કર્યું મતદાન



જામનગરની લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર અને વર્તમાન સાંસદ પૂનમબેન માડમે નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલા મતદાન મથક પરથી પોતાના પરિવારજનો સાથે મતદાન કર્યું હતું. સાંસદ પૂનમબેન માડમની સાથે તેઓના માતા દીનાબેન કે જેઓ ઉત્સાહભેર મતદાનની પ્રક્રિયામાં જોડાયા હતા અને વ્હીલચેરમાં નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલા મતદાન મથક પર પહોંચ્યા હતા અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેઓની સાથે પૂનમબેન માડમના ભાભીશીતલબેન સહિતના અન્ય પરિવારજનો પણ મતદાનની પ્રક્રિયામાં જોડાયા હતા.

# ધાનપુર તાલુકાના કોટમ્બી ગામ ખાતે લગ્ન કરવા જતાં વરરાજાએ મતદાન કર્યું



૧૩૩ ગરબાડા વિધાનસભા મત વિસ્તારના ધાનપુર તાલુકાના કોટમ્બી ગામ ખાતે લગ્ન કરવા જતાં વરરાજાએ મતદાન કરીને પોતાની નૈતિક ફરજ બજાવી હતી. જેના કોટમ્બી ગામ ખાતે જાન જોડીને લગ્ન કરવા જઈ રહેલા વરરાજા રાકેશભાઈ પર્વતભાઈ પરમાર દ્વારા પોતાના મતદાન મથક ઉપર જઈને પોતાના મતનો ઉપયોગ કર્યો હતો.

# સાબરકાંઠા જિલ્લા કલેક્ટર નૈમેષ દવેએ પરિવાર સાથે મતદાન કર્યું



લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કાનું આજે ૭/૫/૨૦૨૪ રોજ મતદાન યોજાયું છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર નૈમેષ દવેએ પોતાના પરિવાર સાથે હિંમતનગર ત્રિવેણી વિધ્યાલય ખાતે મતદાન કર્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારીએ જિલ્લાના તમામ મતદારોને હિટવેવ સામે સાવચેતી રાખીને વધુમાં વધુ જિલ્લાના મતદારો પોતાના પરિવાર સાથે મતદાન કરે તે માટે અપીલ કરી હતી. **(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)**

# લાકડીના ટેકે આવીને મતદાન કરનાર ૮૫ વર્ષીય બાએ મતદાતાઓનો વધાર્યો ઉત્સાહ



લોકસભા સામાન્ય ચૂંટણી એ આપણા સૌના ભાવિ માટેનો મહાપર્વ છે. તમામ નાગરિકોની ફરજ બને છે કે આ રાષ્ટ્રીય તહેવારને દરેક કામ પડતા મૂકીને પ્રથમ કામ મતદાન કરવું. અહીં આપણે વાત કરીએ રૂપાબેન રામસિંહ ભાઈ રાઠોડની જેઓનો ઉંમર અત્યારે ૮૫ વર્ષ હોવા છતાં લાકડીના ટેકે ચાલતા-ચાલતા મતદાન મથકે જઈને દેશના ભાવિ માટે પોતાનો કિંમતી વોટ આપી પોતાની ફરજ અદા કરી. એ રીતે સાવિત્રીબેન નાથાણી કે જેઓની ઉંમર ૯૫થી વધુ હોવા છતાંય તેઓ પોતાના પરિવાર સહિત મતદાન કરવા મતદાન મથકે આવી મત આપીને દેશ પ્રત્યેની પોતાની ફરજ નિભાવી અન્ય મતદારોના ઉત્સાહને વેગ આપ્યો હતો. **(તસવીર : રાજેશ વસાવે, દાહોદ)**





આ વખતની ચૂંટણી વિરોધ-નારાજગી વચ્ચે સાબરકાંઠાની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપ સહિત દસ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગમાં મતદાતાઓ ઉમેદવારનું ભવિષ્ય નક્કી કરશે. જ્ઞાતિ મુજબ જિલ્લામાં ક્ષત્રિય-૬.૫૦ લાખ, એસ.ટી.-૩.૭૫ લાખ, એસ.સી.-૧.૫૦ લાખ, મુસ્લિમ-૧ લાખ, પટેલ-૨.૧૦ લાખ, અન્ય-૩.૫૦ લાખ મતદાતાઓ ઉમેદવારોનુ ભાવિ નક્કી કરશે. જેમાં હિંમતનગર ખાતે મદ્રેસા હાઈસ્કૂલ તથા માયઓન હાઈસ્કૂલમાં મતદાતાઓએ સવારથી પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા શિસ્તબદ્ધ લાઈનોમાં ઊભા રહી મતદાન કર્યું હતું. આ વખતે યુવા-યુવતીઓ લાંબી લાઈનોમાં ઊભા રહી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બીજી તસવીરમાં નવયુવાન યુવતીઓ પોતાના અધિકારનો ઉપયોગ કરી ઊભા રહેલ જણાય છે. **(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)**

### રોકડ રકમ તથા ડોક્યુમેન્ટ સાથેનું પાકિટ મળી આવ્યું હતું

# સુરેન્દ્રનગરમાં ગેસ સર્વિસની કેબિન ચલાવતાં શખ્સે રોકડ રકમ ભરેલ મૂળ માલિકને પરત કર્યું

સુરેન્દ્રનગર, તા.૭

સુરેન્દ્રનગર શહેરના વાડીલાલ ચોકમાં ગેસ સર્વિસનું કેબિન ચલાવતા લલીતભાઈ કંસારાને સીજે રોડ પાસેથી ડોક્યુમેન્ટ તેમજ રોકડ રકમ ભરેલું પાકિટ મળી આવ્યું હતું જે તેમણે પોતાની પ્રમાણિકતા દાખવી, મહેશભાઈ અડાલજાને સાથે રાખી, પાકિટમાં રહેલી વસ્તુની તપાસ કરવામાં આવતા તેમાં મોટી રકમ અને ડોક્યુમેન્ટ જોવા મળ્યા હતા ત્યારબાદ આ ડોક્યુમેન્ટની તપાસ કરવામાં આવતા આ ડોક્યુમેન્ટ ન્યૂ માર્કેટમાં અજય મશીનરી નામની પેઢી ધરાવતા રાજુભાઈ અમરતલાલ મેઢાનું ડોક્યુમેન્ટ અને રોકડ રકમનું પાકિટ પડી ગયાનું સામે આવ્યું ત્યારે પ્રમાણિક, ઈમાનદાર અને નિખાલસ મનના લલીતભાઈ કંસારા દ્વારા આમાં રહેલી રકમ કે કિંમતી ડોક્યુમેન્ટ જે વ્યક્તિના હોય તે વ્યક્તિને અર્પણ કરી દેવા તેવી તેમના મનમાં ઈચ્છા ઉદ્ભવી અને પોતે પ્રમાણિકતાથી રાજુભાઈ અમૃતલાલ મેઢાને પોતાનું પાકિટ પડી ગયું હોવાની પણ જાણ ન હોવા છતાં તેમણે પોતાના ઘરે જઈ રાત્રિના તેમનો ફોન નંબર મેળવી તેમને જાણકારી આપી મોટી રકમ ભરેલા અને ડોક્યુમેન્ટ સાથે તેમનું પાકિટ પરત કરવામાં આવ્યું હતું ત્યારે માનવતાની અને ઈમાનદારીની સામે આવી હતી. રાજુભાઈ અમૃતલાલ મેઢાએ પોતાના કિંમતી ડોક્યુમેન્ટ અને રોકડ રકમ પરત મળતા તેમણે પણ લલીતભાઈનો આભાર વ્યક્ત કર્યો હતો. વાડીલાલ ચોકના લોકોએ પણ તેમની કામગીરીને બિરદાવી હતી અને પ્રમાણિકતા અને પ્રમાણિક હોવાનું એક ઉદાહરણ લલીતભાઈ કંસારા દ્વારા પૂરૂં પાડવામાં આવ્યું હતું.

# સચિના હોમગાર્ડ જવાનોએ સિનિયર સિટીઝન્સ, અશક્ત મતદારોને મતદાન મથકે લઈ જવામાં કરી મદદ





(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

લોકસભા સામાન્ય ચૂંટણીમાં યુવાથી માંડીને વયોવૃદ્ધ, દિવ્યાંગ તેમજ અશક્ત મતદારોએ પણ મતદાનમાં ઉત્સાહપૂર્વક મતદાન કરીને જાગૃત નાગરિક તરીકેની ફરજ અદા કરી હતી, ત્યારે લોકસભા ચૂંટણીમાં ૮૫ વર્ષથી ઉપરના વરિષ્ઠ નાગરિકો માટે ઘરેથી પણ પોસ્ટલ બેલેટથી વોટ કરી શકાય એમ હોવા છતાં સચિન વિસ્તારના કેટલાક વૃદ્ધોએ ઘરેથી વોટ નહીં કરી મતદાન મથકે જઈને મતદાન કરવા મક્કમ બન્યા હતા. તેઓ આજે મતદાન મથકે સરળતાથી પહોંચી શકે એ માટે સચિન પોલીસ અને હોમગાર્ડની ટીમ મદદે આવી હતી. પોલિંગ બૂથ પર વૃદ્ધો અને દિવ્યાંગો માટે તંત્ર દ્વારા પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસ અને હોમગાર્ડ ટીમના સભ્યો દિવ્યાંગ, અશક્ત અને સિનિયર સિટીઝનોને મતદાન મથકની અંદર પણ દોરી ગયા હતા અને ફરજના ભાગરૂપે પ્રશંસનીય કામગીરી નિભાવી હતી.

# મુમતાઝ પટેલે વતન પીરામણ ગામે મતદાન કર્યું



અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વરના પીરામણ ગામ ખાતે મર્હૂમ અહમદભાઈ પટેલની સુપુત્રી મુમતાઝ પટેલે મતદાન કર્યું હતું અને તેઓએ દેશમાં પરિવર્તનની લહેર ચાલી રહી હોવાનું જણાવ્યું હતું.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન થઈ રહ્યું છે ત્યારે મર્હૂમ અહમદભાઈ પટેલની સુપુત્રી મુમતાઝ પટેલે પોતાના માદરે વતન અંકલેશ્વરના પીરામણ ગામની પ્રાથમિક શાળા ખાતે મતદાન કઈ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે, તેમ જણાવ્યું હતું.

# ક્ષત્રિયોએ પોતાની આગવી ઓળખ બતાવી સાફા અને ઢોલ સાથે મતદાન કર્યું



(સંવાદદાતા દ્વારા) વઢવાણ, તા.૭

મતદાન મથકો ઉપર ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મતદાન મથકો પર મતદાન શરૂ થયું હતું ત્યારે આજે વહેલી સવારથી જ લોકો મતદાન કરવા માટે જાગૃતતા દાખવી છે અને ખાસ કરીને આજે ગરમી અને તાપમાનનો પારો પણ વહેલી સવારથી જ વર્તારો વર્તાઈ રહ્યો છે ત્યારે લોકો પોતાના ઘરમાંથી બહાર નીકળી અને મતદાન કરી અને પોતાની લોકશાહી પર્વની ઉજવણી કરી રહ્યા છે ત્યારે આજે ક્ષત્રિય વિસ્તારમાં મોટી માત્રામાં ક્ષત્રિય સમાજની બહેનો અને માતાઓ દ્વારા પણ મતદાન મથકો ઉપર મતદાન કરવામાં આવી રહ્યું છે જયારે ક્ષત્રિયોએ પોતાની આગવી ઓળખ બતાવી અને સાફા અને ઢોલ સાથે મતદાન કરવામાં આવ્યું છે ત્યારે આજે લોકશાહીનો પર્વ હાલ તો અત્યારે શાંતિપૂર્ણ રીતે મતદાન ચાલી રહ્યું છે અને ચુસ્ત બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો છે ત્યારે સરકારી તંત્ર ખડા પગે રહ્યું હોવાનું પણ જોવા જાણવા મળી રહ્યું છે.

# જામનગરના સંવેદનશીલ બુથની જિલ્લા પોલીસવડાએ મુલાકાત લીધી



જામનગર શહેરમાં ક્ષત્રિય સમાજના આંદોલનને લઈને શહેરના કેટલાક મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા હતા. જ્યાં મતદાનની પ્રક્રિયા દરમિયાન કોઈ ખલેલ ના પહોંચે તે માટે જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા ખૂબ જ તકેદારી રાખવામાં આવી હતી. જેઓ શહેર વિભાગના ડીવાયએસપી જયેન્દ્રસિંહ ઝાલાને સાથે રાખીને શહેરના સંવેદનશીલ મતદાન મથકોમાં મૂલાકાતે પહોંચ્યા હતા અને તમામ સ્થળોએ જાત નિરીક્ષણ કર્યું હતું. એટલું જ માત્ર નહીં પ્રત્યેક મતદારો કે જેઓને વ્યક્તિગત રીતે પૂછપરછ કરી હતી અને તેઓને મતદાનની પ્રક્રિયામાં કોઈ અગવડતા પડી નથી ને, તે અંગેના સવાલો કરી કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી.





લોકસભાની ચૂંટણીમાં અમદાવાદ શહેરની પશ્ચિમ અને પૂર્વ બંને બેઠકો પર સરેરાશ ૫૪ ટકા જેટલું મતદાન થયું હતું. વહેલી સવારથી લોકો મત આપવા લાંબી લાઈનોમાં લાગ્યા હતા. જો કે, બપોરના સમયે કાળ-ઝાળ ગરમીના કારણે મતદાન મથકો પર મતદારોને પાંખી હાજરી જોવા મળી હતી. તો સાંજના સુમારે ફરી મતદારો મત આપવા માટે નીકળી પડ્યા હતા. પ્રસ્તુત તસવીરમાં મતદારોનો ઉત્સાહ જોઈ શકાય છે. જ્યારે કેટલાક બીમાર અને દિવ્યાંગ લોકોએ પણ લોકશાહીના આ પર્વમાં ભાગ લીધો હતો અને મતદાન કરી આનંદ વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદમાં ૪૩.૩ ડિગ્રી તાપમાન વચ્ચે સરેરાશ ૫૪ ટકા જેટલું મતદાન

## અમદાવાદ પૂર્વમાં ૫૪.૦૪ ટકા જ્યારે પશ્ચિમમાં ૫૪.૪૩ ટકા મતદાન

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં લોકસભાની ૨૫ અને વિધાનસભાની ૫ બેઠકોની પેટા ચૂંટણી યોજાઈ ગઈ છે લોકોએ લોકશાહીના આ મહાપર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો ત્યારે અમદાવાદના મતદારોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો અમદાવાદની બે બેઠકો પૈકી અમદાવાદ પૂર્વમાં સાંજે ૫ વાગ્ય સુધીમાં ૫૪.૦૪ ટકા અને અમદાવાદ પશ્ચિમમાં ૫૪.૪૩ ટકા મતદાન થવા પામેલ હતું. અમદાવાદ સહિત ગુજરાતમાં લોકો લોકશાહીનો મહાપર્વ મનાવી રહ્યા છે. ત્યારે અમદાવાદની બે લોકસભા બેઠક એટલે કે પૂર્વ બેઠક અને પશ્ચિમ બેઠક ઉપર વહેલી સવારથી જ લોકો મતદાન કરવા ઉમટી પડ્યા છે. પૂર્વ બેઠક ઉપર ભાજપના હસમુખ પટેલ અને કોંગ્રેસના હિંમતસિંહ પટેલે ઉમેદવારી નોંધાવી છે. જ્યારે પશ્ચિમ બેઠક પર ભાજપના દિનેશ મકવાણા અને કોંગ્રેસના ભરત મકવાણા ઉમેદવારી નોંધાવી છે. ત્યારે અહીં પૂર્વ અને પશ્ચિમ બંને બેઠકો પર સાંજના ૫ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૪ ટકા જેટલું મતદાન થયું હતું જેમાં અમદાવાદ પૂર્વ બેઠક પરનું મતદાન જોઈએ તો બાપુનગર-૪૯.૧૬ ટકા, દેહગામ-૪૮.૯૫ ટકા, ગાંધીનગર દક્ષિણ-૫૪.૯૫ ટકા, નરોડા-૪૪.૧૭ ટકા, નિકોલ-૫૧.૪૨ ટકા, ટક્કરબાપાનગર-૪૯.૬૦ ટકા, વટવા-૪૯.૬૧ ટકા, જેટલું મતદાન થયું હતું. જ્યારે અમદાવાદ પશ્ચિમ બેઠકની વાત કરીએ તો આંબાવાડી-૪૬.૯૯ ટકા, અસારવા-૪૯.૪૭ ટકા, દાણીલીમડા-૫૨.૨૩ ટકા, દરિયાપુર-૫૩.૮૪ ટકા, એલિસબ્રિજ-૫૦.૧૦ ટકા, જમાલપુર-ખાડિયા-૪૮.૫૬ ટકા, મણિનગર - ૫૧.૩૪ ટકા જેટલું મતદાન થયું હતું.

અમદાવાદ પશ્ચિમમાં સમાવિષ્ટ થતાં પારડી વિસ્તારમાં આવેલી એલ.એસ પ્રાથમિક શાળામાં મતદારો નહિવત દેખાયા હતા. સમગ્ર મતદાન કેન્દ્રમાં ફક્ત એકથી બે જ મતદારો દેખાયા હતા. મતદાન પૂર્ણ થવામાં ગણતરીની મિનિટો બાકી છે તે પૂર્વે મતદારોની પાંખી હાજરી જોવા મળી હતી. લોકસભાની ચૂંટણી દરમિયાન અમદાવાદમાં ગરમીના કારણે બેભાન થવાના ચાર કિસ્સા સામે

### ગરમીને કારણે ચાર લોકો બેભાન થઈ જતાં હોસ્પિટલ ખસેડાયા

આવ્યા છે. અસારવા વિસ્તારમાં મતદાન મથકના નોડલ ઓફિસરને હાઈપર ટેન્શન અને ગરમીના કારણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગુલબાઈ ટેકરા વિસ્તારમાં પંકજ હાઈસ્કૂલમાં ૫૪ વર્ષીય વ્યક્તિ ગરમીના કારણે બપોરે અઢી વાગ્યાની આસપાસ રડી પડતા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી દ્વારા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારે જશોદાનગર વિસ્તારમાં એક મહિલાને બ્લડ પ્રેશર વધી જતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત વડોદરા અને આંકલાવમાં પણ ૧૦૮ ઈમરજન્સીને મતદાન મથક પર તાત્કાલિક સારવારનો કોલ મળતા તેઓએ દર્દીને હોસ્પિટલ ખસેડ્યા હતા.

## મિરઝાપુરમાં મારામારી થતા પોલીસ કાફલો ખડકાયો

લોકસભાની ચૂંટણીમાં રાજયમાં કેટલીક નાની બાબતોને બાદ કરતા શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. ત્યારે અમદાવાદના મીરઝાપુર વિસ્તારમાં સામાન્ય મારામારી થતા પોલીસ કાફલો ખડકી દેવાયો હતો. મીરઝાપુર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે મારામારી થતા ત્રણથી ચાર પોલીસ ગાડીઓ સ્થળ પર ખડકી દેવાઈ હતી. મતદાનના દિવસે મારામારીની ઘટના સામે આવતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. મીરઝાપુર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના મતદાન મથકથી ૫૦ મીટરની હદમાં જ આ ઘટના બનતા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. મતદાન મથકની એકદમ બાજુમાં બેરા સમોસા નામની દુકાન આવેલ છે અને પાછળ આવેલા મોહલ્લા વચ્ચે કોઈ માથાકૂટમાં આ ઘટના બની હોવાનું સૂત્રએ જણાવ્યું હતું કે જો કે આ અંગે વધુ વિગતો બહાર આવી નથી.

## શાહપુરમાં ૨૦ જીવિત મતદારોને યાદીમાં મૃત જાહેર કરાયા

### વોટર કાર્ડ હોવા છતાં મત આપવા ન દેવાયાનો સ્થાનિકનો આક્ષેપ

લોકસભાની ચૂંટણીનું ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૫ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી જેમાં અમદાવાદના શાહપુર ખાતે આવેલી ખજૂરીની પોળમાં મતદાર યાદીમાં એક મોટો છબરડો સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. જેમાં ૨૦ જેટલા લોકો જીવિત હોવા છતાં મતદાર યાદીમાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. અમદાવાદ સહિત ગુજરાતમાં લોકોએ ઉષ્માપૂર્વક લોકશાહીના પર્વમાં ભાગ લઈ મતદાન કર્યું હતું ત્યારે અમદાવાદના શાહપુરની ખજૂરીની પોળના કેટલાક મતદારોનો ઉત્સાહ મોળો પડ્યો હતો કેમ કે જીવિત હોવા છતાં મતદાર યાદીમાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે શાહપુરના ખજૂરીની પોળના સ્થાનિકે જણાવ્યું હતું કે, આગળ વિધાનસભાની ચૂંટણીમાં મેં મત આપ્યો હતો છતાં આ ઈલેક્શનમાં મને મૃત જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય એક વ્યક્તિએ જણાવ્યું હતું કે, મતદાર યાદીમાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા છે. જે હયાત છે. વોટર કાર્ડ છે છતાં મત આપવા નથી દેતા. આ એક નથી ખજૂરીની પોળમાં ૨૦ નામ સામે આવ્યા છે. જ્યારે શાહપુર વિસ્તારમાં કેટલા થયા હશે. તેનો અંદાજો અમને નથી. ત્યારે આ મામલે ચૂંટણીપંચ શું કરશે તે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

### લોકસભાની ચૂંટણીમાં રોકાયેલા કર્મીઓની કફોડી હાલત

## વડોદરાની MC હાઈસ્કૂલના પોલિંગ સ્ટાફને બે દિવસથી ભોજન જ નથી મળ્યું

### અમને જમવાના પૈસા આપ્યા, શું અમારે પૈસા ખાવાના : અધિકારીનો આક્રોશ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

લોકસભા ચૂંટણીમાં મતદાન બૂથો પર પ્રિસાઈડિંગ ઓફિસર રાખવામાં આવે છે. ત્યારે વડોદરાના સલાટવાડા વિસ્તારમાં આવેલી મહારાણી ચીમનાબાઈ હાઈસ્કૂલ ખાતે પ્રિસાઈડિંગ ઓફિસર સહિત ૪૦ જેટલા પોલિંગ સ્ટાફને બે દિવસથી જમવાનું મળ્યું ન હતું. જેથી બે દિવસથી સ્ટાફ ભૂખ્યો-તરસ્યો જ કામગીરી કરી રહ્યો હતો. આ સમગ્ર ઘટનામાં ચૂંટણીતંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. પ્રિસાઈડિંગ ઓફિસરે આક્ષેપ કર્યો છે કે અમારા મતદાન મથક પર જ નહીં, પરંતુ રાવપુરા વિસ્તારમાં આવેલાં તમામ મતદાન મથકો પર પોલિંગ સ્ટાફને બે દિવસથી નાસ્તો કે જમવાનું મળ્યું નથી. વડોદરા શહેરના સલાટવાડા વિસ્તારમાં આવેલી મહારાણી ચીમનાબાઈ હાઈસ્કૂલમાં આવેલા મતદાન કેન્દ્રમાં ફરજ બજાવતા પ્રિસાઈડિંગ ઓફિસર અરવિંદ ગાંધીએ જણાવ્યું હતું કે ગઈકાલે સવારે રાવપુરા ડિસ્પેચિંગ સેન્ટર ખાતે અમને પોલિંગ સ્ટાફને બોલાવવામાં આવ્યા હતા અને ત્યાંથી ૧૦:૩૦ વાગે તેમને મતદાન મથકો પર જવા માટે રવાના કરવામાં આવ્યા હતા. ગઈકાલે સવારથી અમને કંઈ પણ જમવાનું આપવામાં આવ્યું નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, માત્ર મહારાણી ચીમનભાઈ હાઈસ્કૂલના મતદાન કેન્દ્ર પર જ નહીં, પરંતુ રાવપુરા વિસ્તારમાં આવતાં તમામ મતદાન મથકો પર પોલિંગ સ્ટાફને બે દિવસથી જમવાનું મળ્યું નથી. અમે મહારાણી ચીમનાબાઈ હાઈસ્કૂલ ખાતે ૮ બૂથમાં ૪૦ જેટલો સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે, અમે આ મામલે રજૂઆત કરી હતી, તો અમને કહેવામાં આવ્યું હતું કે તમને પૈસા આપી દેવામાં આવશે, પરંતુ અમે અમારી ફરજ છોડીને અહીંથી જઈ શકતા નથી તો શું અમારે પૈસા ખાવાના હતા. પોલિંગ સ્ટેશન પર તમામ મશીનની જવાબદારી અમારી હોય છે, જેથી અમે એક મિનિટ માટે પણ ક્યાંય જઈ શકતા નથી. મામલતદાર અને ડિસ્પેચિંગ અમારા સેન્ટરના હેડને જમવાની વ્યવસ્થા કરવાની હોય છે, પરંતુ અમારા માટે જમવાની કોઈ વ્યવસ્થા થઈ નથી. મહારાણી ચીમનભાઈ હાઈસ્કૂલના મતદાન મથક પર પોલીસ સ્ટાફને જમવાનું મળ્યું હતું, પરંતુ પોલિંગ સ્ટાફને જમવાનું મળ્યું નથી. આમ તંત્રની બેદરકારી સામે આવી છે.

## રાજ્યની ૨૫ બેઠકોનું મતદાન

| | |
|---|---|
| ૧. કચ્છ - ૫૫.૦૫ | ૧૨. જામનગર - ૫૭.૧૭ |
| ૨. બનાસકાંઠા - ૬૮.૪૪ | ૧૩. જૂનાગઢ - ૫૮.૮૦ |
| ૩. પાટણ - ૫૭.૮૮ | ૧૪. અમરેલી - ૪૯.૨૨ |
| ૪. મહેસાણા - ૫૯.૦૪ | ૧૫. ભાવનગર - ૫૨.૦૧ |
| ૫. સાબરકાંઠા - ૬૩.૦૪ | ૧૬. આણંદ - ૬૩.૯૬ |
| ૬. ગાંધીનગર - ૫૯.૧૯ | ૧૭. ખેડા - ૫૭.૪૩ |
| ૭. અમદાવાદ (પૂર્વ) - ૫૪.૦૪ | ૧૮. પંચમહાલ - ૫૮.૬૫ |
| ૮. અમદાવાદ (પશ્ચિમ) - ૫૪.૪૩ | ૧૯. દાહોદ - ૫૮.૬૬ |
| ૯. સુરેન્દ્રનગર - ૫૪.૪૫ | ૨૦. વડોદરા - ૬૧.૩૩ |
| ૧૦. રાજકોટ - ૫૯.૬૦ | ૨૧. છોટાઉદેપુર - ૬૭.૭૮ |
| ૧૧. પોરબંદર - ૫૧.૭૯ | ૨૨. ભરૂચ - ૬૮.૭૫ |
| | ૨૩. બારડોલી - ૬૪.૫૯ |
| | ૨૪. નવસારી - ૫૯.૬૬ |
| | ૨૫. વલસાડ - ૭૨.૨૪ |

### મતદાન માટે અનેરો ઉત્સાહ

## દરિયાપુરનો દિવ્યાંગ યુવક અન્યની મદદથી મત આપવા પહોંચ્યો

અમદાવાદ, તા.૭

દરિયાપુરના ઉવેશ શેખ કે જે દિવ્યાંગ હોવાને કારણે ચાલી શકતા નથી. તેઓને સામાજિક કાર્યકર રફીકભાઈ નગરી મતદાન બૂથ પાસે લઈ ગયા હતા. આજે રાજકીય રમતમાં કેટલાક સમાજના લોકોને ચૂંટણીના દિવસે જ અજમેર મોકલી દેવાય છે કે, જેથી તેમના ૫૦૦-૧૦૦૦ મત ન પડે. આવા સમયે એક અપંગ વ્યક્તિ તકલીફ લઈ મુશ્કેલીથી પોતાનો મત આપવા પહોંચે છે, જે ઘણું કહી જાય છે. જે લોકોને ભવિષ્યની ચિંતા છે. દેશ સાથે પ્રેમ છે અને આવનારી પેઢીના ભવિષ્યને સુંદર બનાવવા માંગે છે. તેઓ પોતાનો મતાધિકાર જરૂર ઉપયોગ કરે છે.

### મેઘરજમાં અસામાજિક તત્ત્વોએ કાર પર કર્યો પથ્થરમારો

## રાજ્યમાં મતદાન પૂર્ણ થયા બાદ ભાજપના પ્રદેશ નેતા પર હુમલો

### હુમલાખોરો ફરાર થતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૭

લોકસભાની ચૂંટણીનું મતદાન તો ગુજરાતમાં પૂરૂં થઈ ચૂક્યું છે, પરંતુ તેનો ગરમાવો હજું જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ભાજપ નેતા પર જીવલેણ હુમલો થયો છે. પ્રદેશ નેતા હિમાંશું પટેલની કાર પર પથ્થરમારાની ઘટના પ્રકાશમાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે મેઘરજ મામલતદાર કચેરી આગળ અસામાજિક તત્ત્વો દ્વારા હુમલો કરાયો છે. જેમાં કારના કાચ તોડી હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની માહિતી મળતા જ મેઘરજ પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટના અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર અરવલ્લી સાબરકાંઠાના યુવા અને ભાજપ નેતા, હિમાંશુ પટેલ ઉપર આજે સાંજના સુમારે, મેઘરજ નગરની મામલતદાર કચેરી પાસે, પથ્થરો અને લાકડીયો લઈ આવેલા ટોળાએ એકાએક કાર ઉપર હુમલો કરી દીધો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. હુમલાની ઘટનામાં હિમાંશુ પટેલને ઈજાઓ પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. હીચકારા હુમલાની ઘટનાને લઈ ભાજપના આગેવાનો ઘટના સ્થળે દોડી પહોંચ્યા હતા.

મળતી માહિતી મુજબ ઘટનાસ્થળે પોલીસ હાજર હોવાના છતાં, હુમલો કરતા પોલીસ સામે પણ સવાલો ઉઠ્યા છે. સમગ્ર ઘટનાને લઈ હાલ તો મેઘરજ પોલીસ મથકે આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવાની ભોગ બનનાર યુવા નેતાએ તજવીજ હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## રાજ્યમાં હીટવેવ અને કાળઝાળ ગરમી વચ્ચે વરસાદની આગાહી કરાઈ

### આગામી ૧૨-૧૩ મેના રોજ દક્ષિણ ગુજરાત સહિત છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગમાં હળવો વરસાદ પડશે

અમદાવાદ, તા.૭

રાજયમાં ગરમીનું જોર રહેવાની અને હીટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા વચ્ચે વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં રાજયાના ચાર જિલ્લાઓમાં વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે.આજે ગુજરાતમાં મતદાનનો દિવસ છે, લોકસભાના ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ગુજરાતની ૨૫ બેઠકો પર મતદાનનો દિવસ છે આવામાં આકરી ગરમી વચ્ચે મતદારો સવારે જે ગતિથી મતદાન મથકો પર આવી રહ્યા હતા તેમાં મોટો ઘટાડો નોંધાયો છે. ઘણાં મતદાન મથકો આકરી ગરમીના કારણે ખાલીખમ દેખાઈ રહ્યા છે. આવામાં ગુજરાતમાં હવામાનની શું સ્થિતિ છે તે અંગે અમદાવાદ હવામાન વિભાગના દ્વારા કેટલીક જરુરી માહિતી આપવામાં આવી છે. ગુજરાતમાં આગામી દિવસોમાં પણ ગરમી યથાવત રહેવાની શક્યતાઓ સાથે વરસાદની સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. નોંધનીય છે કે,ભરબપોરે અંબાજીમાં વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિકે જણાવ્યું કે, આગામી પાંચ દિવસ ગુજરાતનું હવામાન સૂકું રહેવાની શક્યતાઓ છે. જ્યારે છઠ્ઠા અને સાતમા દિવસે હળવા વરસાદની સંભાવનાઓ કેટલાક વિસ્તારો માટે વ્યક્ત કરવામાં આવી છે. વરસાદની શક્યતાઓ દક્ષિણ ગુજરાત માટે વ્યક્ત કરાઈ રહી છે. હળવા વરસાદની સંભાવનાઓ છે તેમાં છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગનો સમાવેશ થાય છે. હળવા વરસાદની શક્યતાઓ પહેલા રાજયમાં આકરી ગરમીની સંભાવનાઓ છે જેમાં કેટલાક વિસ્તારમાં હીટવેવની પણ શક્યતાઓ છે જેમાં દીવ અને ભાવનગરનો સમાવેશ થાય છે. અહીં ૭ અને ૮ મે એમ બે દિવસ હીટવેવ રહેવાની શક્યતાઓ છે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમી સાથે બફારાની સ્થિતિ આગામી દિવસોમાં રહેવાની સંભાવનાઓ છે. મહત્તમ તાપમાનમાં આગામી દિવસોમાં કોઈ મોટા ફેરફારની સંભાવનાઓ નથી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૨ અને ગાંધીનગરમાં ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. આજે ગાંધીનગર અને અમદાવાદમાં તાપમાન ૪૨ ડિગ્રી જવાની સંભાવનાઓ છે. ગુજરાતમાં સૌથી ઊંચું મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૧.૩ ડિગ્રી નોંધાયું છે. આમ હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગરમીનું જોર યથાવત રહેવાની સંભાવનાઓ સાથે ૧૨ અને ૧૩ તારીખે ગુજરાતના દક્ષિણ ભાગમાં હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે.

## રાજ્યમાં કાળઝાળ ગરમીનો તીવ્ર માર શરૂ : ભૂજમાં પારો ૪૩.૫ ડિગ્રી

### અમદાવાદમાં પારો ૪૩.૩ ડિગ્રી

અમદાવાદ,તા.૭

રાજ્યમાં ગરમીએ પોતાનું તીવ્ર જોર બતાવવાનું શરૂ કરી દીધું છે. હીટવેવ અને યલો એલર્ટની આગાહી વચ્ચે હવે પારો ૪૩ ડિગ્રીની પાર નીકળી ગયો છે. ત્યારે આવનાર સમયમાં ગરમીથી રાહત મળવાની કોઈ શકયતા નથી જો કે કેટલાક સ્થળોએ વરસાદ પડવાની વકી છે ત્યારે ૪૩.૫ ડિગ્રી તાપમાન સાથે ભૂજ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. રાજયમાં કાળઝાળ ગરમીથી લોકો પરેશાન થઈ ઉઠયા છે. ગરમીનો પારો સતત વધી રહ્યો છે રાજયમાં ૪૩.૫ ડિગ્રી તાપમાન સાથે ભૂજ વાસીઓએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો તો અમદાવાદમાં પણ પારો ૪૩.૩ ડિગ્રી નોંધાયો હતો. સુરેન્દ્રનગરમાં તાપમાન ૪૩ ડિગ્રી, રાજકોટમાં ૪૨.૭, ગાંધીનગર ૪૨.૫, વડોદરામાં ૪૧.૪, ડીસા ૪૧.૩ અને કંડલા એરપોર્ટ ખાતે તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયુ હતું જયારે આગામી બે દિવસ ભાવનગર અને દિવમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. તો સામાન્ય વધઘટ વચ્ચે ગરમીમાં રાહત મળવાની કોઈ શકયતા નથી. જયારે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કેટલાક સ્થળોએ સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે કે જે મુજબ ૧૨-૧૩ મેના રોજ વરસાદ પડવાની સંભાવના છે જો કે ગરમીમાં ઘટાડો થવાની કોઈ શકયતા નથી.

### દાણીલીમડામાં મજાક મસ્તી ઝઘડામાં પરિવર્તિત થઈ

## સમાધાન માટે બોલાવી પિતા-પુત્ર અને ભત્રીજાને છરીના ઘા ઝીંકી દીધા

### પોલીસે ચાર લોકો સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરના દાણીલીમડામાં યુવકો વચ્ચે મજાક મસ્તીમાં તકરાર થઈ હતી જેને લઈને આરોપીએ ફોન કરીને સગીરને મારવાની વાત કરી હતી જેને લઈને પિતાએ ઠપકો આપતાં આરોપીઓએ સમાધાન માટે બોલાવ્યા હતા અને ગાળો બોલીને પિતાને પકડી રાખીને છરીના ઘા માર્યા હતા આ સમયે છોડાવવા વચ્ચે પડતાં સગીર પુત્ર અને ભત્રીજાને પણ છરીના ઘા માર્યા હતા. આ બનાવ અંગે દાણીલીમડા પાલીસે ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની વિગત એવી છે કે દાણીલીમડામાં રહેતા યુવકે તેમના જ વિસ્તારમાં રહેતા યુવક સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે કે તેમનો સગીર વયનો દિકરો અને તેના મિત્રો બસ સ્ટેન્ડ પાસે બેઠા હતા આ સમયે મજાક મસ્તીમાં તેમની વચ્ચે તકરાર થઈ હતી. જેને લઈને આરોપીએ સગીરને ફોન કરીને મારવાની વાત કરી હતી જેથી તેના પિતાએ ઠપકો આપતા તેઓને સમાધાન માટે બસ સ્ટેન્ડ પાસે બોલાવ્યા હતા. પિતા-પુત્ર અને તેમનો ભત્રીજો ત્યાં ગયા ત્યારે સગીરના મિત્રના મોટા ભાઈ સહિત ચાર લોકો હાજર હતા તેઓએ ફરિયાદીને ગાળો બોલીને તકરાર કરી હતી. ગાળો બોલવાની ના પાડતાં ફરિયાદીને પકડી રાખીને છરીના ઘા માર્યા હતા આ સમયે છોડાવવા વચ્ચે પડતાં તેમના પુત્ર અને ભત્રીજાને પણ છરીના ઘા મારીને લોહી લુહાણ કરીને આરોપીઓ નાસી ગયા હતા. હાલતમાં તેઓ એલ.જી.હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટના અંગે દાણીલીમડા પાલીસે ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોંગ્રેસની ચૂંટણી કમિશનરને ફરિયાદ

## મણિનગરમાં સ્થાનિક કોર્પોરેટરે મતદારોને ભાજપને જ મત આપવા દબાણ કર્યું

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં ભાજપના કોર્પોરેટર મતદારોને ધમકીઓ આપી ભાજપને મત આપવા દબાણ કરતા હોવાની ફરિયાદો ઉઠી છે. ત્યારે આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા મુખ્ય ચૂંટણી અધિકારીને ફરિયાદ કરતો પત્ર લખવામાં આવ્યો છે જેમાં જણાવાયું છે કે, અમદાવાદ પશ્ચિમ લોકસભા બુથ નં.૨૩૧ અને ૨૩૨ કે જે મણિનગર વિસ્તારમાં આવેલા છે. મણિનગર વિસ્તારના ભાજપના કોર્પોરેટર મતદારોને ધાક-ધમકી આપીને ભાજપના ઉમેદવારને મત આપવા માટે જણાવે છે જેથી આ ફરિયાદ આપીએ છીએ ત્યારે હવે આ અંગે શું કાર્યવાહી થશે તે જોવાનું રહ્યું.

# ઈઝરાયેલી દળોએ ગાઝા ક્ષેત્રની રફાહ બોર્ડર ક્રોસિંગ પર કબજો કરતાં યુદ્ધવિરામ વાટાઘાટોની શક્યતા બહુ જ ક્ષીણ

(એજન્સી) જેરૂસલેમ, તા.૭

ઈઝરાયેલી ટેન્ક બ્રિગેડે મંગળવારના દિવસે ગાઝા ક્ષેત્રની ઈજિપ્ત સાથેની રફાહ ક્રોસિંગ પર નિયંત્રણ મેળવ્યું કારણ કે, ઈઝરાયેલ દક્ષિણ શહેરમાં આક્રમણ સાથે આગળ વધ્યું હતું તેમ છતાં હમાસ સાથે યુદ્ધવિરામની વાટાઘાટો ચાકુની ધાર પર મૂકી હતી. આ ઘટના ઈઝરાયેલ-હમાસ યુદ્ધના કલાકો પછી બની હતી. સોમવારના દિવસે આતંકવાદી જૂથે કહ્યું હતું કે, તેણે ઈજિપ્તિયન-કતારી મધ્યસ્થી યુદ્ધવિરામ પ્રસ્તાવને સ્વીકાર્યો છે. ઈઝરાયેલે તે દરમિયાન ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ સોદો તેની મુખ્ય માગણીઓને પૂર્ણ કરતું નથી. ગાઝા પટ્ટીને તબાહ કરનાર ૭ મહિનાથી ચાલી રહેલા આક્રમણમાં યુદ્ધવિરામ લાવી શકે તેવા કરાર માટે ઉચ્ચ દાવવાળી રાજદ્વારી ચાલ અને સૈન્ય અસ્થિરતા એ આશાની એક ઝાંખી જીવંત રાખી છે.

ઈઝરાયેલ દ્વારા આયોજિત રાતોરાત રફાહમાં કરેલી ઘૂસણખોરી ઈઝરાયેલી આક્રમણની થોડાં સમય માટે હોવાનું જણાયું હતું અને તે વિસ્તરણ કરવામાં આવશે કે કેમ તે તરત જ જાણી શકાય તેવું નથી. રાષ્ટ્રપતિ જો બાઈડેને સોમવારના રોજ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુને દક્ષિણ ગાઝા શહેર પર આક્રમણ શરૂ કરવા સામે તાકીદે ચેતવણી આપી અને યુદ્ધવિરામ માટે દબાણ વધાર્યું. સહાય જૂથો કહે છે કે, રફાહમાં આશરો લઈ રહેલા લગભગ ૧૪ લાખ પેલેસ્ટીનીઓ માટે હુમલો આપત્તિજનક હશે, જેમાંથી મોટાભાગના ગાઝામાં ઈઝરાયેલના આક્રમણથી અન્યત્ર ભાગી ગયા હતા.



ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલની ૪૦૧મી બ્રિગેડ મંગળવારની વહેલી સવારે રફાહ ક્રોસિંગમાં પ્રવેશી હતી અને મુખ્ય સરહદ બિંદુ પર સંચાલિત નિયંત્રણ લીધું હતું. ઈઝરાયેલી સૈન્ય દ્વારા બહાર પાડવામાં આવેલા ફૂટેજમાં ક્રોસિંગ વિસ્તાર પર કબજો મેળવનાર ટેન્કમાંથી ઈઝરાયેલી ધ્વજ લહેરાતો જોવા મળ્યો હતો. વીડિયોના વર્ણનો ક્રોસિંગની જાણીતી લાક્ષણિકતાઓ સાથે મેળ ખાય છે. એસોસિએટેડ પ્રેસ દ્વારા જોવામાં આવેલા હોસ્પિટલના રેકોર્ડ્સ અનુસાર, સૈન્યએ રફાહમાં રાતોરાત આક્રમણ અને બોમ્બમારો પણ કર્યો હતો, જેમાં ઓછામાં ઓછી છ મહિલાઓ અને પાંચ બાળકો સહિત ઓછામાં ઓછાં ૨૩ પેલેસ્ટીનીઓ માર્યા ગયા હતા. રફાહ ક્રોસિંગ એ ઘેરાયેલા પ્રદેશમાં પ્રવેશવા અને ઈજિપ્તમાં ભાગી જવા માટે સક્ષમ લોકો માટે બહાર નીકળવા માટેનો મુખ્ય માર્ગ છે. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે રફાહ અને કેરેમ શાલોમ ક્રોસિંગ, અન્ય મુખ્ય સહાય પ્રવેશ બિંદુ, ઓછામાં ઓછાં છેલ્લાં બે દિવસથી બંધ છે. નાના પ્રવેશ માર્ગો હજુ પણ કાર્યરત હોવા છતાં ગાઝાની વસ્તીને જીવંત રાખતા ખોરાક, દવા અને અન્ય પુરવઠાના પ્રવાહને જાળવવાના પ્રયત્નોને બંધ કરવું એ એક ફટકો છે. યુએન માનવતાવાદી બાબતોના કાર્યાલયના પ્રવક્તા જેન્સ લેર્કે ચેતવણી આપી હતી કે, રફાહ પર હુમલો નાજુક સહાય કામગીરીને તોડી શકે છે. તેમણે કહ્યું કે, ગાઝામાં પ્રવેશતા તમામ બળતણ રફાહ દ્વારા આવે છે અને કોઈપણ વિક્ષેપ માનવતાવાદી કાર્યને અટકાવશે.

## હમાસને લઈને સરકાર પાસે માગણી કરી

# ઈઝરાયેલની રાજધાની તેલ અવીવમાં લોકો રસ્તા પર ઊતરી આવ્યા

### ગાઝા યુદ્ધ ત્યારે શરૂ થયું જ્યારે હમાસના લડવૈયાઓએ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ઈઝરાયેલ પર હુમલો કર્યો

નવી દિલ્હી, તા.૭

સોમવારની સાંજે સેંકડો ઈઝરાયેલીઓ તેલ અવીવની શેરીઓમાં ઉતરી આવ્યા હતા, હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોના પરિવારોમાં જોડાયા હતા અને સરકારને તેમની મુક્તિ માટે ઈસ્લામિક જૂથ સાથે યુદ્ધવિરામ કરાર સ્વીકારવાની માંગ કરી હતી. પ્રદર્શનકારીઓએ તેલ અવીવમાં મુખ્ય રસ્તાઓ બંધ કરી દીધા હતા. પ્રદર્શનકારીઓએ માઉન્ટ થયેલ પોલીસ ટુકડી સાથે પણ અથડામણ કરી, જેણે તેમને હાઈવે પર આગળ વધતા રોકવાનો પ્રયાસ કર્યો.અગાઉ, પેલેસ્ટિનિયન જૂથ હમાસે ઈજિપ્ત-કતાર દ્વારા આપવામાં આવેલા યુદ્ધવિરામ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો હતો. તમને જણાવી દઈએ કે હમાસ ગાઝા પટ્ટી પર શાસન કરે છે. હમાસે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ઈઝરાયેલ પર અભૂતપૂર્વ હુમલો કર્યો, ત્યારબાદ ઈઝરાયેલે ગાઝામાં જવાબી હડતાલ શરૂ કરી જે હજુ પણ ચાલુ છે. ઈઝરાયલે ઈજિપ્ત-કતાર દ્વારા રજૂ કરાયેલા યુદ્ધવિરામ પ્રસ્તાવ પર સહમત થવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેની શરતો તેની માંગણીઓ પૂરી કરતી નથી. સાત મહિના સુધી ચાલેલા ગાઝા યુદ્ધમાં આ વિકાસ ત્યારે થયો છે જ્યારે ઈઝરાયેલી સેનાએ રફાહમાં ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી હતી. તેણે રફાહના રહેવાસીઓને શહેર ખાલી કરવા કહ્યું. તમને જણાવી દઈએ કે ગાઝાનો આ દક્ષિણી ભાગ ૧૦ લાખથી વધુ વિસ્થાપિત પેલેસ્ટાઈનીઓ માટે આશ્રય બની ગયો છે. ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયે એક નિવેદનમાં કહ્યું, 'અમે યુદ્ધવિરામ કરાર પર વાટાઘાટો કરવા માટે અમારા મધ્યસ્થીઓને મોકલીશું, કારણ કે હમાસ તરફથી પ્રસ્તાવ ઈઝરાયેલની જરૂરિયાતોને પૂર્ણ કરતું નથી.'ગાઝા યુદ્ધ ત્યારે શરૂ થયું જ્યારે ઉગ્રવાદી જૂથ હમાસના લડવૈયાઓએ ૭ ઓક્ટોબર, ૨૦૨૩




ના રોજ ઈઝરાયેલ પર હુમલો કર્યો, લગભગ ૧૨૦૦ લોકો માર્યા ગયા અને ૨૫૨ અન્યનું અપહરણ કર્યું. ઈઝરાયેલના ડેટા અનુસાર, બંધક બનાવવામાં આવેલા નાગરિકોમાંથી ૧૩૩ હજુ પણ ગાઝામાં હમાસની કેદમાં છે. ગાઝાના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલની જવાબી કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૩૪,૬૦૦થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. હમાસ એક પ્રસ્તાવ માટે સંમત થઈ છે, જેમાં યુદ્ધવિરામ તેમજ ગાઝાના પુનઃનિર્માણ, વિસ્થાપિત વ્યક્તિઓની વાપસી અને કેદીઓની અદલાબદલીનો સમાવેશ થાય છે. હમાસના સભ્યો યુદ્ધવિરામ કરાર અને તેના પછીના પગલાં અંગે વધુ ચર્ચા કરવા માટે ઈજિપ્તની મુલાકાત લેવાનો પણ ઈરાદો ધરાવે છે. એક ઈઝરાયેલી અધિકારીએ જણાવ્યું હતું કે હમાસે 'સોફ્ટ' ઈજિપ્તની દરખાસ્તને મંજૂરી આપી હતી, જે 'તેલ અવીવને સમાધાન કરવાનો ઈનકાર કરતા પક્ષની જેમ દેખાડવાની એક ષડયંત્ર' હોવાનું જણાયું હતું.

# યુનોના વડાએ ગાઝામાં તણાવ વચ્ચે રફાહ પર જમીની આક્રમણ કરવા બદલ ઈઝરાયેલને ચેતવણી આપી

(એજન્સી) ન્યુ યોર્ક, તા.૭

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કડક ચેતવણી આપતા જાહેરાત કરી હતી કે, રફાહ પર થયેલ જમીની આક્રમણ "અસહનીય" હશે, તેનાથી વિનાશક માનવતાવાદી પરિણામોના કારણે પ્રદેશ પર સંભવિત અસ્થિર અસરો કરશે. યુએનના વડાએ ચેતવણી આપી કે,



કાટમાળની નીચેથી પુનઃપ્રાપ્ત કરાયેલી અનેક જાનહાનિ સાથે, ભયંકર પરિણામ દર્શાવે છે. પેલેસ્ટીની સત્તાવાર સમાચાર એજન્સી વફાએ રફાહ પરના બે અલગ-અલગ હુમલાઓમાં આઠ લોકોનાં મૃત્યુની પુષ્ટિ કરી હતી. રફાહની કુવૈત હોસ્પિટલમાં ૧૧ મૃત વ્યક્તિઓ પ્રાપ્ત થયાની જાણ કરવામાં આવી છે. વધતા હવાઈ

### પેલેસ્ટીની સિવિલ ડિફેન્સ દ્વારા આપવામાં આવેલ અહેવાલ મુજબ, ગઈકાલે વહેલી સવારે રફાહ પર અનેક હવાઈ હુમલાઓ થયા હતા જેના પરિણામે અનેક જાનહાનિ અને ઈજાઓ થઈ છે, સાથે તણાવમાં વધારો થયો છે

"રફાહમાં ભૂમિ આક્રમણ અસહ્ય હશે, તેના વિનાશક માનવતાવાદી પરિણામોને કારણે અને પ્રદેશમાં અસ્થિર અસરો થશે." તેમણે ઈઝરાયેલી સરકાર અને હમાસ આગેવાની હેઠળની સરકાર બંને દેશો યુદ્ધવિરામ કરાર સુધી પહોંચવા માટે "વિશેષ પ્રયત્નો કરવા" માટે "ખૂબ જ મજબૂત અપીલ" કરી હતી .

તેમણે ઉમેર્યું, "આ યુદ્ધવિરામ માટેની એક તક છે જે ચૂકી ન જવી જોઈએ."

પેલેસ્ટીની સિવિલ ડિફેન્સના અહેવાલ મુજબ, ગઈકાલે વહેલી સવારે રફાહ પર અનેક હવાઈ હુમલાઓ સાથે તણાવ વધ્યો, જેના પરિણામે જાનહાનિ અને ઈજાઓ થઈ હતી. પેલેસ્ટીની સિવિલ ડિફેન્સે નિવેદનમાં જણાવ્યું કે, "સિવિલ ડિફેન્સ ટીમોએ દક્ષિણ ગાઝા પટ્ટીમાં રફાહ ગવર્નરેટમાં વિવિધ સ્થળોએ ઈઝરાયેલી યુદ્ધવિમાનો દ્વારા બોમ્બમારો કરવામાં આવેલા અનેક ઘરોના કાટમાળમાંથી સંખ્યાબંધ શહીદોને બહાર કાઢવામાં અને ઘાયલ થયેલા લોકોને પરિવહન કરવામાં સફળ થયા છે."

સિવિલ ડિફેન્સ દ્વારા બહાર પાડવામાં આવેલી છબીઓ બોમ્બ ધડાકાવાળા ઘરોના હુમલાઓ વચ્ચે, ઈઝરાયેલના વડા પ્રધાન કાર્યાલયે "હમાસ પર લશ્કરી દબાણ લાવવા" માટે રફાહમાં લશ્કરી કાર્યવાહી ચાલુ રાખવાની પુનઃ પુષ્ટિ કરી હતી. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ પૂર્વ રફાહમાં હમાસના આતંકવાદી લક્ષ્યો સામે તેમના ચાલુ લક્ષ્યાંકિત હુમલાએનું વર્ણન કર્યું હતું. અહેવાલ મુજબ, સિવિલ ડિફેન્સના જણાવ્યા અનુસાર, હુમલાઓમાં આ વૃદ્ધિ રવિવારથી સોમવાર સુધીના ઘાતક બોમ્બમારો બાદ શરૂ થઈ છે, જેમાં ઓછામાં ઓછા ૨૬ લોકોના જીવ ગયા હતા.

# રફાહમાં કોઈપણ લશ્કરી કાર્યવાહી શાંતિમંત્રણાને નુકસાન પહોંચાડશે : હમાસ

(એજન્સી) તા.૭

કુદ્દસ પ્રેસના અહેવાલ મુજબ, હમાસના રાજકીય બ્યુરોના સભ્ય એઝાત અલ-રશ્કે ગઈકાલે ચેતવણી આપી હતી કે રફાહમાં કોઈપણ લશ્કરી કાર્યવાહી ચાલુ વાટાઘાટોને વિક્ષેપિત કરશે અને ઈઝરાયેલને નુકસાન કરશે. તેમણે રફાહ પર ઈઝરાયેલના આક્રમણના પરિણામો માટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને તેમની સરકારને સંપૂર્ણ રીતે જવાબદાર ઠેરવી હતી.

ઈઝરાયેલી કબજેદાર દળોએ ગઈકાલે ગાઝાના દક્ષિણી શહેર રફાહના પૂર્વ વિસ્તારોમાં પેલેસ્ટીનીઓને જમીની આક્રમણ પહેલા તે વિસ્તાર છોડી દેવા આદેશ આપતી પત્રિકાઓ આપી હતી. ઑક્ટોબર ૨૦૨૩ થી લગભગ ૧.૫ મિલિયન પેલેસ્ટીનીઓને તેમના ઘરો છોડીને રફાહમાં આશ્રય લીધો છે. યુએનએ ચેતવણી આપી હતી કે, આ વિસ્તારમાં કોઈપણ લશ્કરી કાર્યવાહી "નરસંહાર" તરફ દોરી જશે. અગાઉ એક અખબારી યાદીમાં હમાસે જણાવ્યું હતું કે, ગીચ વસ્તીવાળા શહેર રફાહ પર કબજા હેઠળની સેના દ્વારા હુમલાની તૈયારીમાં લેવામાં આવેલી કાર્યવાહી એક ઝિઓનિસ્ટ અપરાધ છે જે આતંકવાદી નેતન્યાહુ સરકારની ગાઝામાં



પેલેસ્ટિનિયનો વિરુદ્ધ તેના નરસંહાર યુદ્ધ ચાલુ રાખવાના નિર્ણયની પુષ્ટિ કરે છે. તેમણે ઉમેર્યું કે, આ નાકાબંધી ગાઝા પટ્ટીમાં ચાલી રહેલી માનવતાવાદી આપત્તિ અથવા ગાઝામાં રાખવામાં આવેલા યુદ્ધ કેદીઓના ભવિષ્યને ધ્યાનમાં લેતું નથી.

# બીબીસી અરબીએ ગાઝા યુદ્ધ અંગેના કવરેજમાં ૮૦ વખત ભૂલોને સુધારી

(એજન્સી) તા.૭

અહેવાલ મુજબ બીબીસી અરેબિક બીબીસીની અરબી-ભાષાની ન્યૂઝ ચેનલને સંઘર્ષના પ્રથમ પાંચ મહિના દરમિયાનમાં સરેરાશ દર બીજા દિવસે ગાઝા પરના ઈઝરાયેલના યુદ્ધના કવરેજમાં સુધારો કરવાની ફરજ પડી હતી.

યુદ્ધના પ્રથમ પાંચ મહિનામાં ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસની આગેવાની હેઠળની પ્રતિકારક કામગીરી બાદ, ચેનલને ફરિયાદોને કારણે ૮૦ વખત તેની વિષય-વસ્તુ સુધારવા માટે કહેવામાં આવ્યું હતું.

બીબીસીના ડાયરેક્ટર-જનરલ ટિમ ડેવીએ અગાઉ બીબીસી અરેબિકના કાર્યની પ્રશંસા કરી હતી, પરંતુ કેમ્પેઈન ફોર એક્યુરેસી ઈન મિડલ ઈસ્ટ રિપોર્ટિંગ એન્ડ એનાલિસિસ (કેમેરા) દ્વારા શ્રેણીબદ્ધ ફરિયાદો નોંધી હતી કે જેમાં, ઈઝરાયેલના 'સચોટ અને સંતુલિત' કવરેજ માટે લોબીઓ, ચેનલના રિપોર્ટિંગ સાથેના કેટલાક મુદ્દાઓને પ્રકાશિત કર્યા હતા.

પુનરાવર્તિત 'ભૂલો' પૈકી એક વ્યવસાય રાજ્યમાં યહૂદી સમુદાયોને 'વસાહતો' તરીકે અને તેમના રહેવાસીઓને 'વસાહતીઓ' તરીકે સંદર્ભિત કરતી હતી, જે અનુક્રમે ૩૦ અને ૪ કિસ્સાઓમાં આવી હતી.

બીબીસી અરેબિકને હમાસ અને હિઝબોલ્લાહને 'પ્રતિરોધ' તરીકે વર્ણવવા અને સમગ્ર પ્રદેશમાં વ્યાપક સ્વીકૃતિ હોવા છતાં, 'પ્રતિરોધક કામગીરી' તરીકે ઈઝરાયેલીઓ પરના હુમલાનો ઉલ્લેખ કરવા બદલ ટીકાનો સામનો કરવો પડ્યો હતો. બંને ચળવળોને યુકેના કાયદા હેઠળ આતંકવાદી સંગઠનો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કેમેરાની ફરિયાદોને પગલે બીબીસી અરેબિક




વેબસાઈટ પરથી અમુક સામગ્રીને સંપૂર્ણપણે દૂર કરવામાં આવી હતી. આમાં ૭ ઓક્ટોબરના રોજ કફાર અઝા કિબુત્ઝ હુમલાના મુખ્ય પ્રવાહના મીડિયા વર્ણન પર સવાલ ઉઠાવતો વીડિયોનો સમાવેશ થાય છે, જેના પરિણામે ઓછામાં ઓછા ૫૨ લોકો મૃત્યુ પામ્યા હતા અને અન્ય એક વીડિયો જેમાં પેલેસ્ટીન-અમેરિકન બાળકનો હત્યારો યહૂદી હોવાનો દાવો રજૂ કર્યો હતો.

બીબીસીના સૂત્રોએ તેની અરેબિક ચેનલને 'પક્ષપક્ષી મીડિયાનું વર્ચસ્વ ધરાવતા પ્રદેશમાં નિષ્પક્ષ સમાચારનો મહત્વપૂર્ણ સ્ત્રોત' તરીકે બચાવ કર્યો હતો. તેણે એ પણ નકારી કાઢ્યું હતું કે તમામ સુધારામાં નોંધપાત્ર ભૂલો હતી.

બીબીસીના પ્રવક્તાએ કહ્યું કે, 'બીબીસી ન્યૂઝ અરબી સમગ્ર મધ્ય પૂર્વ અને સમગ્ર વિશ્વમાં પ્રેક્ષકોને દિવસના ૨૪ કલાક, અઠવાડિયાના ૭ દિવસ સ્વતંત્ર સમાચાર પ્રદાન કરે છે.'

# ઈઝરાયેલ દ્વારા પૂર્વી રફાહમાં પેલેસ્ટીનીઓને સ્થળાંતર કરવાનો આદેશ

### આ આદેશ ખાસ કરીને અલ-શૌકાની મ્યુનિસિપાલિટી અને રફાહ વિસ્તારમાં અલ-સલામ, અલ-જનીના, તિબા ઝરા અને અલ-બાયોકના પાડોશમાં રહેતા વ્યક્તિઓને નિશાન બનાવે છે

(એજન્સી) તેલ અવીવ, તા.૭

મીડિયાના અહેવાલ અનુસાર દેશના સંરક્ષણ પ્રધાનની આ વિસ્તારમાં તોળાઈ રહેલી 'તીવ્ર કાર્યવાહી'ની ચેતવણીને પગલે ઈઝરાયેલની સેનાએ પૂર્વ રફાહના રહેવાસીઓને તાત્કાલિક સ્થળાંતર નોટિસ જારી કરી છે.

IDF પ્રવક્તા એકમના આરબ મીડિયા વિભાગના વડા, અવિચાય અદ્રાઈએ રહેવાસીઓને તેમની સલામતી માટે ચેકપોઈન્ટ્સ પર આવેલા માનવતાવાદી વિસ્તારોમાં 'તત્કાલ સ્થળાંતર કરવા' વિનંતી કરી હતી

આ કોલ ખાસ કરીને અલ-શૌકાની મ્યુનિસિપાલિટી અને રફાહ વિસ્તારમાં અલ-સલામ, અલ-જનીના, તિબા ઝરા અને અલ-બાયોકના પડોશમાં રહેતા વ્યક્તિઓને નિશાન બનાવે છે.

ગાઝા પર ચાલુ બોમ્બમારો વચ્ચે આ જાહેરાત કરવામાં આવી છે, જેમાં ૭ ઓક્ટોબરથી નોંધપાત્ર વિનાશ જોવા મળ્યો છે. મીડિયાના અહેવાલ મુજબ, રફાહના ઘણા રહેવાસીઓ, પહેલેથી જ ઘણી વખત વિસ્થાપિત થયા છે, હવે તેઓ વધતા સંઘર્ષ વચ્ચે વધુ વિસ્થાપનની સંભાવનાનો સામનો કરી રહ્યા છે.

માનવતાવાદી એજન્સીઓએ રફાહના સંપૂર્ણ કક્ષાના ભૂમિ આક્રમણ સામે ચેતવણી આપી છે તેણે શહેરમાં અને તેની આસપાસના ૧૨ લાખ વિસ્થાપિત પેલેસ્ટીનીઓમાં વધુ પડતી વેદના અને જાનહાનિની સંભાવના વ્યક્ત કરી છે. છે.

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ઉત્તરી ગાઝા પહેલેથી જ ગંભીર દુષ્કાળ સાથે ઝઝૂમી રહ્યો છે, મહિનાઓની લડાઈને કારણે સ્થિતિ વધુ વણસી ગઈ છે.

આઈડીએફના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા કર્નલ નાદવ શોશાનીએ સ્થળાંતરને 'મર્યાદિત અવકાશ કામગીરી' તરીકે દર્શાવ્યું હતું જેનો હેતુ વ્યાપક સ્થળાંતરને



બદલે અસ્થાયી સ્થળાંતર કરવાનો હતો. ગાઝાની અંદરના સૈનિકો માટે ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન યોવ ગેલન્ટની ટિપ્પણી રફાહ અને અન્ય વિસ્તારોમાં સઘન લશ્કરી કાર્યવાહીની તૈયારી સૂચવે છે. હમાસની લશ્કરી પાંખ દ્વારા દાવો કરાયેલા રોકેટ હુમલાઓ દ્વારા લક્ષ્યાંકિત કર્યા પછી જેના પરિણામે IDF સૈનિકોમાં જાનહાનિ થઈ હતી તેવી માનવતાવાદી સહાય માટે નિર્ણાયક જીવાદોરી સમાન કેરેમ શાલોમ બોર્ડર ક્રોસિંગને બંધ કર્યા પછી પૂર્વી રફાહને ખાલી કરવાનો નિર્ણય વિસ્થાપિત નાગરિકોની સલામતી અંગે ચિંતા પેદા કરે છે. અને ગાઝામાં સુરક્ષિત આશ્રયનો અભાવ પણ છે.

મીડિયાના અહેવાલ અનુસાર, ચાલુ સંઘર્ષ વચ્ચે સલામત આશ્રયસ્થાનોની ગેરહાજરી પર ભાર મૂકતા, અગાઉના ખાલી કરાવવાના આદેશોની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને માનવતાવાદી સંસ્થાઓ તરફથી ટીકા કરવામાં આવી છે.

## થોડા સમય પહેલાં દુબઈમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી

# દુબઈમાં બનશે દુનિયાનું સૌથી મોટું ઈન્ટરનેશનલ એરપોર્ટ

### દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ-મકતુમે નવા પેસેન્જર ટર્મિનલને મંજૂરી આપી હતી

(એજન્સી) દુબઈ, તા.૭

દુબઈમાં દુનિયાનું સૌથી મોટું એરપોર્ટ બનવા જઈ રહ્યું છે. તેનું નામ અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટ હશે. દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ-મકતુમે નવા પેસેન્જર ટર્મિનલને મંજૂરી આપી હતી. તેમણે કહ્યું કે દુબઈમાં દુનિયાનું સૌથી મોટું એરપોર્ટ હશે. તે વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકસિત થશે. એરપોર્ટ બનાવવા માટે લગભગ ૩૫ બિલિયન ડોલર એટલે કે લગભગ ૨.૯ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ એરપોર્ટ પર પાંચ સમાંતર રનવે હશે. આ સિવાય ૪૦૦ એરક્રાફ્ટ ગેટ હશે. એરપોર્ટની ક્ષમતા વાર્ષિક ૨૬ કરોડ લોકોની હશે.શેખ મોહમ્મદ બિન રશીદ અલ-મકતુમે ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે નવો પ્રોજેક્ટ "અમારા બાળકો અને તેમના બાળકો માટે સતત અને સ્થિર વિકાસની ખાતરી કરશે."દુબઈ એરપોર્ટની ગણતરી વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટમાં થાય છે. ૨૦૨૨ માં, આ એરપોર્ટનો ઉપયોગ ૬૬ મિલિયન મુસાફરો દ્વારા કરવામાં આવ્યો હતો. દુબઈ મીડિયા ઓફિસે જણાવ્યું હતું કે આ પગલું વિશ્વ મંચ પર અગ્રણી એવિએશન હબ તરીકે દુબઈની સ્થિતિને વધુ મજબૂત કરશે.તાજેતરમાં દુબઈમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ



સર્જાઈ હતી. આવી સ્થિતિમાં એર ઈન્ડિયા એક્સપ્રેસે દુબઈ જતી અને જતી ફ્લાઈટમાં ૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો. મુસાફરોને સુવિધા આપવા માટે, ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં કહ્યું હતું કે UAEના અધિકારીઓ હિલચાલને સામાન્ય બનાવવા માટે કામ કરી રહ્યા છે. એરપોર્ટ અધિકારીઓએ સલાહ આપી છે કે યાત્રીઓ પ્રસ્થાનની તારીખ અને સમય અંગે એરલાઈન્સ તરફથી અંતિમ પુષ્ટિ કર્યા પછી જ મુસાફરી કરી શકે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# બ્રિજભૂષણ બાબતે ભાજપની એવી તે કઈ મજબૂરી છે ??

હવે એ તો સ્પષ્ટ થઈ ગયું છે કે રાજકીય પક્ષો પાસેથી ઉમેદવારની સ્વચ્છ છબીનું ધ્યાન રાખવાની ગમે તેટલી અપેક્ષા અને માંગણી કરવામાં આવે તેમનો ઉદ્દેશ્ય એક જ છે કે તેઓ એવાને ઉમેદવાર બનાવે છે જેની જીતવાની તકો વધુ હોય, પછી ભલે તે ગુનાહિત છબી ધરાવતો હોય. એવું માનવામાં આવતું હતું કે ભારતીય જનતા પાર્ટી બ્રિજભૂષણ શરણ સિંહને મેદાનમાં નહીં ઉતારે. આ અંગે પણ મૂંઝવણ હતી. પરંતુ લાંબા સંઘર્ષ બાદ આખરે તેમણે તેમના સ્થાને તેમના પુત્ર કરણ ભૂષણ સિંહને ટિકિટ આપી. બ્રિજભૂષણ શરણ સિંહ મહિલા કુસ્તીબાજોનું યૌન શોષણ કરવાના આરોપમાં કોર્ટમાં સુનાવણીનો સામનો કરી રહ્યા છે. તેના કારણે ભાજપને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઈન્ટરનેશનલ રેસલિંગ એસોસિએશને પણ બ્રિજભૂષણ શરણ સિંહ પર આંગળી ચીંધી હતી, જેના કારણે તેમને રેસલિંગ ફેડરેશનની ચૂંટણીથી દૂર રહેવું પડ્યું હતું. પરંતુ કુસ્તી મહાસંઘ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખવાના આશયથી તેમણે પોતાના એક નજીકના વ્યક્તિને પ્રમુખની ચૂંટણી લડાવી અને તે જીતી પણ ગયો. જ્યારે તેના પર પણ આંગળીઓ ઉઠવા લાગી ત્યારે આખરે ખેલ મંત્રાલયે બ્રિજભૂષણ શરણ સિંહના નજીકના સહયોગીને અધ્યક્ષ પદ પરથી હટાવવા પડ્યા. એ સમજવું મુશ્કેલ છે કે ભાજપ સમક્ષ એવી કઈ મજબૂરી છે કે તેને બ્રિજભૂષણ શરણ સિંહ વગર ચાલતું નથી. તેમની જગ્યાએ તેમના પુત્રને ટિકિટ આપવામાં આવી છે. આનાથી બ્રિજભૂષણ શરણ સિંહ વિશે ઉઠાવવામાં આવતા પ્રશ્નોને રોકી શકાશે નહીં. તેની પાછળનું એક કારણ એવું કહેવાય છે કે ઉત્તર પ્રદેશમાં રાજપૂત સમુદાય સતત ભાજપ પર પોતાના સમુદાયના ઉમેદવારોને ટિકિટ ન આપવાનો આરોપ લગાવી રહ્યો હતો. બીજું કારણ એ હોઈ શકે કે જો બ્રિજભૂષણને ટિકિટ આપવામાં ન આવે તો તેઓ બળવો કરે અને તે બેઠક પરથી ભાજપ હારી શકે. પરંતુ જો ભાજપ આવી રીતે બાંધછોડ કરીને એક બેઠક બચાવે તો પણ તેના સિદ્ધાંતો પર ચોક્કસ સવાલો ઊભા થાય જ છે. રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારોની પસંદગી કરતી વખતે તેમની છબીને ધ્યાનમાં રાખવી જોઈએ તેવી માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું હતું કે, રાજકીય પક્ષોએ ગુનાહિત છબી ધરાવતા લોકોને ચૂંટણી મેદાનમાં ઉતારવાનું ટાળવું જોઈએ. જો તેઓ આવા ઉમેદવારને ટિકિટ આપે છે તો તેઓએ આવું શા માટે કર્યું અને તેમના સ્થાને અન્ય કોઈ ઉમેદવાર મળ્યો છે કે કેમ તેનો ખુલાસો કરવો પડશે. અલબત્ત, ભાજપે તેમના સ્થાને બ્રિજભૂષણ શરણ સિંહના પુત્રને ટિકિટ આપીને આ જવાબદારીમાંથી છટકી ગઈ છે, પરંતુ સ્વાભાવિક છે કે તે ચૂંટણી તેમનો પુત્ર જ લડશે નહીં, એક રીતે તેઓ પોતે જ ચૂંટણી લડશે. અલબત્ત, બ્રિજભૂષણ શરણ સિંહ સામેના આરોપો હજુ સુધી સાબિત થયા નથી, પરંતુ જે રીતે મહિલા કુસ્તીબાજોએ તેમની સામે પુરાવા રજૂ કર્યા અને તપાસમાં પણ તેમની સામેના તથ્યો બહાર આવ્યા, તે જોતાં તેમને અત્યારે નિર્દોષ કહી શકાય નહીં. બ્રિજભૂષણની દબંગગીરી પણ જગજાહેર છે અને તેમનો વિરોધ કરનાર મહિલા ખેલાડીઓને દમન દ્વારા આંદોલનમાંથી કેવી રીતે દૂર કરવામાં આવ્યા એ બધા જાણે છે. આ બધાને લઈને સરકારના વલણ પર સતત સવાલો ઊઠી રહ્યા છે, તેમ છતાં તેમની જગ્યાએ તેમના પુત્રને ટિકિટ આપીને ભાજપે એક રીતે નવો વિવાદ ઊભો કર્યો છે. જેના કારણે વિપક્ષી પાર્ટીઓ અને મહિલા ખેલાડીઓની નારાજગીનો સામનો કરવો પડી શકે છે.

# નરેન્દ્ર મોદીએ ભારતમાં વિજ્ઞાનની પ્રથાને કેવી રીતે નબળી પાડી છે

## દેશની શ્રેષ્ઠ સંસ્થાઓના સંશોધકોને તેમના કાર્યને હિંદુઓ, હિંદુત્વ અને નરેન્દ્ર મોદીના વધુ ગૌરવને અનુરૂપ બનાવવા માટે કહેવામાં આવે છે

ચર્ચા - રામચંદ્ર ગુહા

૨૦૦૯માં, હું બે પ્રતિષ્ઠિત વિદ્વાનો, વૈજ્ઞાનિક સંશોધનના ટોચના ક્રમાંકિત કેન્દ્રોના નિર્દેશકો સાથે રાત્રિભોજન કરી રહ્યો હતો. બંનેએ મને કહ્યું કે તેઓ વિદેશમાં સ્થિત સંશોધકો પાસેથી ફેકલ્ટી નોકરીઓ માટે ઉત્તમ અરજીઓ પ્રાપ્ત કરી રહ્યાં છે. આ અભૂતપૂર્વ હતું; તેઓ વિદેશમાં નોકરી માટે જતા ભારતીય વૈજ્ઞાનિકોથી વધુ પરિચિત હતા. તે હજુ પણ થઈ રહ્યું હતું, અલબત્ત, પરંતુ હવે પશ્ચિમથી ભારત તરફ વિરુદ્ધ દિશામાં પણ વૈજ્ઞાનિક પ્રતિભાનો નોંધપાત્ર પ્રવાહ હતો.

બ્રેઈન ડ્રેઈનના આ આંશિક રિવર્સલ માટે ઘણા કારણો હતા. વૈશ્વિક નાણાકીય કટોકટીના કારણે પશ્ચિમી યુનિવર્સિટીઓમાં ભંડોળમાં ઘટાડો થયો છે, જેની પાસે હવે નવા ફેકલ્ટીની ભરતી કરવા માટે ઓછા પૈસા હતા. તે જ સમયે, ભારત સંશોધન અને શિષ્યવૃત્તિ પર વધુ ખર્ચ કરી રહ્યું છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં ભારતીય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થાન તરીકે ઓળખાતા ઉચ્ચ-ગુણવત્તાવાળા સંશોધન કેન્દ્રોની સાંકળની સ્થાપના કરી છે. તાજેતરના વર્ષોમાં ઘણી નવી IIT પણ આવી છે. આ બધાએ પ્રતિભાશાળી વ્યક્તિઓના પ્રવાહને તેમની ફેકલ્ટીમાં જોડાવા માટે આકર્ષ્યા હતા. ૧૯૪૦ અને ૧૯૫૦ના દાયકામાં, વિદેશમાં પીએચડી મેળવેલા કેટલાક ઉત્તમ વિદ્વાનો ભારતમાં પાછા ફર્યા, ભલે તેઓ પશ્ચિમમાં પ્રતિષ્ઠિત હોદ્દા મેળવી શક્યા હોત. (તેઓમાં ઇ.કે. જાનકી અમ્મલ, હોમી ભાભા, એમ.એસ. સ્વામીનાથન, સતીશ ધવન અને ઓબેદ સિદ્દીકી જેવા વિશ્વ કક્ષાના વૈજ્ઞાનિકોનો સમાવેશ થતો હતો.) પ્રાથમિક પ્રેરક શક્તિ તેમની દેશભક્તિ હતી. આ વ્યક્તિઓ રાષ્ટ્રીય ચળવળના સમયમાં મોટા થયા હતા અને તેના મૂલ્યોથી ઊંડે સુધી પ્રેરિત હતા. હવે જ્યારે ભારત સ્વતંત્ર હતું, તેઓ તેમના ભવિષ્યને ઘડવામાં મદદ કરવા માટે તેમના વતન પાછા ફરવા માંગતા હતા.

જો કે, પછીના દાયકાઓમાં, જેમણે વિદેશમાં પીએચડી કર્યું છે તેમની કામ કરવા માટે વિદેશમાં રહેવાની શક્યતા વધારે હતી. આ એટલા માટે હતું કારણ કે મોટાભાગના વૈજ્ઞાનિકો માટે, દેશભક્તિ ઘણીવાર પ્રાથમિક પ્રેરણા ન હતી. તેઓ સ્વતંત્ર સંશોધનને આગળ ધપાવવાની સ્વતંત્રતા, સાધારણ રીતે સારી રીતે જીવવાના માધ્યમો, એક સામાજિક વાતાવરણ કે જેમાં તેઓ કુટુંબનો ઉછેર કરી શકે તે પણ ઈચ્છે છે. તેઓ તેમના પોતાના દેશમાં કામ કરવા માંગે છે, પરંતુ જો આ અન્ય માપદંડો પણ પૂર્ણ થાય તો જ.

૨૦૦૯માં, જે વર્ષે મેં બેંગલુરુમાં તે વાતચીત કરી હતી, ભારતીય વૈજ્ઞાનિક ઈકોસિસ્ટમ તે તાજેતરના સમય કરતાં વધુ આશાસ્પદ દેખાતી હતી. અર્થવ્યવસ્થા સારી રીતે ચાલી રહી હતી, જેના કારણે શૈક્ષણિક પગારમાં વધારો થયો હતો અને સામાજિક માળખું પણ પાછલા દાયકાઓ કરતાં વધુ સહનશીલ, વધુ અનુકૂળ દેખાતું હતું. ૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ ઓછું થયું હોવાનું જણાયું હતું.

નાણાકીય સુરક્ષા અને સામાજિક સ્થિરતાની આશા રાખતા સ્વતંત્ર સંશોધનને આગળ ધપાવવા માંગતા યુવા વૈજ્ઞાનિક માટે, તેથી ૧૯૯૯ અથવા ૧૯૮૯ અથવા ૧૯૭૯ કરતાં ભારતમાં નોકરીની શોધ કરવા માટે ૨૦૦૯ વધુ સારો સમય હતો. અને તેથી, વિદેશમાં શિક્ષિત વધુ વૈજ્ઞાનિકો પાછા વળ્યા હતા. તેઓએ પશ્ચિમ તરફ પીઠ કરી અને કામ માટે દેશમાં પાછા ફર્યા.

પંદર વર્ષ પછી, વિદેશમાં પીએચડી કરીને ભારત પાછા ફરવા ઈચ્છતા યુવા વૈજ્ઞાનિક માટે હવે સ્થિતિ એટલી આકર્ષક હશે ? મને ગંભીરતાથી શંકા છે. આ મોટે ભાગે એટલા માટે છે કારણ કે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની વર્તમાન સરકાર મનમોહનસિંહની આગેવાની કરતા વૈજ્ઞાનિક સંશોધન માટે વધુ પ્રતિકૂળ છે. પોતે એક વિદ્વાન, વિશ્વની બે મહાન યુનિવર્સિટીઓમાં ભણેલા, સિંઘે આધુનિક વિજ્ઞાનના યોગદાનની ઊંડી પ્રશંસા કરી.

બીજી બાજુ મોદી, એક સ્વયંસંચાલિત છે, અને બૌદ્ધિક વંશાવલિ ધરાવતા લોકોને તિરસ્કાર




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ અવકાશયાનના સફળ ચંદ્ર ઉતરાણ માટે ભારતીય અવકાશ સંશોધન સંસ્થાને અભિનંદન પાઠવ્યા છે.

કરે છે (તેમની ટિપ્પણીને ધ્યાનમાં લો કે તેઓ "હાર્વર્ડ કરતાં સખત મહેનત" કરનારાને પસંદ કરે છે). એ વાત સાચી છે કે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં ભણેલા પુરૂષો (કદાચ સ્ત્રીઓ ઓછી હોય છે) અહંકારી અને લુચ્ચાઈવાળા અને આમ આદમીના જીવનથી દૂર રહી શકે છે. પરંતુ વૈજ્ઞાનિક સંશોધનના નક્કર માળખા વિના, કોઈપણ અર્થતંત્ર અથવા રાષ્ટ્ર ક્યારેય સતત પ્રગતિનો આનંદ માણી શકે નહીં. આ ૨૫૯૫ણે જવાહરલાલ નહેરૂની વિચારસરણી હતી, જેમણે IITની સ્થાપના કરી હતી અને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચને મજબૂત સમર્થન આપ્યું હતું અને મનમોહન સિંઘ, જેમણે IISERની સ્થાપના કરવામાં મદદ કરી હતી. નહેરૂ અને સિંહ વચ્ચેના વડાપ્રધાનોએ એ જ રીતે મૂળભૂત સંશોધનને પ્રોત્સાહન આપ્યું, ખાસ કરીને જીવવિજ્ઞાનમાં, જે હવે વિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્ર સાથે સૌથી મહત્વપૂર્ણ હરીફાઈ કરી રહ્યું છે.

વધુ અગાઉ નહીં પણ ૧૯૮૦ના દાયકા સુધીમાં તો સ્વદેશમાં ઉભી કરવામાં આવેલી સંસ્થાઓ પોતે ઉત્કૃષ્ટ પીએચડીનો પ્રવાહ ઉત્પન્ન કરતી હતી. ભારતીય વિજ્ઞાન હવે વિદેશથી પાછા ફરતા લોકો જેટલું જ સ્થાનિક રીતે પ્રશિક્ષિત પ્રતિભાને આકર્ષિત કરી શકતું હતું.

૨૦૧૪થી આ બધું બદલાઈ ગયું છે. નરેન્દ્ર મોદી પાસે ટેક્નોલોજીકલ એપ્લિકેશન માટે ઓછો સમય છે જેના ફળો તેમને માટે રાજકીય મૂડી લાવી શકે. તેથી ભારતીય અવકાશ સંશોધન સંસ્થાને તેમનું સમર્થન મળ્યું. તેમ છતાં તેમને વૈજ્ઞાનિક અને તકનીકી સંશોધનને પ્રોત્સાહન આપવામાં ઓછો રસ છે. એટલા માટે તેમણે હિંદુત્વના વિચારધારકોને IITની કામગીરીમાં બિનજરૂરી દખલ કરવાની મંજૂરી આપી છે. જ્યારે, ભૂતકાળમાં, આ સંસ્થાઓના નિર્દેશકોની પસંદગી ફક્ત તેમના શૈક્ષણિક સાથીદારો દ્વારા કરવામાં આવતી હતી, મોદી શાસન હેઠળ પસંદગી પામેલાઓની જમણેરીઓ દ્વારા સક્રિયપણે તપાસ કરવામાં આવે છે, જેઓ તેમની લાઈનને અનુસરે તેવી સંભાવના છે. એકવાર ઑફિસમાં આવ્યા પછી, IITના કેટલાક ડિરેક્ટરો સંઘી કટ્ટરપંથીઓને ઝીણવટપૂર્વક નમસ્કાર કરે છે, માંસ ખાનારા ભારતીયોને બદનામ કરે છે, કેમ્પસમાં ગૌશાળાઓ ખોલે છે, સ્વતંત્ર વિચારધારા ધરાવતા વિદ્વાનોને તેમના વિદ્યાર્થીઓ સાથે વાત કરવાથી વિમુખ કરે છે.

હિંદુત્વ દ્વારા ભારતીય વિજ્ઞાનની વૈચારિક ઘૂંસપેંઠ ગયા મહિને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ દ્વારા જારી કરાયેલી નવ લિંક્ડ ટ્વીટ્સની શ્રેણી દ્વારા સ્પષ્ટપણે દર્શાવવામાં આવી હતી. રામ નવમીના દિવસે અયોધ્યામાં નવા મંદિરમાં સૂર્યપ્રકાશ દેવતા પર ચમકવા દે તેવી સિસ્ટમ ડિઝાઈન કરવા માટે આ લોકોએ બેંગ્લોરમાં ભારતીય એસ્ટ્રોફિઝિક્સ સંસ્થાની ખૂબ પ્રશંસા કરી. સરકારની વૈજ્ઞાનિક સ્થાપનાના વડા તરીકે તેમની નોકરી સંભાળતા પહેલા, ટ્વીટ્સ જારી કરનાર વ્યક્તિ કાનપુર સ્થિત શ્રેષ્ઠ IITમાંના એકના ડિરેક્ટર હતા. તેથી તેમના ટ્વીટ પર સોશિયલ મીડિયા પર તીવ્ર ટિપ્પણીઓ થઈ. કેટલાક વિવેચકોએ તો ત્યાં સુધી કહ્યું કે ભારતીય વિજ્ઞાનના મહાન યોગદાન તરીકે સેક્રેટરી જેની પ્રશંસા કરી રહ્યા હતા તે એક હોંશિયાર હાઈસ્કૂલના વિદ્યાર્થી દ્વારા પણ પરિપૂર્ણ થઈ શકે છે. હું આ બાબતને એક મિત્ર પાસે લઈ ગયો, જેણે ભારતમાં ઘણા દાયકાઓ ભણાવતા અને સંશોધન કરતાં પહેલાં અમેરિકાની એક મોટી યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રમાં પીએચડી કર્યું હતું. તેમણે મને ધીરજપૂર્વક સમજાવ્યું કે કેવી રીતે કલાત્મક રીતે લેન્સ અને અરીસાઓની રચના કરીને અને તેમને વ્યૂહાત્મક રીતે યોગ્ય સ્થાનો પર મૂકીને, અને સૂર્ય અને ચંદ્ર ચક્ર વચ્ચેના વિસંગતતા/સંયોજનની ગણતરી કરીને, નિર્ધારિત દિવસે અયોધ્યામાં મૂર્તિ પર સૂર્યપ્રકાશ પ્રગટાવવામાં આવ્યો હતો. આ રીતે વિજ્ઞાન સાધારણ રીતે અત્યાધુનિક હતું, પરંતુ કોઈ પણ રીતે ગ્રાઉન્ડ બ્રેકિંગ નહોતું, અને ચોક્કસપણે દેશના ટોચના વૈજ્ઞાનિક મહાનુભાવ દ્વારા આ રીતે પ્રશંસા કરવાને લાયક નહોતું.

શક્ય છે કે ડીએસટી સેક્રેટરી ધર્મપ્રેમી હિંદુ હોય. તેમ છતાં તે ચોક્કસપણે જાણે છે કે વડાપ્રધાને મંદિરનું ઉદ્ઘાટન સામાન્ય ચૂંટણીના થોડાક મહિના પહેલાં જ કર્યું હતું તે આધ્યાત્મિક કારણોના બદલે રાજકીય કારણોસર હતું, જ્યારે પોતે તેના મુખ્ય દીક્ષાકાર અને પ્રેરક તરીકે, ખરેખર, તેના મુખ્ય પૂજારી તરીકે પોતાને રજૂ કરે છે. ડીએસટી સેક્રેટરીએ એ પણ જાણવું જોઈએ કે ભારતીય એસ્ટ્રોફિઝિક્સ સંસ્થાને માત્ર પથ્થરની મૂર્તિ પર પ્રકાશ પાડવા કરતાં વધુ નોંધપાત્ર વૈજ્ઞાનિક કાર્ય કરવાની ફરજ છે.

તેમ છતાં, તેમણે પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા કરવામાં આવેલ સૌથી નિમ્ન વૈજ્ઞાનિક કાર્યોમાંનું એક શું હોઈ શકે તે પ્રકાશિત કરવાનું પસંદ કર્યું. આ મામલો વડાપ્રધાનના પાલતુ રાજકીય પ્રોજેક્ટથી સંબંધિત છે, અને આ મતદાન શરૂ થવાના થોડા દિવસો પહેલા હતું, તે સંયોગ હોવાની કોઈ શક્યતા નથી.

મોદી સરકારના પ્રેસ પરના હુમલાઓ, સિવિલ સર્વિસીસ અને રાજદ્વારીઓનું રાજકીયકરણ, સશસ્ત્ર દળોને સાંપ્રદાયિક બનાવવાના પ્રયાસો અને સ્વતંત્ર નિયમનકારી સંસ્થાઓને આધીન બનાવવાના પ્રયાસો - આ બધાનું વ્યાપકપણે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. ભારતમાં વિજ્ઞાનની પ્રેક્ટિસને ઓછી કરવામાં આવી છે. કદાચ DST સેક્રેટરીની ખોટી રીતે પસંદ કરાયેલી (તેમજ અયોગ્ય) ટ્વીટ્સ આખરે આપણને આ શાસને તેના સંબંધમાં કરેલા નુકસાન વિશે વધુ વાકેફ કરશે. નાઝીઓના જાતિ સિદ્ધાંતે જર્મન વિજ્ઞાનનો નાશ કર્યો. માર્ક્સવાદના રાજકીય સિદ્ધાંતોએ રશિયન વિજ્ઞાનને દાયકાઓ સુધી પાછળ મૂકી દીધું. હવે, આપણા પોતાના દેશમાં, આપણી શ્રેષ્ઠ સંસ્થાઓના સંશોધકોને તેમના કાર્યને હિંદુઓ, હિંદુત્વ અને નરેન્દ્ર મોદીના વધુ ગૌરવને અનુરૂપ બનાવવા માટે કહેવામાં આવે છે. ભારતમાં વિજ્ઞાનની પ્રેક્ટિસ અને વૈજ્ઞાનિકોના મનોબળ પર આની શું અસર થશે ? જ્યારે વિજ્ઞાનની રુચિઓ રાજકારણ અને ધર્મના હિતોને સંપૂર્ણપણે આધીન છે, ત્યારે અહીં કામ કરતા કયા તેજસ્વી સંશોધકો વિદેશની આકર્ષક ઓફરોનો પ્રતિકાર કરશે ? અને વિદેશમાં પ્રશિક્ષિત કયા વૈજ્ઞાનિકો તેમના વતનમાં કામ કરવા પાછા ફરે તેવી શક્યતા છે ? (સૌ. : સ્ક્રોલ.ઈન)

# સુરતના પરિવારનું ત્રણ પેઢીનું એક સાથે મતદાન દાદા-પુત્ર તથા બન્ને પૌત્રીઓ સાથે મતદાન કર્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

સુરત શહેરના સેન્ટ ઝેવિયર્સ શાળાના મતદાન મથકમાં બુધિયા પરિવારની ત્રણ પેઢીના સભ્યોએ સાથે મળીને મતદાન કરીને લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. ૭૪ વર્ષીય સાંવરપ્રસાદ બુધિયા તથા તેમના ૫૦ વર્ષીય પુત્ર વિશાલ તથા તેમની પૌત્રીઓ ખુશી અને ઝીલ બુધિયા સાથે મતદાન કર્યું છે. પ્રથમવાર મતદાન કરનાર ૨૦ વર્ષીય ખુશીએ જણાવ્યું કે, જ્યારે કોઈ પ્રસંગની રાહ જોઈએ તેમ મતદાન માટે ઘણા દિવસોથી રાહ જોતી હતી. પ્રથમવાર મતદાન કરીને દેશના જવાબદાર નાગરિક તરીકેની ફરજ અદા કરી છે એમ જણાવી તમામ ચૂંટણીઓમાં સૌને મતદાન કરવાનો અનુરોધ કર્યો હતો. નાની બહેન ૧૮ વર્ષીય ઝીલે પણ પ્રથમવાર મતદાન કરીને અત્યંત આનંદની અનુભુતિ કરતા કહ્યું કે, જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા પણ મતદારોને આકર્ષવા માટે સખી મતદાન મથકો, આદર્શ તથા યુવા મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે, જેના કારણે મતદાન કરવાની પ્રેરણા મળે છે તેમજ ચૂંટણી પ્રક્રિયાના ચીલાચાલુ માહોલનો અનુભવ નથી થતો પણ લોકોનું ,મતદાન કેન્દ્ર સાથે અટેચમેન્ટ જળવાઈ રહે છે એમ જણાવી આ થીમ બેઝ મતદાન મથકો ઉભા કરવા બદલ તંત્રને શુભેચ્છા પાઠવી હતી.



# વેરાવળની શાળામાં ધો. ૨માં અભ્યાસ કરતી બાળાએ ૯૬.૩૩ ટકા ગુણ મેળવ્યા

## શાળાના શિક્ષકો દ્વારા ગિફ્ટ આપી સન્માન કરાયું

પ્રભાસ પાટણ, તા.૭



તાજેતરમાં જ ગીર સોમનાથ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ હેઠળની શાળાઓ દ્વારા વર્ષ-૨૦૨૪ના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં વેરાવળની સૌરભ પ્રથમિક શાળામાં ધો.૨માં અભ્યાસ કરતી કાઠી આદિયા સાજીદભાઈએ ધો.૨માં નોંધનીય માર્ક્સ લાવતાની સાથે શાળામા યોજાતી અન્ય પ્રવૃતિઓમાં પણ ઉત્કૃષ્ટ રીતે ભાગ લેવાના કારણે શાળાના શિક્ષકો દ્વારા ગીફ્ટ આપી સન્માન કરવામાં આવ્યુ હતું. ગીર સોમનાથ જિલ્લા માહિતી કચેરીમાં ફરજ બજાવતા સાજીદભાઈ કાઠીની પુત્રી આદિયાએ ધો.૨માં ૯૬.૩૩ ટકા મેળવી કાઠી પરિવારનું ગૌરવ વધાર્યું હતું. તાજેતરમાં જ સૌરભ પ્રાથમિક શાળા દ્વારા વર્ષ-૨૦૨૪ના પરિણામ પત્રક જાહેર કરવામાં આવ્યા છે. જેમાં કાઠી આદિયા સાજીદભાઈએ ધો.૨ના ૬ વિષયના ૬૦૦માંથી ૫૭૮ ગુણ મેળવી ૯૬.૩૩ ટકા પ્રાપ્ત કરેલ છે. આદિયાએ ધો.૨ના વિષય જેવા કે, ગુજરાતીમાં ૯૮, ગણિતમાં ૯૯, અંગ્રેજીમાં ૯૫, હિન્દીમાં ૯૭, ચિત્રકલામાં ૯૨ અને સર્જનાત્મક પ્રવૃતિમાં ૯૭ ગુણ મેળવી કાઠી પરિવારનું ગૌરવ વધાર્યું છે.

લોકશાહીના પર્વની અનોખી ઉજવણી

# સુરતના ભટારમાં મતદારો ઢોલ-નગારા સાથે મતદાન મથકે પહોંચ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

સુરત ભારે ગરમી વચ્ચે પણ ઠેરઠેર સુરતીઓમાં મતદાન માટે અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. નવસારી લોકસભા બેઠકના મતદારોએ ઢોલનગારા સાથે આખી સોસાયટીના રહીશોએ ભેગા મળી વોટિંગ કરવા માટે રસ દાખવ્યો છે. સુરતમાં નવસારી-બારડોલી લોકસભા બેઠક માટે મતદાન ચાલી રહ્યું છે. નવસારી લોકસભા બેઠકના મતદારોએ ઢોલ નગારા સાથે આખી સોસાયટીના રહીશો મતદાન કરવા પહોંચ્યાં હતાં. નવસારી બેઠકના ભટાર વિસ્તારની સૂર્ય પ્લાઝા સોસાયટીના રહીશોએ ૧૦૦ ટકા મતદાન થાય તેઓ સંકલ્પ કર્યો હતો. આ સોસાયટીના લોકોએ પોતાની સોસાયટીમાં રહેતા વડીલોને મતદાન માટે કોઈ મુશ્કેલી ન પડે તે માટે સૌથી પહેલા વ્હીલચેરમાં વડીલોને મતદાન કરાવવા લઈ ગયા હતા. ત્યારબાદ સોસાયટીના લોકો પોતે મતદાન કરવા માટે પહોંચ્યા હતા. સાંજ સુધીમાં સોસાયટીનું ૧૦૦ ટકા મતદાન થાય તેવો દાવો કર્યો હતો.

# મહીસાગર જિલ્લામાં ઉત્સાહપૂર્ણ માહોલમાં મતદાનનો પ્રારંભ

લુણાવાડા, તા.૭

લોકશાહીના અવસર સમી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાન શાંતિપૂર્ણ માહોલમાં શરૂઆત થયું છે. ત્યારે મહીસાગર જિલ્લામાં વડીલો, મહિલાઓ અને યુવાઓ સવાર સવારમાં જ મતદાન માટે ઉમટ્યા હતાં અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ સાથે સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં પણ નાગરિકો ઉત્સાહભેર મોટી સંખ્યામાં મતદાન માટે ઉમટી રહ્યાં છે. મહીસાગર જિલ્લાવાસીઓમાં ચૂંટણીનો અનોખો ઉત્સાહભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. ચૂંટણી માટે દિવ્યાંગો, વૃદ્ધો, થર્ડ જેન્ડરો અને મહિલા મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. તેમજ હીટવેવને ધ્યાને રાખીને તમામ મતદાન મથકો ખાતે પીવાના પાણીની વ્યવસ્થા, છાયાની વ્યવસ્થા તેમજ ORS અને જરૂ પડે તો સારવારની વ્યવસ્થાઓ પણ રાખવામાં આવી છે.



# પાલનપુરની રાજવી સ્કૂલમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ યોજાયો




પાલનપુર,તા.૬

પાલનપુરની રાજવી સ્કૂલમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ, ધો.૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ, શિક્ષકોનો સન્માન સમારંભ, ઈદ સ્નેહ મિલન સમારંભ પ્રસિદ્ધ કેળવણીકાર ગુલામરસુલ દેગરોટિયાનું પુસ્તક કેળવણીની કલમે-૨નું વિમોચન સમારંભ યોજાયો. આ કાર્યક્રમમાં સૈયદ મહેમુદ શિબ્ગાનુલ્લાહ (CEO Managing Director/M.S./Teeh Global LLC DUBAI UAE) ડો. અલતાફ શેઠ (Inter CA BBM સ્કોલર હોપ ક્રોપના ડો. ઓર્ડિનેટર) ગુલામ હુસેન દેગરરોટિયા (પ્રસિદ્ધ કેળવણીકાર) ઈસ્માઈલ શેરૂ (ખેત સંશોધન ક્ષેત્રે રાજકક્ષાનો તથા અન્ય અનેક એવોર્ડ વિજેતા) તથા જનસેવા એ જ પ્રભુસેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. ત્યાર બાદ સંસ્થાના પ્રમુખ સૈયદ સમીઉલ્લાહએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત મહેમાનોએ શૈક્ષણિક જાગૃતિ બાબતે બાળકો અને ઉપસ્થિત વાલીઓને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યા હતા. ત્યાર બાદ શાળાની વર્ષ દરમ્યાનની આંતરિક હરીફાઈઓના વિજેતા વિદ્યાર્થીઓ, શાળાના તેજસ્વી તારલાઓ ખેલ મહોત્સવના પ્રથમ નંબરે આવેલા વિદ્યાર્થીઓ, ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વનો રંગોત્સવ કાર્યક્રમમાં ભાગ લેનારા તમામ અંદાજે ૧૫૦ બાળકોને ઈનામ સાથે સન્માનપત્ર તથા શાળાના શિક્ષકોને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. એની સાથે ઉપસ્થિત મહેમાનોને હસ્તે પ્રસિદ્ધ એની સાથે ઉપસ્થિત મહેમાનોને હસ્તે પ્રસિદ્ધ કેળવણીકાર અને પૂર્વ પ્રિન્સિપાલ ગુલામરસુલ દેગરોટિયાનું બીજુ પુસ્તક કેળવણીની કલમેનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જનસેવા એ જ પ્રભુસેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી તમામ ૩૦૦ જેટલા બાળકોને અલ્પાહાર આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીગણ તેમજ શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ સંસ્થાના પરામર્શક એ.જે. મોગલે કરી હતી. તથા કાર્યક્રમનું સંચાલન જહાંગીરભાઈ શેખ તથા સલાટ રાનિયાએ કર્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય જયેશ પી. સોલંકીએ કર્યું હતું.

# શિનોરમાં વસાવા સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો



શિનોર મુકામે ગોપાલ કોટન જીનના મેદાનમાં વસાવા સમાજનો સર્વ પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૨૩ યુગલોના લગ્ન થયા હતા. શિનોર વસાવા હિત રક્ષક સમિતિના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી દાતા ઓના વિશેષ ફાળા અને સહયોગથી સફળ આયોજન કર્યું હતું. નવ દંપતીને સાધુ, સંતો તેમજ સમાજના આગેવાનો ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા.

# ૯૨ વર્ષીય વયોવૃદ્ધે મતદાન કરીને લોકશાહીના પર્વની ઉજવણી કરી

સુરત શહેરના ઘોડદોડ રોડ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે મજૂરા વિધાનસભા વિસ્તારના મતદાન મથકે મત આપવા પહોંચેલા ૯૨ વર્ષીય શાંતારામ નંદવાણીએ મતદાનની પવિત્ર ફરજ અદા કરી હતી. તેમણે જણાવ્યું કે, હું દરેક ચૂંટણીમાં મતદાન કરીને મારી ફરજ અદા કરૂ છું. તેમણે કહ્યું કે, મને ચાલવામાં તકલીફ તથા શ્વાસની તકલીફ છે, ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અશક્ત, વૃદ્ધ, દિવ્યાંગ મતદારો માટે કરેલી ઉમદા વ્યવસ્થા ઉપકારક બની છે. અમે સરળતાથી મતદાન કર્યું અને લોકશાહીની ફરજ બજાવી એનો મને ગર્વ છે. લોકશાહીના આ અવસરમાં મતદાન કરવું દરેક નાગરિકની ફરજ છે. દેશનો પ્રત્યેક મતદાર પોતાનો કિંમતી મત આપે એ દેશહિત માટે જરૂરી છે



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# બ્રિજભૂષણ બાબતે ભાજપની એવી તે કઈ મજબૂરી છે ??

હવે એ તો સ્પષ્ટ થઈ ગયું છે કે રાજકીય પક્ષો પાસેથી ઉમેદવારની સ્વચ્છ છબીનું ધ્યાન રાખવાની ગમે તેટલી અપેક્ષા અને માંગણી કરવામાં આવે તેમનો ઉદ્દેશ્ય એક જ છે કે તેઓ એવાને ઉમેદવાર બનાવે છે જેની જીતવાની તકો વધુ હોય, પછી ભલે તે ગુનાહિત છબી ધરાવતો હોય. એવું માનવામાં આવતું હતું કે ભારતીય જનતા પાર્ટી બ્રિજભૂષણ શરણ સિંહને મેદાનમાં નહીં ઉતારે. આ અંગે પણ મૂંઝવણ હતી. પરંતુ લાંબા સંઘર્ષ બાદ આખરે તેમણે તેમના સ્થાને તેમના પુત્ર કરણ ભૂષણ સિંહને ટિકિટ આપી. બ્રિજભૂષણ શરણ સિંહ મહિલા કુસ્તીબાજોનું યૌન શોષણ કરવાના આરોપમાં કોર્ટમાં સુનાવણીનો સામનો કરી રહ્યા છે. તેના કારણે ભાજપને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઈન્ટરનેશનલ રેસલિંગ એસોસિએશને પણ બ્રિજભૂષણ શરણ સિંહ પર આંગળી ચીંધી હતી, જેના કારણે તેમને રેસલિંગ ફેડરેશનની ચૂંટણીથી દૂર રહેવું પડ્યું હતું. પરંતુ કુસ્તી મહાસંઘ પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખવાના આશયથી તેમણે પોતાના એક નજીકના વ્યક્તિને પ્રમુખની ચૂંટણી લડાવી અને તે જીતી પણ ગયો. જ્યારે તેના પર પણ આંગળીઓ ઉઠવા લાગી ત્યારે આખરે ખેલ મંત્રાલયે બ્રિજભૂષણ શરણ સિંહના નજીકના સહયોગીને અધ્યક્ષ પદ પરથી હટાવવા પડ્યા. એ સમજવું મુશ્કેલ છે કે ભાજપ સમક્ષ એવી કઈ મજબૂરી છે કે તેને બ્રિજભૂષણ શરણ સિંહ વગર ચાલતું નથી. તેમની જગ્યાએ તેમના પુત્રને ટિકિટ આપવામાં આવી છે. આનાથી બ્રિજભૂષણ શરણ સિંહ વિશે ઉઠાવવામાં આવતા પ્રશ્નોને રોકી શકાશે નહીં. તેની પાછળનું એક કારણ એવું કહેવાય છે કે ઉત્તર પ્રદેશમાં રાજપૂત સમુદાય સતત ભાજપ પર પોતાના સમુદાયના ઉમેદવારોને ટિકિટ ન આપવાનો આરોપ લગાવી રહ્યો હતો. બીજું કારણ એ હોઈ શકે કે જો બ્રિજભૂષણને ટિકિટ આપવામાં ન આવે તો તેઓ બળવો કરે અને તે બેઠક પરથી ભાજપ હારી શકે. પરંતુ જો ભાજપ આવી રીતે બાંધછોડ કરીને એક બેઠક બચાવે તો પણ તેના સિદ્ધાંતો પર ચોક્કસ સવાલો ઊભા થાય જ છે. રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારોની પસંદગી કરતી વખતે તેમની છબીને ધ્યાનમાં રાખવી જોઈએ તેવી માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું હતું કે, રાજકીય પક્ષોએ ગુનાહિત છબી ધરાવતા લોકોને ચૂંટણી મેદાનમાં ઉતારવાનું ટાળવું જોઈએ. જો તેઓ આવા ઉમેદવારને ટિકિટ આપે છે તો તેઓએ આવું શા માટે કર્યું અને તેમના સ્થાને અન્ય કોઈ ઉમેદવાર મળ્યો છે કે કેમ તેનો ખુલાસો કરવો પડશે. અલબત્ત, ભાજપે તેમના સ્થાને બ્રિજભૂષણ શરણ સિંહના પુત્રને ટિકિટ આપીને આ જવાબદારીમાંથી છટકી ગઈ છે, પરંતુ સ્વાભાવિક છે કે તે ચૂંટણી તેમનો પુત્ર જ લડશે નહીં, એક રીતે તેઓ પોતે જ ચૂંટણી લડશે. અલબત્ત, બ્રિજભૂષણ શરણ સિંહ સામેના આરોપો હજુ સુધી સાબિત થયા નથી, પરંતુ જે રીતે મહિલા કુસ્તીબાજોએ તેમની સામે પુરાવા રજૂ કર્યા અને તપાસમાં પણ તેમની સામેના તથ્યો બહાર આવ્યા, તે જોતાં તેમને અત્યારે નિર્દોષ કહી શકાય નહીં. બ્રિજભૂષણની દબંગગીરી પણ જગજાહેર છે અને તેમનો વિરોધ કરનાર મહિલા ખેલાડીઓને દમન દ્વારા આંદોલનમાંથી કેવી રીતે દૂર કરવામાં આવ્યા એ બધા જાણે છે. આ બધાને લઈને સરકારના વલણ પર સતત સવાલો ઊઠી રહ્યા છે, તેમ છતાં તેમની જગ્યાએ તેમના પુત્રને ટિકિટ આપીને ભાજપે એક રીતે નવો વિવાદ ઊભો કર્યો છે. જેના કારણે વિપક્ષી પાર્ટીઓ અને મહિલા ખેલાડીઓની નારાજગીનો સામનો કરવો પડી શકે છે.

# નરેન્દ્ર મોદીએ ભારતમાં વિજ્ઞાનની પ્રથાને કેવી રીતે નબળી પાડી છે

## દેશની શ્રેષ્ઠ સંસ્થાઓના સંશોધકોને તેમના કાર્યને હિંદુઓ, હિંદુત્વ અને નરેન્દ્ર મોદીના વધુ ગૌરવને અનુરૂપ બનાવવા માટે કહેવામાં આવે છે

ચર્ચા
- રામચંદ્ર ગુહા

૨૦૦૯માં, હું બે પ્રતિષ્ઠિત વિદ્વાનો, વૈજ્ઞાનિક સંશોધનના ટોચના ક્રમાંકિત કેન્દ્રોના નિર્દેશકો સાથે રાત્રિભોજન કરી રહ્યો હતો. બંનેએ મને કહ્યું કે તેઓ વિદેશમાં સ્થિત સંશોધકો પાસેથી ફેકલ્ટી નોકરીઓ માટે ઉત્તમ અરજીઓ પ્રાપ્ત કરી રહ્યાં છે. આ અભૂતપૂર્વ હતું; તેઓ વિદેશમાં નોકરી માટે જતા ભારતીય વૈજ્ઞાનિકોથી વધુ પરિચિત હતા. તે હજુ પણ થઈ રહ્યું હતું, અલબત્ત, પરંતુ હવે પશ્ચિમથી ભારત તરફ વિરુદ્ધ દિશામાં પણ વૈજ્ઞાનિક પ્રતિભાનો નોંધપાત્ર પ્રવાહ હતો.

બ્રેઈન ડ્રેઈનના આ આંશિક રિવર્સલ માટે ઘણા કારણો હતા. વૈશ્વિક નાણાકીય કટોકટીના કારણે પશ્ચિમી યુનિવર્સિટીઓમાં ભંડોળમાં ઘટાડો થયો છે, જેની પાસે હવે નવા ફેકલ્ટીની ભરતી કરવા માટે ઓછા પૈસા હતા. તે જ સમયે, ભારત સંશોધન અને શિષ્યવૃત્તિ પર વધુ ખર્ચ કરી રહ્યું છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં ભારતીય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થાન તરીકે ઓળખાતા ઉચ્ચ-ગુણવત્તાવાળા સંશોધન કેન્દ્રોની સાંકળની સ્થાપના કરી છે. તાજેતરના વર્ષોમાં ઘણી નવી IIT પણ આવી છે. આ બધાએ પ્રતિભાશાળી વ્યક્તિઓના પ્રવાહને તેમની ફેકલ્ટીમાં જોડાવા માટે આકર્ષ્યા હતા. ૧૯૪૦ અને ૧૯૫૦ના દાયકામાં, વિદેશમાં પીએચડી મેળવેલા કેટલાક ઉત્તમ વિદ્વાનો ભારતમાં પાછા ફર્યા, ભલે તેઓ પશ્ચિમમાં પ્રતિષ્ઠિત હોદ્દા મેળવી શક્યા હોત. (તેઓમાં ઇ.કે. જાનકી અમ્મલ, હોમી ભાભા, એમ.એસ. સ્વામીનાથન, સતીશ ધવન અને ઓબેદ સિદ્દીકી જેવા વિશ્વ કક્ષાના વૈજ્ઞાનિકોનો સમાવેશ થતો હતો.) પ્રાથમિક પ્રેરક શક્તિ તેમની દેશભક્તિ હતી. આ વ્યક્તિઓ રાષ્ટ્રીય ચળવળના સમયમાં મોટા થયા હતા અને તેના મૂલ્યોથી ઊંડે સુધી પ્રેરિત હતા. હવે જ્યારે ભારત સ્વતંત્ર હતું, તેઓ તેમના ભવિષ્યને ઘડવામાં મદદ કરવા માટે તેમના વતન પાછા ફરવા માંગતા હતા.

જો કે, પછીના દાયકાઓમાં, જેમણે વિદેશમાં પીએચડી કર્યું છે તેમની કામ કરવા માટે વિદેશમાં રહેવાની શક્યતા વધારે હતી. આ એટલા માટે હતું કારણ કે મોટાભાગના વૈજ્ઞાનિકો માટે, દેશભક્તિ ઘણીવાર પ્રાથમિક પ્રેરણા ન હતી. તેઓ સ્વતંત્ર સંશોધનને આગળ ધપાવવાની સ્વતંત્રતા, સાધારણ રીતે સારી રીતે જીવવાના માધ્યમો, એક સામાજિક વાતાવરણ કે જેમાં તેઓ કુટુંબનો ઉછેર કરી શકે તે પણ ઈચ્છે છે. તેઓ તેમના પોતાના દેશમાં કામ કરવા માંગે છે, પરંતુ જો આ અન્ય માપદંડો પણ પૂર્ણ થાય તો જ.

૨૦૦૯માં, જે વર્ષે મેં બેંગલુરુમાં તે વાતચીત કરી હતી, ભારતીય વૈજ્ઞાનિક ઈકોસિસ્ટમ તે તાજેતરના સમય કરતાં વધુ આશાસ્પદ દેખાતી હતી. અર્થવ્યવસ્થા સારી રીતે ચાલી રહી હતી, જેના કારણે શૈક્ષણિક પગારમાં વધારો થયો હતો અને સામાજિક માળખું પણ પાછલા દાયકાઓ કરતાં વધુ સહનશીલ, વધુ અનુકૂળ દેખાતું હતું. ૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ ઓછું થયું હોવાનું જણાયું હતું.

નાણાકીય સુરક્ષા અને સામાજિક સ્થિરતાની આશા રાખતા સ્વતંત્ર સંશોધનને આગળ ધપાવવા માંગતા યુવા વૈજ્ઞાનિક માટે, તેથી ૧૯૯૯ અથવા ૧૯૮૯ અથવા ૧૯૭૯ કરતાં ભારતમાં નોકરીની શોધ કરવા માટે ૨૦૦૯ વધુ સારો સમય હતો. અને તેથી, વિદેશમાં શિક્ષિત વધુ વૈજ્ઞાનિકો પાછા વળ્યા હતા. તેઓએ પશ્ચિમ તરફ પીઠ કરી અને કામ માટે દેશમાં પાછા ફર્યા.

પંદર વર્ષ પછી, વિદેશમાં પીએચડી કરીને ભારત પાછા ફરવા ઈચ્છતા યુવા વૈજ્ઞાનિક માટે હવે સ્થિતિ એટલી આકર્ષક હશે ? મને ગંભીરતાથી શંકા છે. આ મોટે ભાગે એટલા માટે છે કારણ કે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની વર્તમાન સરકાર મનમોહનસિંહની આગેવાની કરતા વૈજ્ઞાનિક સંશોધન માટે વધુ પ્રતિકૂળ છે. પોતે એક વિદ્વાન, વિશ્વની બે મહાન યુનિવર્સિટીઓમાં ભણેલા, સિંઘે આધુનિક વિજ્ઞાનના યોગદાનની ઊંડી પ્રશંસા કરી.

બીજી બાજુ મોદી, એક સ્વયંસંચાલિત છે, અને બૌદ્ધિક વંશાવલિ ધરાવતા લોકોને તિરસ્કાર



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ અવકાશયાનના સફળ ચંદ્ર ઉતરાણ માટે ભારતીય અવકાશ સંશોધન સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા.

કરે છે (તેમની ટિપ્પણીને ધ્યાનમાં લો કે તેઓ "હાર્વર્ડ કરતાં સખત મહેનત" કરનારાને પસંદ કરે છે). એ વાત સાચી છે કે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં ભણેલા પુરૂષો (કદાચ સ્ત્રીઓ ઓછી હોય છે) અહંકારી અને લુચ્ચાઈવાળા અને આમ આદમીના જીવનથી દૂર રહી શકે છે. પરંતુ વૈજ્ઞાનિક સંશોધનના નક્કર માળખા વિના, કોઈપણ અર્થતંત્ર અથવા રાષ્ટ્ર ક્યારેય સતત પ્રગતિનો આનંદ માણી શકે નહીં. આ સ્પષ્ટપણે જવાહરલાલ નહેરૂની વિચારસરણી હતી, જેમણે IITની સ્થાપના કરી હતી અને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચને મજબૂત સમર્થન આપ્યું હતું અને મનમોહન સિંઘ, જેમણે IISERની સ્થાપના કરવામાં મદદ કરી હતી. નહેરૂ અને સિંહ વચ્ચેના વડાપ્રધાનોએ એ જ રીતે મૂળભૂત સંશોધનને પ્રોત્સાહન આપ્યું, ખાસ કરીને જીવવિજ્ઞાનમાં, જે હવે વિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્ર સાથે સૌથી મહત્વપૂર્ણ હરીફાઈ કરી રહ્યું છે.

વધુ અગાઉ નહીં પણ ૧૯૮૦ના દાયકા સુધીમાં તો સ્વદેશમાં ઉભી કરવામાં આવેલી સંસ્થાઓ પોતે ઉત્કૃષ્ટ પીએચડીનો પ્રવાહ ઉત્પન્ન કરતી હતી. ભારતીય વિજ્ઞાન હવે વિદેશથી પાછા ફરતા લોકો જેટલું જ સ્થાનિક રીતે પ્રશિક્ષિત પ્રતિભાને આકર્ષિત કરી શકતું હતું.

૨૦૧૪થી આ બધું બદલાઈ ગયું છે. નરેન્દ્ર મોદી પાસે ટેક્નોલોજીકલ એપ્લિકેશન માટે ઓછો સમય છે જેના ફળો તેમને માટે રાજકીય મૂડી લાવી શકે. તેથી ભારતીય અવકાશ સંશોધન સંસ્થાને તેમનું સમર્થન મળ્યું. તેમ છતાં તેમને વૈજ્ઞાનિક અને તકનીકી સંશોધનને પ્રોત્સાહન આપવામાં ઓછો રસ છે. એટલા માટે તેમણે હિંદુત્વના વિચારધારકોને IITની કામગીરીમાં બિનજરૂરી દખલ કરવાની મંજૂરી આપી છે. જ્યારે, ભૂતકાળમાં, આ સંસ્થાઓના નિર્દેશકોની પસંદગી ફક્ત તેમના શૈક્ષણિક સાથીદારો દ્વારા કરવામાં આવતી હતી, મોદી શાસન હેઠળ પસંદગી પામેલાઓની જમણેરીઓ દ્વારા સક્રિયપણે તપાસ કરવામાં આવે છે, જેઓ તેમની લાઈનને અનુસરે તેવી સંભાવના છે. એકવાર ઑફિસમાં આવ્યા પછી, IITના કેટલાક ડિરેક્ટરો સંઘી કટ્ટરપંથીઓને ઝીણવટપૂર્વક નમસ્કાર કરે છે, માંસ ખાનારા ભારતીયોને બદનામ કરે છે, કેમ્પસમાં ગૌશાળાઓ ખોલે છે, સ્વતંત્ર વિચારધારા ધરાવતા વિદ્વાનોને તેમના વિદ્યાર્થીઓ સાથે વાત કરવાથી વિમુખ કરે છે.

હિંદુત્વ દ્વારા ભારતીય વિજ્ઞાનની વૈચારિક ઘૂસપેંઠ ગયા મહિને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ દ્વારા જારી કરાયેલી નવ લિંક્ડ ટ્વીટ્સની શ્રેણી દ્વારા સ્પષ્ટપણે દર્શાવવામાં આવી હતી. રામ નવમીના દિવસે અયોધ્યામાં નવા મંદિરમાં સૂર્યપ્રકાશ દેવતા પર ચમકવા દે તેવી સિસ્ટમ ડિઝાઈન કરવા માટે આ લોકોએ બેંગ્લોરમાં ભારતીય એસ્ટ્રોફિઝિક્સ સંસ્થાની ખૂબ પ્રશંસા કરી. સરકારની વૈજ્ઞાનિક સ્થાપનાના વડા તરીકે તેમની નોકરી સંભાળતા પહેલા, ટ્વીટ્સ જારી કરનાર વ્યક્તિ કાનપુર સ્થિત શ્રેષ્ઠ IITમાંના એકના ડિરેક્ટર હતા. તેથી તેમના ટ્વીટ પર સોશિયલ મીડિયા પર તીવ્ર ટિપ્પણીઓ થઈ. કેટલાક વિવેચકોએ તો ત્યાં સુધી કહ્યું કે ભારતીય વિજ્ઞાનના મહાન યોગદાન તરીકે સેક્રેટરી જેની પ્રશંસા કરી રહ્યા હતા તે એક હોંશિયાર હાઈસ્કૂલના વિદ્યાર્થી દ્વારા પણ પરિપૂર્ણ થઈ શકે છે. હું આ બાબતને એક મિત્ર પાસે લઈ ગયો, જેણે ભારતમાં ઘણા દાયકાઓ ભણાવતા અને સંશોધન કરતાં પહેલાં અમેરિકાની એક મોટી યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રમાં પીએચડી કર્યું હતું. તેમણે મને ધીરજપૂર્વક સમજાવ્યું કે કેવી રીતે કલાત્મક રીતે લેન્સ અને અરીસાઓની રચના કરીને અને તેમને વ્યૂહાત્મક રીતે યોગ્ય સ્થાનો પર મૂકીને, અને સૂર્ય અને ચંદ્ર ચક્ર વચ્ચેના વિસંગતતા/સંયોજનની ગણતરી કરીને, નિર્ધારિત દિવસે અયોધ્યામાં મૂર્તિ પર સૂર્યપ્રકાશ પ્રગટાવવામાં આવ્યો હતો. આ રીતે વિજ્ઞાન સાધારણ રીતે અત્યાધુનિક હતું, પરંતુ કોઈ પણ રીતે ગ્રાઉન્ડ બ્રેકિંગ નહોતું, અને ચોક્કસપણે દેશના ટોચના વૈજ્ઞાનિક મહાનુભાવ દ્વારા આ રીતે પ્રશંસા કરવાને લાયક નહોતું.

શક્ય છે કે ડીએસટી સેક્રેટરી ધર્મપ્રેમી હિંદુ હોય. તેમ છતાં તે ચોક્કસપણે જાણે છે કે વડાપ્રધાને મંદિરનું ઉદ્ઘાટન સામાન્ય ચૂંટણીના થોડાક મહિના પહેલાં જ કર્યું હતું તે આધ્યાત્મિક કારણોના બદલે રાજકીય કારણોસર હતું, જ્યારે પોતે તેના મુખ્ય દીક્ષાકાર અને પ્રેરક તરીકે, ખરેખર, તેના મુખ્ય પૂજારી તરીકે પોતાને રજૂ કરે છે. ડીએસટી સેક્રેટરીએ એ પણ જાણવું જોઈએ કે ભારતીય એસ્ટ્રોફિઝિક્સ સંસ્થાને માત્ર પથ્થરની મૂર્તિ પર પ્રકાશ પાડવા કરતાં વધુ નોંધપાત્ર વૈજ્ઞાનિક કાર્ય કરવાની ફરજ છે.

તેમ છતાં, તેમણે પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા કરવામાં આવેલ સૌથી નિમ્ન વૈજ્ઞાનિક કાર્યોમાંનું એક શું હોઈ શકે તે પ્રકાશિત કરવાનું પસંદ કર્યું. આ મામલો વડાપ્રધાનના પાલતુ રાજકીય પ્રોજેક્ટથી સંબંધિત છે, અને આ મતદાન શરૂ થવાના થોડા દિવસો પહેલા હતું, તે સંયોગ હોવાની કોઈ શક્યતા નથી.

મોદી સરકારના પ્રેસ પરના હુમલાઓ, સિવિલ સર્વિસીસ અને રાજદ્વારીઓનું રાજકીયકરણ, સશસ્ત્ર દળોને સાંપ્રદાયિક બનાવવાના પ્રયાસો અને સ્વતંત્ર નિયમનકારી સંસ્થાઓને આધીન બનાવવાના પ્રયાસો - આ બધાનું વ્યાપકપણે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. ભારતમાં વિજ્ઞાનની પ્રેક્ટિસને ઓછી કરવામાં આવી છે. કદાચ DST સેક્રેટરીની ખોટી રીતે પસંદ કરાયેલી (તેમજ અયોગ્ય) ટ્વીટ્સ આખરે આપણને આ શાસને તેના સંબંધમાં કરેલા નુકસાન વિશે વધુ વાકેફ કરશે. નાઝીઓના જાતિ સિદ્ધાંતે જર્મન વિજ્ઞાનનો નાશ કર્યો. માર્ક્સવાદના રાજકીય સિદ્ધાંતોએ રશિયન વિજ્ઞાનને દાયકાઓ સુધી પાછળ મૂકી દીધું. હવે, આપણા પોતાના દેશમાં, આપણી શ્રેષ્ઠ સંસ્થાઓના સંશોધકોને તેમના કાર્યને હિંદુઓ, હિંદુત્વ અને નરેન્દ્ર મોદીના વધુ ગૌરવને અનુરૂપ બનાવવા માટે કહેવામાં આવે છે. ભારતમાં વિજ્ઞાનની પ્રેક્ટિસ અને વૈજ્ઞાનિકોના મનોબળ પર આની શું અસર થશે ? જ્યારે વિજ્ઞાનની રુચિઓ રાજકારણ અને ધર્મના હિતોને સંપૂર્ણપણે આધીન છે, ત્યારે અહીં કામ કરતા કયા તેજસ્વી સંશોધકો વિદેશની આકર્ષક ઓફરોનો પ્રતિકાર કરશે ? અને વિદેશમાં પ્રશિક્ષિત કયા વૈજ્ઞાનિકો તેમના વતનમાં કામ કરવા પાછા ફરે તેવી શક્યતા છે ? (સૌ. : સ્ક્રોલ.ઈન)

# 'PM કહે છે એક બળાત્કારીને વોટ આપશો તો મને મળશે' : કોંગ્રેસના મોદી પર પ્રહાર

## કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ કહ્યું કે, 'PM પ્રચાર કરે છે અને કહે છે કે, જો તમે બળાત્કારીને વોટ આપો તો તે વોટ તેમને મળશે'

(એજન્સી) તા.૭

ગઈકાલે દેશના ૧૨ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાં ત્રીજા તબક્કાની ચૂંટણી યોજાઈ હતી. દેશની ૯૩ બેઠકો પર આ ચૂંટણી થઈ હતી. ચૂંટણીના પ્રચાર દરમિયાન પાર્ટી અને વિપક્ષે એકબીજા પર જોરદાર પ્રહારો કર્યા હતા. ગઈકાલે કોંગ્રેસે પ્રેસ કોન્ફરન્સ કરીને પીએમ મોદી અને ભાજપ પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસ વતી પ્રવક્તા પવન ખેરાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, દેશમાં ૯૩ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. છેલ્લા બે તબક્કામાં પીએમ દ્વારા જે પ્રકારની ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે શરમ અને અફસોસની વાત છે. આ દેશમાં ક્યારેય કોઈ પીએમ પોતાનો પર નિયંત્રણ ગુમાવ્યો નથી. પવન ખેરાએ જણાવ્યું હતું કે, આવા ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યા હતા જેમાં કેરી, બીજ અને આ બધી વાતો કરવામાં આવી હતી. આ સાથે ૪ જૂને પત્રકારો પણ મુક્ત થઈ જશે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં પીએમ મોદી ઘણી મીડિયા ચેનલોને ઈન્ટરવ્યુ આપી ચૂક્યા છે.

**'અમારા મેનિફેસ્ટો પર જૂઠું બોલવું' :-** કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે, 'પીએમ દરેક રેલીમાં અમારા ઘોષણાપત્ર પર ખોટું બોલે છે. હું શરત લગાવું છું કે, તેમણે તે વાંચ્યું પણ નહીં હોય, તેમણે વાંચ્યા વગર જ જૂઠું બોલવું પડે છે. પીએમ અને ભાજપ પર કટાક્ષ કરતા પવન ખેરાએ કહ્યું કે, તમારે ન્યાયનું પેપર જોવાની જરૂર નથી, તમારે માત્ર જૂઠું બોલવાનું છે. બીજા તબક્કામાં આવી શરમજનક ઘટના અમારા ધ્યાનમાં આવી હતી, જ્યારે પ્રજવલ રેવન્ના વિશ્વના સૌથી મોટા જાતી અપરાધનો સાક્ષી બન્યો હતો અને પ્રધાનમંત્રીએ એક સામાન્ય કોન્ફરન્સમાં તે વિશે માફી પણ માંગી ન હતી.'

**'જો તમે બળાત્કારીને મત આપો તો મને મળશે' :-** પવન ખેરાએ કહ્યું કે, 'પીએમ પ્રચાર કરે છે અને કહે છે કે, તમે બળાત્કારીને વોટ આપો તો તે વોટ મને મળી જશે. આ વિશે વિચારવું ધૃણાજનક છે. આવા રાજાના શાસનમાં પ્રજાની સ્ત્રીઓ કેવી રીતે સુરક્ષિત રહી શકે ? આ સ્પષ્ટપણે દર્શાવે છે કે, બ્રિજભૂષણ શરણસિંહ તમારા માટે દેશની દીકરીઓ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે.' હાલમાં જ બીજેપીએ કૈસરગંજથી બ્રિજભૂષણના પુત્ર કરણ ભૂષણને ટિકિટ આપી છે.

**'શું તે તમારી પાસે છે ?' :-** ખેરાએ વધુમાં જણાવ્યું હતું કે, પહેલા UPAની યોજનાઓના નામમાં ફેરફાર કરવામાં આવતા હતા, તમે હવે અમારી પાસેથી નેતાઓ, કથા, એજન્ડા છીનવી રહ્યા છો. શું તે તમારી પાસે છે ? શા માટે જનતાએ તમને મત આપવો જોઈએ ? તમારી પાસે ન તો નેતાઓ છે, ન તો કોઈ કાર્યસૂચી છે. ૪૦૦ પાર કરવાનું ભૂલી જાવ, ૧૫૦ પણ પાર થાય તે શક્ય નથી.

**'સંવિધાન પર તેમનો ખરાબ ઈરાદો છે' :-** રાહુલ ગાંધીએ દેશના ખૂણે-ખૂણે શોધખોળ કરી છે, હવે જનતાને ન્યાયમાં વિશ્વાસ છે. જો કોઈને ૪૦૦થી વધુનો ભરોસો હોય તો તમારે ગાંધીનગર જેવા વિસ્તારની સીટ પર પણ ૧૬ લોકોને ઉમેદવારી પાછી ખેંચવા માટે ધાકધમકી આપવાની શું જરૂર હતી ? બંધારણ પર તેમનો ખરાબ ઈરાદો છે, તેઓ આતુર છે, જ્યારે સરકાર ૨૭૨ પર બની શકે છે, તો પછી તે ૪૦૦થી આગળ કેમ જાય. તેઓ ૪૦૦ બેઠકો લાવી અનામત પર હુમલો કરી અને પછી બંધારણને ખતમ કરી દેશે.

**વડાપ્રધાનના હુમલાનો જવાબ આપ્યો :-** પવન ખેરાએ વધુમાં કહ્યું કે, અમે સરકાર બનાવી રહ્યા છીએ, ૨૭૨ની જરૂર પડી હશે પરંતુ અમે તેનાથી વધુ સીટો સાથે સરકાર બનાવીશું. વડાપ્રધાન કહ્યું કે, કોંગ્રેસ આવશે તો સુપ્રીમ કોર્ટના રામ મંદિર પરના નિર્ણયને ઉથલાવી દેશે. કોંગ્રેસે હંમેશા કહ્યું છે કે, જે કોર્ટ નિર્ણય લેશે તે માન્ય હશે, અને ભાજપ કહે છે કે, શા માટે કોર્ટ નિર્ણય લે ?

# NEET 'પેપર લીક'ના આરોપો વચ્ચે પટના પોલીસે પરીક્ષા લેનારા ૪ વ્યક્તિ સહિત ૧૩ની ધરપકડ કરી

## પટના પોલીસ અધિક્ષક (SP)એ કહ્યું કે, 'અત્યારે પેપર લીક થયું હોવાનું તારણ કાઢવું યોગ્ય નથી કારણ કે, તે ૨૪ લાખથી વધુ લોકોના ભવિષ્યનો પ્રશ્ન છે

(એજન્સી) તા.૭

૫ મેના રોજ આયોજિત થવાની નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)ના પેપર લીક થવાના આરોપ વચ્ચે પટનામાં પોલીસે છેલ્લા બે દિવસમાં ૧૩ લોકોની ધરપકડ કરી છે.

જ્યારે રાષ્ટ્રીય સ્તરની તબીબી પ્રવેશ પરીક્ષા લેનારા ચાર લોકો સહિતની ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે વિશ્વાસ ભંગ અને ષડયંત્ર સાથે વ્યવહાર કરતી IPC કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, પેપર લીકની હજી પુષ્ટિ થઈ નથી અને તે વિશે તપાસ ચાલી રહી છે. પરીક્ષા લેનાર ચાર ઉપરાંત ધરપકડ કરાયેલા ત્રણ પ્રશ્નપત્ર સેટ કરનાર તેમના બે સહયોગી, બે પરીક્ષાર્થીઓના પિતા, એક પરીક્ષાર્થીની માતા અને એક ડ્રાઈવર હતા.

પટનાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું કે, "પેપર લીક થયું હતું કે નહીં, તે ખૂબ જ સંવેદનશીલ બાબત છે. અત્યારે પેપર લીક થયું હોવાનું તારણ કાઢવું યોગ્ય રહેશે નહીં. કારણ કે, તે ૨૪ લાખથી વધુ લોકોના ભવિષ્યનો પ્રશ્ન છે. અમે આ કેસની તપાસ કરી રહ્યા છીએ. કારણ કે, અમને પેપર લીક થવાની બાબત પર શંકા છે." કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ X પર એક પોસ્ટમાં આ મુદ્દા પર ટિપ્પણી કરી હતી કે, "NEET પેપર લીકના સમાચાર ૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોના સપના સાથે દગો કરવા સમાન છે. યુવાનોને હવે ભાજપ સરકારની ૧૦ વર્ષની નિરર્થકતાનો અહેસાસ થયો છે અને તેઓ જાણે છે કે, સરકાર ચલાવવામાં અને મૌખિક વચનો આપવામાં ફરક છે."

# 'ભારત ગઠબંધનની એક્સ્પાયરી ડેટ (અંતિમ તારીખ) ૪ જૂન છે : PM મોદી

(એજન્સી) તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કાના મતદાનથી આ સ્પષ્ટ થઈ ગયું છે કે, ૪ જૂન કોંગ્રેસના નેતૃત્વવાળા INDIA ગઠબંધનની એક્સ્પાયરી ડેટ છે. મહારાષ્ટ્રના અહેમદનગરમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ભારત મહાગઠબંધનની એક્સ્પાયરી ડેટ ૪ જૂન નક્કી છે. ૪ જૂન પછી INDIAના ટુકડા થવાથી કોઈ નહીં બચાવી શકે. વડાપ્રધાને જણાવ્યું કે, ચૂંટણી પહેલા એક સાથે આવેલ વિપક્ષી દળ ૪ જૂન પછી તૂટી જશે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ની મતગણતરી અને પરિણામ ૪ જૂને જાહેર કરવામાં આવશે. વડાપ્રધાન મોદીએ આગળ જણાવ્યું કે, વર્તમાન



લોકસભા ચૂંટણી સંતુષ્ટિકરણ અને તૃષ્ટિકરણની વચ્ચે લડવામાં આવી રહી છે. ભાજપ અને સંપૂર્ણ એનડીએ પોતાની સખ્ત મહેનતથી ભારતીયોને સંતુષ્ટ કરવા માટે દરેક સંભવ પ્રયાસ કરી રહી છે. વિપક્ષ પર નિશાન સાધતા વડાપ્રધાને જણાવ્યું કે, ભારત ગઠબંધન ષડ્યંત્રો દ્વારા પોતાના વોટ બેંકને ખુશ કરવામાં લાગ્યું છે. કોંગ્રેસ પોતાનું ઘોષણાપત્ર મુસ્લિમ લીગની છાપવાળું બનાવ્યું છે. વડાપ્રધાન મોદીએ આગળ જણાવ્યું કે, જ્યારે ગરીબોના મુદ્દાઓની વાત આવે છે તો કોંગ્રેસ શાહમૃગની જેમ રેતીમાં પોતાનું માથું સંતાડી લે છે. ૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલા અંગે કોંગ્રેસ નેતાઓના વર્તમાન નિવેદનો અંગે વડાપ્રધાન મોદીએ તેને ખતરનાક અને પીડિતો અને સુરક્ષા દળો માટે અપમાનજનક બતાવ્યું. તેમણે મહારાષ્ટ્રનું નેતૃત્વ કરવા માટે કોંગ્રેસ અને તેના સહયોગીઓની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવ્યો.

# ભાજપના કાર્યકરો મૈનપુરીમાં બૂથ લૂંટવાનો પ્રયાસ કરી રહ્યા છે : અખિલેશ યાદવનો આરોપ

(એજન્સી) તા.૭

સમાજવાદી પાર્ટી (SP)ના વડા અખિલેશ યાદવે આરોપ લગાવ્યો હતો કે, ભાજપના કાર્યકરો રાજ્યના મૈનપુરી લોકસભા મતવિસ્તારમાં બૂથ લૂંટવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને વિરોધ પક્ષોના લોકોને પોલીસ સ્ટેશનોમાં અટકાયતમાં લઈ રહ્યા હતા. યાદવે વિગતો આપ્યા વિના કહ્યું હતું કે, 'મૈનપુરીમાં ભાજપના લોકો બૂથ લૂંટવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ વિપક્ષના લોકોને પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં લઈ રહ્યા છે.' લોકસભા સીટ પર સાત તબક્કાની લોકસભા ચૂંટણીના ત્રીજા રાઉન્ડમાં મંગળવારે મતદાન થયું હતું. જ્યાંથી તેમની પત્ની અને વર્તમાન સાંસદ ડિમ્પલ યાદવ મેદાનમાં છે તેવા મૈનપુરી મતવિસ્તાર માટે સૈફઈ (ઈટાવા)માં પોતાનો મત આપ્યા બાદ યાદવે એવો પણ દાવો કર્યો કે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની અંદર સત્તાની લડાઈ ચાલી રહી છે અને તેથી તેના નેતાઓ 'આત્મસંતુષ્ટિ' માટે નિવેદનો આપે છે. તેમણે કેટલીક જગ્યાએ મતોની હેરાફેરીનો આરોપ લગાવ્યો અને કહ્યું, 'કેટલીક જગ્યાએથી માહિતી આવી રહી છે કે, સરકાર બળનો ઉપયોગ કરી રહી છે. એવું સાંભળવામાં આવે છે કે, મતદાન કેન્દ્રની બહાર અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.' ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાને કહ્યું કે, ભાજપ સરકાર ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ આપી શકી નથી અને 'ત્રણ કાળા ફાર્મ કાયદા' વિરુદ્ધ આંદોલનમાં એક હજારથી વધુ ખેડૂતોએ જીવ ગુમાવ્યો છે. તેમણે આડકતરી રીતે ૨૦૨૧માં લખીમપુર ખીરી હિંસાનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં ચાર ખેડૂતો પર કથિત રીતે એક કાર ચઢાવી દેવામાં આવી હતી જેમાં કેન્દ્રીય મંત્રી અજયકુમાર મિશ્રાના પુત્ર આશિષ મિશ્રા બેઠેલા હતા અને કહ્યું હતું કે, 'આ લોકોએ તેમની કાર ખેડૂતો પર ચલાવી હતી. ૨૦૧૪થી જ્યારે ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારબાદથી દેશમાં એક લાખ ખેડૂતોએ આત્મહત્યા કરી છે.' યાદવે કાળઝાળ ગરમીમાં યોજાઈ રહેલી ચૂંટણી પર સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે, લોકોને જાણી જોઈને પરેશાન કરવા માટે આવું કરવામાં આવી રહ્યું છે. જો કે, તેમણે મતદારોને મોટી સંખ્યામાં બહાર આવવા અને મતદાન કરવા અપીલ કરી હતી.

# લોકોએ નક્કી કરવાનું છે કે, 'મત કોને અપાય, જિહાદને કે રામ રાજ્યને : PM મોદી

## INDIA ગઠબંધન ભાગીદારોને જનતાના ભવિષ્યની ચિંતા નથી તે તેમના વંશને બચાવવા ચૂંટણી લડી રહ્યા છે : મોદી

(એજન્સી) તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે, દેશ ઈતિહાસના નવા વળાંક પર પહોંચી ગયો છે અને લોકોએ નક્કી કરવાનું છે કે, તે વોટ જિહાદ દ્વારા ચલાવવામાં આવશે કે રામ રાજ્ય. મધ્યપ્રદેશના ખરગોન જિલ્લામાં એક રેલીને સંબોધતા મોદીએ વિપક્ષ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, તેનો ઈરાદો ખૂબ જ ખતરનાક છે અને તે તેમની વિરુદ્ધ વોટ જિહાદ ચલાવે છે. તેમણે કહ્યું, 'ભારત ઈતિહાસના નવા વળાંક પર છે, તમારે નક્કી કરવાનું છે કે, વોટ જિહાદ કામ કરશે કે રામ રાજ્ય.'

મોદીએ વિપક્ષી જૂથ પર નિશાન સાધતા કહ્યું કે, 'ઈન્ડિયા ગઠબંધન ભાગીદારોને જનતાના ભાવિની ચિંતા નથી... તેઓ તેમના વંશને બચાવવા માટે ચૂંટણી લડી રહ્યા છે. વિપક્ષી ઈન્ડિયા ગઠબંધના ભાગીદારો માટે દેશ કરતા, તેમની વિરાસત વધારે મહત્ત્વપૂર્ણ છે અને તેઓ તેમની સત્તા બચાવવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે.'

પીએમએ લોકોને કહ્યું હતું કે, શું તેમને પેલી લોકપ્રિય કહેવત યાદ છે, 'અપના કામ હૈ બન્તા...તો ભાડ મેં જાયે જનતા...'

તેમણે કહ્યું, 'પાકિસ્તાનમાં આતંકવાદીઓ ભારત સામે જિહાદની ધમકી આપી રહ્યા છે અને અહીં કોંગ્રેસમાં રહેલા લોકોએ પણ મોદી વિરુદ્ધ વોટ જિહાદ કરવાની જાહેરાત કરી છે. એટલે કે કોઈ ચોક્કસ ધર્મના લોકોને મોદી વિરુદ્ધ એક થઈને વોટ આપવાનું કહેવામાં આવે છે. કલ્પના કરો કે કોંગ્રેસ કયા સ્તરે ઝૂકી ગયી છે.'

વડાપ્રધાને કહ્યું કે, કોંગ્રેસનો ઈરાદો અને તેના કાવતરાં ખૂબ ભયંકર અને ખતરનાક છે.

તેમણે કહ્યું, 'આ સમજવા માટે તમારે એ લોકોની વાત સાંભળવી પડશે જેઓ ૨૦-૨૫ વર્ષથી કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ છે અને આ લોકો હવે પાર્ટી છોડી રહ્યા છે. એક મહિલા જ્યારે તે રામ મંદિરમાં ગઈ ત્યારે તેને એટલી હેરાન કરવામાં આવી કે તેણે કોંગ્રેસ છોડવી પડી હતી. તેમણે કહ્યું, બીજા એક જેણે કોંગ્રેસ છોડી તો કહ્યું કે, પાર્ટી હવે મુસ્લિમ લીગ અને માઓવાદીઓના હાથમાં છે. તેમણે કહ્યું, 'કોંગ્રેસ છોડી દેનાર અન્ય એક નેતાએ એક ઊંડા ષડ્યંત્રનો પર્દાફાશ કરીને કહ્યું કે, કોંગ્રેસના શહેજાદા, રામ મંદિર અંગેના સુપ્રીમ કોર્ટના નિર્ણયને ઉથલાવી દેવા માંગે છે. તેમના પિતાએ પણ શાહબાનો કેસમાં આવું જ કર્યું હતું.' ૧૯૮૫માં સુપ્રીમ કોર્ટે ઈન્દોરની એક મુસ્લિમ મહિલા શાહ બાનોને, છૂટાછેડા પછી તેના પતિ પાસેથી ભરણપોષણની માંગ અંગેનો ચુકાદો તેની તરફેણમાં આપ્યો હતો, પરંતુ પીએમ રાજીવ ગાંધી હેઠળની તત્કાલીન કોંગ્રેસ સરકારે એક કાયદો ઘડીને ચુકાદાને ઉલટાવી દીધો હતો. મોદીએ આરોપ લગાવ્યો કે, કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનને ન તો આપણા વિશ્વાસની અને ન તો રાષ્ટ્રીય હિતની પરવા છે. તેમણે કહ્યું, 'કોંગ્રેસના લોકોમાં રાષ્ટ્ર વિરોધી નિવેદનો કરવાને લઈને સ્પર્ધા છે.' વડાપ્રધાને જણાવ્યું હતું કે, દરેક તબક્કાના મતદાન પછી કોંગ્રેસનો પાકિસ્તાન પ્રત્યેનો પ્રેમ ચરમસીમાએ પહોંચી જાય છે. તેમણે નિર્દેશ કર્યો કે, 'કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે, આપણી સેના આતંકવાદી હુમલા કરે છે, પાકિસ્તાન તો નિર્દોષ છે.'

કોંગ્રેસના અન્ય મોટા નેતાની બેશરમતા જુઓ, જેમણે કહ્યું હતું કે, મુંબઈ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની કોઈ ભૂમિકા નથી.

કોંગ્રેસના અન્ય સાથી પક્ષના એક નેતાએ ભારતને ધમકી આપતા કહ્યું કે, પાકિસ્તાન બંગડીઓ પહેરતું નથી.

# પૂર્વ કોંગ્રેસ નેતા રાધિકા ખેડા, અભિનેતા શેખર સુમન ભાજપમાં જોડાયા

(એજન્સી) તા.૭

કોંગ્રેસના પૂર્વ પ્રવકતા રાધિકા ખેડા અને અભિનેતા શેખર સુમન મંગળવારે પાર્ટીના દિલ્હી મુખ્યાલયમાં પાર્ટી નેતા વિનોદ તાવડેની હાજરીમાં ભાજપમાં સામેલ થયા. કોંગ્રેસ પર ચૌંકાવનારા આરોપ લગાવવાના એક દિવસ પછી રાધિકા ખેડા ભાજપમાં સામેલ થયા સોમવારે એક મીડિયા બ્રિફમાં ખેડાએ રવિવારે પોતાના પ્રાથમિક સભ્યપદ પરથી રાજીનામું આપવાના નિર્ણય વિશે જણાવ્યું. તેમણે દાવો કર્યો કે જયારે તેમણે અયોધ્યા રામ મંદિરની મુલાકાત લીધી અને ભવ્ય મંદિરનો વીડિયો અને તસવીરો શેર કરવા માટે તેમની ઝાટકણી કાઢી તો કોંગ્રેસ તેમને નફરત કરવા લાગી. ખેડાએ આગળ જણાવ્યું કે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા દરમ્યાન કોંગ્રેસ નેતા સુશીલ આનંદ શુક્લાએ તેમને શરૂની દારૂની રજૂઆત કરી અને નશાની સ્થિતિમાં ૫-૬ પાર્ટી કાર્યકર્તાઓની સાથે તેમનું બારણુ ખખડાવ્યું તેમણે સચિન પાયલોટ અને જયરામ રમેશને ઘટના વિશે સુચિત કર્યું હતું પરંતુ કોઈ કાર્યવાહી કરી નહીં ખેડાએ આરોપ લગાવ્યો કે તેમની ઉપેક્ષા કરવામાં આવી કારણ કે તે પાર્ટીની હિન્દુ વિરોધી વિચારધારાનું પાલન કરતા ન હતા.

**હદીસ બોધ**

મિત્ર તમને ખરાબ બાબતોથી રોકશે; અને દુશ્મન તેના માટે ઉત્તેજશે. (હદીસ બોધ)

**બોધ વચન**

દાન આપતા રહેવું હૃદયનું લક્ષણ છે. હાથોનું નહીં.
- એડિસન

**આજની આરસી**

૮ મે બુધવાર ૨૦૨૪
૨૮ શવ્વાલ હિજરી ૧૪૪૫
ચૈત્ર વદ અમાસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૩૬
ખત્મે ઝવાલ ૧૨-૩૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૦

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

### સૂર્યાએ પોતાની બીજી આઈપીએલ સદી ફટકારી

# અરે કોઈ સૂર્યકુમાર યાદવનો ડીએનએ ટેસ્ટ કરાવો : પારનેલ

## સૂર્યકુમારે ૫૧ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૬ સિક્સરની મદદથી અણનમ ૧૦૨ રન બનાવી વાનખેડેમાં પ્રશંસકોને મંત્રમુગ્ધ કરી દીધા

મુંબઈ, તા.૭

સૂર્યકુમાર યાદવે સોમવારે વાનખેડે સ્ટેડિયમમાં આઈપીએલની મેચમાં સનરાઈઝ હૈદરાબાદ વિરૂદ્ધ ધમાકેદાર ૧૭૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા સૂર્યકુમાર યાદવે ૫૧ બોલમાં (અણનમ ૧૦૨) પોતાની બીજી આઈપીએલ સદી ફટકારી. આ સ્ફોટક બેટ્સમેને વાનખેડેમાં પ્રશંસકોને મંત્રમુગ્ધ કરતા ૧૨ ચોગ્ગા અને ૬ સિક્સર ફટકારી મુંબઈ ઈન્ડિયન્સે રોહિત શર્મા (૪), ઈશાન કિશન (૧૯) અને નમન ધીર(૦)ની વિકેટ શરૂઆતમાં જ ગુમાવી દીધી હતી ત્યારે સ્કોર બોર્ડ પર ફક્ત ૩૧ રન હતા. જો કે સૂર્યકુમારે પોતાના ૩૬૦ ડિગ્રી શોટ-મેકિંગની સાથે દબાણ ઓછું કરી દીધું. તેણે ડીપ એક્સ્ટ્રા કવર પર વિજયી શોટ સાથે પોતાની સદી પૂરી કરી. રોહિત બાદ તે આઈપીએલમાં બે સદી બનાવનાર મુંબઈ ઈન્ડિયન્સનો બીજો બેટસમેન બની ગયો છે. આ દરમ્યાન તેણે ટી-૨૦માં સૌથી વધારે સદી બનાવનાર ભારતીય બેટસમેનોમાં કે.એલ. રાહુલ અને ઋતુરાજ ગાયકવાડની પણ બરાબરી કરી લીધી છે. ક્રિકેટ જગત સૂર્યકુમાર યાદવની આ ઈનિંગથી ઘણા પ્રભાવિત છે કે ટી-૨૦ વિશ્વકપ પહેલા યોગ્ય સદી સમયે આવી છે. આરસીબીના પૂર્વ ઝડપી બોલર વેન પારનેલ પણ સૂર્યાની બેટિંગની ક્ષમતાથી પ્રભાવિત છે. દ.આફ્રિકાના ઝડપી બોલરે કહ્યું કે સૂર્યકુમાર ટી-૨૦ ફોર્મેટમાં કેટલો સારો છે તે જાણવા માટે ડીએનએ ટેસ્ટ કરાવવો જોઈએ. તેણે લખ્યું શું કયારેય કોઈએ સૂર્યકુમાર યાદવનો ડીએનએ ટેસ્ટ કર્યો છે? આ છોકરો અલગ છે. બિલકુલ અલગ.

# ટી-૨૦ વિશ્વકપ પહેલા હાર્દિક નહીં રોહિત શર્માનું ફોર્મ ચિંતાનો વિષય

નવી દિલ્હી, તા.૭

જ્યાં સુધી ટી-૨૦ વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત થઈ ન હતી ત્યાં સુધી બધું બરાબર હતું પણ જેવી જ ૩૦ એપ્રિલે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત થઈ. આઈપીએલમાં એક બાદ એક બધા દિગ્ગજોનું ફોર્મ ગાયબ થઈ ગયું. ખૈર સૂર્યા-હાર્દિક પંડ્યા જેવા અમુક ખેલાડી પોતાની લય જાળવી રહ્યા છે. પણ સૌથી મોટો ફટકો રોહિત શર્માને પડ્યો છે. ભારતીય કપ્તાનના બેટથી રન બનવાનું બંધ થઈ ગયું છે. છેલ્લી પાંચ મેચમાં તે ફક્ત એક જ વાર ડબલ ડિઝિટલ સુધી પહોંચી શક્યો છે. ૬,૮,૪,૧૧,૪નો સ્કોર વિશ્વના સૌથી વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેનોમાં સામેલ ભારતીય કપ્તાનને શોભા આપતો નથી. આઈપીએલમાં રોહિત શર્માનું ફોર્મ અનેક કારણોથી ટીમ ઈન્ડિયાની ટી-૨૦ વિશ્વકપ સંભાવનાઓ માટે મહત્ત્વપૂર્ણ છે. રોહિત શર્મા ના ફક્ત ટીમનો સ્ટાર ઓપનર છે પણ ટી-૨૦ વર્લ્ડકપમાં ભારતનો કપ્તાન પણ છે. તેનું પ્રદર્શન ટીમ માટે માહોલ તૈયાર કરે છે અને જો તે ફોર્મમાં નથી તો આનાથી મેદાન પર તેની લીડરશીપ અને નિર્ણય લેવાની ક્ષમતા પર અસર પડી શકે છે. રોહિત શર્મા ઈનિંગની શરૂઆતમાં પોતાની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો છે. ટી-૨૦ ક્રિકેટમાં ભારતને આક્રમક શરૂઆત આપવાની ક્ષમતા ખાસ છે. જો તે ફોર્મમાં નથી અથવા આઈપીએલમાં રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે તો આ ઈન્ટરનેશનલ લેવલ પર પ્રદર્શન કરવાની તેની તૈયારીઓ વિશે ચિંતા ઊભી કરે છે. ખાસ કરીને ટી-૨૦ વિશ્વકપ જેવી હાઈપ્રેશર ટુર્નામેન્ટમાં ચિંતાનો વિષય છે.

### યુવરાજસિંહે રોહિતનું સમર્થન કર્યું

# રોહિતનું નેતૃત્વ ટેલેન્ટ અને દબાણમાં શાંત રહેવાની ક્ષમતા પ્રભાવિત કરે છે

નવી દિલ્હી, તા.૭

ભારતના પૂર્વ સ્ટાર ઓલરાઉન્ડર અને આગામી આઈસીસી ટી-૨૦ વિશ્વકપ ૨૦૨૪ના એમ્બેસેડર યુવરાજસિંહે કપ્તાન રોહિત શર્માના સમર્થનમાં આગળ આવ્યો છે અને અમેરિકા અને વેસ્ટઈન્ડિઝમાં ટાઈટલમાં તેના નેતૃત્વ કરવાનું સમર્થન કર્યું. યુવરાજે હાલના કપ્તાનની સાથે ડ્રેસિંગ રૂમ શેર કર્યો છે અને તેને એક ખૂબ જ પ્રતિભાશાળી યુવાથી ભારતીય ક્રિકેટના અગ્રણી સ્ટારોમાંથી એક અને આધુનિક સમયનો મહાન બેટ્સમેન બનતા જોયો છે. યુવરાજે કહ્યું કે, રોહિતનું નેતૃત્વ ટેલેન્ટ અને દબાણમાં શાંત રહેવાની ક્ષમતા તેને પ્રભાવિત કરશે. આનાથી આઈસીસી આયોજનોમાં ભારતના લાંબા સમયથી ચાલી રહેલા ટાઈટલના દુકાળનો અંત થવાની સંભાવના છે. યુવરાજે કહ્યું કે, રોહિતની હાજરી ઘણું મહત્ત્વપૂર્ણ થવાની છે. મને લાગે છે કે, આપણને એક સારા કપ્તાનની જરૂર છે. એક સમજદાર કપ્તાન જે દબાણમાં સારી રીતે નિર્ણય લે છે તે નિર્ણય લેનારો વ્યક્તિ છે. જ્યારે આપણે વિશ્વકપ હાર્યા હતા તો તે કપ્તાન હતો. (૫૦ ઓવરની ફાઈનલમાં) તેણે એક કપ્તાન તરીકે પાંચ આઈપીએલ ટ્રોફી જીતી છે. મને લાગે છે કે, આપણને ભારતનું નેતૃત્વ કરવા માટે તેના જેવી વ્યક્તિની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈસીસી આયોજનોમાં ભારતનો ટાઈટલનો દુકાળ ૨૦૧૧ વન-ડે વિશ્વકપ બાદથી ચાલી રહ્યો છે. આશા કરીએ કે રોહિત સેના આ વખતે ટાઈટલના .....નો અંત કરી વેસ્ટઈન્ડિઝમાં તિરંગો લહેરાવે.

# રોહિત વેમુલા કેસ : તેલંગાણા પોલીસ સામેના આરોપો - ક્લોઝર રિપોર્ટમાં પૂછાયેલા તથ્યોની તપાસ

## હૈદરાબાદના આંબેડકર સ્ટુડન્ટ્સ એસોસિએશને પોલીસ તપાસ અંગે ચિંતા વ્યક્ત કરી, એવું સૂચન કર્યું કે ભાજપ-આરએસએસના પ્રભાવ હેઠળ, પોલીસ આરોપીઓ અને સાથીદારોને બચાવવા માટે તપાસને ડાયવર્ટ કરી રહી છે, જેમણે રોહિતને કથિતરૂપે આત્મહત્યા કરવા માટે પ્રેર્યો હતો



(એજન્સી) હૈદરાબાદ, તા.૭

તેલંગાણા પોલીસે શુક્રવારે દલિત વિદ્યાર્થી રોહિત વેમુલાના દુઃખદ આત્મહત્યા કેસને લઈને મહત્ત્વની જાહેરાત કરી છે. તેઓએ તેમના મૃત્યુમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ કરવાનો તેમનો ઈરાદો જાહેર કર્યો, કોર્ટમાં રજૂ કરાયેલ ક્લોઝર રિપોર્ટ અંગે મૃતકની માતા અને અન્ય લોકો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો. આ ઘટનાક્રમ પર પ્રકાશ પાડતા, તેલંગાણાના પોલીસ મહાનિર્દેશકે સંપૂર્ણ પુનઃ તપાસ માટે મેજિસ્ટ્રેટ પાસેથી અધિકૃતતા મેળવવા માટે કોર્ટમાં અરજી કરવાની યોજના જાહેર કરી. અગાઉ, હૈદરાબાદ પોલીસે તેમની તપાસના નિષ્કર્ષ પર ભાર મૂકતા તેલંગાણા હાઈકોર્ટમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો હતો. આ અહેવાલમાં પોલીસે તેલંગાણા હાઈકોર્ટ સમક્ષ ભારપૂર્વક જણાવ્યું હતું કે રોહિત તેની બિન-દલિત સ્થિતિથી વાકેફ હતો અને તેણે તેની જાતિની ઓળખ જાહેર કરવાની આશંકામાંથી પોતાનો જીવ લીધો હતો. પોલીસના ક્લોઝર રિપોર્ટ બાદ આ કેસમાં અનેક સવાલો ઉભા થયા છે. હૈદરાબાદના આંબેડકર સ્ટુડન્ટ્સ એસોસિએશનનો આરોપ છે કે પોલીસ તપાસમાં ખામી છે. એસોસિએશનના ગોપી સ્વામીએ ધ મૂકનાયક સાથે વાત કરતા પોલીસ તપાસ અંગે ચિંતા વ્યક્ત કરી, એવું સૂચન કર્યું કે ભાજપ-આરએસએસના પ્રભાવ હેઠળ, પોલીસ આરોપીઓ અને સાથીદારોને બચાવવા માટે તપાસને ડાયવર્ટ કરી રહી છે જેમણે રોહિતને કથિત રૂપે આત્મહત્યા માટે પ્રેર્યો હતો. સ્વામીએ વધુમાં કહ્યું કે, "આ કેસમાં પોલીસ સ્મૃતિ ઈરાની અને અન્યોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે." પોલીસ તપાસના સંદર્ભમાં જાન્યુઆરી ૨૦૧૬માં આત્મહત્યા દ્વારા દલિત વિદ્યાર્થી રોહિત વેમુલાના મૃત્યુએ યુનિવર્સિટીઓમાં દલિતો સાથેના ભેદભાવ સામે વિરોધને વેગ આપ્યો હતો, જે ઝડપથી એક અઠવાડિયામાં રાષ્ટ્રવ્યાપી ચળવળમાં પરિણમ્યો હતો. તેમની તપાસ દરમિયાન, પોલીસે રોહિત વેમુલાની જ્ઞાતિની ઓળખ અંગેની આશંકાનો પર્દાફાશ કર્યો, કારણ કે તે અનુસૂચિત જાતિનો સભ્ય ન હતો. તેઓએ તેલંગાણા હાઈકોર્ટને જાણ કરી કે રોહિતને જાણ છે કે તેની માતાએ તેના માટે અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવ્યું છે. પોલીસ પૂછપરછ મુજબ રોહિતની માતાએ તેના માટે SC હોવાનું પ્રમાણપત્ર મેળવ્યું હતું, જેના કારણે સંભવિતપણે તેના મનમાં ભય પેદા થયો હતો કે જો કોઈને આ વિષે ખબર પડી જશે તો તેની શૈક્ષણિક યોગ્યતા જોખમમાં આવી શકે છે અને તેને કાનૂની પરિણામો ભોગવવા પડી શકે છે. રિપોર્ટમાં વધુમાં સૂચવવામાં આવ્યું છે કે અથાગ પ્રયત્નો છતાં આરોપીએ રોહિતને પોતાનો જીવ લેવા માટે મજબૂર કર્યા હોવાના દાવાને સમર્થન આપતા કોઈ પુરાવા મળ્યા નથી. ફસાયેલા લોકોમાં હૈદરાબાદ યુનિવર્સિટીના તત્કાલીન વાઈસ ચાન્સેલર અપ્પા રાવ અને હરિયાણાના આઉટગોઈંગ ગવર્નર બંડારુ દત્તાત્રેયનો સમાવેશ થાય છે. કથિતરૂપે સત્યથી ધ્યાન હટાવવા બદલ પોલીસની તપાસ પર પસ્તાળ પડી હતી. અનુસૂચિત જાતિ પ્રમાણપત્રો જારી કરવા માટે સંચાલિત માર્ગદર્શિકા અનુસાર, રોહિત વેમુલા SC શ્રેણીના હતા. પોલીસના ક્લોઝર રિપોર્ટ બાદ તપાસને લગતો વિવાદ વધુ તીવ્ર બન્યો હતો, જેમાં આક્ષેપો થયા હતા કે પોલીસ તથ્યોને અસ્પષ્ટ કરવા માટે તપાસમાં છેડછાડ કરવાનો પ્રયાસ કરી રહી છે. ધ મૂકનાયક સાથે વાત કરતા, મધ્ય પ્રદેશ અનુસૂચિત જાતિ/જનજાતિ અધિકારી કર્મચારી સંગઠનના પ્રવક્તા અને અનુસૂચિત જાતિ બાબતોના નિષ્ણાત એવા વિજય શંકર શ્રવણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિ પ્રમાણપત્રો વ્યક્તિની માતાની જાતિના આધારે જારી કરવામાં આવે છે. પરિણામે રોહિત વેમુલા સ્પષ્ટપણે SC શ્રેણીમાં આવે છે. શ્રવણે પોલીસને સ્પષ્ટતા કરવા વિનંતી કરી કે તેમની તપાસ આ સ્થાપિત માપદંડથી કેમ ભટકી ગઈ.

**પોલીસનો યુ-ટર્ન! :** શરૂઆતમાં તેલંગાણા પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલ ક્લોઝર રિપોર્ટને અંતિમ માનવામાં આવ્યો હતો. જો કે જ્યારે રોહિત વેમુલાના પરિવારે તપાસ સામે વાંધો ઉઠાવ્યો, ત્યારે પોલીસે યૂ-ટર્ન લીધો હતો અને કહ્યું કે વધુ તપાસની જરૂર છે. પોલીસે આ બાબતે એક પ્રેસ રિલીઝ જારી કરીને જણાવ્યું હતું કે તેઓ તપાસની મુદત લંબાવવા માટે કોર્ટમાં અરજી કરશે.

**રોહિત વેમુલાની આત્મહત્ય** : ૧૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં પીએચડી કરી રહેલા ૨૬ વર્ષીય દલિત વિદ્યાર્થી રોહિત ચક્રવર્તી વેમુલાએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. રોહિત કોલેજમાં દલિત વિદ્યાર્થીઓ માટે રચાયેલ આંબેડકર સ્ટુડન્ટ એસોસિયેશનનો નેતા હતો. એબીવીપી અને આંબેડકર સ્ટુડન્ટ એસોસિએશન વચ્ચે વૈચારિક મતભેદો અંગેના વિવાદને કારણે લડાઈ થઈ. ABVP નેતા સુશીલ કુમારે આરોપ લગાવ્યો કે આંબેડકર સ્ટુડન્ટ એસોસિએશનના પાંચ વિદ્યાર્થીઓએ તેમની પર હુમલો કર્યો હતો, જેના કારણે મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. આ ઘટના બાદ હૈદરાબાદના સ્થાનિક સાંસદ અને કેન્દ્રીય મંત્રી બંડારૂ દત્તાત્રેયે સ્મૃતિ ઈરાનીને પત્ર લખીને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી હતી. ત્યારબાદ સ્મૃતિ ઈરાનીએ યુનિવર્સિટીના કુલપતિને ચાર પત્ર લખીને પાંચ વિદ્યાર્થીઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી. આના પરિણામે ૧૭ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ તીવ્ર ઠંડીના વાતાવરણમાં તમામ પાંચ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને હોસ્ટેલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. સસ્પેન્શનથી પરેશાન રોહિત સહિત પાંચેય વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કેમ્પસમાં ધરણા કર્યા. જો કે ૧૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ રોહિતે અચાનક જ ધરણા છોડી દીધા હતા. જ્યારે તે લાંબા સમય સુધી પાછો ન આવ્યો, ત્યારે તેની શોધ હાથ ધરવામાં આવી અને તે તેના હોસ્ટેલના રૂમમાં લટકતી હાલતમાં મળી આવ્યો. રોહિતની સુસાઈડ નોટ દર્શાવે છે કે સસ્પેન્શનથી તે ખૂબ જ વ્યથિત હતો, જેના કારણે તેણે પોતાનો જીવ લઈ લીધો.

-અંકિત પચૌરી (સૌ.જસ્ટિસ ન્યુઝ)

# પરંતુ, રોહિત વેમુલાની જાતિ તેમના મૃત્યુ સુધી ક્યારેય મુદ્દો ન હતો

## રોહિત વેમુલાની જાતિ તેમના મૃત્યુ સુધી ક્યારેય મુદ્દો ન હતો. જ્યારે તેને SC વિદ્યાર્થીઓ માટેના અધિકારો આપવામાં આવ્યા હતા ત્યારે તે ક્યારેય પ્રશ્ન ન હતો અથવા તેની સામે ક્યારેય કોઈ પૂછપરછ કરવામાં આવી ન હતી



(એજન્સી) તા.૭

પોલીસ રિપોર્ટ જણાવે છે કે હૈદરાબાદ યુનિવર્સિટીમાં જાતિવાદી ઉત્પીડનના કારણે આત્મહત્યા કરનાર રિસર્ચ સ્ટુડન્ટ રોહિત વેમુલા દલિત નહોતો. શનિવારે તેલંગાણા હાઈકોર્ટમાં દાખલ કરાયેલા રિપોર્ટ અનુસાર તેણે એ ડરથી આત્મહત્યા કરી કે તેની સાચી જાતિ વિશેની માહિતી બહાર આવી જશે. આ કેસના આરોપીઓ સિકંદરાબાદના તત્કાલિન સાંસદ બંડારૂ દત્તાત્રેય, એમએલસી એન. રામચંદ્ર રાવ, યુનિવર્સિટીના વીસી અપ્પા રાવ, એબીવીપીના નેતાઓ અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ આ ઘટનામાં કથિત રીતે સામેલ છે. રિપોર્ટ અનુસાર "રોહિતની માતાએ એક સર્ટિફિકેટ બનાવ્યું હતું જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે અનુસૂચિત જાતિનો છે. આનો કોઈ પુરાવો નથી. રોહિત જાણતો હતો કે તે અનુસૂચિત જાતિનો નથી. રોહિતને હંમેશા પકડાઈ જવાનો, તેની ડિગ્રી ગુમાવવાનો અને કાનૂની કાર્યવાહીનો સામનો કરવાનો ડર રહેતો હતો. રિપોર્ટમાં રોહિત પર અભ્યાસ કરતાં વિદ્યાર્થી રાજકારણમાં વધુ રસ હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જ્યારે તેની માતા રાધિકા વેમુલાને પૂછવામાં આવ્યું કે શું તે તેની જાતિ સાબિત કરવા માટે તેના સંબંધીઓ સાથે ડીએનએ ટેસ્ટ માટે તૈયાર છે, તો તેણે કંઈ કહ્યું નહીં. યુનિવર્સિટીમાં ABVP નેતા સુશીલ કુમાર પર કથિત રીતે હુમલો કરવાના આરોપમાં રોહિત સહિત પાંચ લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આંબેડકર સ્ટુડન્ટ્સ એસોસિએશન દ્વારા આયોજિત કાર્યક્રમોના સંબંધમાં સસ્પેન્શન પાછળ કેન્દ્રીય એચઆરડી મંત્રાલય અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીનું દબાણ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સસ્પેન્શન સામે રોહિતે ૧૨ દિવસની હડતાલનું નેતૃત્વ કર્યું હતું. આત્મહત્યા સંઘર્ષના અંતે કરવામાં આવી હતી. આંબેડકર સ્ટુડન્ટ્સ એસોસિએશન દ્વારા આયોજિત કાર્યક્રમોના નામે રોહિતની ૨૫,૦૦૦ રૂપિયાની JRF રકમ સાત મહિના માટે અટકાવી દેવામાં આવી હતી. જેના કારણે રોહિત સહિતના દલિત વિદ્યાર્થીઓને શિક્ષણનો ખર્ચ ઉઠાવવો ખૂબ જ મુશ્કેલ બન્યો હતો. હોસ્ટેલમાંથી બહાર કાઢ્યા પછી રોહિત અને તેના ચાર સહપાઠીઓએ કેમ્પસમાં તંબુ નાખ્યો અને ઉપવાસ શરૂ કર્યા.

**રોહિતની જાતિનો વિચિત્ર કિસ્સો**

નોંધનીય છે કે રોહિતની જાતિ તેના મૃત્યુ સુધી ક્યારેય મુદ્દો ન હતો. જ્યારે તેને SC વિદ્યાર્થીઓ માટે અધિકારો આપવામાં આવ્યા હતા ત્યારે તે ક્યારેય પ્રશ્ન નહોતો અથવા તેની સામે ક્યારેય કોઈ પૂછપરછ થઈ નથી. રાધિકાની માતાએ સ્પષ્ટતા કરી હતી કે તે માલા અનુસૂચિત જાતિની છે. રાધિકાના માતા-પિતા માલા જાતિના છે. બાળપણથી જ રાધિકા વડેરાના ઓબીસી સમુદાયના પરિવારની દેખરેખ હેઠળ હતી. રાધિકાને ઓબીસી પરિવાર દ્વારા સુરક્ષા આપવામાં આવી હતી જેમણે તેના લગ્ન એક જ પરિવારના મણિકુમાર સાથે કર્યા હતા. મણિકુમાર વાડેરા સમુદાયના છે. રાધિકાએ પોતે દલિત હોવાની હકીકત છુપાવીને મણિકુમાર સાથે લગ્ન કર્યા હતા. પાંચ વર્ષમાં તેમને રોહિત સહિત પાંચ બાળકો થયા. તે પછી જ મણિકુમારને રાધિકાની જાતિની જાણ થઈ. રાધિકા એમ પણ કહે છે કે તેની દલિત ઓળખ છતી થયા બાદ તેણે તેને અને તેના પુત્રને છોડી દીધો હતો. ઉલ્લેખનીય છે કે રાધિકા વેમુલાએ સતત એવું જણાવતી રહી હતી કે તે એસસી માલા જાતિની સભ્ય છે અને તેણી એક નાની છોકરી હતી ત્યારથી જ ઓબીસી વાડેરા પરિવાર દ્વારા ઘરેલુ કામદાર તરીકે ઉછેરવામાં આવી હતી. રોહિતના પિતા મણિ કુમાર પણ વાડેરા સમુદાયના સભ્ય હતા. રાધિકા અને તેના બાળકોને જ્યારે ખબર પડી કે તે દલિત છે ત્યારે તેણે તેને છોડી દીધો. રોહિત વેમુલાએ જય ભીમ સાથે સમાપ્ત થતી તેની સુસાઈડ નોટમાં લખ્યું હતું કે, "કદાચ હું વિશ્વને સમજવામાં સંપૂર્ણ નિષ્ફળ છું. પ્રેમ, દર્દ, જીવન, મૃત્યુ... બધું જ ભ્રમ છે. મને જીવન શરૂ કરવાની બહુ ઉતાવળ હતી. કેટલાક લોકો માટે જીવન એક અભિશાપ છે, મારો જન્મ એક મોટી ભૂલ હતી"-૧૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ રોહિત વેમુલા પોતાના સહિત પાંચ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કર્યા બાદ તેના હોસ્ટેલના રૂમમાં લટકતો જોવા મળ્યો હતો. વેમુલાના મૃત્યુથી દેશભરમાં વિરોધ થયો હતો. આ કેસ આત્મહત્યા માટે ઉશ્કેરવા અને અનુસૂચિત જાતિ વિરૂદ્ધ હિંસા વિરૂદ્ધના કાયદા હેઠળ હતો. આ ઘટના માત્ર એટલું જ યાદ અપાવે છે કે ભારતમાં શાસન વ્યવસ્થા જ્ઞાતિવાદી છે.

-નવીન પ્રસાદ એલેક્સ (સૌ.જસ્ટિસ ન્યુઝ)

# ઘોસવારીમાં દલિત મહિલા પર બળાત્કાર, આરોપી યુવકની ધરપકડ

(એજન્સી) તા.૬

ઘોસ્વારી પોલીસ સ્ટેશન વિસ્તારના તતારમાં ૪૫ વર્ષની દલિત મહિલા પર બળાત્કારનો મામલો સામે આવ્યો છે. પોલીસે કાર્યવાહી કરી આરોપી બિરન યાદવની ધરપકડ કરી છે. તે તતાર ગામનો રહેવાસી છે. મહિલા ટોલ વિસ્તારમાંથી લાકડાં એકત્ર કરીને ઘરે પરત ફરી રહી હતી. નદી પાર કરતી વખતે આરોપી યુવકે બળજબરીથી તેનો રસ્તો બંધ કરી દીધો હતો. તેની પાસેથી લાકડા છીનવીને નદીમાં ફેંકી દેવામાં આવ્યા હતા. આરોપી મહિલાને પકડીને નદીથી થોડે દૂર એકાંત જગ્યાએ લઈ ગયો. જ્યારે પીડિતાએ વિરોધ કર્યો તો તેણે તેને માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી. જેના કારણે તે ડરી ગઈ હતી. બળાત્કાર બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. થોડીવાર પછી રાહદારીઓ મહિલાને ઘરે લઈ ગયા. ઘરે પહોંચ્યા પછી પીડિતાએ તેના પરિવારના સભ્યોને તેની અગ્નિપરીક્ષા જણાવી. ઘટનાના બીજા દિવસે પીડિતા તેના પરિવારજનો સાથે પોલીસ સ્ટેશન પહોંચી અને લેખિત અરજી આપી. પોલીસને ઘટનાની માહિતી મળતા જ આરોપીના ઘરે દરોડા પાડીને તેની ધરપકડ કરી હતી. બાદમાં પીડિત મહિલાને મેડિકલ તપાસ માટે સદર હોસ્પિટલમાં મોકલવામાં આવી હતી.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ**

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ | મિલકતનું સરનામું |
|---|---|---|---|---|---|---|
| 1 | 34953501 | મિલકત સામે લોન | ૧. ભવાનભાઈ ભરવાડ ૨. પૂનાબેન ભરવાડ | ૩૦.૦૪.૨૦૨૪ | ભા.રૂ. ૩,૪૩,૬૮૩.૪૭/- | રેસિડેન્શિયલ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા ગ્રામ પંચાયત મિલકત નં.૩૧૦, ક્ષેત્રફળ વિસ્તાર ૧૦૨૬ ચો.ફૂટ સ્થિત અત્રે ભગાભાઈનું ફળિયું, મુ. અદુજ, તા. તારાપુર, જિ. આણંદ, ગુજરાત-૩૮૮૬૨૦ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : કાન્તુભાઈ હરીભાઈ ભરવાડનું ઘર, દક્ષિણ : વજુભાઈ હરીભાઈનો તબેલો** |

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તા. : ૦૮.૦૫.૨૦૨૪
સ્થળ : ગુજરાત

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદાર/સહ-દેણદારો/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

| લોન એકાઉન્ટ નંબર | દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ | ગીરો મિલકતની વિગતો | ડિમાન્ડ નોટિસ તારીખ | ડિમાન્ડ નોટિસ બાકી રકમ (રૂપિયા) | તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| 31383688 | ૧. શંકરભાઈ ગોબરભાઈ દેસાઈ, ૨. જાલાબેન શંકરભાઈ દેસાઈ | તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન સાથે ઊભેલ માળખા જેની રેસિડેન્શિયલ મિલકતની બહાર સત્તા પ્રકાર-એ, ખેરાલુ સી.એસ. નં.૨૬૨૦, શીટ.૧૧, આકારણી સેનસસ નં.૫/૧/૧૮, કુલ જમીન વિસ્તાર ૧૯.૮૪ ચો.મી. (સુપર બિલ્ટ અપ એરિયા ૩૬.૫૪ ચો.મી.) સ્થિત સ્થિત રબારી વાડોની સીમ પાસે, મુ. ખેરાલુ તા. ખેરાલુ, જિ. મહેસાણા, રાજ્ય : ગુજરાત-૩૮૪૩૨૫ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ખુલ્લી જમીન, પશ્ચિમ : ખુલ્લી જમીન, ઉત્તર : સી.એસ. નં.૨૬૨૧ તરફ, દક્ષિણ : સીએસ નં.૨૬૧૯ તરફ** | 06.01.2024 | Rs. 2,97,424.78/- | 03.05.2024 પ્રતિકાત્મક કબજો |
| 31199001 | ૧. દિપકસિંહ કેશરજી ડાભી, ૨. મધુબેન દિપકસિંહ ડાભી | રેસિડેન્શિયલ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ સીપોર ગ્રામ પંચાયતની બહાર મિલકત નં.૧૨/૬૬/૪૪ અને એસેસમેન્ટ સિરીયલ નં.૨૨૯૭ જૂના ગામતળમાં, કુલ ક્ષેત્રફળ ૬૭૫ ચો.ફૂટ, સ્થિત સીપોર સીમમાં, તા. વડનગર, જિ. મહેસાણા, રાજ્ય : ગુજરાત-૩૮૪૩૩૫ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ડાભી નરેન્દ્રસિંહ કેશરજીનું ઘર, પશ્ચિમ : ડાભી દિપકસિંહ કેશરજીનું ઘર, ઉત્તર : ખુલ્લી જમીન, દક્ષિણ : રોડ** | 20.01.2024 | Rs. 3,19,508.62/- | 03.05.2024 પ્રતિકાત્મક કબજો |
| 28452464 | ૧. યોગેશકુમાર દલસંગભાઈ ચૌધરી, ૨. ચેતનાબેન ડાહ્યાભાઈ ચૌધરી | રેસિડેન્શિયલ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ઉણદ ગ્રામ પંચાયતની બહાર મિલકત નં.૧૦૨૧ અને એસેસમેન્ટ સિરીયલ નં.૧૦૨૪ જૂના ગામતળમાં, કુલ ક્ષેત્રફળ ૪૦૦ ચો.ફૂટ, સ્થિત ચૌધરીવાસ સીમની પાસે, મુ ઉણદ, તા. વડનગર, જિ. મહેસાણા, ગુજરાત-૩૮૪૩૩૫ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : નાથુ લવજીનું ઘર, પશ્ચિમ : રાજુ લાખાનું ઘર, ઉત્તર : ખુલ્લો રોડ, દક્ષિણ : ખુલ્લો રોડ** | 20.01.2024 | Rs. 2,53,301.83/- | 03.05.2024 પ્રતિકાત્મક કબજો |
| 38061320 | ૧. ગોહિલ પ્રવિણસિંહ, ૨. ગોહિલ રામસંગભાઈ વિરાભાનભાઈ | બંધાયેલ સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ગામતળ મિલકત(ઘર) નં.૫૨, ક્ષેત્રફળ ૨૭x૩૨, લગભગ ક્ષેત્રફળ ૮૬૪ ચો.ફૂટ, ત્યાં બંધાયેલ, સ્થિત જમીન પર, મોજે/ગામ જખવાડા, તા. વિરમગામ, અને જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૨૧૫૦ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ધીરૂભાઈ ડાહ્યાભાઈનું ઘર, પશ્ચિમ : રોડ, ઉત્તર : ગોહિલ દશરથભાઈ દાનુભાઈનું ઘર, દક્ષિણ : નરેન્દ્રભાઈ ભાવસંગભાઈનું ઘર** | 20.01.2024 | Rs. 4,57,417.21/- | 03.05.2024 પ્રતિકાત્મક કબજો |

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના **ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૦૩.૦૫.૨૦૨૪
સ્થળ : ગુજરાત



**ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

**જોઈએ છે**
થ્રી વ્હીલર ડ્રાઈવર અને સેલ્સમેન, પાલડી, વાસણા, વેજલપુર, સરખેજ માટે Whatsapp પર સંપર્ક કરો, 9909000262

**વેચવાનું છે**

**વેચવાનો છે ફ્લેટ**
2 BHK 720 સ્કે.ફૂટ આશિયાના એપાર્ટમેન્ટ, પાલડી
9429721139

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK, 140 વારનો હવાઉજાસવાળો, પહેલો માળ, અમન એપાર્ટમેન્ટ, સૈયદવાડાના નાકે, ખાનપુર
9825720928

**ફ્લેટ વેચવાનો છે**
લક્ઝુરીયા-1માં લે-વેચ માટે મળો
9106087987

**લગ્ન વિષયક**

લગ્નોત્સુક મુસ્લિમ યુવક-યુવતીઓના જીવનસાથીની શોધ જ્યાં પૂરી થાય છે
Alhamdulillah : યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો-ગાંધીનગર ઝુલેખા અન્સારી પ્લોટ 805, પંચશીલ પાર્ક, "હીર-કમલ" ફ્લેટની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર મળવાનો સમય 10-00 am to 6-00 pm રવિવાર : એપોઈન્ટમેન્ટથી
Mo. 8980611162

**વ્યવસાયીલક્ષી/અન્ય**

**નામ બદલેલ છે**
મારૂં જૂનું નામ **સુમન સાંઈમૂર્તિ** હતું તે બદલીને નવું નામ **સુમન સાઈ** કરેલ છે.
સરનામું : એ-૭૦૪, ગાલા સ્વિંગ, સોબો સેન્ટર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ.

# બ્રિજભૂષણના પુત્રને લોકસભાની ટિકિટ આપવી એ મહિલાઓના ગૌરવનો સ્પષ્ટ તિરસ્કાર છે

## પૂર્વીય યુપીમાં મુઠ્ઠીભર બેઠકો ગુમાવવા સામે આ પગલું વર્તમાન શાસનની છબીને ઘણું મોટું નુકસાન પહોંચાડી શકે છે

(એજન્સી) તા.૭

ભાજપે ઉત્તરપ્રદેશના કૈસરગંજથી સ્થાનિક રાજકીય બોસ બ્રિજ ભૂષણના પુત્ર કરણ ભૂષણ સિંહને લોકસભાની ટિકિટ આપીને નૈતિકતાનો અભાવ દર્શાવ્યો છે, અને તે શરમજનક છે. તેમનો રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ તરીકેનો કાર્યકાળ પણ ખરાબ છે અને તેમના પર ગુનાહિત આરોપ મૂકવામાં આવ્યો છે. આ વિવાદાસ્પદ રાજકારણી પર છેલ્લા કેટલાક દાયકાઓથી હત્યા, રમખાણો, અપહરણ અને હવે જાતીય હુમલા સહિતના ૩૯ જેટલા ફોજદારી કેસો છે. અને હવે વંશવાદી રાજકારણ કરવું એ સ્પષ્ટ દર્શાવે છે કે, દેશમાં રાજકારણ અને શાસનના ધોરણો ખૂબ જ નીચા ગયા છે.




વડાપ્રધાનના નેતૃત્વમાં ભાજપ હાઈકમાન્ડ, જેઓ મહિલાઓ સાથે હોવાનો દાવો કરે છે, અને રાષ્ટ્રવ્યાપી આક્રોશ સાથે બ્રિજ ભૂષણ સામે પગલાં લેવાની માગણી સાથે કુસ્તીબાજો દ્વારા ઉગ્ર શેરી વિરોધ છતાં, તેઓને મોદી અને તેમના પક્ષ અને સરકારનું સમર્થન છે. તાજેતરમાં, તેમણે તેમના પુત્ર કરણને ઉત્તર પ્રદેશ રેસલિંગ ફેડરેશનના પ્રમુખ તરીકે તેમના અનુગામી તરીકે નિયુક્ત કર્યા હતા. બીજેપી હાઈકમાન્ડે તેમના પુત્રને પસંદ કરીને પાછલા બારણેથી તેમને લોકસભાની ટિકિટ આપવાનું પસંદ કર્યું, ત્યારે બ્રિજભૂષણે સમર્થકો સાથે કૈસરગંજમાં વિશાળ કાફલાનું આયોજન કર્યું, જેમાં ૭૦૦ જેટલી SUV સાથે તેમના વિજયને વધાવ્યો હતો. તેમની પાસે વિશાળ સંસાધનો છે જેમાં બે હેલિકોપ્ટર, એક ખાનગી જેટ અને ઘણી હોટેલો, હોસ્પિટલો, કોલેજો અને શાળાઓનો સમાવેશ થાય છે.

મહિલા કુસ્તીબાજોને આશા હતી કે સરકાર ન્યાય માટે તેમનો અવાજ સાંભળશે, રાષ્ટ્રીય રાજધાનીમાં શેરી પ્રદર્શનમાં તેઓની સાથે મારપીટ કરવામાં આવી હતી. ઓલિમ્પિક મેડલ જીતનાર એકમાત્ર ભારતીય મહિલા કુસ્તીબાજ સાક્ષી મલિકે તેની આંખોમાં આંસુ સાથે ઘોષણા કરી કે, દેશની દીકરીઓ હારી ગઈ, બ્રિજભૂષણ જીત્યા. અમે બધાએ અમારી કારકિર્દીને દાવ પર મૂકી દીધી, અમે વરસાદમાં શેરીઓમાં સૂઈ ગયા અને બ્રિજભૂષણની આજ સુધી ધરપકડ કરવામાં આવી નથી, તેમણે દેશની લાખો દીકરીઓની આકાંક્ષાઓને બરબાદ કરી દીધી છે.

કૈસરગંજ અને આજુબાજુના મતવિસ્તારોમાં આ મહિનાના અંતમાં કોણ ચૂંટણી જીતે છે તે ધ્યાનમાં લઈએ તો આ પ્રદેશમાં ભૂષણ કુળના વિશાળ નાણાકીય સંસાધનો અને સ્નાયુ શક્તિને ધ્યાનમાં રાખીએ તો ભાજપ જીતી શકે છે. મહિલાઓના ગૌરવ માટેનો આવો ખુલ્લેઆમ તિરસ્કાર, પક્ષની શિસ્તનું પતન અને વંશવાદી શાસન એ વર્તમાન શાસનની છબીને ઘણું મોટું નુકસાન પહોંચાડે છે. 'બેટી બચાવો' વાક્ય આપનાર મોદી વંશીય શાસન પર વિપક્ષને અવિરતપણે નિશાન બનાવે છે, પણ બ્રિજભૂષણ સરન સિંહ અને તેમના કુળનો સમગ્ર વિવાદ વડાપ્રધાનની નૈતિકતા નષ્ટ કરે છે.

કર્ણાટકમાં અન્ય એક કૌભાંડ છે જ્યાં પક્ષનો મુખ્ય સહયોગી જનતા દળ (એસ)ના પૂર્વ વડાપ્રધાન દેવેગૌડાના કુટુંબનો એક સભ્ય સેક્સ સ્કેન્ડલમાં ફસાયેલ છે. પણ વડાપ્રધાન અને તેમનો પક્ષ બંને સ્પષ્ટપણે નૈતિકતા નેવે મૂકીને જાતીય અપરાધના આરોપી અને તેમના વંશીય પ્રભાવને સમર્થન આપે છે.

ચૂંટણીના આ વર્ષમાં શાસક પક્ષ અને તેના નેતા સતત ત્રીજી મુદત ઈચ્છતા હોય, ત્યારે આવા નૈતિક મુદ્દાઓ પ્રત્યેનો આ અસ્પષ્ટ અભિગમ તેઓને ગંભીર રાજકીય નુકસાન કરી શકે છે. ભાજપ માટે વધુ ખરાબ બાબત એ છે કે લિંગ અધિકારોની ચિંતા કરતા રાજકીય મુદ્દાઓ પર તેના મહિલા નેતાઓ દ્વારા મૌન રાખવામા આવ્યું છે. બ્રિજભૂષણ સિંઘ માટે નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા એવું નિવેદન કરવામાં આવ્યું કે તેમની વિરુદ્ધ હજુ સુધી કંઈ સાબિત થયું નથી તેવા નિવેદનો ભયાનક છે.

નોંધપાત્ર રીતે, છેલ્લા કેટલાક દાયકાઓમાં સંસદીય અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મહિલાઓની ભાગીદારીમાં વધારો થયો છે. મહિલા મતદારોએ ૧૯૫૦ના દાયકાના પ્રારંભમાં પ્રથમ વખતથી રાષ્ટ્રીય ચૂંટણીઓમાં ૨૦ ટકાનો વધારો નોંધ્યો છે જે હવે પુરૂષોની સમકક્ષ છે, ત્યારે વિધાનસભાની ચૂંટણીઓમાં તેઓ ખરેખર તેમના પુરૂષ સમકક્ષો કરતાં વધુ સંખ્યામાં મતદાન કરે છે. ઓપિનિયન પોલ્સ એવું પણ સૂચવે છે કે મતદારો, ખાસ કરીને યુવાનો પક્ષમાં આવા નૈતિકતાના અભાવથી નારાજ છે. નૈતિકતાનો અભાવ અને તેના વિશાળ નાણાકીય અને સંગઠનાત્મક સંસાધનો હોવા છતાં રાષ્ટ્રીય ચૂંટણીમાં સત્તાધારી પક્ષની સંભાવનાઓને તે કેવી અસર કરશે તે પરિણામ પછી જ ખબર પડશે.

# TMCએ ચૂંટણી કમિશનરને લોકસભાના બે ચૂંટણી તબક્કાઓ માટે બેઠક મુજબના મતદાનના સંપૂર્ણ આંકડા તાકીદે જાહેર કરવા કહ્યું

## મતદાનનો ડેટા શેર કરવામાં ચૂંટણી પંચ દ્વારા વિલંબ માટે વિપક્ષ દ્વારા આક્ષેપો કરવામાં આવે છે અને ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાન સમાપ્ત થયા પછી તરત જ ઉમેદવારો પાસે 'મતદાનની વાસ્તવિક સંખ્યા'નો બૂથ મુજબનો ડેટા ઉપલબ્ધ છે

(એજન્સી) તા.૭

તૃણમૂલ કોંગ્રેસે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારને લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટે મતદારક્ષેત્ર મુજબના મતદાનના આંકડા તાકીદે રજૂ કરવા વિનંતી કરી હતી અને આંકડાઓ જાહેર કરવામાં વિલંબ અંગે સ્પષ્ટતા માંગી હતી. મતદાનનો ડેટા શેર કરવામાં ચૂંટણી પંચ દ્વારા વિલંબ માટે વિપક્ષ દ્વારા આક્ષેપો કરવામાં આવે છે અને ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાન સમાપ્ત થયા પછી તરત જ ઉમેદવારો પાસે 'મતદાનની વાસ્તવિક સંખ્યા'નો બૂથ મુજબનો ડેટા ઉપલબ્ધ છે. સીઈસીને સંબોધિત એક પત્રમાં, તૃણમૂલ કોંગ્રેસે જણાવ્યું હતું કે પંચે ૩૦ એપ્રિલે પ્રથમ બે તબક્કા માટે વિલંબિત મતદાનની ટકાવારી જાહેર કરી હતી, પરંતુ અહેવાલમાં પાત્ર મતદારોના કુલ આંકડા અને મતદાન થયું તેની વાસ્તવિક સંખ્યા વિશે કોઈ માહિતી નથી. ટીએમસીએ જણાવ્યું હતું કે, આ ભૂતકાળની ચૂંટણીઓના અગાઉના મતદાન અહેવાલમાંથી એક નમૂનારૂપ ફેરફાર છે, પહેલા ECIએ આ સંદર્ભમાં વિગતવાર અહેવાલ પ્રદાન કર્યો હતો. પક્ષે દાવો કર્યો હતો કે આ અહેવાલ શરૂઆતમાં આપવામાં આવેલી ટકાવારીમાં નોંધપાત્ર વિસંગતતાઓ અને અસંગતતાઓ પણ દર્શાવે છે. પ્રથમ તબક્કા માટે ૧૯ એપ્રિલે મતદાનની ટકાવારી ૬૦ દર્શાવવામાં આવી હતી. બાદમાં ૩૦ એપ્રિલના રોજ સંયુક્ત મતદાન અહેવાલમાં પ્રથમ તબક્કામાં ૬૬.૧૪ ટકા મતદાન થયું હતું. પક્ષે જણાવ્યું હતું કે પ્રથમ તબક્કાના અંતિમ મતદાનની ટકાવારી જાહેર કરવામાં ૧૧-દિવસનો વિલંબ અને કોઈ પણ યોગ્ય સમજૂતી વિના બીજા તબક્કાના સમાપનના લગભગ ચાર દિવસ પછી નોંધાયેલા પ્રથમ તબક્કામાં મતદારોની ભાગીદારીમાં નોંધપાત્ર ૫.૭૫ ટકાનો વધારો ગંભીર ચિંતા પેદા કરે છે અને તે મતદારોના મનમાં શંકા પેદા કરે છે. ચૂંટણી આચારના નિયમો ૧૯૬૧ના નિયમ ૪૯S હેઠળ પ્રિસાઈડિંગ ઓફિસરે ફોર્મ ૧૭Cમાં નોંધાયેલા મતોનો હિસાબ તૈયાર કરવો અને તે દરેક પોલિંગ એજન્ટને આપવાનો રહેશે જેમાં મતદારોની વાસ્તવિક સંખ્યા, લોકોએ મત આપ્યાની સંખ્યા અને કુલ ઈવીએમમાં નોંધાયેલા મતોની સંખ્યા હશે. મુખ્ય ચૂંટણી કમિશનરને લખેલા પત્રમાં ટીએમસીએ અમુક મતદાન મથકોનો ઉલ્લેખ કર્યો હતો જ્યાં પ્રિસાઈડિંગ ઓફિસરે 'મતદારો માટે નોંધણી' મુજબ શારીરિક રીતે મતદાન કરવા આવેલા મતદારોની સંખ્યા આપવાની જોગવાઈને "બાકાત" કરી હતી. ટીએમસીએ જણાવ્યું હતું કે ECI દ્વારા અહેવાલ અને પ્રકાશિત થયેલ મતદાર મતદાન ટકાવારીની ચોકસાઈ અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરે છે. આવી વિસંગતતાઓને સંબોધવામાં ECIની નિષ્ફળતા ચૂંટણી પ્રક્રિયામાં લોકોના વિશ્વાસને નબળો પાડશે. ટીએમસીએ માંગ કરી હતી કે ECI દરેક સીટ પર નોંધાયેલા મતદારોની કુલ સંખ્યા, 'મતદારો માટે નોંધણી' મુજબ અપાયેલા મતદારોની



કુલ સંખ્યા અને EVM મુજબ મતદારોની સંખ્યા પ્રકાશિત કરે. લોકસભા ૨૦૨૪ની આગામી સામાન્ય ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કા માટે સંસદીય મતદારક્ષેત્ર મુજબના ચોક્કસ મતદાર મતદાનના આંકડા તાકીદે રજૂ કરવા જોઈએ અને મતદાન અહેવાલ જાહેર કરવામાં વિલંબ માટે સ્પષ્ટતા જાહેર કરવી જોઈએ જેમાં મતદારોની કુલ સંખ્યાની વિગતો અને ઉક્ત તબક્કાઓ માટે પાત્ર મતદારોની કુલ સંખ્યાની વિગતો જાહેર કરવી જોઈએ. પાર્ટીએ એવી પણ માંગ કરી હતી કે આગામી દરેક તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ વિગતવાર અહેવાલ પ્રકાશિત થવો જોઈએ. ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે મતદાનના ચોક્કસ આંકડાકીય ડેટાનું પ્રકાશન આવશ્યક છે અને તે એકમાત્ર માધ્યમ છે જેના દ્વારા સામાન્ય નાગરિકો માહિતી મેળવી શકે છે. આવા પ્રકાશનથી સત્તાવાર રેકોર્ડની કોઈપણ પ્રકારની હેરાફેરીની શક્યતા પણ ઘટી જશે અને સમગ્ર મતદાન પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ વધશે. ચૂંટણી પંચે ૩૦ એપ્રિલના રોજ સત્તાવાર રીતે મતદાનનો આંકડો શેર કર્યો હતો. તેના અનુસાર, લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૬.૧૪ ટકા અને બીજા તબક્કામાં ૬૬.૭૧ ટકા મતદાન નોંધાયું હતું. કોંગ્રેસ, સીપીઆઈ-એમ અને ટીએમસીએ ૧૯ એપ્રિલના રોજ પ્રથમ રાઉન્ડના મતદાનના ૧૧ દિવસ બાદ લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટે મતદાનના અંતિમ આંકડા જાહેર કરવામાં વિલંબ પર ECને પ્રશ્ન કર્યો હતો. વિરોધ પક્ષો પણ મતદારોની સંપૂર્ણ સંખ્યા જાહેર કરવામાં આવે તેવી માગણી કરી હતી. લોકસભા ચૂંટણી માટે સાત તબક્કામાં મતદાન થઈ રહ્યું છે. બાકીના પાંચ તબક્કામાં ૭ મે, ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે અને ૧ જૂને મતદાન થશે અને મત ગણતરી ૪ જૂને થશે.

# ભાજપ કર્ણાટકની મુખ્ય બેઠકો પર વોટ્સએપના ખોટા મેસેજ, ધ્રુવીકરણ અને મીડિયા દ્વારા મુસ્લિમોના ડરને દર્શાવીને જીતવાનું લક્ષ્ય બનાવે છે

## યુવા મતદારોના એક મોટા વર્ગમાં એવી ભાવના છે કે સમાચાર જોનારા શિક્ષિત લોકો સમજે છે કે દેશનું કદ આંતરરાષ્ટ્રીય સ્તરે સુધરી રહ્યું છે અને સેનાને મોદી તરફથી સમર્થન મળી રહ્યું છે, જો કે તેઓ બેલાગવી અને ચિક્કોડી મતવિસ્તારમાં નબળા ઉમેદવારોને મેદાનમાં ઉતારવા બદલ ભાજપથી નારાજ છે

(એજન્સી) તા.૭

૨૭ વર્ષીય દર્શન હેબ્બરે બેલગાવીમાં મીઠાઈની દુકાનમાં કામ કરે છે. બીકોમ ડિગ્રી પૂર્ણ કર્યા બાદ તે સરકારી ભરતીની પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. તેમણે તેમના પિતાના અવસાન પછી તેમના પરિવારને આર્થિક રીતે ટેકો આપવા માટે સ્ટોરમાં સેલ્સપર્સન તરીકે કામ કરવાનું શરૂ કર્યું. તે દર મહિને ૧૨,૦૦૦ રૂપિયા કમાય છે. હેબ્બરે એ વાતથી ખુશ નથી કે ભારતીય જનતા પાર્ટીએ બેલાગવી બેઠક પરથી પૂર્વ મુખ્યપ્રધાન જગદીશ શેટ્ટરને મેદાનમાં ઉતાર્યા છે, પરંતુ તેઓ ભગવા પક્ષને મત આપશે કારણ કે તે "સમાચાર" અને "વિડિયો"માં જુએ છે અને માને છે કે દેશનો "વિકાસ" થયો છે. ૨૮ વર્ષીય પુંડલિક કૃષ્ણએ જણાવ્યું હતું કે સેનાને સમર્થન મળી રહ્યું છે અને મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રનું નામ સુધર્યું છે. મોદી હિન્દુઓ માટે સારા છે. કોંગ્રેસ માત્ર મુસ્લિમોને સમર્થન આપે છે. અમારી સુરક્ષા માટે ભાજપ સત્તામાં હોવું જોઈએ. હું રોજ સમાચાર જોઉં છું જેથી મને ખબર પડે કે મોદી દેશ માટે શું કરી રહ્યા છે. તે ઓટો ચલાવે છે અને ધોરણ ૧૦ સુધી ભણ્યો છે. શેટ્ટરની વિરુદ્ધ કોંગ્રેસ પાર્ટીએ બેલાગવી મતવિસ્તારમાં રાજ્ય મંત્રી લક્ષ્મી હેબ્બાલકરના પુત્ર મૃણાલ હેબ્બાલકરને મેદાનમાં ઉતાર્યા છે. શેટ્ટર હુબલીના હોવાથી, આ હરીફાઈને બહારની વ્યક્તિ વિરુદ્ધ આંતરિક ચૂંટણી તરીકે ગણવામાં આવે છે. શરૂઆતમાં, તેમના નામની જાહેરાત થયા પછી, સ્થાનિક ભાજપ કાર્યકર્તાએ વિરોધ કર્યો અને શહેરમાં "ગો બેક જગદીશ" બેનરો જોવા મળ્યા હતા. કોંગ્રેસ પાર્ટી મુસ્લિમો તરફી છે તેવી ભાજપની થિયરીને ફગાવી દેતા મૃણાલ હેબ્બાલકરે કહ્યું કે, કોંગ્રેસ બિનસાંપ્રદાયિક પક્ષ છે, તે તમામ સમુદાયો અને ધાર્મિક માન્યતાઓને સમાન રીતે મહત્વ આપે છે. ૪૪ વર્ષીય ગણપતિ વી. ચવન્નાવરને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી અને ગયા વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મત આપ્યો હતો પરંતુ આ વખતે તેઓ કોંગ્રેસના ઉમેદવારને સમર્થન આપવાનું પસંદ કરે છે. તે કહે છે કે, તેઓ કેમ નથી કહેતા કે તેઓ શું કામ કરશે? શા માટે તેઓ એમ નથી કહેતા કે તેઓ અમારી સમસ્યાઓ હલ કરશે? આવતીકાલે જો અમે તેમની પાસે કંઈક માંગીએ તો તેઓ ફરીને કહેશે કે તમે મોદીને મત આપ્યો છે, કોઈ મુદ્દા માટે નહીં. કોંગ્રેસ પાર્ટીએ બેલાગવી, ચિક્કોડી અને હુબલી મતવિસ્તારમાં યુવા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, ત્યારે ભાજપે અનુભવી નેતાઓ પર આધાર રાખ્યો છે. તેનાથી વિપરીત, મતદારોની પસંદગીઓ આ વલણ સાથે મેળ ખાતી નથી. જૂના મતદારો મુખ્યત્વે ગેરંટી, નવા ચહેરાઓને તક આપવાની તેમની ઈચ્છા અને મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા પરના વિશ્વાસ સાથે સ્થાનિક નેતાઓના કામને કારણે કોંગ્રેસ પક્ષને ટેકો આપી રહ્યા છે અને જેઓ પ્રમાણમાં યુવાન મતદારો છે તેઓ વિકાસ અને હિંદુ પરિબળોને કારણે ભાજપને સમર્થન આપી રહ્યા છે.

હિન્દુત્વ ઈકોસિસ્ટમ હિંદુઓમાં ભયની ભાવના પેદા કરવામાં સફળ રહી છે અને મોદીને સમુદાય માટે તારણહાર તરીકે રજૂ કરે છે. ચિક્કોડી મતવિસ્તારમાં, યુવાન છોકરાઓએ વાહિયાત સિદ્ધાંતો વિશે વાત કરી કે કેવી રીતે તાજેતરના વર્ષોમાં મસ્જિદોની સંખ્યામાં વધારો થયો છે અને હિંદુઓ કશું પણ કરી શકતા નથી. પ્રથમ વખતના એક મતદારે સૂચવ્યું કે તેણે સાંભળ્યું છે કે સિદ્ધારમૈયા નવા પ્રકારનો આતંકવાદ શરૂ કરશે. જ્યારે તેને વધુ ખુલાસો કરવા માટે કહેવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે, તમે ધ કેરળ સ્ટોરી ફિલ્મ જોઈ છે. જેમ અફઘાનિસ્તાન અને અન્ય દેશોમાં આતંકવાદીઓ છે, કોંગ્રેસ પણ એવું જ કંઈક કરવાનો પ્રયાસ કરી રહી છે. ૧૮-૩૦ વર્ષની વયના ઘણા લોકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ હિંદુને સમર્થન આપશે. મોટાભાગના કિસ્સાઓમાં ઓછી રોજગારીને કારણે ઈન્ટરનેટની સરળ ઍક્સેસ અને પૂરતા સમય સાથે, યુવા મતદારો કોઈપણ વાયરલ મીમ્સ, રાજકીય જાહેરાતો અને રાજકારણીઓના ભાષણ ચૂકતા નથી અને માને છે કે મત જેહાદ એક વાસ્તવિકતા છે. વોશિંગ્ટન પોસ્ટે સપ્ટેમ્બર ૨૦૨૩માં કર્ણાટકની રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ પર એક વિશેષ વાર્તામાં આ અંગે અહેવાલ આપ્યો હતો કે કેવી રીતે ભાજપ મુસ્લિમોના ડરનો ઉપયોગ કરવાના હેતુની પોસ્ટ્સ સાથે WhatsApp પર વાયરલ કરીને ઉશ્કેરણીજનક પોસ્ટ્સ પર કામ કરી રહી છે. હિંદુ બહુમતી માટે તેઓએ WhatsApp જૂથોના વિશાળ નેટવર્કમાં આવી મુસ્લિમ વિરોધી સામગ્રીનો પ્રચાર કરવા માટે કેવી રીતે ૧,૫૦,૦૦૦ સોશિયલ મીડિયા કાર્યકર્તાઓનું ઉપકરણ એસેમ્બલ કર્યું હતું. યુનિવર્સિટીના પ્રોફેસર મુઝફ્ફર અસાદીએ જણાવ્યું હતું કે, મોદી કાલ્પનિક અને ખોટી વાર્તાઓ રજૂ કરી રહ્યા છે, અને યુવાનો તેમની જાળમાં ફસાઈ રહ્યા છે. તેઓ કટ્ટરપંથી હિન્દુ બની રહ્યા છે અને હું તેમને રાષ્ટ્રવાદી હિન્દુ પણ નહીં કહું. આ યુવાનો આ વૈચારિક જાળમાં ફસાઈ રહ્યા છે. તેઓ હિંદુ ગૌરવ અને ડરની ભાવના પેદા કરે છે. ભગવા પક્ષના સાંપ્રદાયિક એજન્ડાને ધ્યાનમાં લેતા, બેલાગવી દક્ષિણમાં ભાજપના બૂથ કાર્યકરે સમજાવ્યું કે હિન્દુ-મુસ્લિમ વિભાજન સમાજ માટે સારું નથી.




સરકારનું ધ્યાન ગરીબો પર હોવું જોઈએ. અમારી પાર્ટીનું કેન્દ્ર હિન્દુ-મુસ્લિમ ન હોવું જોઈએ. હું ઈચ્છું છું કે નેતૃત્વ આ સમજે. દેશમાં પહેલેથી જ સમસ્યાઓ છે અને લોકો વિભાજિત છે. જો ધર્મના આધારે વિભાજન ચાલુ રહેશે તો પરિસ્થિતિ બગડશે અને મુશ્કેલી ઊભી થશે. ૧૯૯૦ના દાયકાથી હુબલીમાં સાંપ્રદાયિક તણાવ વધી રહ્યો છે કારણ કે હિન્દુત્વ જૂથોએ શહેરના ઈદગાહ મેદાનમાં ત્રિરંગો ફરકાવવાની માંગ કરવાનું શરૂ કર્યું હતું અને ઈદગાહ મેદાન પર ગણેશ પંડાલ મૂકવા માટે પણ કહ્યું હતું. ૧૯૫૭થી બેલાગવી લોકસભા બેઠક પરથી ચૂંટાયેલા દસ સાંસદોમાંથી, વર્તમાન મંગલા અંગડી સહિત સાત લિંગાયત હતા. ૨૦૨૩ની વિધાનસભાની ચૂંટણીમાં, કોંગ્રેસે પાંચ અને ભાજપે બેલગવી હેઠળની આઠમાંથી ત્રણ વિધાનસભા બેઠકો જીતી હતી. આ મતવિસ્તારમાં પ્રબળ લિંગાયત અને મરાઠી ભાષી મતદારોની વસ્તી છે અને મોટી સંખ્યામાં મુસ્લિમો, કુરુબા અને SC અને જૈનોનો એક નાનો વર્ગ છે અને અહીં ત્રણ ધારાસભ્યો લિંગાયત છે, બે ST, એક મુસ્લિમ, એક જૈન અને એક બ્રાહ્મણ છે. ચિક્કોડી મતવિસ્તારના આઠ વિધાનસભા ક્ષેત્રોમાં, પાંચ ધારાસભ્યો લિંગાયત છે, બે એસસી છે અને એક એસટી છે. આઠમાંથી પાંચ ધારાસભ્યો કોંગ્રેસ પક્ષના છે અને ત્રણ ભાજપના છે. ભાજપના ઉમેદવાર લિંગાયત સમુદાયના છે જ્યારે પ્રિયંકા એસ.ટી. લિંગાયત મતદારોનો એક વર્ગ તાજેતરના વર્ષોમાં પૂર દરમિયાન જિલ્લાની અવગણના કરવા બદલ ભાજપથી નારાજ છે. તેથી, કોંગ્રેસ પક્ષ અહીં ભાજપના લિંગાયત વોટ બેઝ મેળવશે. સવાલ એ છે કે શું કોંગ્રેસ પાર્ટી પરંપરાગત રીતે ભાજપને ટેકો આપતા કેટલાક મરાઠી ભાષી મતદારો પાસેથી મત મેળવી શકશે. તેવી જ રીતે, ધારવાડ બેઠક માટે ભાજપે બ્રાહ્મણ, અને વર્તમાન સાંસદ જોશીને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે કોંગ્રેસ ઓબીસીને મેદાનમાં ઉતારીને મતદારોને એકીકૃત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ધ્રુવીકરણ વાતાવરણમાં, ધારવાડમાં બિન-લિંગાયતને મેદાનમાં ઉતારવાનો કોંગ્રેસનો પ્રયોગ એક વ્યૂહરચના છે. જો કે, લિંગાયત સંત દીંગલેશ્વર સ્વામીનો જોશી સામેનો વિરોધ ભગવા પક્ષની સંભાવનાઓને પણ નુકસાન પહોંચાડી રહ્યો છે. ચિક્કોડીમાં બસની રાહ જોતા, દૈનિક વેતન કામદારોના એક જૂથે મફત બસની મુસાફરી માટે કોંગ્રેસ પાર્ટીનો આભાર વ્યક્ત કર્યો. તેઓ પ્રશ્ન પૂછે છે કે મોદીને ક્યા આધારે મત આપવો જોઈએ? તેમણે શું આપ્યું છે? આ ચૂંટણીમાં કોંગ્રેસે સામાજિક વર્ણનનું નવું સ્વરૂપ બનાવ્યું છે - મહિન્દા-મહિલા (મહિલા), અલ્પસંખ્યાતરુ (લઘુમતી), હિન્દુલિદાવરુ (પછાત વર્ગો) અને દલિતરુ (દલિતો). મહિલા મતદારોનો એક વર્ગ જાતિને ધ્યાનમાં લીધા વિના કોંગ્રેસ પક્ષને તેમના કામને કારણે સમર્થન આપે છે. (સૌ.: ધ વાયર.ઈન)

# અમે 'સગર્ભા વ્યક્તિ' શબ્દનો ઉપયોગ કરીએ છીએ કારણ કે, સ્ત્રીઓ ઉપરાંત અન્ય લિંગના વ્યક્તિઓને પણ ગર્ભાવસ્થા થઈ શકે છે : સુપ્રીમ કોર્ટ

## આ ચુકાદો ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડ દ્વારા લખવામાં આવ્યો હતો, જ્યારે બેન્ચ ૧૪ વર્ષની છોકરીની ગર્ભાવસ્થા સમાપ્ત કરવા અંગેના કેસમાં નિર્ણય કરી રહી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

સુપ્રીમ કોર્ટની બેન્ચે જાતિઓને ઓળખવા માટે લિંગ-તટસ્થ શબ્દના ઉપયોગ અંગેની ચર્ચા સાથે તેના આદેશમાં જણાવ્યું હતું કે, કેટલાક બિન-દ્વિસંગી લોકો અને ટ્રાન્સજેન્ડરને પણ ગર્ભાવસ્થાનો અનુભવ થઈ શકે છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડ દ્વારા ૧૪ વર્ષની છોકરીની ગર્ભાવસ્થા સમાપ્ત કરવા સંબંધિત કેસનો નિર્ણય કરતી વખતે ૪૧ વખત સગર્ભા વ્યક્તિના અભિવ્યક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સીજેઆઈ ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બે ન્યાયાધીશોની બેન્ચે તેના અગાઉના આદેશને યાદ કર્યો હતો જેમાં ૧૪ વર્ષની બળાત્કાર પીડિતાને તેની લગભગ ૩૧ અઠવાડિયાની ગર્ભાવસ્થા સમાપ્ત કરવાની મંજૂરી આપવામાં આવી હતી. અદ્યતન સગર્ભાવસ્થામાં પ્રક્રિયા હાથ ધરવાના આંતરિક જોખમો અંગે તેના માતા-પિતાએ તેના સ્વાસ્થ્ય વિશે ચિંતા વ્યક્ત કરી હતી. ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલાની આ બેન્ચે સમજાવ્યું કે, અમે 'ગર્ભવતી વ્યક્તિ' શબ્દનો ઉપયોગ કરીએ છીએ અને જાણીએ છીએ કે, ટ્રાન્સજેન્ડર સ્ત્રીઓ ઉપરાંત કેટલાક બિન-દ્વિસંગી લોકો અને ટ્રાન્સજેન્ડરને પણ ગર્ભાવસ્થાનો અનુભવ થઈ શકે છે. આ ચુકાદામાં ગર્ભપાતમાં સગર્ભા વ્યક્તિની સંમતિની પ્રાથમિકતા પર જણાવાયું હતું કે, જો સગર્ભા વ્યક્તિ અને તેના વાલીના અભિપ્રાયમાં તફાવત હોય તો સગીર અથવા માનસિક રીતે બીમાર સગર્ભા વ્યક્તિનો અભિપ્રાય લેવો આવશ્યક છે. ન્યાયી નિષ્કર્ષ પર પહોંચવા માટે કોર્ટ દ્વારા મહત્ત્વપૂર્ણ પાસા પર ધ્યાન આપવામાં આવે છે.



કોર્ટે સગીરના કિસ્સામાં ગર્ભાવસ્થાના મેડિકલ ટર્મિનેશન (MTP) માટે છોકરીની માતાની વિનંતીને મંજૂરી આપી હતી અને કહ્યું કે, આ ખૂબ જ અસાધારણ કેસ છે જેમાં અમારે તેનું રક્ષણ કરવું પડશે. ખંડપીઠે લોકમાન્ય તિલક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, સાયન, મુંબઈના ડીન દ્વારા સબમિટ કરેલા તબીબી અહેવાલનું નિરીક્ષણ કર્યું હતું. તેમાં કહ્યું હતું કે, સગીરની ઈચ્છા વિરુદ્ધ ગર્ભાવસ્થા ચાલુ રાખવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડી શકે છે. આ ૧૪ વર્ષની સગીર છે.

જો કે, હોસ્પિટલ સત્તાવાળાઓને પ્રક્રિયા હાથ ધરવા માટે કહેવામાં આવ્યું હતું, તેઓએ વધુ સ્પષ્ટતા માંગી હતી કે, છોકરીની માતા ગર્ભાવસ્થાના આવા અદ્યતન તબક્કામાં MTPના સંભવિત જોખમોને કારણે તેના નિવેદનો બદલી રહી છે. ત્યારબાદ બેન્ચે ૨૯ એપ્રિલે સાયન હોસ્પિટલની મેડિકલ ટીમ અને માતા-પિતા સાથે વાતચીત કરી અને બેન્ચે સાયન હોસ્પિટલને સગીરને અગાઉ હોસ્પિટલમાં દાખલ કરવા અને ડિલિવરી માટે તેના ફરીથી દાખલ થવા અંગેના તમામ ખર્ચ ભોગવવાનો નિર્દેશ પણ આપ્યો હતો. આ ઘટનામાં તેણી અને તેના માતા-પિતાએ ડિલિવરી પછી બાળકને દત્તક લેવા માટે છોડી દેવાની ઈચ્છા માટે રાજ્ય સરકાર સુવિધા માટે કાયદાની લાગુ જોગવાઈઓ અનુસાર તમામ જરૂરી પગલાં લેશે. આ કોર્ટના નિર્દેશ તરીકે માની શકાય નહીં અને તે માતા-પિતા અથવા સગીરને બંધનકર્તા છે અને રાજ્ય યોગ્ય તબક્કે ઈચ્છાઓનું પાલન કરશે. બોમ્બે હાઈકોર્ટે તેની અરજી ફગાવી દીધા બાદ બાળકીની માતાએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું કે, છોકરીએ બળાત્કારનો કેસ દાખલ કર્યા પછી ગ્રાન્ટ સરકારી મેડિકલ કોલેજ અને સર જે.જે. ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ, મુંબઈના મેડિકલ બોર્ડે ૨૮ માર્ચ, ૨૦૨૪ના રોજ એક રિપોર્ટ તૈયાર કર્યો, જેમાં જણાવ્યું હતું કે, છોકરીની શારીરિક અને માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ગર્ભાવસ્થા સમાપ્ત થઈ શકે છે. જો કે, તેણે હાઈકોર્ટની પરવાનગી માંગી હતી કારણ કે, સગર્ભાવસ્થાની ઉંમર ૨૪ અઠવાડિયાથી વધુ હતી, જે MTP એક્ટ હેઠળ ગર્ભાવસ્થા સમાપ્ત કરવા માટે માન્ય વય છે.

આ કેસ હાઈકોર્ટમાં પહોંચ્યો, ત્યારે મેડિકલ બોર્ડે પુનઃ પરીક્ષણ કર્યા વિના અભિપ્રાય આપ્યો હતો. અહેવાલમાં ગર્ભની સગર્ભાવસ્થાની ઉંમર ૨૭થી ૨૮ અઠવાડિયાની છે અને ગર્ભમાં કોઈ જન્મજાત અસામાન્યતાઓ નથી. MTP એક્ટના કાયદાકીય ઉદ્દેશ્ય અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, પ્રથમ મહિલાનું સ્વાસ્થ્ય સર્વોપરી છે. આમાં ગર્ભપાતની અસુરક્ષિત અને ગેરકાયદેસર પદ્ધતિઓનો ઉપયોગ ન કરતી મહિલા દ્વારા ટાળવામાં આવતા જોખમનો સમાવેશ થાય છે.

રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરોમાં કાર્યવાહીનો ડર સગર્ભા લોકો માટે સુરક્ષિત ગર્ભપાત મેળવવામાં અવરોધ તરીકે કામ કરે છે તે અંગે સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, આ કાયદો RMPને ગર્ભપાત સામેની દંડનીય જોગવાઈઓથી રક્ષણ આપે છે, વધુમાં સગર્ભાવસ્થા સમાપ્ત થઈ શકે છે કે કેમ તે અંગે અભિપ્રાય માટે માત્ર RMPને કોઈ દંડ કરી શકાશે નહીં. આ એટલા માટે છે કારણ કે, MTP એક્ટ RMPને આવા અભિપ્રાય માટે જરૂરી સત્તા આપે છે. સ્પષ્ટ અભિપ્રાય જારી કરતી વખતે તબીબી બોર્ડે સંજોગોમાં કોઈપણ ફેરફાર માટે યોગ્ય અને સુસંગત કારણો પ્રદાન કરવા આવશ્યક છે.

# 'પાકિસ્તાને બંગડીઓ નથી પહેરી તેની પાસે પરમાણુ બોમ્બ છે' રાજનાથસિંહના નિવેદન પર ફારૂક અબ્દુલ્લાના વળતા પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ વિવાદિત નિવેદન આપ્યું. તેમણે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહના નિવેદન પર વળતો પ્રહાર કરતાં કહ્યું કે, પાકિસ્તાને પણ બંગડીઓ નથી પહેરી.

તાજેતરમાં જ એક ચૂંટણી રેલી દરમિયાન રાજનાથસિંહે કહ્યું હતું કે, PoK અમારૂં હતું, છે અને રહેશે. આ પહેલા ભારતના વિદેશમંત્રીએ પણ કહ્યું હતું કે, PoK ભારતનો ભાગ છે.

ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, 'જો સંરક્ષણ મંત્રીએ બોલવું હોય તો ભલે બોલે. આપણે તેમને રોકીએ એવી ક્યાં લાયકાત છે ? પરંતુ એ યાદ રાખવું જોઈએ કે પાકિસ્તાને પણ બંગડીઓ નથી પહેરી. તેની પાસે પણ પરમાણુ બોમ્બ છે અને કમનસીબે એ પરમાણુ બોમ્બ આપણી ઉપર જ આવીને પડશે.'

રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારત પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK) પર પોતાનો દાવો ક્યારેય છોડશે નહીં, પરંતુ તેના પર બળજબરીથી કબજો કરવાની જરૂર નથી કારણ કે, ત્યાંના લોકો કાશ્મીરમાં વિકાસ જોયા પછી પોતે ભારતનો ભાગ બનવા માંગશે.



આ દરમિયાન ભાજપ તરફથી સુધાંશુ ત્રિવેદીએ ફારૂક અબ્દુલ્લા સામે પ્રહાર કરતાં કહ્યું હતું કે, એ તો પાકિસ્તાનના નેતા લાગે છે. આ સાથે તેમણે ઈન્ડિયા ગઠબંધન સામે પણ નિશાન સાધ્યું હતું.

# ભરૂચના ભોલાવ ગામે મતદાન કેન્દ્ર પર 'આપ'ના એજન્ટોને ભાજપના આગેવાનોએ ધમકી આપતા ચકચાર

## ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ મીડિયાકર્મી પર હુમલો કરી ગાળાગાળી કરતા પોલીસ ફરિયાદ કરવાની તજવીજ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૭

ભરૂચ લોકસભા બેઠક ઉપર આજે મતદાન પ્રક્રિયામાં ભોલાવ ગામની નારાયણ વિદ્યા વિહારના મતદાન કેન્દ્ર ઉપર આપ પાર્ટીના એજન્ટોને ભાજપના આગેવાનોએ ટેબલ ઉઠાવી લેવા ધાકધમકીઓ આપી હતી તો બીજી તરફ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી દ્વારા મીડિયા કર્મીને ઝાપટ મારવાનો પ્રયાસ કરી ધાકધમકી આપતા પત્રકાર દ્વારા ધારાસભ્ય અને ભાજપના આગેવાનો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

ભરૂચ લોકસભા બેઠક ઉપર આ વખતે ઝાડુંનું જોર સવારથી જ ચાલતા ભાજપના આગેવાનોએ દાદાગીરી શરૂ કરી દીધી હતી. જેમાં ભરૂચના ભોલાવ ગામ ખાતે આવેલ નારાયણ વિદ્યાવિહાર શાળામાં ઊભા કરાવેલા મતદાન કેન્દ્ર ઉપર સવારથી મતદાન શરૂ થયું હતું. જેમાં ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવારના એજન્ટો મતદાન મથક બહાર ટેબલ લઈને બેઠા હતા ત્યાં ઝાડુંનું જોર ચાલતા ભાજપના આગેવાનોએ આપ પાર્ટીના ટેબલ લઈને બેઠેલા સુરતના કાઉન્સિલર તેમજ મહિલા આગેવાનને ભાજપના આગેવાન જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ધર્મેશ મિસ્ત્રી-તેમજ યુવરાજ સહિત બેથી ત્રણ લોકોએ આવીને કહ્યું કે અહીં ભાજપના લોકો બેસે છે. તમારૂં ટેબલ ઉઠાવી લો નહીં તો જોવા જેવી થશે. જેથી આપની મહિલા આગેવાનોએ ધર્મેશનો ધમકી આપતો વીડિયો ઉતારી લીધો હતો ત્યાં હાજર મીડિયાકર્મી પ્રજ્ઞેશભાઈ પાટણવાડિયા પણ શૂટીંગ કરતા હતા ત્યાં જ ભાજપના કેટલાક લોકોએ પત્રકાર પર હુમલો કરી દેતા ત્યાં હાજર તેમના મિત્ર સેજલ દેસાઈ સહિતના લોકોએ ખોટી દાદાગીરી કરી મીડિયાકર્મી પર હુમલો કેમ કરો છો તેમ કહેતા મામલા બગડી જતા ત્યાં ધારાસભ્ય રમેશ મિસ્ત્રી સહિત ભાજપના આગેવાનો દોડી આવ્યા અને ત્યાં આપ પાર્ટીના આગેવાનો ગર્ભિત ધમકીઓ આપી પીઆઈને હુકમ કર્યો કે બધાને ગાડીમાં બેસાડી લો કહેતા જ ઉગ્ર બોલાચાલી થઈ. આ દરમ્યાન પત્રકાર પ્રજ્ઞેશ પાટણવાડિયા શુટીંગ કરતા હતા તેને જોઈ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી અકળાયા હતા અને બંધ કર શુટીંગ તારી હોશિયારી કાઢી નાખીશ તેમ કહી ગાળાગાળી કરીને હાથ ઉગામ્યો હતો. જો કે હાજર લોકોએ મીડિયાકર્મી છે તમે ખોટું કરો છો તેમની પર હુમલો ના કરો કહેતા ઉગ્ર બોલાચાલીને અંતે મામલો થાળે પડ્યો હતો. જો કે આ ઘટનાને લઈ પત્રકાર પ્રજ્ઞેશ પાટવાડિયાએ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી સહિત ભાજપના આગેવાનો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાની તજવીશ હાથ ધરી છે. જ્યારે ઘટનાની જાણ ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર ચૈતર વસાવાને થતા તેઓ દોડી આવ્યા હતા. તેમણે આ ઘટનાને વખોડી નાખી. પોતે જીતી રહ્યા હોવાથી ભાજપના આગેવાનો સંતુલન ખોઈ રહ્યા છે.

# એક કિલો મેફેડ્રોન મંગાવનાર આરોપીને ૧૮૦૦ કિ.મી.નો પીછો કરી સુરત SOGએ ઝડપી પાડ્યો





(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

ગત તા.૨૯/૦૪/૨૦૨૪ ના રોજ શહેર એસ.ઓ.જી.. દ્વારા લાલગેટ વિસ્તારમાંથી મેફેડ્રોન ડ્રગ્સ વજન ૦૧ કિલો ગ્રામ કિંમત રૂા.૧,૦૦,૦૦,૦૦૦/-નું ઝડપી પાડવામાં આવેલ પરંતુ આ જથ્થાની ડીલવરી લેવા આવનાર અને આપવા આવનાર બન્ને આરોપીઓ નાસી ગયા હતા જેથી આ બન્ને આરોપીબોને તાત્કાલીક ઝડપી પાડવા સંયુક્ત પોલીસ કમિશ્નર રાવેન્દ્ર વત્સ કાઈમ સુરત શહેર, નાયબ પોલીસ કમિશ્નર રાજદિપસિંહ નકુમ એસ.ઓ.જી. સુરત શહેરને સૂચના આપવામાં આવી હતી. એસઓજી પીઆઇ એ.પી.ચૌધરીએ ઉપરોક્ત બન્ને આરોપીઓ પોલીસ રડારમાંથી નિકળી જાય તે પહેલાજ તાત્કાલિક ઝડપી પાડવા માટે એસ.ઓ.જી.ના પીએસઆઇ એ.પી.જેબલીયા, હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ પ્રવીણસિંહ, હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ રણજીતસિંહ, તથા હેડ કોન્સ્ટેબલ જગશીભાઈ શાંતિભાઈએ ટીમ બનાવી હતી. જે ટીમ દ્વારા બન્ને આરોપીઓના સંપુર્ણ ડેટા મેળવી તેઓ બન્ને ઉપર ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસ દ્વારા વોચ ચાલુ હતી દરમ્યાન ડ્રગ્સ મંગાવનાર મુખ્ય આરોપી મો.કાસીફ મુંબઈ તરફ નાસી છુટેલ હોવાની હકીકત એસ.ઓ.જી..ના પીએસઆઇ એ.પી.જેબલીયા તથા હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ પ્રાણસિંહ નાઓને મળતા ટીમના માણસો તુરતજ આરોપીનો પીછો કરી મુંબઈ પહોંચેલ પરંતુ આરોપી ત્યાંથી નિકળી ઉત્તરપ્રદેશના ઉન્નાવ તરફ ભાગેલ હોવાની હકીકત મળતા ટીમ મુંબઈથી નિકળી ઉન્નાવ પહોંચેલ પરંતુ આરોપી ત્યાંથી પણ નિકળી બારાબંકી જિલ્લાના દેવા શરીફ ખાતે નાસી ગયેલ હોવાનું જણાતા જેથી ટીમના માણસો જરા પણ ચૂક કર્યા વગર દેવા શરીફ ખાતે પહોંચી આરોપી ત્યાંથી ભાગે તે પહેલાજ આરોપી મો. કાસીફ ઈકબાલ ઉર્ફે પસીના શેખ (ઉ.વ.૨૦) રહે. અખાડા મહોલ્લા રામપુરા લાલમીયા મસ્જીદ પાસે લાલગેટ સુરત હાલ રહે, નાનપુરા દોટીવાળા બેકરીની પાછળ માજીદના મકાનમાં મો.અસલમ શેખ ઉર્ફે એમ.જી.શેખના મકાનમાં સુરત મુળ વતન કસાઈન ચોરાહ મસ્જીદની સામે સકીલભાઈ ની દુકાનની ગલીમાં ઉન્નાવ જી.લખનઉ (ઉત્તરપ્રદેશ) વાળાને ઝડપી લેવામાં સફળતા મળી હતી. આરોપીને ઉત્તરપ્રદેશથી સુરત ખાતે લાવી આરોપીની પૂછપરછ કરતા તેણે આ ડ્રગ્સનો જથ્થો મુંબઈ ખાતેથી પોતાના માણસો મારફતે મંગાવી છુટક વેચાણ કરતો હોવાનું જણાવેલ. જેથી આરોપીની ઉંડાણપૂર્વક પુછપરછ કરી મુંબઈ ખાતે રહી ડ્રગ્સનું ડિસ્ટ્રીબ્યુશન કરતા આરોપીઓ બાબતે તથા સ્થાનિક લેવલે ડ્રગ્સની હેરાફેરી તથા વેચાણ કરતા પેડલરો/ રીટેઈલરોને આઈડેન્ટીફાઈ કરી તેઓને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### ડીજીવીસીએલના ધાંધિયાને પગલે મતદારોમાં રોષ

# ઉધનામાં વીજ પુરવઠો ખોરવાતા મતદાન પ્રક્રિયા ખોરંભે ચઢી

સુરત, તા.૭

નવસારી લોકસભા બેઠકમાં સમાવિષ્ટ ઉધના વિસ્તારમાં આજે સવારે મતદાન પ્રક્રિયા દરમિયાન વિજ પુરવઠો ખોરવાઈ જતાં એક તબક્કે મતદાન પ્રક્રિયા ખોરંભે ચઢી હતી. જો કે ૨૦ મીનિટ બાદ વિજળી આવતાં રાબેતા મુજબ મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો.

આજે સવારથી જ નવસારી અને બારડોલી બેઠકમાં મતદાન માટે મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. આ દરમિયાન ઉધના સબ ડિવીઝન - બેમાં સમાવિષ્ટ ઠાકોર નગર, પ્રભુનગર અને રામકૃષ્ણ ઈન્ડસ્ટ્રીયઝ સહિતના વિસ્તારોમાં વિજ પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો. જેને પગલે મતદાન મથકમાં વોટિંગ પ્રક્રિયા પર પ્રતિકુળ અસર જોવા મળી હતી. અંદાજે ૨૦ મીનિટ સુધી વિજળીનો પુરવઠો ખોરવાઈ જતાં મતદાન માટે આવેલા નાગરિકોમાં પણ ભારે નારાજગીનો માહોલ જોવા મળ્યો હતો અને આજના દિવસે પણ ડીજીવીસીએલના ધાંધિયાને પગલે મતદારોએ નાછૂટકે લાઈનમાં ઉભા રહેવા માટે મજબુર બનવું પડ્યું હતું.

## સી.આર. પાટિલે પરિવાર સાથે કર્યું મતદાન

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને નવસારીના ઉમેદવાર સીઆર પાટિલ પરિવાર સાથે મતદાન કરવા પહોંચ્યા હતાં. પાટિલ પરિવાર સાથે મતદાન કરવા પહોંચ્યા હતાં. મતાધિકારનો ઉપયોગ કરીને કહ્યું કે, લોકશાહીના આ પર્વમાં દરેક નાગરિકે પોતાના અમૂલ્ય મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

## કોંગ્રેસના નૈષધ દેસાઈએ મતદાન કર્યું

નવસારી લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નૈષધ દેસાઈએ પોતાના પરિવાર સાથે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગાંધીજીની જેમ માથે ટકો અને હાથમાં લાકડી સાથે મતદાન કરવા પહોંચ્યા હતાં. ફોર્મ ભર્યુ ત્યારથી નૈષધભાઈ આ પહેરવેશમાં છે. જે આજે પણ મતદાન વખતે દેખાયો હતો. મતદાન કર્યા બાદ તેમણે કહ્યું કે, તમામ નાગરિકોએ બંધારણે આપેલા અધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

### ઔદ્યોગિક નગરીમાં ઉત્સાહભેર મતદાન

# અંકલેશ્વરમાં કેટલાક લોકોના નામ મતદારયાદીમાં ન જોવાતા રોષની લાગણી



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૭

ભરૂચ લોકસભાનું ચૂંટણીનું આજરોજ યોજાયેલ મતદાનમાં અંકલેશ્વરમાં મતદારોએ ઉત્સાહભેર મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કયો હતો.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન યોજાયું હતુ જેમાં મતદાતાઓએ આ લોકશાહીના પર્વમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અંકલેશ્વર વિધાનસભા વિસ્તારમાં સવારથી જ બૂથો ઉપર મતદારોની લાંબી કતારો લાગી હતી. અંકલેશ્વર શહેરમાં પણ તમામ બૂથો ઉપર મતદારો મતદાન માટે ઉમટી પડ્યા હતા અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહી ના પર્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તો કેટલાક લઘુમતી તેમજ આદિવાસી વિસ્તારોમાં મતદારોના નામો મતદાર યાદીમાંથી ગુમ થતાં મતદારોમાં આક્રોશ ફેલાયો હતો તથા કેટલાક વિસ્તારોમાં મતદાન મથક ૩થી ૫ કિ.મી. દૂર રાખવામાં આવતા મતદારોમાં મતદાન કરવામાં નિરુત્સાહ જોવા મળી હતી અને જેને લઈને મતદાનમાં ભારે અસર જોવા મળી હતી જ્યારે વિસ્તારોમાં મતદાન સ્લીપો નહીં પહોંચતા મતદાન ઓછું થયું હોવાનું જાણવા મળ્યું હતું. અંકલેશ્વરની ન્યુ ક્વોલિટી બેકરી દ્વારા પોતાની પ્રોડક્ટની ખરીદી પર મતદાન કરીને આવતા ગ્રાહકોને ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું.

# ખેડા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં શાંતિપૂર્વક મતદાન થયું

ખેડા, તા.૭

ખેડા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં શાંતિપૂર્વક મતદાન થયું હતું.

ખેડા શહેરમાં મુખ્ય બે મતદાન સ્થળો ઉપર-એચ એન્ડ-ડી.પારેખ હાઈસ્કૂલ તેમજ ગુજરાતી શાળામાં અનેક બુથ મથકો ઊભા કરવામાં આવ્યા છે. સવારે ૭ વાગ્યાથી મતદાન મથકોમાં લોકો મત આપવા ઉમટી પડ્યા હતા. લઘુમતી વિસ્તારના મતદારોમાં ખુબ જાગૃતિ જોવા મળી છે તેમજ ક્ષત્રિયો પણ ખુબ જ મોટી સંખ્યામાં મતદાન કરવા ઉમટી પડ્યા હતા. બાર વાગ્યા સુધી મોટી સંખ્યામાં લોકો મતદાન કરતા જોવા મળ્યા હતા જ્યારે બપોર પછી મતદાન ધીમું થઈ ગયાનું જોવા મળ્યું હતું. ગરમીના પ્રકોપને લીધે મતદાન સાંજે વધુ થશે. ખેડા શહેરમાં ૬૦ ટકા જેટલું મતદાન થવાની શક્યતા છે. ગ્રામ્ય વિસ્તારમાં સવારથી મતદાન ધીમું હોવાના સમાચાર છે પણ લોકો સાંજ સુધીમાં અમુક મતદાન કરશે એવું અનુમાન છે. ગ્રામ્ય વિસ્તારમાં રતનપુર, સંધાણા, ગોબલેજ, પરસાંતજ, ખુમરવાડ-વિઠ્ઠલપુરા-છાપરા-કાજીપુરા-સમાદરા-માતર જેવા વિસ્તારમાં પણ ભાજપ વિરોધી વાતાવરણ હોવાનું અનુમાન લગાઈ રહ્યા છે.

અત્યારસુધી ક્યાંય પણ અનિચ્છનીય બનાવ બન્યાનું જાણવા મળ્યું નથી. સમગ્ર વિસ્તારમાં સઘન પોલીસ બંદોબસ્ત જોવા મળે છે.

# નવસારી-બારડોલી બેઠક પર નિરસ મતદાનથી ભાજપ કાર્યકરોમાં દોડધામ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

નવસારી લોકસભામાં આવતા ગ્રામ્ય વિસ્તારની ત્રણ વિધાનસભામાં બપોરે એક વાગ્યા સુધીમાં ૪૨થી ૪૩ ટકા જ્યારે સુરત શહેરી વિસ્તારમાં આવતી ચાર વિધાનસભામાં ૩૪થી ૩૮ ટકા મતદાન થતાં સુરતના કાર્યકરો દોડતા થયા છે. શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં મતદાનની ટકાવારી વધુ છે તે જાણ્યા બાદ સુરત ભાજપના કાર્યકરોએ મતદાન વધુ થાય તે માટે પ્રયાસ કર્યો હતો પરંતુ ગરમી તથા આ વખતે મતદારોમાં ઉદાસીનતાના કારણે ભાજપના મતદારોને પરસેવો પડી રહ્યો છે. નવસારી અને બારડોલી બેઠક પર નિરસ મતદાન જોવા મળ્યું છે. સવારે બે કલાકમાં નવસારી લોકસભા બેઠક પર માત્ર ૯.૧૫ ટકા અને બારડોલી બેઠક પર ૧૧.૫૪ મતદાન જ થયું છે. જ્યારે બપોરના એક વાગ્યા સુધી નવસારી લોકસભા વિસ્તારમા ૩૮.૧ ટકા અને બારડોલી લોકસભામાં ૪૧.૬૭ ટકા મતદાન થયું છે. આ ઉપરાતં બપોરના એક વાગ્યા સુધી ગુજરાતમાં સોથી વધુ વલસાડમાં મતદાન થયું છે. વલસાડમાં બપોરના એક વાગ્યા સુધી ૪૫.૩૪ ટકા મતદાન થયું છે. સુરત જિલ્લામાં નવસારીના કુલ ૧૪.૩૯ લાખ મતદારો અને બારડોલી બેઠકના કુલ ૧૫.૪૦ લાખ મતદારો છે. સવારના ઠંડા માહોલમાં મતદાન ધીમુ રહ્યું હતું. સુરત શહેર વિસ્તારમાં આવતી લિંબાયત, ચોર્યાસી, મજૂરા અને ઉધના વિધાનસભા કરતાં ગ્રામ્ય નવસારી ગ્રામ્ય વિસ્તારમાં આવતી જલાલપોર, ગણદેવી અને નવસારી વિધાનસભામાં મતદાન ઝડપી થઈ રહ્યું છે. ભાજપના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સુરત ભાજપના કાર્યકરો દ્વારા બૂથ મેનેજમેન્ટ કરવામાં આવ્યું છે.



લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં સુરત જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે મતદાન યોજાયું હતું. નવસારી સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૧૬૪ ઉધના વિધાનસભાના મત વિસ્તારમાં યુવાધન, વયોવૃદ્ધ નાગરિકો, દિવ્યાંગો સાથે કિન્નર સમાજના સીતાકુંવર, શાલું કુંવર અને સપના કુંવરે પણ મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના મહાપર્વમાં ભાગીદાર બન્યા હતા.

# માંગરોળના સણધરા ગામે અનેક સમસ્યાઓને લઈ ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કાર કર્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

માંગરોળ તાલુકાના સણધરા ગામે ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કાર કર્યો હતો. આજે સવારના ૭ વાગ્યાથી અત્યાર સુધી એક પણ વોટ નાંખ્યો ન હતો. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ગામમાં અનેક સમસ્યાઓને લઈ મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. કરોડો રૂપિયાની સિંચાઈ યોજનાનું પાણી નથી પહોંચ્યું તેમજ ગામમાં બસ સ્ટેન્ડનો પણ અભાવ છે. ૫૦૦થી વધુ લોકોની વસ્તી ધરાવતાં ગામમાં ૩૨૦ મતદારો જ્યાં સુધી ગામની સમસ્યાનું સમાધાન નહીં થાય ત્યાં સુધી મતદાન નહીં કરે તેવી ચીમકી ઉચ્ચારી હતી. આજે માંગરોળ તાલુકાના સણધરા ગામે ગ્રામજનોએ ચૂંટણીનો બહિષ્કાર કરતા તંત્ર દોડતું થયું હતું. ગ્રામજનો જૂની માગણી ન સ્વીકારાતા બહિષ્કાર કરવામાં આવ્યો છે. અહીં વર્ષોથી રોડ, સ્મશાન, બસ સ્ટેન્ડ અને સિંચાઈના પાણીની તકલીફ ભોગવતા ગ્રામજનોએ મતદાનના દિવસે જ વિરોધ કરતાં તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ગ્રામજનોએ રોષ ઠાલવતાં કહ્યું કે, અવારનવાર અધિકારીઓ અને સરપંચને રજૂઆત કરવામાં આવી હોવા છતાં તેમને પાયાની સુવિધાઓ મળી રહી નથી. ૨૦૨૨માં સિંચાઈના પાણીની લાઈન માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, પરંતુ હજુ સુધી સિંચાઈનું પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી નથી. ૩૨૦ મતદારોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે. આ ઘટનાની જાણ થતાં અધિકારીઓ દોડતા થયા હતા.

### જામનગરમાં જૂની RTO કચેરી પાસે

# ખોદકામ કરતી વેળા ૧૧ કેવીનો કેબલ ડેમેજ થતાં બેડી ગેઈટ ફીડર બંધ થયો



જામનગર, તા.૭

જામનગર શહેરમાં એક તરફ મતદાન ચાલી રહ્યું હતું, જે દરમિયાન જામનગર મહાનગરપાલિકા દ્વારા જૂની RTO કચેરી પાસે ખોદકામ કરાઈ રહ્યું હતું. જે ખોદ કામ દરમિયાન પીજીવીસીએલના ૧૧ કેવીના અંડર ગ્રાઉન્ડ કેબલને જેસીબી મશીન ઓપરેટરે ડેમેજ કરી દેતાં સમગ્ર બેડી ગેઈટ આસપાસના તમામ વિસ્તારમાં સવારે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો, જેના કારણે ભાડે દોડધામ થઈ હતી. આ ફીડરના વિસ્તારમાં મતદાન મથકો પણ આવેલા હતા અને ત્યાં વીજ પુરવઠો ખોરવાતાં મતદાનની પ્રક્રિયાઓ પણ થોડો સમય માટે અટકી હતી અને દોડધામ કરવાનો વારો આવ્યો હતો. પીજીવીસીએલ કચેરીના સેન્ટ્રલ ઝોન સબ ડિવિઝનના નાયબ ઈજનેર અજય પરમાર અને તેમની ટીમ દ્વારા તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે પંચેશ્વર ટાવર ફીડરમાંથી હાલ પૂરતો વીજ પુરવઠો કન્વર્ટ કરીને બેડી ગેઈટ ફીડર ચાલુ કરી દેવાયો હતો. તેથી મતદાન સહિતની પ્રક્રિયાઓ પુનઃ શરૂ થઈ હતી. જ્યારે આરટીઓ કચેરી પાસે ડેમેજ થઈ ગયેલા કેબલને ફરીથી જોડવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. જે પૂર્ણ થઈ ગયા પછી મોડેથી તેજ કેબલમાંથી પુનઃ વીજ પુરવઠો શરૂ કરી દેવાશે, તેમ વીજ અધિકારી દ્વારા જણાવાયું હતું.

### જિલ્લામાં સરેરાશ ૬૫ ટકાથી વધુ મતદાન

# અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં ઈવીએમ ખોટકાતા મતદારોમાં રોષ

મોડાસા, તા.૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મતદાનના દિવસે સવારે ૭ વાગ્યાથી મતદારોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. ખાસ કરીને મહિલાઓ, યુવાનો ઉપરાંત વૃદ્ધો પણ મતદાન કરી લોકશાહીમાં ભાગીદાર બન્યા હતા. સાબરકાંઠા લોકસભા બેઠક પર ૧૪ ઉમેદવારોનું ભાવિ ઈવીએમ-વિવિપેટ મશીનોમાં સીલ થયું હતું કોંગ્રેસના ઉમેદવાર શોભનાબેન બારૈયાએ તેમના વતન ફતેપુરમાં મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.



સાબરકાંઠા લોકસભા બેઠકમાં અરવલ્લી જિલ્લાના અણદાપુર, બાયડના અરણજણવાવ વિસ્તારમાં ચૂંટણી બહિષ્કાર કરતા વહીવટી તંત્ર અને રાજકીય અગ્રણીઓએ મતદાન બહિષ્કાર પડતો મુકવા દોડધામ કરી મૂકી હતી. તંત્ર ગ્રામજનોને સમજાવવામાં સફળ રહેતા મતદાન કરવા ગામલોકો તૈયાર થઈ મતદાન કર્યું હતું. અરજણ વાવમાં બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની દરમિયાનગીરી કરતા મતદાન માટે મતદારો તૈયાર થયા હતા કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ઈવીએમ ધીમા ચાલતા હોવાથી અને ઈવીએમ ખોટકાતા મતદારોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

સાબરકાંઠા લોકસભા બેઠક પર બંને જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ થતા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો લોકસભા બેઠક પર અંદાજે ૬૫ ટકા મતદાન નોંધાયું હતું.


## જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ **મનીષા આર.પંચાલ** ભરૂચનાં તે અમારા અસીલ ભારતીબેન પી. ડોકટરીયાની સુચના અને ફરમાઇશથી આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા તમામને જણાવીએ છીએ કે, અમારા અસીલના દિકરા નામે મીમાન્સુ પી.ડોકટરીયા અમારા અસીલના વિરૂધ્ધ વોટસએપ પરથી વાત કરીને જાતે પસંદ કરીને બ્યાવર-અજમેર જીલ્લાની રાજસ્થાન સ્ટેટની છોકરી સાથે લગ્ન કર્યા હતા. અમારા પુત્ર તેમજ તેની પત્નિ અમારા કહયામાં ન હોવાથી અમારી સ્થાવર તેમજ જંગમ મિલ્કતમાં કોઇ જાતનો તેઓનો હકક રહેશે નહી. આ કારણે આ જાહેરાત આપવી પડેલી છે અને અમારા સાથે પુત્રનો પણ કોઈપણ જાતનો સંબંધ રાખેલ નથી. અમારા અસીલ કે જે વિધવા છે અને વિધવાનું જીવન ગુજારે છે.જેથી અમારા અસીલના પુત્ર કે તેની પત્નિ સાથે કોઇ ઇસમ, સંસ્થા, પેઢીએ કોઈપણ જાતનો કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી. તેમજ નાણાંકીય લેવડદેવડ કરવી નહી અને જો કોઇ વ્યકિત, સંસ્થા કે પેઢીએ અમારા અસીલના પુત્ર કે તેની પત્નિ સાથે કોઈપણ વ્યવહાર કરશો તો જે તે વ્યકિત, સંસ્થા કે પેઢીની અંગત જવાબદારી રહેશે. જેમાં અમારા અસીલણની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતાએ ગંભીરતાથી નોંધ લેવી.

સ્થળ : ભરૂચ,તા.૦૭-૦૫-૨૦૨૪ — અસીલની સુચના અને ફરમાઇશથી સહી/-
અસીલની સહી/-(અવાચ્ય) — **(મનીષા આર.પંચાલ)**એડવોકેટ - મો.૯૮૨૪૦૫૨૨૫૯



# મુસ્લિમ બિરાદરોને ખુશખબર

1, 2, અને 3 BHK પેન્ટહાઉસ

THE Planet

જૂજ ફ્લેટો બાકી




જ્યાં શું હોય ત્યાં સ્નેહનો વાસ હોય સાથે રહેતા, સાથે જીવતા પાડોશી પણ પરિવાર બની જાય છે. એ પરિવાર સાથે પ્રેમ ભરી યાદગાર ક્ષણોને વધુ આનંદમય બનાવવા માટે અહીં પૂરી તૈયારી છે

Contact : + 91 90337 37125

પ્લોટ નં.૨ સ્ટેશન મસ્જિદની બાજુમાં, સ્ટેશન રોડ, અંકલેશ્વર-૧

### અંકલેશ્વર, મોરબી, અરવલ્લી, બનાસકાંઠા, નવસારી, અમદાવાદ, વડોદરા સહિતના વિસ્તારોમાં પડી બૂમ

# રાજ્યમાં અનેક મતદાન મથકો પર EVM બગડતા મતદાનમાં થયો વિલંબ

## અડધા કલાક કે વધુ સમય સુધી મતદાન અટકાવવાની ફરિયાદો : લાગી કતારો

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૭

ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં લોકશાહીનો મહાપર્વ ઊજવાઈ રહ્યો છે. ગુજરાતમાં ૨૫ લોકસભા બેઠકો માટે આજે મતદાન યોજાયું હતું. ત્યારે કેટલાક મતદાન મથકો પર EVM મશીનો ખોટકાયા હોવાની ઘટનાઓ સામે આવી છે. જેમાં અંકલેશ્વર, મોરબી, અરવલ્લી, સુરેન્દ્રનગર, કચ્છ, બાયડ, બનાસકાંઠા, અમદાવાદ, નવસારી, વલસાડ ,વડોદરા અને રાજકોટમાંથી EVM મશીન બગડ્યા હોવાના સમાચાર મળ્યા છે. રાજકોટની વાત કરીએ તો જેતપુર તાલકાના ખીરસરા ગામે EVM મશીનમાં ટેકનિકલ ફોલ્ટ થયો હોવાની ઘટના બની છે. ખીરસરા કુમાર પ્રાથમિક શાળા ખાતે EVM મશીનમાં ટેકનિક ફોલ્ટ થતા મશીન અડધો કલાક સુધી બંધ થયું હતું. જો કે, ચૂંટણી વિભાગની ટીમ દ્વારા મશીન બદલવાની કામગીરી હાથ ધરાઈ હતી. દરમિયાન, મતદાન મથક બહાર મતદારોની લાંબી કતાર જોવા મળી હતી.સુરેન્દ્રનગરમાં લીંબડી પ્રાથમિક શાળા નંબર ૪માં EVM મશીન બંધ થતા મતદાન પ્રક્રિયા અટવાઈ હતી. EVM મશીન બંધ થતાં અંદાજે ૩૦ મિનિટ સુધી મતદાન બંધ રહ્યું હતું, જેના કારણે બુથ બહાર મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. જો કે, લીંબડી પ્રાંત અધિકારી તાત્કાલિક મતદાન મથકે પહોંચ્યા હતા અને સમસ્યા દૂર થતા મતદાન ફરી રાબેતા મુજબ શરૂ થયું હતું. અંકલેશ્વરના અંદાડા ગામે કન્યા શાળામાં મતદાન શરૂ થતાં પહેલા જ EVM મશીન બગડ્યું હતું, જેના કારણે મતદારોને હાલાકી ભોગવી પડી હતી. જો કે, મશીન રિપેર થતાં મતદાન પ્રક્રિયા ફરી હાથ ધરાઈ હતી. મોરબીમાં કન્યા છાત્રાલય, વડોદરાના વાઘોડિયામાં ૩ બુથ પર અને અરવલ્લી જિલ્લામાં બાયડના તેનપુર ૨ મતદાન મથકમાં EVM મશીન ખોટકાયાં હતાં, જેના કારણે બુથ બહાર મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી અને મતદારોને વધુ સમય સુધી રાહ જોવી પડી હતી. નવસારીમાં ટાટા બોય્ઝ સ્કૂલમાં મતદાન શરૂ થતા જ EVMમાં ખામી સર્જાઈ હતી. જે બાદ ૩૦ મિનિટ સુધી મતદાન મોડું શરૂ થતા સ્કૂલની બહાર મતદારોની લાંબી લાઈનો લાગી હતી. આ રીતે ભાવનગરમાં પણ મિલિટરી સોસાયટીની શાળામાં ૨ EVM મશીન ખરાબ થતા અડધો કલાક સુધી મતદાન રોકાયું હતું. તો બનાસકાંઠાના વાવના એટા અને કલ્યાણપુરા ગામે પણ EVMમાં ખામી સર્જાતા ૧ કલાક સુધી મતદાન બંધ રહ્યું હતું. જેના કારણ સવારથી લાઈનમાં ઊભેલા લોકો અકળાયા હતા બનાસકાંઠામાં ઈવીએમ ખોટવાતા અડધો કલાક સુધી મતદાન ખોરવાયું હતું. જૂનાગઢમાં ટેકનીકલ ખામી સર્જાઈ હોવાની વિગતો પણ મળી રહી છે. જુનાગઢ લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર ઘટના સ્થળે પહોંચી અને તાત્કાલિક અસરથી એવીએમ બદલવાની કામગીરી કરી હતી. બારડોલી ૨૧૯, ગંગાનગર ૧૨૩, રાજપુર ૧૩૦ અને ૩૧ એવીએમ ખોટવાતા તાત્કાલિક બદલવામાં આવ્યું છે. વલસાડના કપરાડામાં આવેલા જીરવલ બરડા ફળિયા ખાતે પણ સવારે ૭ વાગ્યે EVM મશીન ખરાબ થઈ ગયું હતું. તો અમદાવાદના કાલુપુરમાં શાળા નંબર ૨૨માં EVMમાં ખામી સર્જાઈ હતી, જેના કારણે મતદાનમાં વિલંબ થયો હતો.

# કોટ વિસ્તારમાં સવારે નિરસ મતદાન, બપોર પછી મતદારો ઉમટ્યા

## ● બપોર સુધીમાં સરેરાશ ૨૮થી ૩૦ ટકા મતદાન નોંધાયું હતું ● અમદાવાદની બે લોકસભા બેઠક પર ૪૦ જેટલા મશીન ખોટકાતા બદલવા પડ્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરમાં લોકસભાની ચૂંટણીમાં સવારના સમયમાં કોટ વિસ્તારમાં નિરશ મતદાન જોવા મળ્યું હતું. પ્રથમ કલાકમાં સરેરાશ ૯ ટકા મતદાન સામે કોટ વિસ્તારમાં ૭ ટકા જ મતદાન થયું હતું. આમ, સવારના નિરશ મતદાન બાદ બપોરના સમયે મતદાનની ટકવારીમાં વધારો થયો હોવાનું જાણવા મળે છે. કોટ વિસ્તારમાં સાંજે ૫ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૦ ટકા મતદાન થયું હતું. જેમાં છેલ્લા ચાર કલાકમાં જ ૨૦ ટકા મતદાન થયું હતું. ચૂંટણી દરમિયાન અમદાવાદ શહેરમાં ૪૦ જેટલા મશીન ખોટકાતા બદલવાની ફરજ પડી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં ગરમીના પગલે વહેલી સવારના સમયે મતદાન વધે તેવી શક્યતાઓ સેવાતી હતી અને તે અનુસાર જ સવારથી જ મતદાન માટે મતદારો ઉમટી પડ્યા હતા. સવારના સમયે કોટ વિસ્તારમાં અમુક મતદાન કેન્દ્રોને બાદ કરતા ભીડ જોવા મળી ન હતી. શાહપુર વિસ્તારમાં સવારથી જ મતદારોની લાઈનો લાગી હતી. પરંતુ જમાલપુર, કાલુપુર, દરિયાપુર સહિતના વિસ્તારમાં મતદારો નિરશ જણાતા હોવાથી ઉમેદવારોની ચિંતા વધી હતી. બપોર સુધીમાં શહેરની સરેરાશ કરતા કોટ વિસ્તારમાં ઓછું મતદાન નોંધાતા બપોર પછી દોડધામ શરૂ કરાઈ હતી. જેના પગલે બપોરના સમયે મતદાનમાં વધારો જોવા મળ્યો હતો. કોટ વિસ્તારમાં બપોરના સમયે મતદાનમાં વધારો જોવા મળ્યો હતો. પ્રથમ બે કલાકમાં કોટ વિસ્તારમાં સરેરાશ ૭ ટકા મતદાન બાદ ત્યારપછીના બે કલાકમાં ૧૦ ટકા જેટલું મતદાન થયું હતું. બપોર ૧ વાગ્યા સુધીમાં સરેરાશ ૨૮થી ૩૦ ટકા જેટલું મતદાન થયું હતું. જો કે, ત્યારબાદ મતદારો બહાર નિકળતા સાંજે ૫ વાગ્યા સુધીમાં ૫૦ ટકા સુધી મતદાનની ટકાવારી પહોંચી ગઈ હતી. બીજી બાજુ અમદાવાદની લોકસભાની બે બેઠકો પર મતદાન દરમિયાન મશીન ખોટકાવવાના પ્રશ્નો સામે આવતા મશીન બદલાની ફરજ પડી હતી. મતદાન પ્રક્રિયા દરમિયાન ૪૦ જેટલા BU, CU અને VVPAT બદલવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ પુર્વ બેઠક પર ૨૨ જેટલા યુનિટ બદલવામાં આવ્યા હતા. જ્યારે પશ્ચિમમાં ૧૮ બદલાયા હતા. નરોડામાં EVM સમયસર શરૂ ન થતાં મતદાન મોડું શરૂ કરાયુ હતું. જ્યારે જમાલપુરમાં પણ આસ્ટોડિયા ચકલાની સ્કૂલમાં મતદાન મોડું શરૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઘણી જગ્યાએ મશીન શરૂ કરવામાં પણ સ્ટાફને મુશ્કેલી આવી હોવાથી મતદાન પર અસર જોવા મળી હતી.

# ગુજરાતના ત્રણ ગામો દ્વારા પડતર પ્રશ્નોને લઈને લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

મંગળવારે ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન થયું હતું ત્યારે રાજ્યના ત્રણ ગામોમાંથી આશરે એક હજાર મતદારોએ મંગળવારે લોકસભાની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કર્યો હતો, જ્યારે અન્ય ઘણા ગામોમાં લોકો સરકાર પાસેથી તેમની અધૂરી માગણીઓને કારણે આંશિક રીતે મતદાન પ્રક્રિયાથી દૂર રહ્યા હતા.

મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, ભરૂચ જિલ્લાના કેસર ગામ, સુરત જિલ્લાના સણધરા અને બનાસકાંઠા જિલ્લાના ભાખારીના મતદારોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો, જ્યારે જૂનાગઢ જિલ્લાના ભાટગામ ગામમાં અને બોડેલીના મતદારોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. મહીસાગર જિલ્લાના કુંજરા ગામોએ તેનો આંશિક બહિષ્કાર કર્યો હતો.

**ચૂંટણી પ્રશાસને સમજાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં ગ્રામજનોએ મત આપ્યો નહીં**

સનાધરા ગામ બારડોલી લોકસભા બેઠક હેઠળ આવે છે અને તેમાં ૩૨૦ મતદારો છે. ચૂંટણી પંચના અહેવાલ મુજબ, સ્થાનિક ચૂંટણી પ્રશાસન અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ તેમને બહાર આવવા અને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા સમજાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં ૩૨૦ મતદારોમાંથી કોઈએ પણ અમુક બાકી મુદ્દાઓ પર તેમનો મત આપ્યો નથી. પાટણ સંસદીય મતવિસ્તાર હેઠળ આવતા બાખરી ગામના ૩૦૦ જેટલા મતદારોએ પણ તેમની ગ્રામ પંચાયતના વિભાજનના વિરોધમાં મતદાનનો સામૂહિક બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો.

સમજાવટ છતાં, તેઓ તેમના મતદાન અધિકારનો ઉપયોગ ન કરવાના તેમના નિર્ણયમાં અડગ રહ્યા. વહેલી સવારથી જ મતદાનની તૈયારીઓ કરવામાં આવી હતી, પરંતુ મતદાન અધિકારીઓ રાહ જોતા હોવા છતાં પણ ગ્રામજનો મતદાન માટે આવ્યા ન હતા. ગ્રામજનો તેમની ગ્રામ પંચાયતના વિભાજનથી નારાજ છે, એમ તેઓએ જણાવ્યું હતું. ભરૂચ જિલ્લાના કેસર ગામના ૩૫૦ જેટલા મતદારો પણ તેમના મત ન આપવાના નિર્ણય પર અડગ રહ્યા અને દિવસના અંત સુધીમાં એક પણ મત પડ્યો ન હતો. આ પહેલીવાર નથી જ્યારે મતદારોએ તેમના મતનો બહિષ્કાર કર્યો હોય. તેઓએ ભૂતકાળમાં પણ આવું કર્યું છે કારણ કે, નદી પર પુલ બનાવવાની તેમની માંગણી વારંવાર માંગણી કરવા છતાં સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવી નથી એમ સ્થાનિકોએ જણાવ્યું હતું.

## લોકસભા સીટ વાઈઝ વોટિંગ

| લોકસભા સીટ | 9 વાગ્યે | 11 વાગ્યે | 1 વાગ્યે | 3 વાગ્યે | 5 વાગ્યે |
|---|---|---|---|---|---|
| કચ્છ | 8.79% | 23.22% | 34.26% | 41.18% | 48.96% |
| બનાસકાંઠા | 12.28% | 30.27% | 45.89% | 55.74% | 64.48% |
| પાટણ | 10.42% | 23.53% | 36.58% | 46.69% | 54.58% |
| મહેસાણા | 10.14% | 24.82% | 37.79% | 48.15% | 55.23% |
| સાબરકાંઠા | 11.43% | 27.5% | 41.92% | 50.36% | 58.82% |
| ગાંધીનગર | 10.31% | 25.67% | 39.23% | 49% | 55.65% |
| અમદાવાદ ઈસ્ટ | 8.03% | 21.64% | 34.36% | 43.55% | 49.95% |
| અમદાવાદ વેસ્ટ | 7.23% | 21.15% | 33.29% | 42.21% | 50.29% |
| સુરેન્દ્રનગર | 9.43% | 22.76% | 33.39% | 40.93% | 49.19% |
| રાજકોટ | 9.77% | 24.56% | 37.42% | 46.47% | 54.29% |
| પોરબંદર | 7.84% | 19.83% | 30.8% | 37.96% | 46.51% |
| જામનગર | 8.55% | 20.85% | 34.61% | 42.52% | 52.36% |
| જુનાગઢ | 9.05% | 23.32% | 36.11% | 44.47% | 53.84% |
| અમરેલી | 9.13% | 21.89% | 31.48% | 37.82% | 45.59% |
| ભાવનગર | 9.2% | 22.33% | 33.26% | 40.96% | 48.59% |
| આણંદ | 10.35% | 26.88% | 41.78% | 52.49% | 60.44% |
| ખેડા | 10.2% | 23.76% | 36.89% | 46.11% | 53.83% |
| પંચમહાલ | 9.16% | 23.28% | 36.47% | 45.72% | 54% |
| દાહોદ | 10.94% | 26.35% | 39.79% | 46.47% | 54.78% |
| વડોદરા | 10.64% | 20.77% | 38.79% | 48.48% | 57.11% |
| છોટા ઉદેપુર | 10.27% | 26.58% | 42.65% | 54.24% | 63.76% |
| ભરુચ | 10.78% | 27.52% | 43.12% | 54.9% | 63.56% |
| બારડોલી | 11.54% | 27.77% | 41.67% | 51.97% | 61.01% |
| નવસારી | 9.15% | 23.25% | 38.1% | 48.03% | 55.31% |
| વલસાડ | 11.65% | 28.71% | 45.34% | 58.05% | 68.12% |

# લોકશાહીને મજબૂત બનાવવાના ઈરાદાથી અનેક યુવાઓએ ઉત્સાહ સાથે પ્રથમવાર મતદાન કર્યું

## યુવાઓએ આંગળી પર શાહી લગાવેલ ફોટો સ્ટેટસ પર મૂકી મત આપવા આગ્રહ કર્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૭

રાજયમાં લોકસભા ચૂંટણીની મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારે અમદાવાદ શહેરમાં પહેલી વાર મતદાન આપનાર મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદના યુવાનોએ જાગૃતતા દાખવી મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને મજબૂત બનાવવાની અવાજ બુલંદ કરી હતી. ત્યારુ પહેલીવાર મતદાન કરવા બદલ યુવાઓના અનુભવ વિશે જાણવા મળ્યું હતું. અનેક યુવાઓએ મતદાનની નિશાની એવી આંગળી પર શાહી લગાવેલ સેલ્ફી સ્ટેટસ પર મૂકી મત આપવા આગ્રહ કરી ટ્રેન્ડ બનાવ્યો હતો. અમદાવાદ જિલ્લાના યુવા મતદારો પૈકી કૃતિ જૈન નામની યુવતીએ અનેરા આનંદ સાથે પહેલીવાર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો તેણીએ જણાવ્યું હતું કે "લોકશાહીના આ તહેવારની ઘણી આતુરતાથી હું રાહ જોઈ રહી હતી, મારા મતાધિકારનો ઉપયોગ કરવાની મને ઘણી ખુશી છે. અમદાવાદ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ખૂબ જ સારી વોટર-ફ્રેન્ડલી વ્યવસ્થા કરવામાં આવી છે. લોકતંત્રને સશક્ત બનાવવી આપણી જવાબદારી છે. હું દરેક નાગરિકને આગ્રહ કરું છું કે આજે ચોક્કસ મતદાન કરી લોકશાહીના પૂર્વમાં સહભાવી થવ." પહેલી વખત મતદાન આપનાર નિષ્ઠા પટેલે જણાવ્યું હતું કે, ઘણા દિવસથી પ્રથમ વખત વોટ આપવા માટે રાહ જોઈ રહી હતી. વહેલી સવારથી જ પરિવારમાં ઉત્સાહની લાગણી હતી કે આપણે મતદાન મથક ઉપર વોટ આપવા પહોંચીશું વોટ આપીને ખૂબ જ ઉત્સાર અનુભવું છું. કવિશા શાહે અત્યંત ઉત્સાહિત રીતે શ્યાહીવાળી પોતાની આંગળી બતાવી લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ જુઓ, આજે મેં પહેલી વાર મતદાન કર્યું છે, જેની મને ખૂબ જ ખુશી છે." પ્રથમ વખત મતદાન કરનાર ભૂમિકાએ જણાવ્યું હતું કે મતદાન વિશે મને માહિતી ન હતી પરંતુ, પહેલી વખત મતદાન કર્યું છે અને મને માહિતી મળી છે. ભૂમિકાએ યુવાનોને મતાધિકારનો ઉપયોગ કરવા આગ્રહ કર્યો હતો. પ્રથમવાર મતદાન કરનાર પ્રેક્ષા અંકેશ કોઠારીએ જણાવ્યું હતું કે, "આજે મેં પ્રથમ વાર મતદાન કરીને દેશના જવાબદાર નાગરિક હોવાનો અને રાષ્ટ્ર પ્રત્યે પોતાની મતદાર તરીકેની ફરજ નિભાવી છે. આ મત આપવાનો આનંદ મને કાયમ માટે યાદ રહેશે. ત્યારે બીજી તરફ એક યુવતીએ મતદાનની નિશાની એવી આંગળી પર શાહી લગાવી અને તેની સાથે સેલ્ફી સ્ટેટસમાં મૂકીને મિત્રોને પણ મતદાન કરવા માટે અપીલ કર્યું હતું. દેવાંશી નામની યુવતીએ જણાવ્યું હતું કે, EVM મશીન પહેલી વખત આટલું નજીકથી જોયું છે. શરૂઆતના સમયમાં થોડી નર્વસનેસ સાથે પરંતુ, અગાઉથી જ પરિવારમાં તથા મિત્ર વર્તુળમાં મત કેવી રીતે આપવો તેને લઈને ચર્ચા થતી હોવાથી તમામ કાર્ય સરળતાથી પૂર્ણ થયું હતું. ત્યારે આ વખતે અમદાવાદ શહેરમાં યુવાનોની અંદર મત આપવાની જાગૃતતા જોવા બળી હતી.

# વડગામના ભાંખરી ગામના લોકોએ મતદાનનો બહિષ્કાર કરતા રાજકીય નેતાઓ-અધિકારીઓમાં દોડધામ

## પંચાયત ભવનના હેડક્વાર્ટરને લઈ અન્યાય થતાં ગ્રામજનોનો નિર્ણય

છાપી, તા.૭

વડગામ તાલુકાના ભાંખરીમાં લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરાતા રાજકીય નેતાઓ સહિત અધિકારો દોડતા થયા હતા. જોકે ભાંખરી ગામના મતદારોએ અન્યાય સામે લોકશાહી ઢબે વિરોધ કરી મતદાન ન કરવાનો નિર્ણય કરતા છેક ગાંધીનગર સુધી પડઘા પડ્યા હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં ગ્રૂપ ગ્રામ પંચાયતોના વિભાજનને લઈ સ્થાનિક કક્ષાએથી ગંદુ રાજકારણ રમતા ભલગામ ગ્રૂપ ગ્રામ પંચાયતમાં સામેલ ભાંખરી તેમજ હમીરપુરા ગામને અલગ કરી હમીરપુરાને ગ્રૂપ ગ્રામ પંચાયત બનાવી તેમાં ભાંખરી ગામનો સમાવેશ કરાતા તેનો છેલ્લા બે વર્ષથી ભાંખરી ગામના લોકો વિરોધ કરી રહ્યા છે. ત્યારે ગામ આગેવાનો એ જણાવ્યું હતું કે ભાંખરી ગામમાં એકસો પચીસ જેટલા પરિવારો રહે છે અને આઠસોની જનસંખ્યા ધરાવે છે જેમાં ચારસો એસી મતદાતાઓ છે જ્યારે હમીરપુરામાં માત્ર ત્રીસ પરિવાર રહે છે અને અંદાજીત સવા સો ની વસ્તી ધરાવે છે જેમાં માત્ર ૮૦ જેટલા મતદાતાઓ છે. આમ છતાં ભાંખરી ગામ વસ્તીની દ્રષ્ટિએ મોટું હોવા છતાં સ્થાનિક તંત્ર તેમજ રાજકીય દબાણના કારણે પંચાયતનું હેડક્વાર્ટર ભાંખરીના બદલે હમીરપુરાને આપતા ઘણા સમયથી વિવાદ ચાલતો હોઈ અનેક રજૂઆતો કરવા છતાં રાજ્ય સરકાર તેમજ અધિકારીઓ એ ગામ લોકોની અરજ ધ્યાને ન લેતા ચૂંટણી બહિષ્કાર નિર્ણય લેવા માં આવ્યો છે. જેની જાણ અધિકારીઓને થતા ભાંખરી ગામે દોડી આવ્યા હતા. અને મતદારો તેમજ ગ્રામજનોને આશ્વાસન આપી સમજાવવાનો પ્રયત્ન કરી મતદાન કરવા અપીલ કરી હતી. છતાં ગ્રામજનો અડગ રહી સમગ્ર ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો.

# જાફરાબાદ ખાતે ચૂંટણી ફરજ પર હાજર મહિલા કર્મચારીનું હાર્ટ એટેકથી મોત

અમરેલી, તા.૭

અમરેલી લોકસભા ચૂંટણી દરમિયાન જાફરાબાદ ખાતે ચૂંટણી ફરજ પરના મહિલા કર્મચારીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. જાફરાબાદ શહેરના સાગર શાળામાં ચૂંટણી ફરજ બજાવતા કૌશિકાબેન બાબરિયા નામના કર્મચારી આજે મતદાન ફરજ ઉપર હતા, ત્યારે અચાનક ઢળી પડ્યા હતા અને બેભાન થઈ જતાં જેમને ઈમરજન્સી ૧૦૮ મારફતે રાજુલાની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબ દ્વારા તેઓને મૃત જાહેર કરતા કર્મચારીઓમાં શોકનો માહોલ છવાયો હતો. આ મહિલા કર્મચારીનું હાર્ટ એટેકના કારણે મોત થયાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવ્યું છે.

### ૨૦૦૨ના કોમી રમખાણોમાં

# બહુચર્ચિત કેસની પીડિતા બિલ્કીસબાનુએ પોતાના પતિ સાથે મતદાન કર્યું



દાહોદ, તા.૭

ગોધરા કાંડ પછી ૨૦૦૨ના બહુચર્ચિત કેસની પીડિતાએ આજે દેવગઢ બારીયાના કાપડી ખાતે તેના પતિ સાથે માદરે વતન ખાતે મતદાન કરી 'મારૂં મતદાન સુરક્ષિત મતદાન'નો સંદેશ આપ્યો હતો. અને લોકશાહીના મહાપર્વમાં નિર્ભીક અને ન્યાયી પ્રક્રિયાથી ચૂંટણી યોજાઈ રહી હોવાની પ્રતીતિ કરાવી હતી. દાહોદ ૧૯ લોકસભા સામાન્ય ચૂંટણીને લઈને આજે સમગ્ર ગુજરાત ઉત્સાહિત છે. ત્યારે આ મહાપર્વમાં ૨૦૦૨ના બહુચર્ચિત કેસની પીડિતા બીલ્કીસબાનુએ પોતાનો મતદાન કરી 'મારૂં મતદાન, સુરક્ષિત મતદાન'નો સંદેશો આપતાં તમામ મતદારોને અચૂક મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. મતદાન વેળાએ તેઓએ તેમનાં પતિ સાથે મતદાન કર્યા પછી સેલ્ફી પડાવી હતી.

### હવે તો હદ થઈ ગઈ કહેવાય

# લોકસભાની ચૂંટણીમાં ધોરાજી ખાતે બોગસ પ્રિસાઈડિંગ ઓફિસર ઝડપાયો

## મતદાન મથક પર પત્નીની જગ્યાએ બેસીને બોગસ મતદાન કરાવતા હોવાની ઉમેદવારની ચૂંટણી અધિકારીને ફરિયાદ

અમદાવાદ, તા.૭

રાજયમાં લોકસભાની ચૂંટણી વેળા એક એવા સમાચાર સામે આવ્યા જેણે સૌને ચોંકાવ્યા છે. ધોરાજી ખાતે આવેલ કે.ઓ શાહ કોલેજ ખાતેથી બોગસ પ્રિસાઈડિંગ ઓફિસર પકડાતા હડકંપ મચી ગયો છે. મતદાન મથક ઉપર પત્નીની જગ્યાએ બેસીને બોગસ મતદાન કરાવતા હોવાની અપક્ષ ઉમેદવારે ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી હતી. આ સાથે બોગસ મતદાન કરાવતા હતા તેમની જાણ થતાં મતદારે પકડી પાડી ઉપરાંત વિડિયો રેકોર્ડિંગ સોશિયલ મીડિયામાં વાઈરલ વિડિયો પણ વાયરલ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્રની ધોરાજી બેઠક પરથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. આજે સવારથી શરૂ થયેલા મતદાન દરમ્યાન ધોરાજી ખાતે આવેલ કે.ઓ શાહ કોલેજ ખાતેથી બોગસ પ્રિસાઈડિંગ ઓફિસર પકડાયો છે. મતદાન મથક ઉપર પત્નીની જગ્યાએ બેસીને બોગસ મતદાન કરાવતા હોવાની અપક્ષ ઉમેદવારે ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી હતી. ધોરાજી ખાતે આવેલ કે.ઓ શાહ કોલેજ ખાતેથી બોગસ પ્રિસાઈડિંગ ઓફિસર પકડાયા બડ હવે એક વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વિગતો મુજબ બોગસ મતદાન કરાવતા હતા તેની જાણ થતાં મતદારે પકડી પાડી ઉપરાંત વિડિયો રેકોર્ડિંગ સોશિયલ મીડિયામાં વાઈરલ વિડિયો પણ સામે આવ્યો છે. આ સાથે હવે બોગસ પ્રિસાઈડિંગ ઓફિસર પર તાત્કાલિક ધોરણે ચૂંટણીપંચના નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવે તેમજ મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી જેલ હવાલે કરવા માંગ કરાઈ છે.

**બે હાથ વગરના દિવ્યાંગ મતદારે પગથી કર્યું મતદાન**



નડિયાદના દિવ્યાંગ અંકિત સોની ધોરણ આઠમાં હતો. તે વખતે ઉત્તરાયણના દિવસે પતંગ પકડવા જતા વીજ કરંટ લાગતા તેના બે હાથ ગુમાવ્યા હતા. જો કે આ દિવ્યાંગે અગાઉની ચૂંટણીમાં પણ ભારે ઉત્સાહથી મતદાન કર્યું હતું આજે ખેડા લોકસભાની ચૂંટણી માટે નડિયાદના એક મતદાન મથક પર પહોંચી જઈને તેણે પગ વડે સહી કરી પગની આંગળી પર શાહીનું નિશાન કરાવી પગથી મતદાન કરીને જિલ્લાના મતદારોને વોટ કરવાની પ્રેરણા આપી હતી.

### મતદાન કરતા ફોટો પાડવો કે વીડિયો ઉતારવો એ ગુનો છે

# વેરાવળમાં મતદાન અંગેનો વીડિયો વાયરલ કરનાર સામે ફરિયાદ

## વીડિયો બનાવનાર ઈસમને પોલીસે પકડી કાયદેસર કાર્યવાહી કરી

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૭

મતદાનએ ગુપ્તદાન છે અને મતદાન કરતા ફોટો કે વિડિઓ ઉતારવો એ ગુનો છે ત્યારે સોમનાથ વિધાનસભા મતવિસ્તારના મતદાન મથક નં ૭૭, વેરાવળ–૧૭, ઘી વાલા સ્કુલ, રૂમ નં.૨ ડાભોર રોડ, વેરાવળના મતદાન મથક ઉપર અજાણ્યા શખ્સે મતદાન કરતી વખતે બેલેટ યુનિટ તથા વીવીપેટ યુનિટના મોબાઈલમાં વીડિયો બનાવીને વાઈરલ કર્યો હતો. આ વાયરલ કરેલા વીડિયો અન્વયે મતદાન મથક નં ૭૭ના પ્રીસાઈડીંગ ઓફિસર દ્વારા પોલીસ ઈન્સ્પેકટર, વેરાવળ સીટીને પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેકટર, વેરાવળ સીટી દ્વારા વીડિયો બનાવનાર ઈસમની તપાસ કરી તેને પકડી તેઓની સામે ફરિયાદ દાખલ કરી હતી. હાર્દિક ઝાલા નામના વીડિયો બનાવનાર શખ્સની અટકાયત કરી અને જાહેરનામા ભંગ બદલ કલમ ૧૮૮ અને ઈ એક્ટ કલમ ૧૨૮ મુજબ કાયદેસરની ધોરણસરની આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# અમદાવાદ ક્રિમિનલ કોર્ટ બાર એસોસિએશન દ્વારા ઈમરાન એ. શેખનું સન્માન કરાયું



અમદાવાદ, તા.૭

અમદાવાદ ક્રિમિનલ કોર્ટ બાર એસોસિએશન દ્વારા ધારાશાસ્ત્રી ઈમરાન એ. શેખનું બાર એસોસિએશનમાં આપેલ યોગદાન અને સેવા બદલ તેમજ સામાજિક કાર્યોની સરાહના કરવા તેમજ પ્રોત્સાહન આપવા માટે અમદાવાદ ક્રિમિનલ કોર્ટ બાર એસોસિએશન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાર એસોસિએશનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં વકીલો હાજર રહ્યા હતા.

### બાલાસિનોરમાં મતદાનનો બહિષ્કાર કરાયો હતો

# રાજ્યના એક મતદાન મથકના બૂથ પર બપોરે ૩ વાગ્યા સુધી માત્ર ૩ વોટ પડ્યા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૭

મે મહિનાના આકરા તાપ વચ્ચે ગુજરાતની ૨૫ લોકસભા બેઠક અને પાંચ વિધાનસભાની પેટાચૂંટણી માટે મતદાન આજે હાથ ધરાયું હતું. જેમાં બપોરે ૩ વાગ્યા સુધીમાં રાજ્યમાં સરેરાશ ૪૭.૦૩ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે ગુજરાતનું એક એવું બૂથ સામે આવ્યું જ્યાં માત્ર ૩ વોટ જ પડ્યાં હતા. મહિસાગરના બાલાસિનોરમાં મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. આ મતદાન બુથ પર અધિકારીઓ મતદાતાઓની રાહ જોઈ રહ્યાં હતા, પરંતુ ત્યાં કોઈ મતદાન કરવા પહોંચી રહ્યું ન હતું. બાલાસિનોરના બે બૂથ પર મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. જેના પગલે બોડોલી બુથ પર માત્ર ૩૪ વોટ પડ્યા હતા. જ્યારે કુંજરા બૂથ પર માત્ર ૩ જ વોટ પડ્યાં હતા. આ બૂથમાં આવતા લોકોએ ડમ્પિંગ સાઈડને લઈને મતદાનનો બહિષ્કાર કર્યો છે. બાલાસિનોર ડમ્પિંગ સાઈડના વિરોધને લઈ મતદાન બહિષ્કાર યથાવત છે. બાલાસિનોરના ગ્રામપંચાયતના બે બૂથ બોડોલી, કુંજરા ગામના બૂથ પર નહીંવત મતદાન થયું હતું. વિરોધને લઈ મતદારોમાં મોટા પ્રમાણમાં નારાજગી જોવા મળી રહી છે. ડમ્પિંગ સાઈડ પ્રભાવિત ગામોમાં લોકોએ મતદાન કરવાનું સ્વેચ્છિક ટાળ્યું હતું. બપોરના ૩:૦૦ વાગ્યાના સમય બાદ બોડોલી બૂથ પર ૩૪ મત જ્યારે કુંજરા બુથ પર ૩ જ મત પડ્યા છે. બોડેલી બૂથ પર ૭૯૦ મતદાતા છે જેમાં માત્ર ૩૪ મત પડ્યા છે. જ્યારે કુજરા બૂથ પર ૭૩૪ની સામે માત્ર ૩ મત પડયા છે.

**કુંજરા બૂથ પર ૭૩૪ સામે માત્ર ત્રણ જ મત !**

# ભાજપ લોકસભાની ચૂંટણી જીતવા માટે જૂઠ્ઠાણાંની બ્લુપ્રિન્ટ તૈયાર કરી રહ્યો છે : મમતા બેનરજી

## ભાજપ પર સંદેશખાલી વિશે ખોટા નિવેદનો કરવાનો આરોપ લગાવતાં બેનરજીએ કહ્યું કે, ભાજપે બંગાળની કરોડો માતાઓ અને બહેનોનો અનાદર અને અપમાન કર્યું છે, તમે તેમને ખોટા આક્ષેપો માટે પૈસા ઓફર કર્યા હતા, આવા કૃત્ય માટે તમને શરમ આવવી જોઈએ

(એજન્સી) સેંથિયા, તા.૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આરોપ લગાવ્યો હતો કે, ભાજપ લોકસભા ચૂંટણી જીતવા માટે જૂઠ્ઠાણાંની બ્લુપ્રિન્ટ તૈયાર કરી રહી છે. ટીએમસીના બીરભૂમના ઉમેદવાર અને વર્તમાન સાંસદ સતાબ્દી રોયના સમર્થનમાં બીરભૂમ જિલ્લાના સેંથિયા ખાતે ચૂંટણી સભાને સંબોધતા બેનરજીએ ભાજપ પર આરોપ લગાવ્યો કે રાષ્ટ્રીય સ્તરના બે ટોચના નેતાઓ આખા દેશને લૂંટી રહ્યા છે પરંતુ તેમના પાપો છૂપાવવા માટે બંગાળને બદનામ કરી રહ્યા છે. ભાજપ જૂઠ્ઠાણાં ફેલાવીને ચૂંટણી જીતવા માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરી રહી છે. શું તમે રમખાણના કાવતરાખોર વડાપ્રધાનને મત આપશો ?

ભાજપ પર સંદેશખાલી વિશે ખોટા નિવેદનો કરવાનો આરોપ લગાવતા બેનરજીએ કહ્યું કે, ભાજપે બંગાળની કરોડો માતાઓ અને બહેનોનો અનાદર અને અપમાન કર્યું છે. તમે તેમને ખોટા આક્ષેપો માટે પૈસા ઓફર કર્યા હતા. આવા કૃત્ય માટે તમને શરમ આવવી જોઈએ. બેનરજીએ આરોપ લગાવ્યો કે મોદી સરકાર પ્રિન્ટ અને ડિજિટલ મીડિયામાં જાહેરાતો પર કરોડોનો ખર્ચ કરી રહી છે પરંતુ બંગાળના ગરીબોના પૈસા રોકી રહી છે.



# મ્યાનમારના ૪૭ નાગરિકોએ 'અરાકાન આર્મી દ્વારા ભરતીના ડરથી' મિઝોરમમાં પ્રવેશીને સરહદી ગામમાં આશ્રય લીધો

## મિઝોરમના ૧૧ જિલ્લાઓમાં ઓછામાં ઓછા ૩૪,૨૮૨ મ્યાનમારના શરણાર્થીઓ આશ્રય લઈ રહ્યા છે, રાજ્યના ગૃહ વિભાગના રેકોર્ડ મુજબ તેમાંથી ૧૩,૩૧૦ મ્યાનમારના વિવિધ સ્થળોના બાળકો છે

(એજન્સી) આઈઝોલ, તા.૭

મ્યાનમારના ચીન રાજ્યના દક્ષિણી ટાઉનશિપ પલેટવામાંથી ઓછામાં ઓછા ૪૭ મ્યાનમારના નાગરિકો મિઝોરમના લોંગટલાઈ જિલ્લામાં પ્રવેશ્યા છે, ગુપ્તચર સૂત્રોએ શનિવારે પુષ્ટિ કરી હતી. અંતમાં મ્યાનમારની ટાઉનશીપમાં વંશીય સશસ્ત્ર જૂથો વચ્ચેના તફાવતો અને બળપૂર્વક ભરતીના કથિત પ્રયાસોએ પ્રદેશના રહેવાસીઓને અસર કરી છે.

જ્યારે લોંગટલાઈ જિલ્લા વહીવટીતંત્રે મિઝોરમમાં શરણાર્થીઓના નવીનતમ પ્રવેશની પુષ્ટિ કરી નથી, ત્યારે મ્યાનમારના સોશિયલ મીડિયા ન્યુઝ પ્લેટફોર્મ, ધ તહાન પોસ્ટ, લોંગટલાઈના સૂત્રોને ટાંકીને કહે છે કે, ૩૦ એપ્રિલની બપોરે લગભગ ૪૦ લોકો હરૂતેઝાવલ ગામમાં પહોંચ્યા હતા અને બીજા દિવસે બીજી સાત મહિલાઓ ગામમાં પ્રવેશી હતી.

સુરક્ષા સૂત્રોએ ThePrintને જણાવ્યું હતું કે, તે બધા તેમની ત્રીસ વર્ષની વયની આસપાસના છે.

ચિન્દવિન ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, દેશનિકાલમાં સ્થાપિત એક સ્વતંત્ર મ્યાનમાર સમાચાર સંસ્થા, રખાઈન રાજ્યમાં સ્થિત પડોશી દેશની સૌથી મોટી વંશીય સશસ્ત્ર સંસ્થા અરાકાન આર્મી (AA)ને કારણે પલેટવાના રહેવાસીઓને ભારતમાં ભાગી જવાની ફરજ પડી હતી. આ જૂથ ચીન રાજ્યના ભાગોમાં પણ કાર્ય કરે છે અને આ વર્ષની શરૂઆતમાં તેમણે પલેટવા પર કબજો મેળવ્યો હતો.

સમાચાર એજન્સીઓએ અહેવાલ આપ્યો છે કે, અરાકાન આર્મીએ ચીન સશસ્ત્ર જૂથોને પલેટવા ક્ષેત્રમાં પ્રવેશ ન કરવા જણાવ્યું હતું કારણ કે, તેણે ત્યાં પોતાનું શાસન સ્થાપિત કર્યું છે.

મ્યાનમાર અને બાંગ્લાદેશના અહેવાલોમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, અરાકન આર્મી હજારો બાંગ્લાદેશી નાગરિકોને પલેટવા ટાઉનશીપમાં સ્થાનાંતરિત કરવાની તૈયારી કરી રહી છે, જો કે, તે સ્પષ્ટ નથી થયું કે, તેમાં બાંગ્લાદેશમાં રહેતા અરાકાનના લોકો કે રોહિંગ્યા શરણાર્થીઓનો સમાવેશ થાય છે. બાંગ્લાદેશથી પલેટવામાં લોકોના સંભવિત ધસારાની ચિંતા અને અરાકન આર્મી દ્વારા બળજબરીથી નવા બળવાખોરોની ભરતી કરવાના સમાચારો સાથે, મ્યાનમારના નાગરિકોએ શહેર છોડીને દક્ષિણ મિઝોરમમાં ભારત-મ્યાનમાર સરહદ નજીક આશ્રય મેળવ્યો છે. ધ તહાન પોસ્ટ અનુસાર, ૧૯ એપ્રિલના રોજ પલેટવાના મિઝા વિસ્તારમાં કેટલાક AA કેડરોએ જૂથમાં યુવાનોની ભરતી કરવાનો નિર્ણય જાહેર કર્યો. તહાન એ સાગાઈંગ પ્રદેશના કાલેમ્યો નગરનો એક પડોશ છે, જેમાં મિઝો બોલતા લોકો મોટી સંખ્યામાં વસે છે.



આ મહિનાની શરૂઆતમાં ચીન નેશનલ આર્મી (CNA)એ ચીન રાજ્યના ટેડીમ જિલ્લાના ટોન ઝાંગ ટાઉનશીપમાં વિદ્રોહી જૂથ, ઝોમી રિવોલ્યુશનરી આર્મી (ZRA)ના બે કેમ્પનો કબજો લીધો હતો, ભારત અને મ્યાનમારના સૂત્રોએ ThePrintને પુષ્ટિ આપી હતી.

**મિઝોરમમાં મ્યાનમારના ૧૩,૦૦૦થી વધુ બાળકો :-** રાજ્યના ગૃહ વિભાગના રેકોર્ડ દર્શાવે છે કે, મિઝોરમના ૧૧ જિલ્લામાં ૨૯ એપ્રિલના રોજ ઓછામાં ઓછા ૩૪,૨૮૨ મ્યાનમાર શરણાર્થીઓ આશ્રય લઈ રહ્યા છે. તેમાંથી ૧૩,૩૧૦ મ્યાનમારના વિવિધ સ્થળોના બાળકો છે.

૧૮,૦૦૦થી વધુ શરણાર્થીઓ રાહત શિબિરોની બહાર તેમના સંબંધીઓ અથવા મિત્રો સાથે અથવા ભાડાના મકાનોમાં રહે છે. અન્ય ૧૫,૯૩૮ મિઝોરમના સાત જિલ્લાઓમાં રાહત શિબિરોમાં રોકાયા છે, રાજ્યના રેકોર્ડ દર્શાવે છે. જો કે, મધ્ય મિઝોરમના સેરછિપ, ઉત્તરપૂર્વીય ખાવઝાલ, આસામની સરહદે આવેલા કોલાસિબ જિલ્લામાં અથવા મણિપુર સાથેની રાજ્યની સરહદે આવેલા સૈતુલમાં કોઈ આશ્રયસ્થાનો નથી. ગયા ગુરૂવારે મ્યાનમારના નાગરિકો માટે બાંધવામાં આવેલા ૧૪૭માંથી ૬૨ રાહત શિબિરો પવનથી ચાલતા કરા અને વાવાઝોડામાં નાશ પામ્યા હતા, જે મિઝોરમમાં ત્રાટક્યું હતું.

# ઈસ્લામિક વિદ્વાનો અને નિષ્ણાતોએ જ્ઞાનના પ્રસાર તકનિકી વિકાસ અને આધુનિક જરૂરિયાતો માટે મદ્રેસાના અભ્યાસક્રમમાં સુધારો કરવા હાકલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH) મરકઝી તાલીમ બોર્ડ (MTB) દ્વારા આયોજિત એક દિવસીય વર્કશોપમાં સમગ્ર ભારતમાંથી વિદ્વાનો અને નિષ્ણાતોએ જ્ઞાનના વિસ્તરણ અને તકનિકી પ્રગતિમાં ફેરફાર સાથે આધુનિક જરૂરિયાતોને પહોંચી વળવા મદ્રેસાના અભ્યાસક્રમમાં સુધારો કરવા અંગે ચર્ચા કરી હતી. નિષ્ણાતોએ ઈસ્લામિક ઉપદેશો સાથે મદ્રેસાઓને સમકાલીન વાસ્તવિકતાઓ સાથે અનુકૂલન કરવાની જરૂરિયાત પર ચર્ચા કરી હતી અને બ્રિજ કોર્સ અને સાંસ્કૃતિક જાગૃતિ કાર્યક્રમો દ્વારા મદ્રેસાના વિદ્યાર્થીઓને સમાજના મુખ્ય પ્રવાહમાં એકીકૃત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. જ્ઞાનની વૃદ્ધિ તકનિક સાથે મદ્રેસાના શિક્ષણને સંરેખિત કરવું જોઈએ. JIH પ્રમુખ સૈયદ સદાતુલ્લા હુસૈનીએ તકનિકી પ્રગતિને કારણે વૈશ્વિક સ્તરે જ્ઞાનના વિસ્તરણની ઝડપી ગતિ સાથે ઈસ્લામિક શિક્ષણને સંરેખિત કરવાની તાકીદની જરૂરિયાત વ્યક્ત કરતા વિશ્વભરમાં મદ્રેસા અભ્યાસક્રમમાં સુધારો કરવા અંગેની વર્તમાન ચર્ચાને આગળ ધપાવતા ત્રણ મુખ્ય પરિબળો પર પ્રકાશ પાડ્યો હતો. પ્રથમ પરિબળ - સતત બદલાતી દુનિયા અને સાંસ્કૃતિક અને સામાજિક ફેરફારો વિશે વિગતો આપતા હુસૈનીએ માહિતી આપી હતી કે, ૧૯૦૦માં માનવ જ્ઞાન લગભગ દર ૧૦૦ વર્ષે બમણું થતું હતું, પરંતુ હવે જ્ઞાનને બમણું થવામાં માત્ર ૭-૮ મહિનાનો સમય લાગે છે. અમે એવા યુગ તરફ આગળ વધી રહ્યા છીએ. જેમાં ડેટા એ સૌથી મોટી સાંસ્કૃતિક શક્તિ બની રહી છે. સરકારો દ્વારા નિર્ણયો એલ્ગોરિધમના આધારે લેવામાં આવે છે. હુસૈનીએ જણાવ્યું હતું કે, આ પરિસ્થિતિમાં શિક્ષણ એ ચર્ચાનો સૌથી મોટો વિષય છે, જ્ઞાન-લક્ષી શિક્ષણમાંથી કૌશલ્યલક્ષી શિક્ષણ તરફ પરિવર્તન અને આજીવન શિક્ષણની વૈશ્વિક સ્તરે હિમાયત કરવામાં આવી રહી છે. જ્ઞાન સતત ઝડપથી બદલાઈ રહ્યું છે અને અમુક મહિનાઓમાં વિવિધ વસ્તુઓ અપ્રસ્તુત બની રહી છે. તેથી શૈક્ષણિક પ્રણાલીનો ઉદ્દેશ્ય જીવનભરનું શિક્ષણ હોવું જોઈએ.



આ સાંસ્કૃતિક ફેરફારો ધાર્મિક જ્ઞાન સાથે ગાઢ રીતે સંકળાયેલા છે અને ઈસ્લામ ક્યારેય તેનાથી અસંબંધિત કે દૂર રહી શકે નહીં. હુસૈનીના મતે બીજું મહત્ત્વનું પરિબળ એ લેન્ડસ્કેપ અને દેશ અને મુસ્લિમ સમુદાય સામે અનેક પડકારો છે. તેમણે ચેતવણી આપી હતી કે, પશ્ચિમી દળો, નવીનતમ તકનિકો અને તેમની તમામ શક્તિથી સજ્જ, ઈસ્લામ પર હુમલો કરી રહ્યા છે. દેશની અંદરના સાંપ્રદાયિક તત્વો અને દળો સમુદાયના સાંસ્કૃતિક પાયાને જડમૂળથી ઉખેડી નાખવાના પ્રયાસો કરી રહ્યા છે. અમારા સમુદાયના સભ્યો, ખાસ કરીને યુવાનો, આશંકાઓ, આરક્ષણો, શંકાઓ અને આસ્થાની શંકાઓથી પીડાય છે.

ત્રીજું પરિબળ કાનૂની અને રાજકીય આવશ્યકતાઓથી સંબંધિત છે કે, જેનાથી મદ્રેસાઓ તીવ્ર દબાણ અનુભવી રહ્યા છે. જેમાં મદ્રેસા પ્રત્યે રાષ્ટ્રીય અને રાજ્ય સરકારોના પ્રતિકૂળ વર્તન અને 'મદ્રેસાઓના આધુનિકીકરણ'ના નામે શિક્ષણનો અધિકાર કાયદો, તેમજ વૈશ્વિક ઈસ્લામ વિરોધી ઝુંબેશનો સમાવેશ થાય છે. JIHના નેતાએ માત્ર કાયદાકીય અને રાજકીય દબાણને કારણે મદ્રેસા સિસ્ટમ અને અભ્યાસક્રમમાં ફેરફાર કરવા અંગે ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે, આ પરિબળોને ધ્યાનમાં લઈ શકાય છે. પરંતુ ફેરફારો પાછળનો વાસ્તવિક હેતુ પ્રથમ બે પરિબળો હોવા જોઈએ - સાંસ્કૃતિક ફેરફારો અને તેના પરિણામો અને દેશ અને સમુદાયમાં બદલાતી પરિસ્થિતિ.

**આધુનિક સમાજને ઘડવામાં ઉલેમા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.**

મદ્રેસા પ્રણાલી અને તેના અભ્યાસક્રમની સમીક્ષા કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા હુસૈનીએ કહ્યું કે, ઉલામા (ઈસ્લામિક વિદ્વાનો)એ આધુનિક સમાજમાં અગ્રણી ભૂમિકા ભજવવી જોઈએ. તેમની આગેવાની સમારંભો યોજવા અને અન્ય ધાર્મિક વિધિઓ કરવાના તેમના નિયમિત કાર્યો ઉપરાંત તેમણે સમકાલિન સમયગાળામાં ઉલેમા માટે ચાર મુખ્ય ભૂમિકાઓની રૂપરેખા આપી હતી : પ્રથમ તેમણે ઈસ્લામ સામેના વર્તમાન પડકારોનો સામનો કરવા, ઈસ્લામ સામે ઉઠાવવામાં આવેલા વાંધાઓનો જવાબ આપવા યુવાનોની શંકાઓ અને સમસ્યાઓ દૂર કરવા માર્ગદર્શન પૂરું પાડવા અને નાસ્તિકતા, ઉદારવાદ, અને સોશિયલ મીડિયા પર LGBT જેવા મુદ્દાઓને સંબોધવા જોઈએ. બીજું, તેમણે દરેક શહેર અને જિલ્લાના ઉલેમાને જીવનના તમામ ક્ષેત્રોમાં સમુદાયને માર્ગદર્શન આપવા, આત્મવિશ્વાસ અને હિંમત કેળવવા અને સામાજિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, વ્યાપારી, વેપારી, સાંસ્કૃતિક, તબીબી, ધાર્મિક મુદ્દાઓ માટે પ્રયત્નો કરવા માટે કહ્યું હતું. ત્રીજું, તેમણે સમાજને સુધારવાની અને કુટુંબો અને સમુદાયોમાં નૈતિક મૂલ્યોને પ્રોત્સાહન આપવાની ભલામણ કરી અને સમાજને ઈસ્લામિક ઉપદેશોનું વ્યવહારૂ મોડેલ બનાવવું જોઈએ.

ચોથું, તેમણે ઉલેમાને ઈસ્લામના રાજદૂત તરીકે કામ કરીને તમામ નાગરિકોમાં ઈસ્લામનો સંદેશો પ્રચાર અને પહોંચાડવામાં અગ્રણી ભૂમિકા ભજવવા કહ્યું હતું. ઉલેમા અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓમાં સંદેશ પહોંચાડવા, ઈસ્લામ વિશેની ગેરસમજો દૂર કરવા અને મુસ્લિમો અને ઈસ્લામ સામેના વાંધાઓનો જવાબ આપવા સક્ષમ હોવા જોઈએ. આ ભૂમિકાઓને અસરકારક રીતે નિભાવવા માટે ઉલેમા આધુનિક વિજ્ઞાન, જ્ઞાન સાથે સારી રીતે વાકેફ હોવા જોઈએ. તેમણે ઈસ્લામિક અર્થશાસ્ત્ર, ઈસ્લામિક મનોવિજ્ઞાન અને ઈસ્લામિક મનોરોગ ચિકિત્સા જેવા વિશેષતા દ્વારા વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાત ઉલેમાને તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**મદ્રેસા દ્વારા આધ્યાત્મિક પુનરૂત્થાનની જરૂર છે**

મરકઝી તાલીમી બોર્ડ (MTB)ના રાષ્ટ્રીય સચિવ સૈયદ તનવીર અહેમદે છેલ્લા દાયકાઓમાં સર્જાયેલા શૂન્યાવકાશને દૂર કરવા અને સમકાલીન સમાજમાં મદ્રેસાઓની ભૂમિકાને ફરીથી વ્યાખ્યાયિત કરવા હાકલ કરી હતી. તેમણે પશ્ચિમી શિક્ષણના વર્ચસ્વ અને આધ્યાત્મિક અને વર્તણૂકીય પાસાઓ પર તેની અસરને કારણે આધ્યાત્મિક પુનરૂત્થાનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રામપુરમાં જમીયત-ઉસ-સલિહતના વડા અને દિલ્હી વક્ફ બોર્ડ ટ્રિબ્યુનલ સાથે સંકળાયેલા ડૉ. સલમાન અસદે દેશમાં મદ્રેસાઓની વર્તમાન સ્થિતિ અને ભારતમાં સમકાલિન ઈસ્લામિક શિક્ષણ પ્રણાલીની મુખ્ય સમસ્યાઓ વિશે વાત કરી હતી. ભારત અને વિવિધ દેશોમાં અનેક મદ્રેસાઓનું સર્વેક્ષણ અને મુલાકાત લીધા પછી તેમણે છ મુખ્ય મુદ્દાઓ જેમ કે, વ્યક્તિત્વ વિકાસ પર ધ્યાનનો અભાવ, સગીર અને અપરિપક્વ વિદ્યાર્થીઓને ઈસ્લામિક વિદ્વાનની ડિગ્રી આપવી, અભ્યાસક્રમ મુખ્યત્વે ફિકાહ (ઈસ્લામિક ન્યાયશાસ્ત્ર) પર કેન્દ્રિત છે, અરબીને એક ભાષા તરીકે શીખવવામાં આવતી નથી. આધુનિક શિક્ષણ શાસ્ત્ર અથવા શિક્ષણ અને સંશોધનની વૈજ્ઞાનિક પદ્ધતિઓનો અમલ કરવાનો અભાવ, રોજગાર, નોકરીઓ અને વ્યવસાયો સાથે જોડાણનો અભાવ જેવા મુદ્દાઓ વિશે વાત કરી હતી. તેમણે શિક્ષણશાસ્ત્રમાં અભ્યાસક્રમમાં સંશોધન અને વૈજ્ઞાનિક અભ્યાસને પર્યાપ્ત સ્થાન આપવા આધુનિક તકનિકોના ઉપયોગ સાથે આધુનિક શિક્ષણ પદ્ધતિઓ અને શિક્ષણ શાસ્ત્રને અપનાવવા અને મદ્રેસામાં શિક્ષકોને તાલીમ આપવાનું સૂચન કર્યું હતું. અરબી ભાષામાં પ્રાવીણ્ય માટે, તેમણે વિદ્યાર્થીઓને અરબીમાં કુર્આન અને હદીસનો સીધો અભ્યાસ કરી શકે તે માટે ભાષા તરીકે અરબી શીખવવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમણે અભ્યાસક્રમમાં હિન્દી, અંગ્રેજી અને અન્ય આંતરધર્મીય અભ્યાસોનો પણ સમાવેશ કરવાનું સૂચન કર્યું હતું. મદ્રેસા શિક્ષણને રોજગાર, નોકરીઓ અને આધુનિક કૌશલ્યો અને વ્યવસાયો સાથે જોડવા અને વિદ્યાર્થીઓને આજીવિકા માટે તૈયાર કરવા તેમણે સૂચન કર્યું હતું. ડૉ. અસદે નોંધ્યું હતું કે, ૨૦૨૩ના અહેવાલ મુજબ લગભગ રૂા.૬૫,૦૦૦ કરોડની જકાત એકત્રિત કરવામાં આવે છે, જ્યારે ભારતમાં ઈસ્લામિક વક્ફ સંપત્તિ આશરે રૂા.૧૬ લાખ કરોડની છે. આ સંસાધનોનો ઈસ્લામિક શિક્ષણ સંસ્થાઓ ચલાવવા માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ.

**મદ્રેસા શિક્ષણ સામે પડકારો :** દેશના બદલાતા માહોલમાં પડકારો અને તકો પર બોલતા પૂર્વ MTB ચેરમેન અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વડા મુજતબા ફારૂકે, વર્તમાન શાસક વ્યવસ્થા, સાંપ્રદાયિક તત્વો અને વિવિધ કાયદાઓ સહિત મદ્રેસા શિક્ષણ સામેના વર્તમાન પડકારોની ચર્ચા કરી હતી. તેમણે સમાજના વિવિધ વર્ગો આ પડકારોનો સામનો કરવા માટે સંયુક્ત રીતે કામ કરવા હાકલ કરી હતી. આ મુદ્દાઓને ઉકેલવા માટે, ફારૂકે તમામ મદરેસાઓના સંકલન મંચની રચના, મદ્રેસા બોર્ડની સ્થાપના અને અન્ય લઘુમતીઓ અને પછાત સમુદાયો અને જૂથો સાથે સંકલનને પ્રોત્સાહન આપવા સહિત વ્યવહારૂ ઉકેલો સૂચવ્યા હતા. તેમણે દલીલ કરી હતી કે, આ પગલાં માત્ર કાનૂની, રાજકીય અને સામાજિક પડકારોને જ નહીં. પરંતુ ભારતમાં ધાર્મિક શૈક્ષણિક સંસ્થાઓના સરળ સંચાલનને પણ સુનિશ્ચિત કરશે.

**મદ્રેસા અભ્યાસક્રમમાં આધુનિક વિષયોનો સમાવેશ કરવાની જરૂર છે.**

આધુનિકીકરણની જરૂરિયાત અંગે મૌલાના મદનીએ મદ્રેસા અભ્યાસક્રમમાં સમકાલીન વિષયો અને વિજ્ઞાનનો સમાવેશ કરવાની હિમાયત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ભાષાઓમાં નિષ્ણાત બનાવવા, નિયમિત શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવા, આધુનિક-શિક્ષિત વિદ્યાર્થીઓ માટે ટૂંકા ગાળાના ઓનલાઈન 'આલમીયાત' અભ્યાસક્રમો શરૂ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

**કેન્દ્રીય મદ્રેસા બોર્ડની આવશ્યકતા :** મૌલાના મદનીએ તેમની સમસ્યાઓના નિરાકરણ માટે મદ્રેસાના રાષ્ટ્રીય સ્તરના કેન્દ્રીય બોર્ડની રચના તેમજ કૌશલ્ય પ્રશિક્ષણ, વ્યાવસાયિક કૌશલ્ય અભ્યાસક્રમો અને તબીબી-સંબંધિત અભ્યાસક્રમોની પણ હિમાયત કરી હતી. આ ઉપરાંત તેમણે આ સંસ્થાઓ માટે સંસાધનો બનાવવા અને વિકસાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. મદ્રેસાઓ દ્વારા સામનો કરવામાં આવતા કાનૂની અવરોધો અંગે મૌલાના મદનીએ તમામ જરૂરી ધોરણો અને ઔપચારિકતાઓને પૂર્ણ કરીને ફરજિયાત માન્યતા મેળવવા માટે નક્કર પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**મદ્રાસ સિસ્ટમને ફરીથી ડિઝાઈન કરવી :** અભ્યાસક્રમ અંગેના સૂચનો અને પ્રતિસાદના સત્રની અધ્યક્ષતા કરતાં JIHના ઉપાધ્યક્ષ અને MTBના અધ્યક્ષ પ્રો. સલીમ એન્જિનિયરે અભ્યાસક્રમ અંગે દરખાસ્તો અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ અને નિષ્ણાતો સાથે સહયોગની હિમાયત કરી હતી. પ્રો. સલીમે સમકાલીન જરૂરિયાતોને અનુરૂપ મદ્રેસા પ્રણાલીનું પુનર્ગઠન કરવા અને વિદ્યાર્થીઓમાં સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતા અને નવીનતા માટે વાત કરી હતી. અભ્યાસક્રમની રચના કરતી વખતે યુનિવર્સિટીઓમાં આધુનિક પ્રથાઓનો ઉલ્લેખ કરતા પ્રો. ઈજનેરે જણાવ્યું હતું કે પ્રોગ્રામના ઉદ્દેશ્યો (POs) પહેલા નક્કી કરવામાં આવે છે, ત્યારબાદ અભ્યાસક્રમના ઉદ્દેશ્યો નક્કી કરવામાં આવે છે અને ત્યારબાદ વિષયના ઉદ્દેશો સ્થાપિત કરવામાં આવે છે, જે સુનિશ્ચિત કરે છે કે, ત્રણેય તત્વો સંરેખિત અને એકબીજાના સહાયક છે. તેમણે નોંધ્યું હતું કે, આ ઉદ્દેશ્યોની સિદ્ધિનું મૂલ્યાંકન પરીક્ષા અને મૂલ્યાંકન પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે.

JIHના વાઈસ પ્રેસિડેન્ટે ઈસ્લામિક અભ્યાસક્રમને ફરીથી ડિઝાઈન કરવાની ભલામણ પણ કરી, જેમાં ૧૨મા ધોરણની ન્યૂનતમ લાયકાતની આવશ્યકતા છે. તેમણે મદ્રેસાના વિદ્યાર્થીઓને મુખ્ય પ્રવાહની શિક્ષણ પ્રણાલીમાં સંક્રમણની સુવિધા આપવા માટે બ્રિજ કોર્સ શરૂ કરવાની હિમાયત કરી હતી. પ્રો. સલીમે વિદ્યાર્થીઓને ભારતીય સમાજ અને ધર્મોથી વાકેફ કરવા પણ સૂચન કર્યું હતું અને જણાવ્યું હતું કે, ઈસ્લામનો સંદેશ વ્યાપક સમાજ સુધી પહોંચાડવો એ દરેક મુસ્લિમની જવાબદારી છે. તેમણે વિવેચનાત્મક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતા વિકસાવવા માટે મદ્રેસામાં વૈજ્ઞાનિક સંશોધન પદ્ધતિઓના પ્રોત્સાહન પર ભાર મૂક્યો હતો. વર્કશોપમાં જાણીતા શિક્ષણવિદો વિદ્વાનો અને જમીયતુલ ફલાહ, દારૂલ ઉલૂમ દેવબંદ અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાતો હતા. મૌલાના યાહ્યા નોમાની, ડૉ. નસીમ, મૌલાના ઝાકી મદની, ડૉ. મોહિઉદ્દીન ગાઝી, ડૉ. ઝીશાન અહેમદ મિસબાહી, ડૉ. અતાઉર રહેમાન ફલાહી, મૌલાના ઈનામુલ્લા ઈસ્લાહી, ડૉ. અશહદ જમાલ નદવી જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ હાજરી આપી હતી. **(સૌ.: ઈન્ડિયાટુમોરો.નેટ)**

# 'ભાજપે જૂઠું બોલવાની તાલીમ આપી હતી' : 'સ્ટિંગ' વીડિયો પરના સવાલો વચ્ચે સંદેશખાલી સમાચારમાં ફરી ચમક્યું

## TMC દ્વારા વ્યાપકપણે શેર કરવામાં આવેલ એક વીડિયો છૂપાયેલા કેમેરા દ્વારા લેવામાં આવેલ ફૂટેજ બતાવવાનો હેતુ એ છે કે, જેમાં ભારતીય જનતા પાર્ટીનો એક નેતા દાવો કરે છે કે, છેલ્લા કેટલાક મહિનામાં સંદેશખાલીમાંથી સામે આવેલા જાતીય અપરાધોના ગંભીર આરોપો ખોટા હતા

(એજન્સી) કોલકાતા, તા.૭

લોકસભા ચૂંટણી દરમિયાન સંદેશખાલી ફરીવાર હેડલાઈન્સમાં પહોંચી છે. આ પહેલીવાર નથી. આ વખતે તે લગભગ ૩૩ મિનિટનો વીડિયો સામે આવ્યો છે, જેને વિવિધ ક્વાર્ટર દ્વારા 'સ્ટિંગ ઓપરેશન' કહેવામાં આવી રહ્યું છે. ધ વાયર વીડિયોની સામગ્રીની સત્યતાનું સ્વતંત્ર રીતે મૂલ્યાંકન કરવામાં સક્ષમ નથી. તે છૂપાયેલા કેમેરા દ્વારા લેવામાં આવેલા ફૂટેજ બતાવવાનો હેતુ છે જેમાં ભારતીય જનતા પાર્ટીના એક નેતાએ દાવો કર્યો છે કે, છેલ્લા કેટલાક મહિનામાં સંદેશખાલીમાંથી સામે આવેલા જાતીય અપરાધોના ગંભીર આરોપો બધા ખોટા હતા. તે એવું પણ કહેતો દેખાય છે કે, મહિલાઓએ પૈસાના બદલામાં બળાત્કારના આરોપો લગાવ્યા હતા. તેઓ એવો પણ દાવો કરતા દેખાય છે કે, આ કાવતરૂં બીજેપી નેતા સુવેન્દુ અધિકારી દ્વારા રચવામાં આવ્યું હતું.

**ત્યારથી રાજ્યનું રાજકારણ ગરમાયું છે**

તૃણમૂલ કોંગ્રેસના સંદેશખાલીના નેતા અબુ તાલેબ મોલ્લા પાસેથી હથિયારો અને દારૂગોળો મળી આવ્યાના દિવસો બાદ આ વાત સામે આવી છે. જપ્ત કરાયેલા હથિયારોમાં ત્રણ યુએસ બનાવટની બંદૂકો હતી જે બજારમાં વેચી શકાતી નથી. શસ્ત્રો કથિત રીતે મોલ્લાના ઘરની નીચે દફનાવવામાં આવ્યા હતા અને તેમને શોધવા માટે એનએસજી રોબોટ તૈનાત કરવો પડ્યો હતો. મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ ઘટનાને કેન્દ્રીય એજન્સીઓનું કાવતરૂં ગણાવ્યું હતું. તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ આ મુદ્દાને લઈને મેદાનમાં ઉતર્યા અને પાંચમી મેએ વહેલી સવારે આ વીડિયો સામે આવ્યો હતો. બંગાળના શાસક પક્ષે દાવો કર્યો છે કે, વીડિયોએ સંક્ષિપ્તમાં સાબિત કર્યું છે કે, સંદેશખાલી ભાજપનું કાવતરૂં હતું અને મહિલાઓની ફરિયાદોનો કોઈ આધાર નથી. TMC સુપ્રીમો બેનરજીએ લાંબા સમયથી કહ્યું છે કે, ભાજપ સંદેશખાલીનો ઉપયોગ તેમના પક્ષને હરાવવા માટે તેના ફાયદા માટે કરી રહી છે. આજે તેમણે X પર ઘણી વખત પોસ્ટ કર્યું. તેમની નવીનતમ પોસ્ટ મુજબ મેં લાંબા સમય પહેલાંથી કહ્યું હતું કે, ભાજપ સંદેશખાલીની ઘટનાનું આયોજન કરીને બંગાળની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરી રહી છે. સ્ટીંગ ઓપરેશને બાંગ્લા-વિરોધીઓનો અસલી ચહેરો જાહેર કર્યો અને તેઓએ મારી માતાઓ અને બહેનોની લાગણીઓ સાથે છેડછાડ કરવાનો પ્રયાસ કર્યો છે.

**પાર્ટીના સત્તાવાર હેન્ડલે પણ આ વીડિયો પોસ્ટ કર્યો છે**

બેનરજીએ પણ લખ્યું, ભારતના ઈતિહાસમાં આ પહેલા ક્યારેય દિલ્હીમાં શાસક પક્ષે સમગ્ર રાજ્ય અને તેના લોકોને બદનામ કરવાનો પ્રયાસ કર્યો નથી. ઈતિહાસ સાક્ષી આપશે કે બંગાળ કેવી રીતે દિલ્હીના ષડ્યંત્રકારી શાસન સામે રોષે ભરાશે અને તેમનો અંત સુનિશ્ચિત કરશે. ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અને ડાયમંડ હાર્બરના સાંસદ અભિષેક બેનરજીએ સંદેશખાલીના મુદ્દાને જીવંત રાખીને બંગાળને બદનામ કરનારા ભાજપના નેતાઓને ૪૮ કલાકની અંદર માફી માંગવા કહ્યું છે. બીજેપીએ દાવો કર્યો છે કે, આ વીડિયો ખોટો અને તર્કસંગત છે અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા તપાસની માંગ કરી છે. વીડિયોમાં કથિત રીતે જેનો અવાજ સંભળાય છે તે વ્યક્તિ ગંગાધર કોયલે પણ સીબીઆઈનો દરવાજો ખખડાવ્યો છે. આ દરમિયાન સુવેન્દુ અધિકારીએ દાવો કર્યો છે કે, ટીએમસી - ખાસ કરીને અભિષેક બેનરજી - વીડિયો પાછળ છે. 'અમે આ મુદ્દા સાથે ખૂબ આગળ વધીશું. અમે મમતાના ભત્રીજાને જેલમાં મોકલીશું,' તેમણે કહ્યું. અભિષેક મમતા બેનરજીનો ભત્રીજો છે અને તેને કોલસા કૌભાંડના સંદર્ભમાં કેન્દ્રીય એજન્સીઓ તરફથી સમન્સ મળ્યા છે.

સુવેન્દુએ પણ X પર સમાન લાગણી પોસ્ટ કરી : સત્યને ટ્વિસ્ટ કરી શકાય છે અને ભ્રામક સંસ્કરણ પ્રસારિત કરી શકાય છે. જો કે, તેની શેલ્ફ લાઈફ ખૂબ જ ટૂંકી છે. આખરે, સત્ય જીતે છે.

'આગલી વખતે ધ્યાનમાં રાખજે, કોયલા ભાઈ.'

૪ મેના રોજ એક પ્રેસ કોન્ફરન્સમાં અભિષેકે આ વીડિયો પર વિસ્તૃત વાત કરી હતી.

**'પૈસા, ચાર્જમાં વધારો' :-** 'સ્ટિંગ વીડિયો'માં ગંગાધર કોયલને સંદેશખાલી બે બ્લોકમાં ભાજપના મંડલ અધ્યક્ષ તરીકે રજૂ કરવામાં આવ્યા છે. સ્થાનિક ભાજપના નેતાઓ અસંમત છે કે, કોયલ આવું કોઈ પદ ધરાવે છે. રાજ્યના નેતાઓએ પણ આ મામલે કંઈ કહ્યું નથી.

વીડિયોમાં કોયલ એક રૂમમાં પ્લાસ્ટિકની ખુરશી પર બેઠેલો દેખાય છે. અનૌપચારિક સેટિંગમાં જે દેખાય છે, તેમાં કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓ તેને સંદેશખાલી પર પ્રશ્નો પૂછતા દેખાય છે, જેનો તે જવાબ આપે છે. સુવેન્દુ અધિકારીનું નામ ઘણી વખત પુનરાવર્તિત થાય છે.

કોયલને કહેતા સાંભળવામાં આવે છે કે, 'આ વિરોધ આટલા લાંબા સમયથી ચાલુ છે. શા માટે ? ત્રણ છોકરાઓ ગયા છે અને વસ્તુઓનું નિર્દેશન કરી રહ્યા છે. સુવેન્દુ દાને અમારામાં વિશ્વાસ છે. સુવેન્દુ દા એકવાર આવી ગયા છે, તેથી જ વિરોધ ચાલુ છે.' કોયલ એમ પણ કહેતો દેખાય છે કે, સુવેન્દુ અધિકારી ફોન અને પૈસા લઈને ત્યાંથી નીકળી ગયો છે. 'આ ખાલી હાથે કામ ન કરી શકાય,' તે દેખીતી રીતે કહેતા સાંભળવામાં આવે છે. પ્રશ્નકર્તા કોયલને પૂછવા લાગે છે કે, શું તેને શું કરવામાં આવી રહ્યું છે તેની જાણ છે. 'ત્યાં કોઈ બળાત્કાર ન થયો હોવા છતાં તમે દાવો કરો છો કે ત્યાં બળાત્કાર થયો હતો ? શું તમે તમારી પત્નીને આમ કરવા માટે સક્ષમ કરી શક્યા હોત ? હું ન કરી શક્યો હોત,' પ્રશ્નકર્તા કહે છે.

તેઓએ ગ્રામજનોના 'મગજનું ધોવાણ' કેવી રીતે કર્યું, તે પ્રશ્નના જવાબમાં કોયલ એવું કહેતો દેખાય છે કે, સુવેન્દુ અધિકારીની સૂચના હતી કે, આ ત્યાં મોટા લોકોની ધરપકડ કરવા અને ભાજપને ત્યાં પગ જમાવવાની તક આપવા માટે કરવું પડ્યું. કોયલ એક શુભંકર ગિરી અને



'સુવેન્દુના સાથી પીજુષ'નું નામ સંદેશખાલીની મુલાકાતે આવેલા હોવાનું જણાય છે. તે દેખીતી રીતે દાવો કરે છે કે, પૂર્વ 'બ્રેઈનવોશિંગ'નો હવાલો સંભાળતો હતો, પરંતુ કોયલ કથિત રીતે 'પૈસા-સંબંધિત ફિયાસ્કો'ને કારણે ભૂમિકામાંથી પાછો ખેંચી ગયો હતો.

કોયલ એ પણ ભાર મૂકે છે કે, કોઈપણ મહિલાએ ટીએમસીના નેતાઓ સામે ફરિયાદો કરવાના તેમના સૂચનને અવગણ્યું ન હતું.

તે એમ પણ કહેતો દેખાય છે કે, એક મહિલાને એસસી/એસટી કમિશનની સામે વાત કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. મહિલાને એવું કહેતા પણ સાંભળવામાં આવે છે કે, તેણે કાગળના ટુકડા પર શું લખ્યું છે તે જાણ્યા વિના તેના પર સહી કરી છે. તેણી એવું પણ કહેતી હોય છે કે, ગામમાં ત્રણ એવા છે કે, જેમનું નામ તેણીનું છે પરંતુ તેણીએ જાતીય સતામણીના આરોપો મૂકનાર વ્યક્તિ ન હતી, તેમ છતાં સત્તાવાર ફરિયાદમાં હવે તેણીની સહી હોવાનું જણાય છે.

મહિલાએ પત્રકારો સાથે પણ વાત કરી અને દાવો કર્યો કે, તે જાતીય હિંસાથી બચી નથી. તેના પરિવારના એક સભ્યએ પણ કહ્યું છે કે, તે અંગ્રેજી ફરિયાદ વાંચી શકતી ન હતી અને વિરોધ આંદોલનના પ્રવાહમાં તે આગળ ગઈ હતી. કોયલે સીબીઆઈને લખેલા તેના પત્રમાં દાવો કર્યો છે કે, આ વીડિયો નકલી છે, તેના હોઠની હિલચાલ વાંચી શકાતી નથી અને જે ચેનલ 'વિલિયમ્સ' પર તેને અપલોડ કરવામાં આવ્યો છે તેનો માત્ર એક વીડિયો છે અને તે ૩ મે, ૨૦૨૪ના રોજ ખોલવામાં આવ્યો હતો. કોયલનો દાવો છે કે, ૧૮ મિનિટના ચિહ્ન પર વીડિયોમાં એક મહિલા પણ દેખાઈ રહી છે અને AIનો ઉપયોગ ફૂટેજ સાથે વાહિયાત કરવા અને તેના અવાજના ઓડિયોને હેરફેર કરવા માટે કરવામાં આવ્યો છે. જ્યારે અધિકારીએ પૂછ્યું છે કે, શું '૩૮૯ ફરિયાદો, ૨૩૯ જમીન પાર્સલ પરત કરવાનો ટીએમસીનો દાવો, બળાત્કાર અંગેની ત્રણ એફઆઈઆર' બધા ખોટા છે, તે સાચું છે કે, તેમના પક્ષે સંદેશખાલીના મુદ્દાને આ સિઝનમાં એક મુખ્ય ચૂંટણી મેદાન બનાવ્યું છે. ભાજપના નેતાઓએ દરેક પ્રચાર ભાષણમાં જાતીય સતામણીના આરોપોનો સમાવેશ કર્યો છે અને ટીએમસી નેતાઓ દ્વારા જાતીય હિંસાનો આક્ષેપ કરનાર મહિલા રેખા પાત્રાને બસીરહાટ બેઠક પરથી ચૂંટણી ટિકિટ આપી છે.

પાત્રા, જેમના પર કોયલ આરોપ લગાવે છે કે, TMC નેતાઓ સામે જાતીય હિંસાનો આરોપ લગાવવા માટે પૈસા મળ્યા છે, ત્યારથી તેમણે કહ્યું હતું કે, કોયલને આવું કહેવા માટે ડરાવવામાં આવ્યો હતો.

સંદેશખાલીએ આ વર્ષે પાંચ જાન્યુઆરીએ પ્રથમ વખત હેડલાઈન્સ પર કબજો મેળવ્યો હતો જ્યારે રાશન કૌભાંડના સંબંધમાં ટીએમસીના મોટા નેતા શેખ શાહજહાં પર દરોડો પાડવા જતાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. મહિલાઓએ નેતા અને તેના સહયોગીઓ સામે વ્યાપક જાતીય સતામણી અને જમીન પચાવી પાડવાના આરોપો મૂકવાનું શરૂ કર્યું. આ એક મોટી ચળવળમાં ફેરવાઈ ગયું. આખરે શાહજહાંની ધરપકડ કરવામાં આવી અને હવે તે EDની કસ્ટડીમાં છે. પૂર્વ કાઉન્સિલર અને સીપીઆઈ(એમ)ના ઉમેદવાર નિરપદા સરદારે ધ વાયરને જણાવ્યું હતું કે, સંદેશખાલીમાં ટીએમસીની દાદાગીરી, જમીન પચાવી પાડવી અને હિંસા કરતા હોવા છતાં એવું લાગે છે કે, હવે ભાજપની ભૂમિકા છે. 'મને ખબર નથી કે આ વીડિયો નકલી છે કે નહીં પરંતુ સુવેન્દુ અધિકારી એક સમયે શાહજહાંના માર્ગદર્શક હતા. હવે તે સમુદાય હુમલાખોર તરીકે અને બીજો હુમલો કરનાર તરીકે એક ચિત્રણ કરવા માંગે છે,' તેમણે કહ્યું. **(સૌ.: સબરંગ ઈન્ડિયા)**

# વડોદરામાં ગોત્રી વિસ્તારની ગાયત્રી વિદ્યાલયમાં વ્યવસ્થાના અભાવે લોકો મત આપ્યા વિના પાછા ફર્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

શહેરમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ હોવા છતાં નગરજનો પોતાનો મત આપવા જેતે વિસ્તારમાં મત આપવા પહોંચ્યા હતા. તેમ છતાં ત્યાં પ્રાથમિક સુવિધાઓના અભાવે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગોત્રી વિસ્તારની ગાયત્રી વિદ્યાલયમાં પહેલા તો પાણીની વ્યવસ્થા ન હતી. આને પાણીના જગ આપ્યા તો પાણી પીવા માટે ગ્લાસ પણ ન હતા. ત્યારે લોકો ગરમીથી ત્રસ્ત પાણી પીવા માટે ખોબે ખોબે પાણી પીવા મજબૂર બન્યા હતા. સિનિયર સિટીઝન પણ નીચે નમી પાણીના જગમાંથી પાણી પીવા મજબૂર થાય હતા.

વ્યવસ્થા પૂરતી ન હોવાથી કેટલાય લોકો મત આપ્યા વગર પાછા ફર્યા હતા. બીજી બાજુ વહેલી સવારથી લોકો જ્યાં એક તરફ મતદાન કરી રહ્યાં છે ત્યાં બીજી તરફ કેટલાક વોર્ડ વિસ્તારોમાં મતદાન સ્લિપ પહોંચી ન હતી તદુપરાંત મતદાતાઓને પોતાના મતદાન મથક કે બુથની માહિતીના અભાવે ધક્કા ખાવાનો વારો આવ્યો હતો તો કેટલાક મતદારો ધક્કો ખાવાથી કંટાળીને મતદાન કર્યા વિના જ ઘરે પરત ફર્યા હતા અને આવી વ્યવસ્થા માટે તંત્ર તથા સ્થાનિક નેતાઓને જવાબદાર ઠેરવ્યા હતા. આજે ઈલેક્શન વોર્ડ ૧૪માં આવેલા કેટલાક સિનિયર સિટિઝન્સ તથા અન્ય લોકોને મતદાન સ્લિપ મળી ન હતી સાથે જ તેઓને કયા બુથ પર કયા રૂમ નંબર પર મતદાન કરવું તેની માહિતી ન મળતાં મતદાતાઓને સવારથી બુથ પર ધક્કા ખાવાનો વારો આવ્યો હતો જ્યાં કેટલાક મતદાતાઓ આવી ગેરવ્યવસ્થાને કારણે પરેશાન થઇ મતદાન કર્યા વિના જ પરત ફર્યા હતા અને તંત્રને જવાબદાર ઠેરવ્યું હતું જ્યારે કેટલાક મતદારોની વહારે લોકો આવતા તેઓએ મતદાન કર્યું હતું.

## મુસ્લિમ વિસ્તારોમાં મતદાન ઓછું થતાં યુવકો અને સામાજિક કાર્યકરો દ્વારા દોડધામ કરી મતદાન કરાવાયું

આજે સવારથી વડોદરામાં લોકસભાની ચૂંટણીમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થઈ રહ્યું છે. ત્યારે બપોરે બાર વાગ્યા પછી શરૂ થયેલી અસહ્ય ગરમીના પગલે વોટિંગ પર અસર પડ્યું હતું. ખાસ કરીને મુસ્લિમ વિસ્તારોમાં બપોર પછી ઓછું મતદાન જણાતા વિવિધ પક્ષના કાર્યકરો અને વિસ્તારના સામાજિક કાર્યકરો દોડતા જોવા મળ્યા હતા અને મતદારોને મનાવી બહાર નીકળી મતદાન મથક સુધી પહોંચાડી મતદાન કરાવ્યું હતું.

### સોમનાથ બેઠક પર સૌથી વધુ ૭૦ ટકા મતદાન

# જૂનાગઢ બેઠક પર ૫૮.૮૭ ટકા જેટલું નીરસ મતદાન

જૂનાગઢ, તા.૭

જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં આજે સવારે સાત કલાકથી મતદાનનો પ્રારંભ થયો હતો અને સાંજે ૬:૦૦ કલાકે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. આ વખતે મતદાનની ટકાવારી ૨૦૧૯માં યોજાયેલી ચૂંટણી કરતાં ઘટી છે. ૨૦૧૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ચૂંટણીમાં ૬૧.૩૧% મતદાન નોંધાયું હતું જ્યારે આ વખતે માત્ર ૫૮.૮૭ ટકા ઓછું મતદાન રહેતા રાજકીય પક્ષોમાં ચિંતાનું વાતાવરણ વ્યાપી ગયું છે. જૂનાગઢ લોકસભા બેઠકમાં સાત વિધાનસભા મત વિસ્તારનો સમાવેશ થાય છે. જેમાં જૂનાગઢ વિધાનસભા બેઠક પર ૫૪.૪૦ ટકા, વિસાવદર બેઠક પર ૪૬.૫૮ ટકા, માંગરોળ બેઠક પર ૬૨.૯૦ ટકા, સોમનાથ બેઠક પર ૭૦.૧૬ ટકા, તાલાળા બેઠક પર ૬૦.૦૭ ટકા, કોડીનાર બેઠક પર ૬૦.૭૧% અને ઉના બેઠક પર ૫૮.૧૭ ટકા મતદાન નોંધાયું હતું. આમ જૂનાગઢ જિલ્લામાં સૌથી વધુ મતદાન સોમનાથ બેઠક પર ૭૦ ટકા નોંધાયુ છે. જયારે સૌથી ઓછું મતદાન વિસાવદર બેઠક પર માત્ર ૪૬ ટકા મતદાન નોંધાયું છે.

# જાફરાબાદ ખાતે ચૂંટણી ફરજ પર હાજર મહિલા કર્મચારીનું હાર્ટ એટેકથી મોત

અમરેલી, તા.૭

અમરેલી લોકસભા ચૂંટણી દરમિયાન જાફરાબાદ ખાતે ચૂંટણી ફરજ પરના મહિલા કર્મચારીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. જાફરાબાદ શહેરના સાગર શાળામાં ચૂંટણી ફરજ બજાવતા કૌશિકાબેન બાબરિયા નામના કર્મચારી આજે મતદાન ફરજ ઉપર હતા, ત્યારે અચાનક ઢળી પડ્યા હતા અને બેભાન થઈ જતાં જેમને ઈમરજન્સી ૧૦૮ મારફતે રાજુલાની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબ દ્વારા તેઓને મૃત જાહેર કરતા કર્મચારીઓમાં શોકનો માહોલ છવાયો હતો. આ મહિલા કર્મચારીનું હાર્ટ એટેકના કારણે મોત થયાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવ્યું છે.

# વડોદરા શહેર જિલ્લામાં ૫૯.૦૪ ટકા મતદાન

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

વડોદરા લોકસભા બેઠક પર આજે ૫૯.૦૪ ટકા મતદાન નોંધાયું છે. જે રીતે સવારે મતદાન થઈ રહ્યું હતું તે જોતા ગત ચૂંટણીના મતદાનનું રેકોર્ડ તૂટશે તેવી મનાતું હતું પરંતુ બપોર પછી કાળઝાળ ગરમીના પગલે મતદાનમાં ઘટાડો નોંધાયો હતો. વડોદરાના મતદારોએ ભારે તાપમાં પણ અનેરો ઉત્સાહ બતાવી મતદાન પ્રત્યેની પોતાની ફરજ અદા કરી છે. આજરોજ વડોદરા સંસદીય બેઠક પર ૫૯.૦૪% મતદાન નોંધાયું હતું. મતદારોએ સવારથી જ મતદાન અંગેની પોતાની જાગૃતિ બતાવી હતી. સવારે પ્રથમ બે કલાકમાં જ ૧૧ ટકા જેટલું મતદાન નોંધાયા બાદ મતદાનમાં સતત વધારો જોવા મળ્યો હતો અને સાંજ સુધીમાં ૫૯.૦૪ % સુધી પહોંચી ગયો હતો. સવારે ૭થી ૬ વાગ્યા સુધી ૫૯.૦૪ ટકા મતદાન વડોદરા લોકસભા બેઠક માટે સવારે ૭થી ૬ વાગ્યા સુધી ૫૯.૦૪ ટકા મતદાન થયું છે. ક્ષત્રિય બહુમતી ધરાવતી વાઘોડિયા અને સાવલી બેઠક પર સૌથી વધુ મતદાન થયું છે. સૌથી વધુ મતદાન સાવલીમાં ૬૫.૨૨ ટકા અને સૌથી ઓછું મતદાન વડોદરા સિટી ૫૫.૪૫માં થયું છે.

# સુરતના દિવ્યાંગજનો અને વૃદ્ધ મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

કોઈ ગરમી તો કોઈ આળસનું બહાનું કરીને વોટિંગ કરવાનું ટાળતા હોય છે ત્યારે નવસારી લોકસભા બેઠકના સુરતના દિવ્યાંગ અને વૃદ્ધ મતદારોએ લાકડી કે વ્હીલચેરની મદદથી મતદાન મથકો સુધી પહોંચી મતદાન કરી અન્યોને પ્રેરણા આપી છે. આ દિવ્યાંગ અને વૃદ્ધોની ચૂંટણી તંત્રના સ્ટાફ અને પોલીસે ખૂબ મદદ કરી હતી. આ અશક્ત મતદારોએ કહ્યું કે, ભલે અમે ચાલી ન શકતા હોય પરંતુ અમને એ વાતનું ગર્વ છે કે દોડતી સરકાર રચવામાં અમારો એક મત ઉપયોગી નિવડશે. લોકસભાની ચૂંટણી માટે યોજાઈ રહેલા મતદાનમાં દિવ્યાંગ મતદારો પણ ઉત્સાહભેર મતદાન કરવા માટે પહોંચ્યા હતાં. પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને દિવ્યાંગ મતદાતાઓએ કહ્યું હતું કે, અમે ભલે ટેકે ચાલતાં હોઈએ પરંતુ અમે ચૂંટેલી સરકાર સતત દોડતી રહેશે તેના માટે જ અમે મતદાન કર્યું છે. દિવ્યાંગો માટે મતદાન મથક પર ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. દિવ્યાંગોની વ્હિલચેર છેક મતદાન બૂથ સુધી પહોંચી જાય તે પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ દિવ્યાંગોને અગ્રીમ સ્થાન પણ મતદાન માટે આપવામાં આવ્યું હતું.



## કામરેજ તાલુકાના જોખા ગામના ૧૦૩ વર્ષની વયના મોહનભાઈ પટેલે મતદાન કર્યું

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના જોખા ગામના ૧૦૩ વર્ષની વયના વયોવૃદ્ધ મોહનભાઈ પટેલે શરમાવે તેવા ઉત્સાહથી લોકસભા ચૂંટણીમાં મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી હતી અને અન્ય મતદારો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા હતા. તેમણે ઘરેબેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની સુવિધા મળતી હોવા છતાં તા.૭મીએ મતદાન મથક પર જ મતદાન કરવાનો આગ્રહ રાખ્યો હતો.

# ભરૂચ લોકસભા બેઠક પર આશરે ૬૦ ટકાથી વધુ મતદાનની શક્યતા

## ભરૂચ કલેકટર કચેરી નજીક મતદાન મથક બહાર ભાજપના કાર્યકરો ભાજપાની સ્લીપો પર મતદાન કરાવતા ચૂંટણી અધિકારીને ફરિયાદ કરાઈ

(સંવાદદાતા દ્વારા) ભરૂચ,તા.૭

ભરૂચ લોકસભા બેઠક ઉપર આજે યોજાયેલ ચૂંટણીમાં મતદારોએ આકરા ઉનાળાના તાપને લઈને સવારથી જ મતદાન કરવા લાંબી કતારો લગાવીને બપોર સુધીમાં સાત વિધાનસભામાં ૫૪ ટકાજેટલુ મતદાન કરી નાંખ્યું છે. ભરૂચ લોકસભાની બેઠક પર ઉનાળાની આકરી ગરમી અને ઉકળાટ વચ્ચે સવારે ૬-૩૦ કલાકે જ અનેક મતદાન મથકે લોકોએ મત આપવા લાઈનો લગાવી દીધી હતી. ૭ વાગ્યે મતદાન શરૂ થતા જ લોકોમાં મતદાન કરવા માટે ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે આજે લોકસભા બેઠક ઉપર ૧૩ જેટલા ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં બટન દબાવીને નક્કી કર્યા હતા. જયારે ભરૂચ લોકસભા બેઠક ઉપર આ વખતે બરાબર જંગ તો ઈન્ડિયા ગઠબંધનના ચૈતર વસાવા અને સાતમી વખત ભાજપામાંથી ચૂંટણી જંગમાં ઉતરેલા મનસુખ વસાવા વચ્ચે થઈ રહ્યો છે. આ વખતે આદિવાસીના મસીહાના નામે જાણીતા છોટુભાઈ વસાવા ચૂંટણી જંગમાં નથી પરંતુ તેની જગ્યાએ નવી પાર્ટી બનાવી ભારત આદિવાસી પાટીમાંથી પુત્ર દિલીપ છોટુ વસાવાને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. અન્ય બે પાર્ટી અને અપક્ષો પણ પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ભરૂચ કલેકટર કચેરી નજીક પીડબલ્યુડી બિલ્ડીંગમાં મતદાન મથક બહાર જ ભાજપાના આગેવાનો ભાજપાની સ્લીપો લઈને બેસીને મતદાન કરાવી રહ્યા હતા. આ અંગે વહીવટીતંત્રને ચૂંટણી અધિકારીનો જાગૃત નાગરિકોએ ફરિયાદ કરી હતી. જો કે અધિકારીઓ આ આચારસંહિતાના ભંગ બદલ કોઈજ પગલાં ભર્યા ન હોવાનું લોકો કહી રહ્યા હતા. જયારે ભરૂચ જિલ્લામાં સવારે ૭ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી સૌથી ઓછુ મતદાન ભરૂચ વિધાનસભા બેઠક ઉપર ૫૫.૫૫ ટકા થયું છે. અંકલેશ્વરમાં ૫૯.૩૧ ટકા થયું હતું જયારે કરજણ વિધાનસભા ૬૨.૧૩ ટકા, જંબુસર ૫૮.૨૯ ટકા, વાગરા ૬૩.૪૪ ટકા, જયારે આદિવાસી મતદારો સૌથી વધુ ધરાવતા ડેડીયાપાડામાં ૭૮.૬૩ ટકા સૌથી વધુ મતદાન થયું છે. જયારે ઝઘડિયામાં ૭૦ ટકા મતદાન થયું છે. જિલ્લામાં સવારના ૭થી સાંજના ૫ વાગ્યા સુધીમાં કુલ ૬૩.૫૬ ટકા મતદાન નોંધાયું છે.

### ૨૦૦૨ના કોમી રમખાણોમાં

# બહુચર્ચિત કેસની પીડિતા બિલ્કીસબાનુએ પોતાના પતિ સાથે મતદાન કર્યું



દાહોદ, તા.૭ : ગોધરા કાંડ પછી ૨૦૦૨ના બહુચર્ચિત કેસની પીડિતાએ આજે દેવગઢ બારીયાના કાપડી ખાતે તેના પતિ સાથે માદરે વતન ખાતે મતદાન કરી 'મારૂં મતદાન સુરક્ષિત મતદાન'નો સંદેશ આપ્યો હતો. અને લોકશાહીના મહાપર્વમાં નિર્ભીક અને ન્યાયી પ્રક્રિયાથી ચૂંટણી યોજાઈ રહી હોવાની પ્રતીતિ કરાવી હતી. દાહોદ ૧૯ લોકસભા સામાન્ય ચૂંટણીને લઈને આજે સમગ્ર ગુજરાત ઉત્સાહિત છે. ત્યારે આ મહાપર્વમાં ૨૦૦૨ના બહુચર્ચિત કેસની પીડિતા બીલ્કીસબાનુએ પોતાનો મતદાન કરી 'મારૂં મતદાન, સુરક્ષિત મતદાન'નો સંદેશો આપતાં તમામ મતદારોને અચૂક મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. મતદાન વેળાએ તેઓએ તેમનાં પતિ સાથે મતદાન કર્યા પછી સેલ્ફી પડાવી હતી.

## નર્મદા જિલ્લામાં શાંતિપૂર્વક માહોલમાં મતદાન સંપન્ન



રાજપીપળા, તા.૭ : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા.૭/૫/૨૦૨૪ના રોજ નર્મદા જિલ્લામાં મતદાન યોજાયું હતું. જેમાં પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે દ્વારા ૨૧-છોટાઉદેપુર મતવિસ્તારમાં આવેલા રાજપીપળા પોલીસ સ્ટેશન વિસ્તારના મતદાન મથકો તથા ૨૨-ભરૂચ લોકસભા મતવિસ્તારમાં આવેલા ડેડિયાપાડા તથા સાગબારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મતદાન મથકોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. નર્મદા જિલ્લામાં તમામ મતદાન મથકો ઉપર સુરક્ષા વ્યવસ્થા માટે બંદોબસ્તમાં ફાળવેલા સુરક્ષાકર્મીઓએ એલર્ટ મોડમાં રહીને ખંતપૂર્વક પોતાની ફરજ બજાવી હતી. મતદાન મથકો ઉપર ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તેની પુરતી તકેદારી રખાઇ હતી. સમગ્ર દિવસ દરમિયાન જિલ્લામાં કોઈપણ અનિચ્છનીય બનાવ બન્યો નથી. તેમજ મતદાન મથકો ઉપર શાંતીપૂર્વક મતદાનની પ્રક્રિયા ચાલી હતી.

## ડીસામાં રેકોર્ડ બ્રેક ગરમી વચ્ચે ૬૫ ટકા મતદાન



ડીસા, તા.૭ : ડીસામાં લોકસભાની ચૂંટણીમાં આજરોજ રેકોર્ડ બ્રેક ગરમી વચ્ચે મતદારોએ પોતાના મતનો ઉપયોગ કરી મતદાન કર્યું હતું જેમાં કોંગ્રેસના ગેનીબેન ઠાકોર તથા રેખાબેન ચોધરી વચ્ચે ટક્કર જોવા મળી હતી. જેમાં રાજપુર વિસ્તારમાં ૬૩.૫૦ ટકા જયારે ગવાડી વિસ્તારમાં ૬૬ ટકા જેટલું મતદાન થવા પામ્યું હતું જેમાં છોટા પૂરા ગવાડી વિસ્તારમાં રહેતા શેખ ઉમરભાઈને ચાલવામાં તકલીફ પડતી હોવા છતાં ઘર વાળાએ ટેકો આપતા ગરમીમાં પણ પોતાના મતનો ઉપયોગ કર્યો હતો આમ એકંદરે ડીસા તાલુકામાં અંદાજિત ૬૫ ટકા જેટલું મતદાન થવા પામ્યું હતું. સવારે લોકોએ મતદાન આપવા લાઈન લગાવી દીધી હતી જયારે બપોરે નીરસ મતદાન થવા પામ્યું હતું જયારે સાંજે લોકોએ ઘરની બહાર નીકળીને પોતાનો મતનો ઉપયોગ કર્યો હતો જયારે ગવાડી વિસ્તારમાં રહેતા કુરેશીબાનું બેને લાકડીના સહારે ચાલીને પોતાના મતનો ઉપયોગ કર્યો હતો. (તસવીર : જમીલ મેમણ, ડીસા)

## લુણાવાડાની શાળામાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરે મતદાન કર્યું

લુણાવાડા, તા.૭

મહીસાગર જિલ્લાના લુણાવાડા કિસાન માધ્યમિક વિદ્યાલય ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર નેહા કુમારીએ મતદાન કર્યું હતું અને લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી.



જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર નેહા કુમારીએ સૌને મતદાન માટે અપીલ કરતા જણાવ્યું હતું કે, 'મેં આજે મતદાન કરી લોકશાહીમાં ભાગીદારી નોંધાવી છે. મહીસાગર જિલ્લાના સૌ નાગરિકો પણ આવો અને વોટિંગ કરી લોકશાહીમાં ભાગીદાર બની આપના અધિકારનો ઉપયોગ કરો.' તેમણે આ મહાપર્વમાં ભાગ લઈ વધુમાં વધુ મતદાન કરવા માટે જાહેર અપીલ કરી હતી.

### વાલિયાના કેસર ગામે

## પ્રાથમિક સુવિધાના અભાવે નારાજ મતદારોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૭

ભરૂચ લોકસભા બેઠકમાં આવતા વાલિયા તાલુકાના કેસર ગામમાં બપોર સુધીમાં એકપણ મત નથી પડ્યો. ગામમાં પ્રાથમિક સુવિધાના અભાવથી નારાજ મતદારોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે. ઈટકલા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ઠ આ ગામમાં બંને ગામો વચ્ચે કીમ નદી ઉપર પુલ નહીં હોવાથી ચોમાસાના ચાર મહિનામાં ઈટકલા અને ડહેલી ગામની શાળામાં અભ્યાસ કરવા જતા તેમજ સસ્તા અનાજની દુકાન સહિત દૂધ મંડળીમાં દૂધ ભરવા જતા ગ્રામજનોને ભારે હાલાકી વેઠવાનો વારો આવી રહ્યો છે. જેને પગલે ગ્રામ પંચાયતની ચૂંટણી અને તાલુકા પંચાયતની ચૂંટણી બાદ પણ સ્થાનિકોના પ્રશ્નોનું નિરાકરણ નહીં થતાં આજરોજ વિધાનસભાની ચૂંટણી બાદ ૭મી મેના રોજ લોકસભાની ચૂંટણીનો પણ ગ્રામજનોએ બહિષ્કાર કરી મતદાનની પ્રક્રિયાથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો. જ્યાં સુધી પુલ નહીં ત્યાં સુધી વોટ નહીં તેવી ચીમકી ઉચ્ચારી છે. ચારથી વધુ ચૂંટણીઓ બાદ પણ પ્રશ્નનું નિરાકરણ નહીં આવતા ગ્રામજનોમાં ભારે વિરોધ જોવા મળ્યો હતો. ગામમાં ૩૫૨ મતદારો છે.

## સુરતના ઈચ્છાનાથમાં ગૃહમંત્રીની સૂચના બાદ પણ વૃદ્ધને વ્હીલચેર ન મળી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

ઈચ્છાનાથ સ્થિત એસવીએનઆઈટીની સામે આવેલા કેન્દ્રીય વિદ્યાલય ખાતે મતદાન મથકમાં આજે સવારે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી પોતાનો મત આપવા પહોંચ્યા હતા. તે જ સમયે એક વૃદ્ધ દાદા પણ મતદાન માટે પહોંચ્યા હતા. દાદાને ચાલવામાં તકલીફ પડી રહી હતી, ત્યારે હર્ષ સંઘવીએ તુરંત સૂચના આપી કે દાદા માટે વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં આવે. સ્થળ પર હર્ષ સંઘવી સાથે જ મતદાન માટે આવેલા સ્થાનિક વોર્ડ મહામંત્રી સહિતના ભાજપના કાર્યકરો તુરંત દોડ્યા પણ વ્હીલચેર ખૂબ શોધવા છતાં મળી ન હતી. આખરે ખબર પડી કે વહીવટી તંત્ર દ્વારા વ્હીલચેરની વ્યવસ્થા કરવામાં જ આવી નથી. છેવટે એ વૃદ્ધ દાદાના પરિવારના સભ્ય સહિત ખુદ ભાજપના વોર્ડ મહામંત્રી ધવલ દેસાઈએ દાદાને ટેકો આપી મતદાન કુટીર સુધી પહોંચવામાં મદદ કરી હતી.

### બપોરે ગરમીને લીધે મતદારોમાં નીરસતા જોવા મળી

# ખેડા બેઠક પર ૫૩ ટકાથી વધુ મતદાન

**ખેડા લોકસભા બેઠકમાં મતદાનના ૫ વાગ્યા સુધીમાં ૫૩.૮૩% મતદાન નોંધાયું**

- માતર ૫૬.૨૭%
- નડિયાદ ૫૧.૦૮%
- મહેમદાવાદ ૫૪.૪૩%
- મહુધા ૫૨.૮૦%
- કપડવંજ ૫૨.૩૪%
- દસક્રોઈ ૫૫.૧૦%
- ધોળકા ૫૪.૫૬%

નડિયાદ, તા.૭

ખેડા લોકસભા બેઠકની ચૂંટણી માટે આજે યોજાયેલ મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે સવારના સમયે મતદાન મથક ઉપર લાઈન લાગતી હતી જોકે બપોરના ટાઈમે મતદાન મથકો પર કાગડા ઉડતા હોય તેવા દ્રશ્યો દેખાતા હતા જિલ્લામાં સખત તાપ વચ્ચે શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી સંપન્ન થઈ છે. લોકશાહીના આ મહાપર્વને ઉજવવા માટે પ્રથમ વખત મતદાન કરતા યુવા મતદારો એ વહેલી સવારમાં મતદાન કેન્દ્રો પર ઉત્સાહભેર ઉમટી પડી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના આ પર્વની ઉજવણી કરી હતી જ્યારે વયસ્ક મતદારો પણ આ લોકશાહીના પર્વની ઉજવણી કરવા માટે સવાર સવારના મતદાન કેન્દ્રો પર પહોંચી ગયા હતા આ સાથે મહિલા મતદારો પણ ઘરના સવારના રોજિંદા કામ પડતા મૂકી મતદાન કેન્દ્રો પર પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉમટી પડ્યા હતા અને તેઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના આ પર્વની ઉજવણી કરી હતી. બપોરના એક વાગ્યા પછી વરસતા આકરા તાપને લઈ ગરમીમાં મતદારોએ ઘરમાંથી બહાર નીકળવાનું ટાળ્યું હતું. બપોરના સમયે મોટાભાગના મતદાન કેન્દ્રો પર એકલદોકલ મતદારની અવરજવર વર્તાતી હતી જેથી બેઠક પરના મોટાભાગના મતદાન કેન્દ્રો સુના સુના ભાસ્તા હતા જેથી બપોરના એક વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા દરમિયાન બેઠક પર મતદાનમાં માત્ર ૬.૫૨ ટકા જેટલો જ વધારો થયો હતો. બેઠક પર બપોરના એક વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધી કુલ ૪૬.૧૧% મતદાન નોંધાયું હતું જેમાં દસક્રોઈ ખાતે સૌથી વધુ ૪૮.૮૩% હતું જયારે માતર ખાતે ૪૮.૭૧% નડિયાદ ખાતે ૪૫.૦૧%, મહેમદાવાદ ખાતે ૪૨.૦૨%, મહુધા ખાતે ૪૫.૪૬% કપડવંજ ખાતે ૪૪.૯૨% અને ધોળકા ખાતે ૪૬.૫૧% મતદાન નોંધાવ્યું હતું.

## વીણા : મતદાર યાદીમાં છબરડો, જીવિત શખ્સને મરેલા જાહેર કર્યા

વીણા મતદાર યાદીમાં છબરડો જોવા મળ્યો હતો આજે ગામમાં રહેતા આસિફનિસાર કુરેશી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાન મથકમાં ગયા હતા ત્યારે પિસાની ઓફિસરે મતદાન યાદી જોતા તેમના નામની આગળ ડી લખાયેલું હતું જેથી ડેટ થયું હોય તે સૂચવતું હતું. મતદાતા જીવિત હોવા છતાં મતદાર યાદીમાં આ ભૂલ હોય આશિક નિશારને મત આપતા અટકાવ્યા હતા.

## બે હાથ વગરના દિવ્યાંગ મતદારે પગથી કર્યું મતદાન



નડિયાદના દિવ્યાંગ અંકિત સોની ધોરણ આઠમાં હતો. તે વખતે ઉત્તરાયણના દિવસે પતંગ પકડવા જતા વીજ કરંટ લાગતા તેના બે હાથ ગુમાવ્યા હતા. જો કે આ દિવ્યાંગે અગાઉની ચૂંટણીમાં પણ ભારે ઉત્સાહથી મતદાન કર્યું હતું આજે ખેડા લોકસભાની ચૂંટણી માટે નડિયાદના એક મતદાન મથક પર પહોંચી જઈને તેણે પગ વડે સહી કરી પગની આંગળી પર શાહીનું નિશાન કરાવી પગથી મતદાન કરીને જિલ્લાના મતદારોને વોટ કરવાની પ્રેરણા આપી હતી.

## ડભાણના દિવ્યાંગ દંપતીએ વ્હીલચેરમાં આવીને મતદાન કર્યું



ડભાણ સ્થિત પંડ્યા માણેકલાલ ફુલચંદ પ્રાથમિક શાળા મતદાન મથક નં-૨૨૬ ખાતે દિવ્યાંગ મતદારોએ વોટ આપ્યો. ડભાણના દંપતી ગોવિંદભાઈ સોમાભાઈ રાવળ અને સજનબેન ગોવિંદભાઈ રાવળએ તેમનો વોટ આપી લોકશાહીના મહાઉત્સવમાં ભાગીદારી નોંધાવી હતી. જ્યાં આ દિવ્યાંગ મતદારોને વ્હીલચેર અને પરિવહન માટે વાહનની સુવિધાઓ આપવામાં આવી હતી.

# આણંદ જિલ્લામાં સરેરાશ ૬૦ ટકાથી વધુ મતદાન

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૭

આણંદ લોકસભા બેઠક પર આજે ૧,૭૭૩ જેટલા મતદાન મથકો પર શાંતીપૂર્ણ રીતે મતદાન યોજાતા તંત્રએ રાહતની લાગણી અનુભવી હતી જયારે આણંદ જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓએ પણ મતદાન કર્યું હતું તેમજ ખંભાત વિધાનસભા બેઠકની પેટા ચુંટણીમાં પણ મતદાન શાંતીપૂર્ણ રીતે યોજાયું હતું. આણંદ લોકસભા મત વિસ્તારનાં ૧,૭૭૩ મતદાન મથકો ખાતે આજે સવારે સાત વાગે ઉમેદવારોનાં એજન્ટો અને પોલીંગ એજન્ટોની ઉપસ્થિતીમાં ઈવીએમ મશીનની ચકાસણી કર્યા બાદ મતદાનનો પ્રારંભ થયો હતો અને સવારે પ્રથમ બે કલાકમાં જ ૧૦.૨૪ ટકા મતદાન નોંધાયું હતું, આંકલાવનાં કેસવપુરા પ્રાથમિક શાળા સ્થિત મતદાન મથક ખાતે લોકસભાનાં ઉમેદવાર અમિત ચાવડાએ મતદાન કર્યુ હતું. મતદાન કર્યા બાદ અમિત ચાવડાએ કહ્યું હતું કે આ વખતે મતદારોનો એક અલગ મુડ છે અને આણંદ સહીત ગુજરાતમાં મહત્તમ બેઠકો પર કોંગ્રેસનો વિજય થશે તેમજ દેશમાં પણ મોંઘવારી સહિતનાં વિવિધ મુદ્દાઓથી ત્રાસેલા લોકો કોંગ્રેસને મત આપી વિજયી બનાવશે તેમજ આણંદ જિલ્લામાં પણ જિલ્લાને નંબર ૧ બનાવવા માટે મતદારો કોંગ્રેસને મત આપી વિજયી બનાવશે તેમાં બે મત નથી. આણંદ લોકસભા બેઠક અને ખંભાત વિધાનસભા બેઠકની ચુંટણીને લઈને આજે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો આણંદ લોકસભા બેઠક માટે આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં અંદાજે ૬૦.૪૪ ટકા મતદાન નોંધાયું છે, સૌથી વધારા મતદાન આંકલાવ તાલુકામાં ૬૫.૨૩ ટકા અને સૌથી ઓછુ આણંદ તાલુકામાં અંદાજે ૫૭.૩૨ ટકા મતદાન નોંધાયું છે. ખંભાત તાલુકાનાં ધુવારણનાં રાવપુરા વિસ્તારમાં મતદાન કર્યા બાદ સજનબેન કેસરીસિંહ સોલંકી નામની ૬૦ વર્ષિય વૃદ્ધાને અચાનક ચક્કર આવતા તે જમીન પર ફસડાઈ પડી હતી અને મતદાન કેન્દ્રની બહાર જ મહિલાનું મોત નિપજયું હતું, મહિલાને પ્રાથમિક અનુમાન મુજબ હાર્ટએટેક આવ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

### વડોદરાના નવાયાર્ડ સૂર્યનગર બુથ પાસે

# બટાકા પૌંવા ખાધા બાદ ૨૦ લોકોને ફૂડ પોઈઝનિંગ થતાં અફરાતફરી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

ચૂંટણી દરમિયાન મળતા નાસ્તાને આરોગતા ૨૦ જેટલા કામદારોને ફૂડ પોઈઝનિંગ થતા સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા છે. મહેસાણા નગર ગરબા ગ્રાઉન્ડ પાસે ચૂંટણી દરમિયાન ૨૦ જેટલા લોકોએ વઘારેલા પૌવા આરોગતા તેઓને અચાનક ઉલટી થવા લાગી હતી. જેથી તેઓ તાત્કાલિક સારવાર હેઠળ સયાજી હોસ્પિટલમાં પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં લોકોએ પૌવા ખાતા ફૂડ પોઈઝનનો ભોગ બન્યા હતા. બટાકા પૌવા ખાધા બાદ બાળકો સહિત ૨૦ જેટલા લોકોને ફુડ પોઈઝનિંગની અસર થતાં તાત્કાલીક સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. મળતી માહિતી અનુસાર, ફતેગંજ પોલીસ સ્ટેશન સામે સુર્યનગર જ્યાં બુથ પર બટાકા પૌઆનું વિતરણ કરાવમાં આવી રહ્યું હતું. તે સમયે આસપાસમાં રહેતા શ્રમિકો અને તેમના બાળકો બટાકા પૌઆ ખાવા પહોંચી ગયા હતા. જે બાદ અચાનક તેમની તબીયત લથડતા તેઓને સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યાં છે. જ્યાં હોસ્પિટલમાં હાલ તમામને તાત્કાલીક સારવાર આપવામાં આવી રહી છે.

## દાહોદ જિલ્લાના મતદાન મથકો પર વેબકાસ્ટિંગ દ્વારા નિરીક્ષણ કરાયું

દાહોદ, તા.૭

લોકસભા બેઠકની ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા પર બાજ નજર રાખવા કેન્દ્રીય ચૂંટણી પંચના નિર્દેશ મુજબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના નેતૃત્વમાં ખાસ મોનીટરિંગ રૂમ શરૂ કરવામાં આવ્યો હતો જેના દ્વારા જિલ્લાના મતદાન મથકોની કામગીરીનું લાઈવ વેબકાસ્ટિંગ થકી સાતત્યપૂર્ણ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. યોગેશ નિરગુડેની સૂચના મુજબ લાઈવ વેબ કાસ્ટિંગ થકી મતદાન મથકો પર ચાંપતી નજર રાખવામાં આવી હતી. અગાઉથી જ વેબકાસ્ટિંગ માટેના પોલિંગ બૂથોનું સંપૂર્ણ સેટઅપ થઈ ગયાનું લાઈવ નિરિક્ષણ કરાયું હતું. મતદાનના દિવસે સવારથી જ મોકપોલથી શરૂ કરીને મતદાનની કામગીરીનુંલાઈવ નિરીક્ષણ કરાયુંહતું.

## બનાસકાંઠા બેઠક પર ૬૫ ટકાથી વધુ મતદાન

પાલનપુર, તા.૭

બનાસકાંઠા જિલ્લામાં લોકસભા ચૂંટણીના આજે મતદાનના દિવસે વહેલી સવારથી જ મતદાન મથકો ઉપર મતદારોની કતારો લાગી છે. આ બેઠક પર સાત વિધાનસભાનો સમાવેશ થાય છે. જેમાં પાલનપુર, ડીસા, ધાનેરા, થરાદ, દિયોદર, વાવ અને દાંતા વિધાનસભા ૧૯ લાખ ૬૧ હજાર ૯૨૪ મતદારો આજે ઉમેદવારોના ભાવિનો ફેસલો કરશે. બનાસકાંઠા બેઠકર પર આ વખતે ચૌધરી/ઠાકોર વચ્ચે સીધી જંગ છે. ભાજપના રેખાબેન ચૌધરી સામે કોંગ્રેસે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને મેદાને ઉતાર્યા છે. જો કે, સાંજે ૫ વાગ્યા સુધી બનાસકાંઠા લોકસભા બેઠક પર ૬૪.૪૮ ટકા જેટલું મતદાન થયું હતું. જિલ્લા ચૂંટણી શાખા દ્વારા બનાસકાંઠામાં મતદાનના ફાઈનલ આંકડા મોડી રાત્રે જાહેર થશે તેવી જાણકારી મળી હતી. જો કે, બનાસકાંઠા જિલ્લામાં લોકસભા બેઠક પર અંદાજિત સરેરાશ ૭૦ ટકાની આસપાસ મતદાન થયું હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.

## અમરેલી શહેર-જિલ્લામાં નીરસ મતદાન

અમરેલી, તા.૭

અમરેલી લોકસભા ચૂંટણીનું આજે નીરસ મતદાન થયેલ હતું. મતદારો નિરૂત્સાહ જોવા મળેલ હતો. લોકસભાના સાત વિધાનસભા મત વિસ્તારના મત વિસ્તારના એક પણ બૂથમાં કતારો જોવા મળેલ ન હતી. સવારના સાતથી એક વાગ્યા દરમિયાન નીરસ મતદાન થવા પામ્યું હતું. અમુક મતદાન મથકો ઉપર તો કાયદેસર ફરજ પરના સ્ટાફ જાણે મતદારોની રાહ જોઈ રહ્યા હોય તેવું જોવા મળેલ હતું. અમરેલી લોકસભા મતદાનનું આજે નીચું મતદાન થવાનું મુખ્યત્વે આજનુંતાપમાન ઊંચુ હોવાથી તેમજ ઉમેદવારના કાર્યકર્તાઓની નિષ્ક્રિયતાના કારણે ઓછું મતદાન થયેલ હોવાની ચર્ચા લોકોમાં સાંભળવા મળી હતી.

# પશ્ચિમ બંગાળ ભરતી કૌભાંડ : સુપ્રીમ કોર્ટે ૨૫,૦૦૦થી વધુ નોકરીઓની નિમણૂકને અમાન્ય ગણાવતા કલકત્તા હાઈકોર્ટના આદેશ પર સ્ટે આપ્યો

**● પશ્ચિમ બંગાળનું ભરતી કૌભાંડ 'પ્રણાલીગત છેતરપિંડી' છે, રાજ્ય માટે રેકોર્ડ જાળવવું ફરજિયાત છે : સુપ્રીમ કોર્ટ ● જો કે, સુપ્રીમ કોર્ટે CBIને તપાસ દરમિયાન શંકાસ્પદની ધરપકડ કરવા જેવી કોઈ ઝડપી કાર્યવાહી ન કરવા જણાવ્યું હતું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

સુપ્રીમ કોર્ટે રાજ્ય સંચાલિત અને રાજ્ય-સહાયિત શાળાઓમાં રાજ્યના શાળા સેવા આયોગ (એસએસસી) દ્વારા કરવામાં આવેલ ૨૫,૭૫૩ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂકને અમાન્ય જાહેર કરતાં કલકત્તા હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂક્યો હતો. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, સીબીઆઈ કૌભાંડમાં તેની તપાસ ચાલુ રાખશે પરંતુ ઉમેદવારો અથવા રાજ્ય સરકારના અધિકારીઓ સામે કોઈ જબરદસ્ત પગલાં લેશે નહીં.

ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચે સીબીઆઈને તેની તપાસ ચાલુ રાખવાની અને રાજ્ય કેબિનેટના સભ્યોની પણ તપાસ કરવાની મંજૂરી આપી હતી. જો કે, સુપ્રીમ કોર્ટે સીબીઆઈને તપાસ દરમિયાન શંકાસ્પદની ધરપકડ કરવા જેવી કોઈ ઝડપી કાર્યવાહી ન કરવા જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે અગાઉના આદેશની શરતી વચગાળાની સુરક્ષાને મંજૂરી આપી હતી અને જણાવ્યું હતું કે, ગેરકાયદેસર નિમણૂક કરનારાઓના પગાર કેસના પરિણામને આધીન રિફંડ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે આ કેસની વધુ સુનાવણી ૧૬ જુલાઈના રોજ નક્કી કરી છે. ઉપરોક્ત બાબતે આ કોર્ટનો અગાઉનો આદેશ ચાલુ રહેશે. આ સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળમાં કથિત ભરતી કૌભાંડને પ્રણાલીગત છેતરપિંડી ગણાવતા કહ્યું હતું કે, સત્તાવાળાઓ માટે ૨૫,૭૫૩ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂક સંબંધિત ડિજિટાઇઝ્ડ રેકોર્ડ જાળવવાની ફરજ છે.

**પશ્ચિમ બંગાળ શાળા નોકરી કૌભાંડ કેવી રીતે બહાર આવ્યું :-** સર્વોચ્ચ અદાલત કલકત્તા હાઈકોર્ટના ૨૨ એપ્રિલના નિર્ણયને પડકારતી અરજીઓની બેચની સુનાવણી કરી રહી હતી જેણે ૨૫,૭૫૩ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂકને અમાન્ય ઠેરવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જાહેર નોકરીઓ દુર્લભ છે. જો જનતાનો વિશ્વાસ જાય તો કંઈ જ બાકી રહેતું નથી. આ પદ્ધતિસરની છેતરપિંડી છે. આજે જાહેર નોકરીઓ અત્યંત દુર્લભ છે અને સામાજિક ગતિશીલતા તરીકે જોવામાં આવે છે. જો તેમની નિમણૂકોને પણ બદનામ કરવામાં આવે તો સિસ્ટમમાં શું બાકી રહેશે. લોકોનો વિશ્વાસ ઉઠી જશે, તમે આનો સામનો કેવી રીતે કરશો ? બેન્ચે કહ્યું કે, રાજ્ય સરકાર પાસે એવું બતાવવા માટે કંઈ નથી કે, આ સંબંધિત ડેટા અધિકારીઓ દ્વારા જાળવવામાં આવ્યો હતો અને તેની ઉપલબ્ધતા વિશે પૂછવામાં આવ્યું હતું. ક્યાં તો તમારી પાસે ડેટા છે અથવા તમારી પાસે તે નથી. તમે દસ્તાવેજોને ડિજિટાઈઝ્ડ સ્વરૂપમાં સાચવી રાખવા માટે બંધાયેલા છો. હવે તે સ્પષ્ટ છે કે, આવો કોઈ ડેટા નથી. તમે એ હકીકતથી અજાણ છો કે તમારા સેવા પ્રદાતા અન્ય એજન્સીને રોકી છે, તમારે સુપરવાઈઝરી નિયંત્રણ જાળવી રાખવું જોઈએ. રાજ્ય સરકારે કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો અને કહ્યું હતું કે, તેણે મનસ્વી રીતે નિમણૂકો રદ કરી છે.

# ભાજપના શાસનમાં આદર્શ આચારસંહિતા (MCC) 'મોદી આચારસંહિતા'માં ફેરવાઈ ગઈ : મમતા બેનરજી

## TMC ચીફનો દાવો છે કે, PM મોદી અને BJPના અન્ય ટોચના નેતાઓ માત્ર પોતાને હિન્દુ માને છે અને તેઓ અન્ય સમુદાયો વિશે વિચારતા નથી

(એજન્સી) તા.૭

પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ આરોપ મૂક્યો હતો કે, ચૂંટણી પંચે ભાજપના નેતાઓ સામેના આરોપો તરફ આંખ આડા કાન કર્યા છે કે, તેઓ ચૂંટણી પ્રચાર દરમિયાન નફરતભર્યા ભાષણો કરે છે, આદર્શ આચારસંહિતા (MCC)ને ચૂંટણી પંચે મોદી આચારસંહિતામાં ફેરવી નાખી છે. પુરૂલિયા ખાતે ચૂંટણી રેલીને સંબોધતા TMC સુપ્રીમોએ એવો પણ દાવો કર્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય ટોચના બીજેપી નેતાઓ ફક્ત પોતાને હિન્દુ માને છે અને તેઓ અન્ય સમુદાયો વિશે વિચારતા નથી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, મોદી અને બીજેપીના અન્ય નેતાઓ તેમના 'દ્વેષથી ભરેલા ભાષણો' દ્વારા નીચલી જાતિના હિંદુઓ, લઘુમતીઓ અને અન્ય હાંસિયામાં ધકેલાતા વર્ગોને ડરાવી રહ્યા છે, પરંતુ ચૂંટણી પંચ મૌન છે. બેનરજીએ કહ્યું, 'ચૂંટણી પંચની આદર્શ આચારસંહિતા ઉપહાસ સમાન બની



ગઈ છે અને તેને મોદીની આચારસંહિતા તરીકે પુનઃ નામ આપવું જોઈએ. પરંતુ અમે આ દેશના નાગરિકોના અધિકારોના ઉલ્લંઘનની દરેક ઘટનાને ફ્લેગ કરવાનું ચાલુ રાખીશું.' મોદી પર પોતાની ટીકા ચાલુ રાખતા બેનરજીએ કહ્યું કે, આટલા બધા જૂઠ્ઠાણા બોલનાર અન્ય કોઈ પીએમને તેમણે જોયા નથી. તેમણે પૂછ્યું, 'દરેક નાગરિકના બેંક ખાતામાં ૧૫ લાખ રૂપિયા આપવાના તેમના ૨૦૧૪ના વચનનું શું થયું ? મફત એલપીજી ગેસ આપવાના તેમના વચનનું શું થયું ? તેમના 'બેટી બચાવો બેટી પઢાવો' પ્રોજેક્ટનું શું થયું ? તેમણે ઉમેર્યું કે, 'દરેક ગામમાં ભાજપના નેતાઓ 'અન્નપૂર્ણા ભંડાર' યોજના હેઠળ દરેક ગરીબ મહિલાને ૩૦૦૦ રૂપિયા આપવાના ખોટા વચનો આપી રહ્યા છે. યાદ રાખો, ભાજપે બંગાળમાં ગરીબોને ૧૦૦ દિવસનું વેતન ત્રણ વર્ષથી રોકી રાખ્યું છે. બીજેપી પણ ૧૦૦ દિવસનું વેતન રોકી રહી છે. ચોખા માટે એક પણ પૈસો ફાળવતા નથી, અમે આખી રકમનો ભાર અમારા ખભા પર ઝીલી લીધો છે જેથી અમારા ગરીબોને તંગી ન લાગે.' ટીએમસી સુપ્રીમોએ દાવો કર્યો હતો કે, મોદી માત્ર ચૂંટણી દરમિયાન જ બંગાળની મુલાકાત લે છે અને ચૂંટણી પહેલા જ ફરી દેખાય છે. બાંકુરા જિલ્લાના બિસ્નુપુરમાં અન્ય એક રેલીમાં બેનરજીએ આરોપ લગાવ્યો કે ભાજપ મત ખરીદવા માટે આદિવાસી લોકોને રોકડ ઓફર કરી રહી છે. તેમણે કહ્યું કે, 'તેઓએ બંગાળ અને તેની મહિલાઓને બદનામ કરવા માટે એક વાર્તા ઉપજાવી કાઢવાના તેમના કાવતરાના ભાગરૂપે સંદેશખાલીની માતાઓને રોકડની ઓફર પણ કરી હતી. તેઓએ બંગાળની મહિલાઓ, તેમની ગરિમા અને સ્વાભિમાનનો ખોટો અંદાજ કાઢ્યો છે.' તાજેતરના વાયરલ વીડિયોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, સંદેશખાલીની ઘટનાઓ પાછળ બીજેપી નેતા સુવેન્દુ અધિકારીનો હાથ હતો અને TMC નેતાઓ પર અત્યાચાર કરવાનો આરોપ લગાવતા તેમની સામે વિરોધ પ્રદર્શન કરવા માટે ઘણી મહિલાઓને પૈસા ચૂકવવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, 'ભાજપ વિચારે છે કે રોકડ વહેંચીને તેઓ વોટ જીતી શકે છે. પરંતુ આવા વર્તનથી તેઓ બંગાળના લોકોનો અનાદર કરી રહ્યા છે. જો ભાજપનો કોઈ નેતા મતદાનના દિવસ પહેલા તમારા ઘરે જાય અને પૈસાની ઓફર કરે તો ૧૫ લાખ રૂપિયાની માંગ કરો. તેમને પૂછો કે મોદીના અગાઉના વચનોનું શું થયું.' બેનરજીએ કહ્યું કે, જો ભાજપ ત્રીજી વખત સત્તામાં આવશે તો તે દલિતો અને અન્ય સમુદાયોને દેશની બહાર ફેંકી દેશે. 'મોદી હટાઓ દેશ બચાવો'નો નારો લગાવતા તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાનું કાવતરું કરી રહ્યું છે જેનાથી SC, ST, OBC અને મુસ્લિમો તેમની ઓળખ ગુમાવશે. બેનરજીએ દાવો કર્યો હતો કે, તેમને એક સંદેશ મળ્યો હતો કે, લઘુમતી સમુદાયના એક વ્યક્તિને મતદાન મથકના માર્ગમાં માર મારવામાં આવ્યો હતો. જો કે, તેમણે ઉમેર્યું હતું કે, તેમની પાસે આ ઘટના વિશે વિગતો નથી. બેનરજીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શું ચૂંટણી પંચ તેના પર પગલાં લેશે.

# હરિયાણામાં ભાજપ સરકારને આંચકો, ૩ અપક્ષ ઉમેદવાર કોંગ્રેસના સમર્થનમાં આવ્યા

(એજન્સી) તા.૭

હરિયાણામાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. ત્રણ અપક્ષ ઉમેદવારોએ ભાજપ સરકારમાંથી ટેકો પાછો ખેંચી લીધો છે અને કોંગ્રેસને બહારથી સમર્થન આપ્યું નિર્ણય લીધો છે. તાજેતરમાં દુષ્યંત ચૌટાલાની જેજેપીએ સમર્થન પાછું ખેંચી લીધા પછી ભાજપ સરકાર આ અપક્ષોના સમર્થનથી ચાલી રહી હતી. આ રાજકીય ઘટનાક્રમ બાદ ભાજપને લોકસભાની ચૂંટણીમાં મોટું નુકસાન થવાની સંભાવના છે જ, પરંતુ રાજ્યમાં સરકાર પણ નબળી થઈ હોય તેવું લાગી રહ્યું છે. વિપક્ષના નેતા ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ આ અપક્ષ ધારાસભ્યોનું સ્વાગત કર્યું અને તેમની સાથે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ભૂપેન્દ્ર હુડ્ડાએ હરિયાણામાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ કરી હતી. એક અહેવાલ મુજબ, આ ધારાસભ્યોએ નાયબસિંહ સૈનીની આગેવાની હેઠળની હરિયાણા સરકારમાંથી તેમનું સમર્થન પાછું ખેંચતી વખતે વધતી મોંઘવારી અને બેરોજગારીનો મુદ્દો ઉઠાવ્યો હતો. ઉદય ભાને કહ્યું, 'નાયબસિંહ સૈની સરકાર હવે લઘુમતીમાં છે. સૈનીએ રાજીનામું આપી દેવું જોઈએ અને તેમને એક મિનિટ પણ રહેવાનો અધિકાર નથી. હવે તરત જ વિધાનસભાની ચૂંટણી થવી જોઈએ.' ચરખી દાદરીના ધારાસભ્ય સોમવીર સાંગવાન, પુંદરીના ધારાસભ્ય રણધીર ગોલન અને નીલોખેરીના ધારાસભ્ય ધરમપાલ ગોંડર આ ધારાસભ્યોએ ભાજપ પક્ષ છોડી દીધું છે. અહેવાલ અનુસાર, ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ કહ્યું કે, આનાથી સ્પષ્ટ થાય છે કે, વર્તમાન સરકારથી લોકોનો કંટાળી ગયા છે અને તેમણે જનભાવનાને ધ્યાનમાં રાખીને નિર્ણય લીધો છે.તેમણે કહ્યું, 'આ યોગ્ય સમયે લેવામાં આવેલ યોગ્ય નિર્ણય છે. કોંગ્રેસની તરફેણમાં એક લહેર જઈ રહી છે, તેઓ કોંગ્રેસને બહારથી સમર્થન આપશે જે તેમનું કોંગ્રેસ માટે યોગદાન હશે. તેમણે જનતાની ભાવનાઓને માન આપીને આ નિર્ણય લીધો છે.' ૯૦ સભ્યોની હરિયાણા વિધાનસભામાંથી અપક્ષ ધારાસભ્ય રણજિત ચૌટાલા અને પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરના રાજીનામા બાદ હવે ભાજપ પાસે કુલ ૮૮માંથી ૪૦ ધારાસભ્યો છે. માર્ચમાં મુખ્યમંત્રી બન્યા બાદ સૈનીએ વિશ્વાસ મત જીત્યો હતો. તેઓ ૨૫ મેના રોજ કરનાલ વિધાનસભાથી પેટાચૂંટણી લડી રહ્યા છે. બે બેઠકો ખાલી હોવાથી બહુમત માટે ૪૫ ધારાસભ્યોની જરૂર છે. ભાજપના પોતાના ૪૦ ધારાસભ્યો છે. ભાજપને હરિયાણા લોકહિત પાર્ટીના બે અપક્ષ અને ૧ ધારાસભ્યનું સમર્થન પણ છે. આમ, ભાજપને બહુમત માટે હજુ બે ધારાસભ્યોની જરૂર છે. કોંગ્રેસના ૩૦ ધારાસભ્યો છે અને ૩ અપક્ષ ધારાસભ્યોએ પણ સમર્થન જાહેર કર્યું છે. જેજેપી પાસે ૧૦ ધારાસભ્યો છે. એક ધારાસભ્ય INLDનો છે, તેમજ અન્ય એક અપક્ષ ધારાસભ્ય કોંગ્રેસના સંપર્કમાં છે અને તેમને સમર્થન આપી શકે તેવી સંભાવના છે. મનોહરલાલ ખટ્ટરના સીએમ પદ પરથી રાજીનામું આપ્યા બાદ તેમણે જેજેપીએ સરકારમાંથી સમર્થન પાછું ખેંચી લીધું હતું. આ પછી ભાજપ વતી નાયબ સૈનીએ નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. વિધાનસભામાં બહુમતી મેળવવા માટે ભાજપને ૪૬ ધારાસભ્યોની જરૂર હતી. નાયબ સૈની અપક્ષ ધારાસભ્યોના સમર્થનથી બહુમતી મેળવવામાં સફળ રહ્યા હતા. અહેવાલ મુજબ આ અંગે પ્રતિક્રિયા આપતા હરિયાણાના મુખ્યમંત્રી નયાબસિંહ સૈનીએ કહ્યું, 'મને માહિતી મળી છે કે, કદાચ કોંગ્રેસ કેટલાક લોકોની ઈચ્છા પૂરી કરવામાં વ્યસ્ત છે. હવે કોંગ્રેસને સામાન્ય લોકોની ઈચ્છા સાથે કોઈ લેવાદેવા નથી.'

# ચૂંટણી પંચે X (ટ્વિટર)ને કર્ણાટકના ભાજપના હેન્ડલ પરની મુસ્લિમો અંગેની 'વાંધાજનક પોસ્ટ' હટાવવાનો નિર્દેશ આપ્યો

## મુસ્લિમ અનામત વિવાદ અંગેની કર્ણાટક ભાજપની એનિમેટેડ ક્લિપને દૂર કરવા 'X'ને ચૂંટણી પંચનો નિર્દેશ

(એજન્સી) તા.૭

ભારતીય ચૂંટણી પંચ (ECI)એ મંગળવારે Xને ભારતીય જનતા પાર્ટી (BJP)ના કર્ણાટક લેગ દ્વારા મુસ્લિમોને નિશાન બનાવતા એનિમેટેડ વીડિયોને દૂર કરવા જણાવ્યું હતું, આ પોસ્ટ લોકસભા ચૂંટણીઓ વચ્ચે કરવામાં આવી હતી. ચૂંટણી પંચે કહ્યું કે, 'X'ને તાત્કાલિક આ પોસ્ટ હટાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ સક્ષમ અધિકારીની મંજૂરીથી જારી કરવામાં આવેલ છે. મુસ્લિમ માટે આરક્ષણના વિવાદ વચ્ચે ભાજપે કોંગ્રેસ પર હુમલો કરવાના ઉદ્દેશ્ય સાથે આ પોસ્ટ કરી હતી. ECએ કહ્યું કે, આ પોસ્ટ વર્તમાન કાયદાકીય માળખાનું ઉલ્લંઘન કરે છે. આ વીડિયો અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC)ને અનામત તરીકે ટોપલીમાં 'ઇંડા' તરીકે દર્શાવવામાં આવ્યા છે. રાહુલ ગાંધીનું એક એનિમેટેડ પાત્ર એ જ ટોપલીમાં મુસ્લિમ સમુદાયનું પ્રતિનિધિત્વ કરતું બીજું 'ઈંડું' બતાવવામાં આવ્યું છે. આ વીડિયો સૂચવે છે કે, કોંગ્રેસના નેતાઓ SC, ST અને OBC કરતાં મુસ્લિમ સમુદાયને વધુ ભંડોળ ફાળવીને પ્રાથમિકતા આપે છે. શનિવારે આ વીડિયો પોસ્ટ થયા બાદ કર્ણાટક કોંગ્રેસે રવિવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, પાર્ટીના આઈટી સેલના વડા અમિત માલવિયા અને રાજ્ય એકમના વડા બી.વાય. વિજયેન્દ્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા અને સંદેશાવ્યવહાર વિભાગના અધ્યક્ષ રમેશ બાબુએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વીડિયો માત્ર આદર્શ આચાર સંહિતા (MCC)નું ઉલ્લંઘન કરતું નથી પરંતુ SC/ST પ્રિવેન્શન ઓફ એટ્રોસિટી એક્ટ ૧૯૮૯ હેઠળ પણ ગુનો બને છે. રવિવારે કર્ણાટક પોલીસે Xને નોટિસ મોકલીને ૪ મેના વીડિયોને લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમના ભંગ બદલ દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. ECએ કહ્યું કે, આ મામલે એફઆઈઆર નોંધવામાં આવી છે. વધુમાં તમારા ધ્યાન પર લાવવામાં આવે છે કે, મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા સાયબર ક્રાઈમ ડિવિઝન, બેંગ્લુરૂ દ્વારા પહેલાથી જ Xને ૫/૫/૨૦૨૪ના રોજ સૂચના ટેક્નોલોજી અધિનિયમની કલમ ૭૯(૩)(બી) અને નિયમ (૧)(ડી) ઓફ ધ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો ૨૦૨૧ નિયમ ૩ મુજબ વાંધાજનક પોસ્ટને દૂર કરવા નિર્દેશ આપ્યો છે. જો કે, આ પોસ્ટ હજુ સુધી દૂર કરવામાં આવી નથી. ભાજપ દ્વારા ત્રણ અલગ-અલગ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા છે. કર્ણાટક બીજેપી દ્વારા પોસ્ટ કરવામાં આવેલ વીડિયો ઉપરાંત તેલંગાણાના સાંસદ અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા અરવિંદ ધર્મપુરી અને બીજેપીના નિઝામાબાદના સાંસદે બે અલગ અલગ વીડિયો પોસ્ટ કર્યા છે. પહેલો વીડિયો શરૂઆતમાં ૩૦ એપ્રિલે પાર્ટીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા શેર કરવામાં આવ્યો હતો. જો કે, ભાજપ અથવા ઈન્સ્ટાગ્રામ દ્વારા તેને દૂર કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના મેનિફેસ્ટોને મુસ્લિમ લીગની વિચારધારાના છૂપા સંસ્કરણ તરીકે ગણાવતા ભાજપે સ્પષ્ટપણે આ વીડિયોમાં મુસ્લિમોને નિશાન બનાવ્યા હતા. એનિમેટેડ કન્ટેન્ટમાં વધુમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, જો કોંગ્રેસ જીતશે, તો તે બિન-મુસ્લિમોની સંપત્તિ જપ્ત કરશે અને તે મુસ્લિમોમાં વહેંચશે. આ વીડિયો પહેલા મોદીએ રાજસ્થાનમાં મુસ્લિમોને ઘૂસણખોર અને વધુ બાળકો ધરાવતા લોકો તરીકે ઉલ્લેખ કરતાં વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસનો ઢંઢેરો કહે છે કે, તેઓ માતાઓ અને બહેનોના સોનાની ગણતરી કરશે અને પછી તે સંપત્તિનું વિતરણ કરશે. તેઓ કોને વહેંચશે ? મનમોહનસિંહની સરકારે કહ્યું હતું કે, દેશની સંપત્તિ પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે.

# લોકસભા ચૂંટણી ૨૦૨૪ : વિપક્ષે ચૂંટણી પંચના અગાઉના તબક્કાના મતદાન ડેટા પર સવાલ ઊઠાવ્યા, બધાની નજર ત્રીજા તબક્કા પર

## વિરોધ પક્ષોએ પ્રથમ બે તબક્કામાં ડેટા જાહેર કરવામાં 'વિલંબ' અને મતદાનની ટકાવારીમાં 'વિસંગતતાઓ' અંગે ECI પર સવાલ ઊઠાવ્યા છે

(એજન્સી) ચંદીગઢ, તા.૭

ભારતમાં ચાલી રહેલી સામાન્ય ચૂંટણીઓને ચાલી રહેલી લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ગૂગલના સર્ચ એન્જિને તેનું ડૂડલ સમર્પિત કરતા થોડી મદદ મળી. જેનો હેતુ લોકોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. તેની 'નેશનલ આઈકોન' પહેલના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે (ECI) પણ મતદારોને તેમનો મત આપવા અને જાગૃતિ ફેલાવવા માટે અરજ કરવા માટે સેલિબ્રિટીઝને સામેલ કરવા જેવી અનેક પહેલ કરી છે. કેટલાક કોર્પોરેટ ગૃહો અને બ્રાન્ડ્સે પણ મતદાનના મહત્ત્વ પર આકર્ષક સૂત્રોચ્ચાર કર્યા છે. દેશભરની ૯૩ જેટલી લોકસભા મતવિસ્તારોમાં ત્રીજા તબક્કામાં ગરમી અને વધતા તાપમાન વચ્ચે મતદાન થયું હતું અને તમામની નજર મતદાનની ટકાવારી પર છે જે દિવસના અંતે ECI દ્વારા નોંધવામાં આવશે. ECI મુજબ પ્રથમ અને બીજા તબક્કામાં અનુક્રમે ૬૬.૧૪ ટકા અને ૬૬.૭૧ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના ૬૯.૪ ટકા અને ૬૯.૨ ટકાના આંકડાની સરખામણીમાં પહેલા તબક્કામાં ૩.૩ અને બીજા તબક્કામાં ૨.૫ ટકાનો ઘટાડો થયો હતો. જો કે, વિપક્ષી પક્ષોએ ૩૦ એપ્રિલના રોજ જાહેર થયેલા પ્રથમ તબક્કાના મતદાનના ૧૧ દિવસ પછી અને ૨૬ એપ્રિલના રોજ બીજા તબક્કાના મતદાનના ચાર દિવસ પછી ૩૦ એપ્રિલના રોજ જાહેર થયેલા અંતિમ મતદાનના ડેટા પર સવાલ ઊઠાવ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, 'તે જગજાહેર છે કે, કેવી રીતે ECI કદાચ ઈતિહાસમાં પ્રથમ વખત, લોકસભા ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કાના મતદાનની અંતિમ ટકાવારી જાહેર કરવામાં વિલંબ કર્યો.'

**વિપક્ષના ECને પ્રશ્નો :-** ત્રીજા તબક્કામાં ૧૧ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ૯૩ બેઠકો પર મતદાન થયું હોવાથી ભારત બ્લોક પક્ષોએ પ્રથમ બે તબક્કામાં મતદાનની ટકાવારી માટે ડેટા જાહેર કરવામાં વિલંબ પર સવાલ ઉઠાવ્યા હતા. શું 'વિલંબ' એ 'અંતિમ પરિણામો સાથે છેડખાની કરવાનો પ્રયાસ' હતો તે અંગે આશ્ચર્ય વ્યક્ત કરતા ખડગેએ ભારત બ્લોક પક્ષોને વિનંતી કરી કે 'સામૂહિક રીતે, એકતાપૂર્વક અને સ્પષ્ટપણે આવા વિસંગતતાઓ સામે આપણો અવાજ ઊઠાવવો, કારણ કે, આપણો એકમાત્ર ઉદ્દેશ જીવંત લોકશાહીની સંસ્કૃતિનું અને બંધારણનું રક્ષણ કરવાનો છે.' ખડગેએ એવો પણ સવાલ કર્યો હતો કે, ૧૯ એપ્રિલે સાંજે ૭ વાગ્યે મતદાનના સમાપનથી ૩૦ એપ્રિલે મતદાર મતદાનના આંકડા વિલંબિત જાહેર થવા સુધી અંતિમ મતદાનમાં ૫.૫ ટકાનો વધારો શા માટે થયો હતો. એ જ રીતે બીજા તબક્કા માટે મતદાનમાં વધારો થયો હતો. ૨૬ એપ્રિલના રોજ સાંજે ૭ વાગ્યે મતદાનના નિષ્કર્ષથી ચાર દિવસ પછી ડેટાના વિલંબિત પ્રકાશન સુધી લગભગ ૫.૭૪ ટકાનો તફાવત જોવા મળ્યો હતો. તેમણે કહ્યું કે, 'પ્રથમ અને બીજા તબક્કા માટે અંતિમ મતદાનની ટકાવારી જાહેર કરવામાં અસાધારણ વિલંબ ડેટાની ગુણવત્તા પર ગંભીર શંકા પેદા કરે છે. મારા ૫૨ વર્ષના ચૂંટણી જીવનમાં મેં ક્યારેય પણ અંતિમ પ્રકાશિત ડેટામાં મતદાનની ટકાવારીમાં આટલો ઊંચો વધારો જોયો નથી, જે હવે અમે માની લઈએ છીએ કે મતદાનના દિવસોમાં મતદાન પૂર્ણ થયા પછીના કલાકોથી આવ્યા છે.'

# અમેરિકાની હોસ્પિટલમાં એક પુરૂષે તેની પત્નીની હત્યા કરી, મેડિકલ બિલ ચૂકવવામાં નિષ્ફળતા કારણભૂત

## ICUમાં દર્દી પર થયેલા હુમલા બાદ હોસ્પિટલ સ્ટાફે ઓફ-ડ્યુટી પોલીસ અધિકારીનો સંપર્ક કર્યો

(એજન્સી) તા.૭

અમેરિકામાં આવેલા ઈન્ડિપેન્ડન્સના મિઝોરીના સેન્ટરપોઈન્ટ મેડિકલ સેન્ટરમાં એક વ્યક્તિએ તેની પત્નીનું ગળું દબાવીને હત્યા કરી હતી. હોસ્પિટલમાં થયેલી આ હત્યા બાદ તેની ઉપર સેકન્ડ-ડિગ્રી મર્ડરનો આરોપ મૂકવામાં આવ્યો છે. હત્યા કરનાર પતિ રોની વિગ્સે પોલીસને જણાવ્યું હતું કે, તેને તેની પત્નીના મેડિકલ બિલ પરવડી શકે તેમ ન હોવાથી તેણે આ હત્યા કરી હતી. આ ઘટના શુક્રવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. જેક્સન કાઉન્ટીના પ્રોસિક્યુટર જીન પીટર્સ બેકરના જણાવ્યા અનુસાર, પીડિતા ડાયાલિસિસ માટે એક નવું પોર્ટ મેળવી રહી હતી. ફરિયાદીઓએ આરોપ લગાવ્યો કે, જ્યારે મહિલા તેના હોસ્પિટલના પલંગ પર હતી, ત્યારે રોની વિગ્સે તેને ગૂંગળાવીને મારી નાખી હતી. તે મદદ માટે કોઈને બોલાવી ન શકે તે માટે તેણે તેના મોં અને નાકને ઢાંકી દીધા હતા. ફોક્સે અહેવાલ આપ્યો કે, પોલીસ આવ્યા બાદ પીડિતા પ્રતિભાવવિહીન હતી અને તેનામાં કોઈ ધબકાર ન હતી તેમ છતાં તેને લાઈફ સપોર્ટ પર રાખવામાં આવી હતી. જો કે, તેના મગજની કામગીરીના કોઈ સંકેતો ન થવાને કારણે તેને લાઈફ સપોર્ટ પરથી દૂર કરવામાં આવી હતી. ફોક્સ દ્વારા મેળવેલા કોર્ટ રેકોર્ડ્સ અનુસાર હોસ્પિટલના સ્ટાફે મિસ્ટર વિગ્સને તેની હત્યા કરવાની કબૂલાત કરતા સાંભળ્યા હતા. તેણે કહ્યું હતુ કે, 'મેં તે કર્યું છે. મેં તેણીની હત્યા કરી. મેં તેણીને ગૂંગળાવી દીધી.' વિગ્સની ફર્સ્ટ-ડિગ્રી ડોમેસ્ટિક એસોલ્ટ માટે ઈન્ડિપેન્ડન્સ પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા ધરપકડ કરીને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી કે તેની પત્નીને નવું ડાયાલિસિસ પોર્ટ મેળવવાની પ્રક્રિયા ચાલી રહી છે. તેણે પોલીસને એમ પણ કહ્યું કે, તેણે તેની પત્નીને ચીસો ન પાડવા માટે તેનું નાક અને મોં ઢાંકી દીધું હતું અને તેના ગળા પર અંગૂઠો મૂક્યો હતો. તેણે સ્વીકાર્યું કે, તે આર્થિક રીતે સંઘર્ષ કરી રહ્યો હતો અને હતાશા સામે લડી રહ્યો હતો, જેના પરિણામે તેણે તેની પત્નીને મારી નાંખવાનું નક્કી કર્યું, ફોક્સે અહેવાલ આપ્યો. વિગ્સે પણ કબૂલાત કરી હતી કે, ભૂતકાળની હોસ્પિટલ અને પુનર્વસન મુલાકાતો દરમિયાન તેણે તેણીને બે વાર મારી નાંખવાનો પ્રયાસ કર્યો હતો. તેના પર હવે સેકન્ડ-ડિગ્રી મર્ડરનો આરોપ છે અને ૨,૫૦,૦૦૦ ડૉલરના બોન્ડ પર રાખવામાં આવ્યો છે.

# નોઈડા પોલીસ દ્વારા AAPના ધારાસભ્ય અમાનતુલ્લા ખાન અને તેમના પુત્ર પર હુમલા અંગે કેસ દાખલ કરવામાં આવ્યો

(એજન્સી) નોઈડા, તા.૭

આમ આદમી પાર્ટી (AAP)ના ધારાસભ્ય અમાનતુલ્લા ખાન અને તેમના પુત્ર પર નોઈડા પોલીસે પેટ્રોલ સ્ટેશન સ્ટાફ સાથે દુર્વ્યવહાર અને હુમલો કરવા બદલ કેસ નોંધ્યો હતો. આ ઘટના સેક્ટર ૯૫ પેટ્રોલ સ્ટેશન પર સવારે ૯:૩૦ વાગ્યે બની હતી. AAPના ધારાસભ્યના પુત્ર અને તેના મિત્રોએ કર્મચારીઓ પર હુમલો કર્યો હતો. તેઓએ લેનમાંથી બહાર આવતી તેમની SUV રિફિલ કરવાનો ઈન્કાર કર્યો હતો. AAPના ધારાસભ્યને આ ઘટનાની જાણ થઈ, ત્યારે તેઓ પણ સ્થળ પર પહોંચ્યા અને ઉત્તરપ્રદેશ પોલીસની સામે કથિત રીતે સ્ટાફ સાથે દુર્વ્યવહાર કર્યો અને ધમકી આપી હતી. આ બંને ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, તેઓ સીસીટીવી ફૂટેજ પર નજર રાખી રહ્યા છે અને અન્ય પુરાવાઓ પણ એકત્રિત કરી રહ્યા છે. ગયા મહિને દિલ્હીની એક અદાલતે દિલ્હી વકફ બોર્ડ સંબંધિત મની લોન્ડ્રિંગ કેસમાં કથિત રીતે તેમના સમન્સને ટાળવા માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં ખાનને જામીન આપ્યા હતા. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ (ACMM) દિવ્યા મલ્હોત્રાએ AAP ધારાસભ્યને ૧૫,૦૦૦ના અંગત બોન્ડ અને એટલી જ રકમની જામીન પર કોર્ટમાં હાજર થયા પછી જામીન મંજૂર કર્યા હતા. EDએ એજન્સી સમક્ષ હાજર ન થવાનો આરોપ લગાવીને કોર્ટમાં અપીલ કરી હતી અને ખાન પર મની લોન્ડ્રિંગ કેસની તપાસમાં સહકાર ન આપવાનો આરોપ લગાવ્યો હતો. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (એસપીપી) સિમોન બેન્જામિને આરોપ મૂક્યો કે તેઓ ક્યારેય તેમની સામેની તપાસ પૂર્ણ કરી શક્યા ન હતા કારણ કે, તેઓ પોતે એજન્સી સમક્ષ હાજર રહ્યા ન હતા. ઈડીએ ઓખલા વિસ્તારમાં કથિત રીતે અમાનતુલ્લા ખાનના આદેશ પર રૂા.૩૬ કરોડની સંપત્તિની ખરીદી સંબંધિત મની લોન્ડ્રિંગ કેસ દાખલ કર્યો હતો, તેઓ આ વિસ્તારના વર્તમાન ધારાસભ્ય છે. EDએ ચાર આરોપી વ્યક્તિઓ અને એક પેઢી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં આરોપ છે કે, ૧૦૦ કરોડ રૂપિયાની વકફ પ્રોપર્ટી ગેરકાયદેસર રીતે લીઝ પર આપવામાં આવી હતી. ઈડીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે, ખાનના અધ્યક્ષપદ દરમિયાન દિલ્હી વકફ બોર્ડમાં કોન્ટ્રાક્ટ પર ૩૨ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી હતી.

# પશ્ચિમ બંગાળનું ભરતી કૌભાંડ 'પ્રણાલીગત છેતરપિંડી' છે, રાજ્ય માટે રેકોર્ડ જાળવવો ફરજિયાત : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળમાં કથિત ભરતી કૌભાંડને 'પ્રણાલીગત છેતરપિંડી' ગણાવતા કહ્યું હતું કે, ૨૫,૭૫૩ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂક સંબંધિત ડિજિટાઇઝ્ડ રેકોર્ડ જાળવવા એ સત્તાવાળાઓની ફરજ છે. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચ કલકત્તા હાઈકોર્ટના ૨૨ એપ્રિલના નિર્ણયને પડકારતી અરજીઓની બેચની સુનાવણી કરી રહી હતી જેમાં પશ્ચિમ બંગાળ રાજ્ય સંચાલિત અને રાજ્ય સહાયિત શાળાઓમાં ૨૫,૭૫૩ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂકને અમાન્ય ઠેરવવામાં આવી હતી.

CJIએ રાજ્ય સરકારનું પ્રતિનિધિત્વ કરતા વકીલોને પૂછ્યું કે, જાહેર નોકરીઓ એટલી દુર્લભ છે કે, જો જનતાનો વિશ્વાસ ઊઠી જાય તો કંઈ જ રહેતું નથી. આ પદ્ધતિસરની છેતરપિંડી છે. જાહેર નોકરીઓ આજે અત્યંત દુર્લભ છે અને સામાજિક ગતિશીલતા તરીકે જોવામાં આવે છે. જો તેમની નિમણૂકો પણ કપટપૂર્ણ હોય તો સિસ્ટમ શા માટે છે. આ બદનામીથી લોકોનો વિશ્વાસ ઊઠી જશે, તમે આનો સામનો કેવી રીતે કરશો ? બેન્ચે કહ્યું કે, રાજ્ય સરકાર પાસે એવું બતાવવા માટે કંઈ નથી કે આ ડેટા તેના સત્તાવાળાઓ દ્વારા જાળવવામાં આવ્યો હતો અને તેની ઉપલબ્ધતા વિશે પૂછવામાં આવ્યું હતું.

બેન્ચે રાજ્ય સરકારના વકીલોને કહ્યું કે, ક્યાં તો તમારી પાસે ડેટા છે અથવા તમારી પાસે નથી. તમે દસ્તાવેજોને ડિજિટાઈઝ્ડ સ્વરૂપમાં જાળવવા માટે ફરજ બજાવી રહ્યા છો. હવે, તે સ્પષ્ટ છે કે, આવો કોઈ ડેટા નથી. તમે એ હકીકતથી અજાણ છો કે તમારા સેવા પ્રદાતાએ અન્ય એજન્સીને રોકી છે, તમારે સુપરવાઈઝરી નિયંત્રણ જાળવી રાખવું પડશે. આ મુદ્દે સુનાવણી ચાલુ રહી હતી.

અગાઉ રાજ્ય સરકારે કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો અને કહ્યું હતું કે, તેણે 'મનસ્વી રીતે' નિમણૂકો રદ કરી છે.

# ઉત્તરપ્રદેશના સંભલમાં મુસ્લિમોને મત આપતા અટકાવવામાં આવ્યા : પોલીસ દ્વારા માર મારવામાં આવ્યો

(એજન્સી) તા.૭

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન માટે મંગળવાર, ૭ મેના રોજ ઉત્તરપ્રદેશમાંથી અહેવાલો સામે આવ્યા છે કે, પોલીસે લઘુમતી સમુદાયના મતદારો પર લાઠીચાર્જનો ઉપયોગ કર્યો હતો અને કથિત રીતે તેમને મતદાન કરતા અટકાવ્યા હતા. યુપીના સંભલ જિલ્લાનો વીડિયો સોશિયલ મીડિયા પર આવ્યો છે જેમાં પોલીસ કર્મચારીઓ મતદાન કરવા આવેલા મુસ્લિમોનો પીછો કરીને હુમલો કરી રહ્યા છે. પોલીસે મહિલાઓ અને બાળકોને પણ છોડ્યા ન હતા. આ ઘટના સંભલ લોકસભા વિધાનસભાના અસમૌલી ગામ ઓવારીમાં બૂથ નં.૧૮૧, ૧૮૨, ૧૮૩ અને ૧૮૪માં બની હતી. પોલીસ દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવેલ એક મુસ્લિમ વ્યક્તિએ જણાવ્યું હતું કે, અમને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. પોલીસે અમારા આધારકાર્ડ અને મતદાન કાર્ડ છીનવી લીધા અને અમારી દાઢી ખેંચીને અમારું અપમાન કર્યું હતું. પોલીસે અમને માર માર્યો હતો અને અમારા આધારકાર્ડ નકલી હોવાનું કહીને અમને પાછા ધકેલી દેવાં આવ્યા હતા. તેઓએ અમને મત આપવા દીધો ન હતો. અન્ય એક ઘટનામાં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર ઝિયા-ઉર-રહેમાન અને જિલ્લા પોલીસ અધિક્ષક વચ્ચે બોલાચાલી થઈ હતી. ઝિયા-ઉર-રહેમાનને પોલીસ કર્મચારીઓ દ્વારા દૂર ધકેલવામાં આવ્યો હતો કારણ કે, તેમણે પોતાનો મત ન આપવા દેવા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે મતદાનમાં ગેરવહીવટ અને પોલીસ મતદાતાઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ પણ કર્યો હતો.

સોશિયલ મીડિયા પર સામે આવેલા અન્ય એક વીડિયોમાં સંભલના એએસપી અનુકૃતિ શર્મા પોલીસને કહેતા જોવા મળે છે કે, મતદાન અધિકારીઓને મતદાર કાર્ડ તપાસવાનો અધિકાર છે. આ પોલીસનું કામ નથી. મતદારોને જવા દો. પ્રિસાઈડિંગ ઓફિસર તેઓને કહેશે કે તેઓને વોટ નાખવા દેવામાં આવશે કે નકારવામાં આવશે. શર્માએ પોલીસ અધિકારીઓને મતદારોને મતદાન મથકની અંદર જવા દેવાની સૂચના પણ આપી હતી. જો કે, પોલીસનો દાવો છે કે, મતદાન સરળ રીતે થયું હતું. સંભલ પોલીસે તેના સત્તાવાર એક્સ એકાઉન્ટ પર જણાવ્યું હતું કે, ૫૦થી વધુ શંકાસ્પદ વ્યક્તિઓને નકલી મત નાખવાનો પ્રયાસ કરવા બદલ પકડવામાં આવ્યા હતા. સંભલ જિલ્લામાં ૫૦થી વધુ શંકાસ્પદ વ્યક્તિઓને સંભલ પોલીસ દ્વારા નકલી મત આપવાનો પ્રયાસ કરતી વખતે પકડવામાં આવ્યા છે. તપાસ બાદ જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મતદાન શાંતિપૂર્ણ અને સરળ રીતે ચાલી રહ્યું છે.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ચૂંટણી અધિકારીઓને સતર્ક રહેવા અને અન્યાયી પ્રથાઓને રોકવાની અપીલ કરી હતી. દરેક બૂથ એજન્ટ, કાર્યકર, ઉમેદવાર, અધિકારી, સમર્થક અને SP અને INDIA બ્લોકના લોકોને અપીલ કરવામાં આવે છે કે, મતદાન પૂરૂં થયા પછી EVM સીલ ન થાય ત્યાં સુધી સાવધ, સતર્ક રહે. સ્ટ્રોંગ રૂમ સુધી જશો. બધાએ સાથે ઊભા રહેવું જોઈએ. જો કોઈ ગેરરીતિની શંકા હોય તો પુરાવા તરીકે તરત જ વીડિયો મોકલો. 'બૂથ રક્ષક' અને 'બંધારણના સૈનિક' તરીકે તમારા મતની સુરક્ષા માટે તમારા તમામ પ્રયાસો કરવા જોઈએ.

# દક્ષિણ કાશ્મીરમાં બે ઉગ્રવાદીઓ ઠાર, ઓળખ હજુ સુધી થઈ શકી નથી

(એજન્સી) શ્રીનગર, તા.૭

દક્ષિણ કાશ્મીરના કુલગામમાં મંગળવારે રાત્રે થયેલા એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓ મૃત્યુ પામ્યા છે. પોલીસનું કહેવું છે કે, તેઓએ બે આતંકવાદીઓના મૃતદેહ મેળવી લીધા છે પરંતુ તેમની ઓળખ અને સંગઠન હજુ જાણી શકાયું નથી. આતંકવાદ વિરોધી અભિયાનમાં મૃત્યુ પામેલા બે આતંકવાદીઓના મૃતદેહ અત્યાર સુધીમાં મળી આવ્યા છે. ઓળખ અને જોડાણની ખાતરી કરવામાં આવી રહી છે, કાર્યવાહી ચાલુ છે. અથડામણ સોમવારે સાંજે શરૂ થઈ જ્યારે દળની સંયુક્ત ટીમે આતંકવાદીઓની હાજરીની ચોક્કસ માહિતી મળ્યા બાદ દક્ષિણ કાશ્મીરના કુલગામના રેડવાની વિસ્તારને ઘેરી લીધો. જેવી સંયુક્ત ટીમ લક્ષ્ય વિસ્તારની નજીક પહોંચી, છૂપાયેલા આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો, જેના પછી અથડામણ થઈ. જો કે, પ્રારંભિક ગોળીબાર પછી કોઈ ગોળીબાર થયો ન હતો, પરંતુ આતંકવાદીઓને ભાગી ન જાય તે માટે સુરક્ષા દળોએ રાત્રિ દરમિયાન ઘેરાબંધી કરી હતી. મંગળવારે સવારે દળોની સંયુક્ત ટીમે ફરીથી શોધ શરૂ કરી અને રેડવાની ગામમાં છૂપાયેલા આતંકવાદીઓ સાથે ફરીથી સંપર્ક સ્થાપિત કર્યો. આતંકવાદીઓ અને દળોની સંયુક્ત ટીમ વચ્ચે થોડો સમય ગોળીબાર ચાલુ રહ્યો અને બે આતંકવાદીઓનાં મોત સાથે સમાપ્ત થયો. પોલીસે જણાવ્યું કે, આ વિસ્તારમાં ઓપરેશન ચાલુ છે અને તેઓ ખાતરી કરી રહ્યા છે કે, આ વિસ્તારમાં વધુ આતંકવાદીઓ હાજર ન હોય.

# માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને 'પરિપક્વતા' મેળવે ત્યાં સુધી રાજકીય વારસ તરીકે દૂર કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને તેમના રાજકીય વારસ તરીકે હટાવતા કહ્યું હતું કે, તેઓ આ ભૂમિકાઓ ગ્રહણ કરે તે પહેલાં તેમણે 'પરિપક્વતા' મેળવવાની જરૂર છે. X પર પોસ્ટ્સમાં માયાવતીએ કહ્યું કે, BSP, એક પક્ષ હોવા ઉપરાંત બાબા સાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરના સ્વાભિમાન અને આત્મસન્માન અને સામાજિક પરિવર્તન માટેનું આંદોલન પણ છે જેના માટે કાંશીરામજી અને મેં અમારૂં આખું જીવન સમર્પિત કર્યું છે અને નવી પેઢી પણ તેમાં સાથ આપવા માટે તૈયાર થઈ રહી છે.

પક્ષમાં અન્ય લોકોને પ્રમોટ કરવાની સાથે મેં આકાશ આનંદને રાષ્ટ્રીય સંયોજક અને તેમના અનુગામી તરીકે જાહેર કર્યા હતા, પરંતુ પક્ષ અને ચળવળના હિતમાં જ્યાં સુધી તેઓ સંપૂર્ણ પરિપક્વતા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેમને આ બંને મહત્ત્વપૂર્ણ જવાબદારીઓથી અલગ કરવામાં આવી રહ્યા છે. માયાવતીએ જણાવ્યું કે, આકાશના પિતા આનંદકુમાર પાર્ટી સાથે તેમની ભૂમિકામાં રહેશે.

ગયા વર્ષે ૧૦ ડિસેમ્બરે માયાવતીએ ૨૮ વર્ષીય આકાશ આનંદને તેમના અનુગામી તરીકે જાહેર કર્યા હતા. લંડનમાં MBA કરી ચૂકેલા આનંદને પાર્ટીના રાષ્ટ્રીય સંયોજકનો હવાલો સોંપવામાં આવ્યો હતો. આકાશ આનંદ તાજેતરમાં ઉત્તર પ્રદેશના સીતાપુરમાં તેની સામે આદર્શ આચારસંહિતા ભંગનો કેસ નોંધાયા બાદ સમાચારમાં આવ્યા હતા. જિલ્લા વહીવટીતંત્રે ચૂંટણી રેલીમાં આનંદના ભાષણને ધ્યાનમાં લીધા પછી આ કાર્યવાહી કરવામાં આવી હતી, જ્યાં તેમણે રાજ્યની ભાજપ સરકારની તુલના તાલિબાન સાથે કરી હતી.

### લોકસભાની ૨૫ બેઠકો પર સવારથી ધીમીધારે મતદાન શરૂ થયા બાદ મધ્ય બપોરે ધીમું થયા પછી સાંજે જોશભેર મતદાન

# રાજ્યમાં કાળઝાળ ગરમીના પડકાર વચ્ચે ૬૦ ટકા જેટલું સરેરાશ મતદાન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૭

લોકસભાની રાજ્યની સુરત સિવાયની ૨૫ બેઠકો માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં કાળઝાળ ગરમી વચ્ચે સારૂ એવું કહી શકાય તેવું મતદાન યોજાતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. રાજ્યમાં ભારે તાપમાં પણ મતદારો મતદાન કરવા નીકળતા સાંજ સુધીમાં અંદાજે સરેરાશ ૬૦ ટકા જેટલુ મતદાન થયું હતું. જેમાં સૌથી વધુ વલસાડ બેઠક પર ૭૨.૨૪ ટકા અને સૌથી ઓછું અમરેલી બેઠક પર ૪૯.૨૨ ટકા મતદાન નોંધાયું હતું. દિવસ દરમ્યાન મોડે સુધી બનાસકાંઠા મતદાનમાં સૌથી ટોપ રહ્યા બાદ છેલ્લે ત્રીજા ક્રમે ધકેલાતા ત્યાં ૬૮.૪૪ ટકા મતદાન નોંધાયું હતું. બીજા ક્રમે ભરૂચમાં ૬૮.૭૫ ટકા મતદાન નોંધાયેલ છે. સાંજે ૫-૦૦ વાગ્યા સુધીમાં ૫૫ ટકા જેટલું મતદાન થવા પામેલ હતું. રાજ્યમાં ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ એક કર્મચારીનું અને અન્ય પો.કર્મીનું અકસ્માતમાં મોત થયેલ છે. અન્ય ઈજા થવાનો પણ બનાવ પણ બન્યો છે. જ્યારે રાજ્યના કેટલાક ગામોમાં મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કરવાના બનાવ પણ બન્યા હતા. મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. રાજ્યના તમામ સંસદીય મતવિભાગોમાં મતદાનની પ્રક્રિયા સરળતાથી અને સુપેરે પૂર્ણ થઈ છે. રાજ્યના વિશિષ્ટ પ્રકારના મતદાન મથકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં રાજ્યની ૨૫ લોકસભા બેઠક પર સરેરાશ ૫૫.૨૨ ટકા તથા વિધાનસભાની પાંચ બેઠકો પર ૫૬.૫૬ ટકા મતદાન થયું છે. મતદાન આજે સાંજે ૬:૦૦ વાગે સંપન્ન થયું હતું. આજે મોડી રાત્રે ૧૨ વાગ્યે ચોક્કસ ટકાવારી જાણી શકાશે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યના ૨૫ સંસદીય મતવિભાગોના ૪૯,૧૪૦ મતદાન મથકો પૈકી ૧૮૨૦ મતદાન મથકોમાં બે મેંજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



ત્વરિત ઈફસ્ના બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ કે વીવીપેટ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે. તા.૭ મેના રોજ મતદાનના કલાકો દરમિયાન ભારતના ચૂંટણી પંચ દ્વારા ૮ એલર્ટ્સ મળી હતી. જેમાં EVM અંગેના ૩ એલર્ટ્સ, આદર્શ આચારસંહિતા ભંગની ૧ તથા અન્ય ૪ એલર્ટ્સ હતી. c-VIGILના માધ્યમથી મતદાનના દિવસે ૧૮૬ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં કુલ ૫૧૧૮ ફરિયાદો મળી કુલ ૫૩૧૫ ફરિયાદો મળી છે. પોર્ટલ ૧૫,૫૮૧ મળી અત્યાર સુધીમાં કુલ ૧૬,૩૪૦ ફરિયાદો મળી છે. મતદાનના દિવસે મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી ખાતે કંટ્રોલરૂમ સહિત EVM સંબંધી ૧૧, આદર્શ આચારસંહિતા સંબંધી ૨૧ તથા બોગસ વોટિંગ, કાયદો વ્યવસ્થા, ક્રાઉડીંગ વગેરે અંગે ૧૮ અને અન્ય ૪૨ મળી કુલ ૯૨ ફરિયાદો મળી છે. અન્ય માધ્યમો થકી તા.૬ મે સુધી ૨૩૮૪ મળી અત્યાર સુધીમાં કુલ ૨૪૭૬ ફરિયાદો મળી છે. આમ કુલ ૨૪,૧૩૧ ફરિયાદો મળી છે. પ્રાથમિક માહિતી પ્રમાણે ભરૂચના કેસર, સુરતના જ્યારે માંગરોળના ભાટગામ તથા બાલાસિનોરના બોડોલી અને પુંજરા ગામે આંશિક બહિષ્કારની જાણકારી મળી છે. પારદર્શક ચૂંટણી યોજવાના નિર્ધાર સાથે રાજ્યના ૨૫,૦૦૦ જેટલા મતદાન મથકો ખાતેથી વેબ કાસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જ્યાં ફરિયાદો મળી હતી તે મતદાન મથકોનું વેબ કાસ્ટિંગ થકી ક્રોસ વેરિફિકેશન પણ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં બનેલી કેટલીક દુઃખદ ઘટનાઓ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, રાજુલામાં એક કર્મચારીને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ છે. જ્યારે જાફરાબાદ

## વિધાનસભાની પાંચ બેઠકો પર ૬૫થી ૭૦ ટકા જેટલું સરેરાશ મતદાન

### જાફરાબાદમાં ચૂંટણી કામગીરી દરમ્યાન મહિલા કર્મીનું મોત : છોટાઉદેપુરમાં પો. કર્મીનું અકસ્માતમાં મોત

છેલ્લે ત્રીજા ક્રમે ધકેલાતા ત્યાં ૬૮.૪૪ ટકા મતદાન નોંધાયું હતું. બીજા ક્રમે ભરૂચમાં ૬૮.૭૫ ટકા મતદાન નોંધાયેલ સંસદીય મતવિભાગોમાં મતદાનની પ્રક્રિયા સરળતાથી અને સુપેરે પૂર્ણ થઈ છે. રાજ્યના વિશિષ્ટ પ્રકારના મતદાન મથકો મતદાન દરમિયાન સાંજના ૫:૦૦ કલાક સુધીમાં ૧૧૬ એટલે કે ૦.૨૩ % BU, ૧૧૪ એટલે કે ૦.૨૩ % CU અને ૩૮૩ એટલે કે ૦.૭૮ % VVPAT બદલવામાં આવ્યા હતા. તમામ જિલ્લાઓમાં ઝોનલ ઓફિસર કે જે તે

### ભરૂચ, બનાસકાંઠા, સુરત વિસ્તારના કેટલાક ગામોમાં મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર : અન્યત્ર આંશિક બહિષ્કાર

વિસ્તારના ઈન્ચાર્જ પાસે રિઝર્વ મશીન સેટ ઉપલબ્ધ રાખવામાં આવ્યા હતા. જ્યાં પણ નાની મોટી સમસ્યા સર્જાઈ, ત્યાં માધ્યમથી મતદાનના દિવસે ૭૫૯ ફરિયાદ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં સણધરા તેમજ બનાસકાંઠાના ભાખરી ગામે ગ્રામજનોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવાની જાણકારી મળી છે. તાલુકામાં એક કર્મચારીનું મૃત્યુ થયું છે અને છોટાઉદેપુરમાં એક પોલીસ કર્મચારીનું બાઈક અકસ્માતમાં મૃત્યુ થયું છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં મતદાન કર્યું

### નાનકડી બાળકી રેલિંગ કૂદીને વડાપ્રધાનને ભેટી પડી

અમદાવાદ, તા.૭

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મત આપવા માટે ગુજરાત આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદની રાણિપમાં આવેલી નિશાન સ્કૂલમાં મતદાન કર્યું હતું. દરમિયાન કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા. મતદાન બાદ વડાપ્રધાન મોદીએ મીડિયા સાથે વાતચીત કરી હતી.મત આપ્યા બાદ તેમણે કહ્યું



કે મતદાન એ સામાન્ય દાન નથી. આવી સ્થિતિમાં તેમાં ભાગ લો. પીએમ મોદીએ કહ્યું કે, લોકશાહીમાં મતદાન એ સાધારણ દાન નથી. આપણા દેશમાં દાનનું ઘણું મહત્વ છે. અને એ જ ભાવના સાથે દેશવાસીઓએ બને તેટલો વધુ મતદાન કરવું જોઈએ. હું ચૂંટણી પંચને અભિનંદન આપું છું કે દેશમાં પ્રથમ બે તબક્કામાં

### વડાપ્રધાને લોકોને વધુ મતદાન કરવાની અપીલ કરી

હિંસાની કોઈ ઘટના નોંધાઈ નથી. જ્યારે વડાપ્રધાન મોદી પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે અમદાવાદ આવી પહોંચ્યા હતા. કડક સુરક્ષા હેઠળ પીએમ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પગપાળા જ મતદાન મથક પર જઈ રહ્યા હતા ત્યારે ત્યાં અમુક ભાવુક દશ્યો સર્જાયાં હતાં. નાનકડી બાળકી PMને જોઈને ભાવુક થઈ ગઈ હતી અને હેતથી ભેટી પડી હતી.

### વિધાનસભા પેટાચૂંટણી મતદાન

| વિધાનસભા બેઠક | મતદાન (ટકામાં) ૫-૦૦ સુધી |
|---|---|
| વેજલપુર | ૫૯.૪૭ |
| પોરબંદર | ૫૧.૯૩ |
| માણાવદર | ૪૮.૪૫ |
| ખંભાત | ૫૯.૯ |
| વાઘોડિયા | ૫૬.૫૬ |

### લોકસભા ચૂંટણી માટે ૨૬૬ અને પેટાચૂંટણીમાં ૨૪ ઉમેદવારોનું ભાવિ કેદ

લોકસભાની સામાન્ય ચૂંટણી માટે કુલ ૨૬૬ ઉમેદવારો તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાઈ રહી છે. આ ૨૫ લોકસભા સીટ માટે ભાજપના ૨૫, કોંગ્રેસના ૨૩ અને આપના ૨ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. આ ઉમેદવારોમાં રૂપાલા, અમિત શાહ, દેવુસિંહ ચૌહાણ અને માંડવિયા ૪ કેન્દ્રીય મંત્રી છે. તેમજ નવસારી સીટ પરથી ભાજપના પ્રદેશ પ્રમુખ પાટીલ ઉમેદવાર છે. આમ ૪ કેન્દ્રીય મંત્રી અને એક પ્રદેશ પ્રમુખનું ભાવિ ઈવીએમમાં કેદ થયું છે. શાંતિપૂર્ણ માહોલમાં વોટિંગ પૂર્ણ થઈ ગયું છે.

### રાજ્યમાં ભાજપ સાત બેઠક ગુમાવે છે અને ચાર પર રસાકસી

## રાજ્યમાં ક્ષત્રિય સમાજના પ્રભુત્વવાળા વિસ્તારોમાં ૮૦ ટકા મતદાનનો દાવો

### વધુ મતદાનના આહ્વાનને ઝીલી લેવાયું; આંદોલન ચાલુ રહેશે : ક્ષત્રિય અગ્રણી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

ગુજરાત લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન રાજકોટના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજને લઈને નિવેદન થયા બાદ રોષ ફાળી નીકળ્યો હતો. ત્યારબાદ મહાસંમેલનો કરી મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરવામાં આવી હતી. આ સાથે ભાજપ વિરુદ્ધમાં મતદાન કરવા પણ આહવાન કરવામાં આવ્યું હતું. જ્યારે ક્ષત્રિયોમાં ફાટા પાડવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. આજે લોકસભા ચૂંટણીનું મતદાન સંપન્ન થયું છે. ત્યારે ક્ષત્રિયોની રાજપૂત સંકલન સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ક્ષત્રિય સમાજ સહિત અન્ય સમાજના પ્રભુત્વવાળા વિસ્તારોમાં ૮૦ ટકા ઉપરાંત મતદાન થયું છે. અમે આહવાન કર્યું હતું તેને ઝીલી લેવામાં આવ્યું છે. આજે ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન યોજાયું હતું. લોકસભાની ચૂંટણીમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપનો વિરોધ કરવામાં આવ્યો હતો. આજે ચૂંટણી પૂર્ણ થયા બાદ રાજપૂત સંકલન સમિતિના આગેવાન કરણસિંહ ચાવડાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે આજે ગુજરાતમાં ચૂંટણી શાંતિપૂર્ણ પૂરી થઈ છે. સાંજે ૫ વાગ્યા સુધીમાં ૫૫ ટકા સરેરાશ મતદાન થયું છે. ૬૦ ટકા સુધી મતદાન જઈ શકે છે. ક્ષત્રિય સમાજ સહિત અન્ય સમાજના પ્રભુત્વવાળા વિસ્તારોમાં ૮૦ ટકા ઉપરાંત મતદાન થયું છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ભાજપ નિરસ મતદાનને લઈ થાળી લઈને નીકળ્યા હતા. જો પ્રજાને સંતોષ હોય તો નીકળવું ન પડે. શહેરી વિસ્તારમાં નીરસતા હતી. ૨૦૧૯માં આવું નહોતું. કામના આધારે મતદાન થયું હોત તો આવું ન થાય. અમારા મુજબ ૭ બેઠકો ભાજપ ક્ષત્રિય અને અન્ય સમાજ તેમજ લોકોને દબાવ્યા એવી ગુમાવે છે. ૪ બેઠકો પર રસાકસી છે. રાજપૂત સંકલન સમિતિ મુજબ ૭ બેઠક ભાજપ ગુમાવે છે અને ૪ બેઠકો પર રસાકસી રહેશે. બાકીની બેઠકો પર ૫ લાખથી વધારે નહિ પરંતુ ઓછી લીડ આવશે. રાજપૂત સમાજની સંસ્થાઓ અને લોકોનો સાથ સહકાર મળ્યો હતો. આજના મતદાનમાં કોઈ ઘર્ષણ થયું નહિ. અનેક સભાઓ થઈ પરંતુ પ્રજાને તકલીફ પડી નથી. જો તકલીફ પડી હોય તો માફી માગીએ છીએ. ગુજરાતના નાગરિકોએ નીરસતાથી મતદાન કર્યું છે. અમે વડાપ્રધાનનો વિરોધ ન કર્યો અને ગરિમાપૂર્ણ રીત બતાવી છે. સૌરાષ્ટ્રમાં પ્રભુત્વ ધરાવતી બે જ્ઞાતિ નારાજ હતી. રાજકોટ, જામનગર બેઠક હારશે. અનેક પ્રશ્નો છે અને વાટાઘાટોમાં અનેક પ્રશ્નોની વાત હતી પરંતુ તેઓને ત્યારે એક જ વાત પુરુષોત્તમ રૂપાલાની જ હતી. અમારું પુરુષોત્તમ સામે આંદોલન ચાલુ જ રહેશે. અમે છાપામાં પત્રિકા મામલે ફરિયાદ કરી છે. જે નામ હતા એમને અમે ઓળખતા નથી. જે ક્ષત્રિય આગેવાન હતા તેમની ઓળખ કરવી તેમજ કોણ છે કેવી રીતે જાહેરાત આપી તેની તપાસ કરવામાં આવશે. આ જન આંદોલન છે. આ જાહેરાતથી કોઈ ફેર પડતો નથી.

### ગેનીબેન ઠાકોરનો આક્ષેપ

## દાંતામાં ખોટો CRPF અધિકારી બની ભાજપ તરફી મતદાન કરાવ્યું

ડીસા, તા.૭

લોકશાહીના પર્વની ઉજવણીની સવારે ૭ વાગેથી શરૂઆત થઈ હતી. ત્યારે આજે લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનને લઈ મોટી સંખ્યામાં મતદારો મતદાન કેન્દ્રો પર ઉમટી પડ્યા હતા. દાંતા પંથકમાં પણ સવારે ૭ કલાકેથી શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની પ્રક્રિયા શરૂ થઈ હતી ત્યારે દાંતાના ઘરેડા પ્રાથમિક શાળા મતદાન કેન્દ્ર પરથી કોંગ્રેસ ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો વીડિયો વાઈરલ થયો હતો. જેમાં ખોટો CRPF અધિકારી બની એક યુવક લોકોને ડરાવી ભાજપ તરફી વોટિંગ કરાવતો હોવાનો આક્ષેપ કર્યો છે. આ શખ્સનું નામ પ્રકાશ ચૌધરી



હોવાનું જાણવા મળ્યું છે. હાલ ગેનીબેન ઠાકોરનો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

### ભાજપના પક્ષના સિમ્બોલવાળી કેસરી પેન લઈને બેઠેલા હતા સરકારી કર્મચારીઓ

## શક્તિસિંહ ગોહિલે સરકારી કર્મચારીઓની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી

### આવા સરકારી કર્મચારીઓ સામે ચૂંટણી તંત્ર પોલીસ કેસ કરે તેવી માગણી કરી

ગાંધીનગર, તા.૭

સુવિધા કેન્દ્રના મતદાન મથક ઉપર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે મતદાન કરવા સમયે ભાજપના પક્ષની સિમ્બોલ વાળી કેસરી પેન લઈને બેઠેલા સરકારી કર્મચારીઓ સામે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. એટલું જ નહીં ગુજરાતના જે જે બુથ્થોની અંદર આવી ભાજપના સિમ્બોલ સાથેની પેન કે અન્ય સાહિત્ય સાથે બેઠેલા સરકારી કર્મચારીઓ સામે ચૂંટણી તંત્ર પોલીસ કેસ કરે તેવી માગણી કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મતદાન સમયે મતદાન મથકની અંદર કેસરી ખેસ પહેર્યો હોવાનો આક્ષેપ શક્તિસિંહ દ્વારા કરવામાં આવ્યો હતો અને તેઓએ પણ રાષ્ટ્ર ધ્વજ જેવો ખેસ પહેરી મતદાન કર્યું હતું. આ સિવાય તેમણે ગાંધીનગર જિલ્લાના વાસણીયા ગામની અંદર પણ કોંગ્રેસ તરફી મતદાન થતું હતું, જેના કારણે ભાજપના મહિલા ધારાસભ્યના પતિએ આ મતદાન રોક્યું હોવાનો આક્ષેપ શક્તિસિંહ ગોહિલ દ્વારા લગાવવામાં આવ્યો હતો. વધુમાં તેમણે કહ્યું કે વાસણીયા ગામમાં જે ઘટના બની છે, તે બાબતે ચૂંટણી પંચ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે અને બંધ થયેલું મતદાન પુનઃ શરૂ કરાવવામાં આવે. દરમિયાનમાં ગુજરાતમાં ૨૫ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. ૨૫ બેઠકો માટે ચૂંટણી જંગના મેદાનમાં ૧૯ મહિલા ઉમેદવારો સહિત ૨૬૬ ઉમેદવારો રાજકીય નસીબ અજમાવી રહ્યાં છે. ગુજરાતની ૨૫ બેઠકોમાં ગૃહમંત્રી અમિત શાહની ગાંધીનગર બેઠક વીવીઆઈપી છે. જ્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની નવસારી બેઠક પણ વીવીઆઈપી છે. રાજ્યભરમાં શરૂઆતથી અંદાજે ૫૦,૦૦૦ મતદાન મથકો પર મતદાનની પ્રક્રિયા શરૂ થઈ છે. ચૂંટણીમાં આ વખતે ૪.૯૭ કરોડ મતદારો નોંધાયા છે. સંવેદનશીલ મતદામ મથકો ખાતે પોલીસ, પેરામિલિટ્રી ફોર્સ સહિતના જવાનો તહેનાત કરવામાં આવ્યા છે.

### કોંગ્રેસે ચૂંટણી કમિશનરને ૧૭ ફરિયાદો કરી

## બોગસ વોટિંગ, ગેરરીતિ, મતદાન કરતા અટકાવાયા સહિતની ફરિયાદો કરી

અમદાવાદ, તા.૭

રાજ્યમાં લોકસભાની ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા દરમિયાન ગુજરાત કોંગ્રેસે ચૂંટણી કમિશનર સમક્ષ વિવિધ પ્રકારની ૧૭ ફરિયાદો કરી છે. આ ફરિયાદો માટે કોંગ્રેસમાં ૨૦ વકીલોની ટીમનો કંટ્રોલ રૂમ ધમધમી રહ્યો છે. સેલના ચેરમેન યોગેશ રવાણી, કન્વીનર નિકુંજ બલ્લર, બાલુભાઈ પટેલ સાથે સંકલન કરીને ફરિયાદો કરવામાં આવી રહી છે.

કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી ફરિયાદો જોઈએ તો :- ૧. મોદી અને તેમનો રોડ શોમાં આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન, ૨. અમદાવાદ પૂર્વમાં નિકોલ વિસ્તારમાં ગેરરીતિ અંગેની ફરિયાદ, ૩. ઘાટલોડીયામાં આવેલ નાલંદા સ્કૂલ રૂમ નંબર-૨માં વી.વી.પેટમાં નાખેલા વોટની સ્લીપ દેખાતી નથી અને નીકળતી નથી, ૪. મતદાન સમયે અમિત શાહ લાઈવ ઓન એર., ૫. ૧૭-ખેડા લોકસભાના બે બુથ દસક્રોઈ ૫૭માં ગેરરીતિ અંગેની ફરિયાદ, ૬. ૦૭-અમદાવાદ પૂર્વ લોકસભા મતદારો 'કલંદરી મસ્જિદ' પાસે મુસ્લિમ સમુદાય વર્તમાન ચૂંટણીમાં મતદાન કરશે નહીં લખેલું બેનર બતાવ્યું, ૭. ૦૮-અમદાવાદ પશ્ચિમ લોકસભાના ઝોનલ ઈન્ચાર્જ ડી.એસ. પટેલે એ.જી.ટીચર્સ સ્કૂલમાં વર્તમાન ચૂંટણી દરમિયાન અમારા મતદાન મથક એજન્ટને પરવાનગી ન આપીને આર.પી.એક્ટના નિયમોનું ઉલ્લંઘન કર્યું. ૮. ૦૮-અમદાવાદ પશ્ચિમ લોકસભાના મણીનગર બુથ નં. ૨૩૧ અને ૨૩૨માં ગેરરીતિ અંગેની ફરિયાદ, ૯.૦૮-અમદાવાદ પશ્ચિમ વોર્ડ શાહપુરમાં AMCની શાળા નં.૭ અને ૮ બૂથ નં.૫૩ પોલીસ કર્મચારીઓ તૈનાત, ૧૦. ૦૬-ગાંધીનગર સંસદીય મતવિસ્તાર વેજલપુર બૂથ નં.૨૨૬, સંકલિતનગર, ૧૧. ૧૨ જામનગર સંસદીય મતવિસ્તારમાં એલસીબી પીઆઈ લગારીયા મતદારો પર દબાણ કરી રહ્યા છે અને કોંગ્રેસ પક્ષના સમર્થકોની અટકાયત અને બંધક બનાવીને સત્તાધારી પક્ષના સમર્થનમાં અયોગ્ય લાભ લઈ રહ્યા છે, ૧૨. મતદાન પ્રવૃતિઓ સાથે જોડાયેલા તમામ પોલિંગ એજન્ટો અને અધિકારીઓને સૂચના આપવી, કોઈપણ રાજકીય પક્ષોના ચિન્હો ધરાવતી સામગ્રી/પેનનો ઉપયોગ ન કરવો.

૧૩. ૦૬-ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ ૪૨-વેજલપુર વિધાનસભા મતવિસ્તારના સંકલિતનગર પ્રાથમિક શાળા બુથ નં. ૨૨૨, ૨૨૬, ૨૩૨, ૨૩૩, ૨૮૯ ૨૯૦, ૨૯૧ વગેરે ઉપર કાલુ ગરદન વગેરે ગુંડા તત્વો દ્વારા મતદાન રોકવામાં આવેલ છે, તાત્કાલીક પગલા લઈ મતદાન ચાલુ કરાવવા બાબત, ૧૪. ૦૧-કચ્છ લોકસભા મોરબી વિસ્તાર રોટરી નગર જૂનું નામ અહેમદનગરમાં મતદારોને ધમકી આપવાની ફરિયાદ, ૧૫. ૬-ગાંધીનગર સંસદીય મતવિસ્તારના ત્રાગડ ગામના બુથ નં. ૨૩૧ ઉપર બોગસ વોટિંગ થઈ રહ્યાં અંગે ફરિયાદ, ૧૬. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૪૨-વેજલપુર વિધાનસભાના ભાટા શાળાના મતદાન મથકમાં અસામાજિકો તત્વો લઘુમતી મતદારોને મતદાન કરતા અટકાવ્યા છે, ૧૭. ૨-બનાસકાંઠા લોકસભા મતવિસ્તારના રાધનપુર બુથ નં. ૧૬૨ ઉપર ઈ.વી.એમ. ખોટવાયુ તે અંગેની ફરિયાદ આમ કોંગ્રેસ ચૂંટણી કમિશનર સમક્ષ વિવિધ ફરિયાદો કરી છે.

## લોકશાહીના પર્વમાં અનેક મતદારોએ ભારે જમાવટ કરી

### કોઈ સ્ટ્રેચર પર, કોઈને તેડીને લાવ્યા તો બીમારીથી પીડિત દર્દીઓ કરવા આવ્યા મતદાન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

આજે ગુજરાતમાં ત્રીજા તબક્કાની લોકસભાની ચૂંટણીના મતદાન માટે બરાબરનો રંગ જામ્યો હતો. રાજ્યની ૨૫ સીટ પર મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ત્યારે રાજ્યમાં દિવ્યાંગ અને બિમારીથી પીડિત મતદારો પણ મતદાન કરવા માટે મતદાન મથકો સુધી પહોંચ્યા હતા. પોલીસે પણ ઉમદા કામગીરી અપનાવી દિવ્યાંગ મતદારોને મથકો સુધી પહોંચાડવા મદદ કરી હતી.

ચાર વર્ષથી લકવાગ્રસ્ત ૭૫ વર્ષીય હંસાબેન રાજપૂતે મતાધિકારનો ઉપયોગ કર નરોડામાં મતદાન કર્યું હતું. તેમણે જણાવ્યુ હતુ કે મારી ઈચ્છા મતદાન કરવાની હતી ચૂંટણીમાં એક મતનું પણ મહત્ત્વ હોય છે એટલે મતદાન કરવું જોઈએ અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં વહેલી સવારથી મતદાન મથકો પર લાંબી કતારો લાગી હતી. ત્યારે ઓઢવમાં આવેલી ગુજરાતી પ્રાથમિક શાળા નં૧-૨ મતદાન જાગૃતી માટે ઉદાહરણરૂપ કિસ્સો સામે આવ્યો હતો કેન્સર પીડિત દર્દીએ મતદાન કર્યું. દિવ્યાંગ મતદારોએ પણ વ્હીલચેરનો ઉપયોગ કરી મતદાન કર્યું હતું.

ઘાટલોડિયા વિસ્તારમાં વૃદ્ધો લાકડીના ટેકે પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા પહોંચ્યા હતા. વૃદ્ધ દંપત્તિ લાકડીના ટેકે મતદાન મથક સુધી પહોંચ્યા હતા. આ વૃદ્ધ દંપત્તિ યુવાનોએ મતદાન કરવા માટે પ્રેશિત કરવાનો શ્રેષ્ઠ ઉદાહરણ છે

### લોકશાહીના પર્વમાં દર્શાવ્યો અનેરો ઉત્સાહ

## દિગ્ગજ નેતાઓ અને ઉદ્યોગપતિઓ પરિવાર સાથે મતદાન કરવા પહોંચ્યા

અમદાવાદ, તા.૭

રાજ્યમાં લોકસભાની ૨૫ બેઠકો માટે તેમજ વિધાનસભાની ૫ બેઠકો માટે ૭મી મેના રોજ મતદાન યોજાયં હતું. લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં વડાપ્રધાન મોદી સહિત અનેક દિગ્ગજ નેતઓ તેમજ અનેક અગ્રણી ઉદ્યોગપતિઓ સહિતના નામાંકિત લોકોએ લોકશાહીના આ પર્વમાં મતદાન કર્યું હતું.

રાજ્યમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના રાણીપ ખાતે મતદાન કર્યું હતું. અમિત શાહે નારણપુરામાં મતદાન કર્યું હતું તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઢોલ-નગારા સાથે શિલજ ખાતે મતદાન કર્યું હતું. તેમની સાથે ૧૫૦ જેટલા લોકો મતદાન કરવા પહોંચ્યા હતા. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ પત્ની, દીકરા અને પુત્રવધુ સાથે મકરબા ખાતે મતદાન કર્યું હતું. જ્યારે રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ દ્વારકા ખાતે મતદાન કર્યુંહ તું. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ગાંધીનગર ખાતે મતદાન કર્યું હતું. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ રાધનપુરના વડનગરમાં મતદાન કર્યું હતું. જ્યારે જાણીતા કથાકાર મોરારી બાપુએ તલગાજરડામાં મતદાન કરી લોકશાહીના પર્વમાં ભાગ લીધો હતો. જ્યારે પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ થાનગઢ ખાતે મતદાન કર્યું હતું. મનસુખ માંડવિયાએ પરિવાર સાથે પોતાના વતન હણોલ ખાતે મતદાન કર્યું હતું જ્યારે કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાએ મતદાન કરતા જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની વિકટ પરિસ્થિતિ હોય તમામ લોકોએ મતદાન કરવું જોઈએ. જ્યારે સી.આર. પાટીલે સુરતના ભટાર ખાતે મતદાન કર્યું હતું. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પત્ની સાથે મતદાન કરી જણાવ્યું હતું કે એનડીએ ૩૦૦થી વધુ સીટ જીતી સરકાર બનાવશે. જ્યારે અમરેલીના ઈશ્વરિયા ગામમાં પરષોત્તમ રૂપાલાએ મતદાન કરી મતદારોને મતદાન કરવા અપીલ કરી હતી. હર્ષ સંઘવી ઢોલ-નગરા સાથે મતદાન કરવા નીકળ્યા હતા. જિગ્નેશ મેવાણીએ નરોડા ખાતે મતદાન કર્યું હતું. હજુ આ ઉપરાંત અનેક દિગ્ગજો લોકશાહીના પર્વમાં ભાગ લઈ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું.

હાર્દિક અભિનંદન



હઝરત મૌલાના હબીબ અહમદ પઠાણ સાહબ
જામેઅહ હુસૈનિયહ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, રાંદેરની શાખ (Branch) જામેઅહ દારૂલ કુર્આન તથા ક્રિએટીવ ઈંગ્લિશ સ્કુલ સરખેજ અહમદાબાદના વહીવટી સભ્ય તરીકે આપની નિમણૂંક થવા બદલ ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
અન્સારી આસીફઅલી લિયાકતઅલી
ગુલશન બેકરી એન્ડ સ્વીટ, રખિયાલ, અહમદાબાદ.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS